# વૈરાગ્ય ભાવના



લેખક
આચાર્ય અશોકચન્દ્રજી વિજયજાતિચન્દ્રજી મ.સા.

આ પુસ્તક રખડતું મૂકી આશાતના કરવી નહિ.

# શ્રી
# વૈરાગ્ય ભાવના

(ભવ્યજીવોને ધર્મની સન્મુખ કરનારી અનેક પ્રકારની હિતશિક્ષાઓથી ભરપૂર)


લેખક

આચાર્ય મહારાજશ્રી વિજયભક્તિસૂરીજી



: પ્રકાશક :

વિનોદચંદ્ર ચંદુલાલ શાહ

શાહપુર, ચુનારાનો ખાંચો, મોટી પોળ

અમદાવાદ.

[ સાતમી આવૃત્તિ ]

વિ. સં. ૨૦૦૯ :: વીર સં. ૨૪૭૯ :: ઇ. સ. ૧૯૫૩

મુદ્રક : નંદલાલ લક્ષ્મીચંદ્ર સંઘવી

મુદ્રણસ્થાન : સંઘવી પ્રિન્ટિંગ પ્રેસ,

રમકડાં માર્કેટ, પાનકોરનાકા, અમદાવાદ


કિંમત વાંચન અને મનન.

## "હરિગીત"

વીતરાગ વાણી સરસ શીતળ અધિક ચંદન ભાવના,
જાણી સદા ભાવે ભવી વાંચો આ વૈરાગ્ય ભાવના;
વૈરાગ્યવાસિત ચિત્ત કરવા નિત્ય ભાવે ભવીજના,
વાંચો વિચારો ને સુધારો જીવન એથી આપણું.

---

# जिनस्तुति

त्रैलोक्यं युगपत्कराम्बुजलुठन्मुक्तावदालोकते ।
जंतूनां निजया गिरा परिणमद् यः सुक्तमाभाषते ॥
स श्रीमान् भगवान् विचित्रविधिभिर्देवासुरैरर्चितो ।
वीतत्रासविलासहासरभसः पायाज्जिनानां पतिः ॥ १ ॥

---

# गुरुस्तुति

वन्द्यन्तेऽप्रतिमप्रभावकबला विश्वोपकारव्रता ।
दुर्दान्तप्रतिवादिकुञ्जरघटासन्त्रासकण्ठीरवाः ।
वैराग्यामृत्तवर्षणप्रशमितप्रोद्दाममोहानलाः ।
सर्वत्रापि गुणादरव्यसनिनः श्रीधर्मसूरीश्वराः ॥

---

શાહ કેશવલાલ ઉગરચંદ તરફથી

ઠે. શાહપુર, વસતાપ્રેસજીની પોળ, અમદાવાદ.



મુનિશ્રી પ્રતાપવિજયજીના ઉપદેશથી કલિકાલસર્વજ્ઞ શ્રી ભગવાન

શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

# પ્રસ્તાવના

એક દૃષ્ટિએ વિચારીએ, તો "વૈરાગ્યભાવના" એ શબ્દ જ રાગી જગતને માટે પ્રત્યાઘાતી છે. રાગના રસમાં રમતા અને રાગના રસની રમતમાં જ મઝા માનતા જીવોને "વૈરાગ્યભાવના" ની વાત પ્રત્યાઘાતી લાગે એ સ્વાભાવિક છે, પરન્તુ જીવ માત્રના કલ્યાણુને માટે આ પ્રત્યાઘાત આવશ્યક છે. રાગના રંગમાં જીવનનો જંગ ખેલી રહેલા જીવને જ્યારે વિરાગની વાતો પ્રત્યાઘાત પમાડે અને એમાંથી એનામાં જ્યારે તત્ત્વને જાણવાની જિજ્ઞાસા પ્રગટે, ત્યારે જ એ જીવ પોતાના પુરુષાર્થને ફોરવીને પોતાને ખરા રૂપે પિછાની શકે છે, જગતને ખરા રૂપે પિછાની શકે છે, જગત સાથેના પોતાના સંબંધને ખરા રૂપે પિછાની શકે છે અને પોતાનું તથા જગતના જીવ માત્રનું હિત શાને તજવામાં છે તથા શાને આચરવામાં છે એ વાતને જાણી શકે છે અને એ જ્ઞાનનો સદુપયોગ કરીને એ જીવ અનેક જીવોનું કલ્યાણ સાધનારો બનવાની સાથે પોતાના પરમ કલ્યાણને સાધનારો બની શકે છે. પોતાને અને જગતને જેઓ સાચા રૂપમાં પિછાની શકે છે, તેઓને જે આનન્દ વૈરાગ્યભાવનામાં આવે છે, તેવો આનન્દ બીજી કોઇ જ ભાવનામાં આવતો નથી; અને એથી તેઓ જગતના જીવો વૈરાગ્યભાવનાને પામે એવો જ પ્રયત્ન કર્યા કરે છે. એમને એમ થાય છે કે, વૈરાગ્યભાવનામાં જ દુઃખથી મુક્ત બનાવવાની અને સુખને પમાડવાની સાચી શક્તિ રહેલી છે. વસ્તુતઃ વૈરાગ્યભાવના સિવાયની કોઈ ભાવનામાં જીવને દુઃખથી મુક્ત બનાવવાની અને સુખને પમાડવાની શક્તિ છે જ નહિ. આથી તેઓ દુઃખથી સદાને માટે ઝર્યા કરતી અને સુખને સદાને માટે ઝંખ્યા કરતી દુનિયાને વૈરાગ્યભાવના પમાડવાનો પ્રયત્ન કર્યા કરે છે. આચાર્યમહારાજ શ્રીમદ્ **વિજયભક્તિસૂરીશ્વરજી** મહારાજે પણ એટલા જ માટે આ **"વૈરાગ્ય ભાવના"** નામના ગ્રંથના સર્જનનો પ્રયત્ન કર્યો છે.

આચાર્યમહારાજે લીધેલા આ પરિશ્રમની સાચી કિંમત તેઓ જ સમજી શકે, કે જેઓ પોતાને અને જગતને કંઇક અંશે પણ સાચા પ્રકારે પિછાની શકયા હોય અગર પિછાની શકે.

આ જગતના જીવોમાં, જગતભરના જીવોની વાત તો દૂર રહી પણ જગતના માનવજીવોમાં પણ મોટો ભાગ એવો જ હોય છે, કે જે પોતાને જ પિછાનતો નથી અને એથી જગતને પિછાનતો નથી. જે પોતાને પિછાને નહિ તે જગતને પિછાની શકે નહિ અને જે પોતાને પિછાને તે જગતને પિછાનતો જ ન હોય એવું બને નહિ. એટલે ખરી મુશ્કેલી જ પોતાને પિછાનવામાં છે.

જગતનો આખો ય પ્રવાહ ગતાનુગતિકપણે ચાલી રહ્યો છે. માત્ર ગતાનુગતિકપણે જ નહિ, પણ મૂઢતાપૂર્ણ ગતાનુગતિકપણે જગતના જીવોનો મોટો ભાગ પ્રવર્તી રહ્યો છે. એમ ન હોત, તો જગતમાં વિષયોનું અને કષાયોનું આટલું જોર ન હોત. ભાગ્યે જ કોઈ જીવને એવો વિચાર આવે કે મેં આ દુનિયામાં મારું ધાર્યું મેળવી ય લીધું અને ધાર્યું કરી ય લીધું. પણ પછી શું ? ધણાને જે મળે છે તે મને મળતું નથી અગર મને જે મળે છે તે ધણાને નથી મળતું, તેનું કારણ શું ? કોઈ મહેનત કરીને મળે તો ય ઐચ્છિક સામગ્રી મેળવી શકતો નથી અને કોઈને વગર મહેનતે વિપુલ સામગ્રી મળી જાય છે, તેનું કારણ શું ? જીવ જો આવા વિચારો કરે, તો તો તેને જીવના કર્મનો ખ્યાલ આવે. કર્મનો ખ્યાલ આવે એટલે પૂર્વભવ હતો એવો ખ્યાલ આવે અને પૂર્વભવનો ખ્યાલ આવતાં પુનર્ભવ. ભવ્ય જીવો આવી કલ્યાણકારિણી વૈરાગ્યભાવનાને પામે, એ માટે જ આચાર્ય મહારાજશ્રી વિજયભક્તિસૂરીશ્વરજીએ આ ગ્રન્થની રચના કરેલી છે. આ ગ્રંથને વાંચવાથી લાયક જીવોમાં વૈરાગ્યભાવના પ્રગટે એ માટે આચાર્યશ્રીએ આ ગ્રંથની શરૂઆતમાં જીવોના ભવભ્રમણનો ચિતાર આપ્યો છે. વ્યવહાર રાશિમાં આવેલા જીવોને પણ

કેવું દુઃખમય ભવભ્રમણ કરવું પડે છે એ દર્શાવ્યા બાદ, આચાર્યશ્રીએ માનવભવની દુર્લભતાને સમજાવવાને માટે શાસ્ત્રપ્રસિદ્ધ દશ દૃષ્ટાન્તોમાંથી ચાર દૃષ્ટાન્તોનો ઉલ્લેખ કર્યો છે, કે જેથી આ વૈરાગ્ય ભાવના નામના પુસ્તકને વાંચનારને એ વાતનો ખ્યાલ આવે કે, મને મળેલો આ માનવજન્મ બહુ કિંમતી છે અને આ જન્મમાં જો હું મારે સાધવાજોગું સાધીશ નહિ તો મને આ જન્મ પુનઃ પ્રાપ્ત થવો ઘણો મુશ્કેલ છે. માનવજન્મ પણ આર્યદેશમાં મળે તો કામનો અને આર્યદેશમાં પણ મળેલા મનુષ્યજન્મને સફળ કરવા માટે મિથ્યાત્વનો ત્યાગ જરૂરી છે—એ સમજાવીને આચાર્યશ્રીએ સદ્‌ગુરુના શ્રીમુખે ધર્મશ્રવણ કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો છે. સદ્‌ગુરુના શ્રીમુખે ધર્મનું શ્રવણ કરવાની ઇચ્છા થયા પછીથી પણ જીવને ધર્મશ્રવણ કરવામાં અન્તરાય કરનારા તેર કાઠિયાઓ હોય છે, એટલે એ તેર કાઠિયાઓનું વર્ણન કરીને આચાર્યશ્રીએ સમજાવ્યું છે કે—આળસ આદિ તેર કાઠિયાઓ ઉપર વિજય મેળવીને જીવે શ્રી જિનવાણીનું શ્રવણ કરવા માટે તત્પર બનવું જોઈએ.

આ રીતિએ જીવને શ્રી જિનવાણીનું શ્રવણ કરવા માટે તત્પર બનાવીને આચાર્યશ્રીએ શ્રી જિનવાણીના સારને રજૂ કરવા માંડ્યો છે અને એ સાર આ વૈરાગ્ય ભાવના પુસ્તકના વાંચકોના હૈયે બરાબર ઠસી જાય એ માટે અનિત્યાદિ બાર ભાવનાઓનું મનનં કરવાનું સૂચન કરીને આચાર્યશ્રીએ બાર ભાવનાઓના સ્વરૂપનું વર્ણન કર્યું છે. એના ઉપસંહારમાં શુભ ભાવના કેવી ફલવતી બને છે તે ચાર ચોરના એક ઉદાહરણ દ્વારા સમજાવ્યું છે.

એ પછી, શુભ ભાવનાને પામવાના ઉપાયનું દર્શન કરાવતાં, આચાર્યશ્રીએ શ્રી જિનદર્શનની આવશ્યકતા અને મહત્તા વર્ણવી છે. શ્રી જિનદર્શનની વાતમાં આચાર્યશ્રી શ્રી જિન કેવા હોય છે એ પણ સમજાવ્યું છે અને શ્રી જિનસ્તુતિના શ્લોકો પણ અર્થો સહિત

ટાંક્યા છે. એટલું જ નહિ પણ આજે કેટલાકો જે એવી ખોટી વાતો કરી રહ્યા છે, કે શ્રી જિનાગમોમાં શ્રી જિનમૂર્તિને માનવા-પૂજવા સંબંધી કાંઈ ઉલ્લેખ જ નથી, તેઓને જો સાચું સમજવું હોય તો તેઓ સત્યને સમજી શકે એ માટે આચાર્યશ્રીએ શાસ્ત્રપાઠો ટાંક્યા છે અને અનેક પ્રમાણો રજૂ કર્યાં છે.

શ્રી જિનમૂર્તિ પછી શ્રી જિનાગમથી થતા લાભનું વર્ણન કરતાં આચાર્યશ્રીએ શ્રી અનાથી મુનિવરનું મનનીય દૃષ્ટાન્ત આપ્યું છે અને શ્રી શ્રેણિક આદિ જીવો આવતી ચોવીસીમાં શ્રી તીર્થંકર થવાના હોઈને એ પ્રસંગ ઉપર આવતી આગામી ચોવીસી વિષે પણ આચાર્યશ્રીએ ઉલ્લેખ કર્યો છે. તેમાં પણ આચાર્યશ્રીએ જીવને રત્ન-ત્રયીની આરાધના કરવામાં જ પોતાના પુરુષાર્થને ફોરવવાનો ઉપદેશ આપ્યો છે; અને એ ઉપદેશને દૃઢીભૂત કરવા માટે આચાર્યશ્રીએ એના અનુસંધાનમાં જ વિસ્તારથી 'હિતોપદેશ' આપ્યો છે.

આ પછીથી, આચાર્યશ્રીએ જ્ઞાન સાથે ક્રિયાની આવશ્યકતાને વર્ણવીને, સોપક્રમ આયુષ્યવાળાનું આયુષ્ય જે સાત પ્રકારોએ તૂટી શકે છે તે સાત પ્રકારોને વર્ણવ્યા છે અને એ પછી આયુષ્યનો વિશ્વાસ નહિ રાખતાં, ધર્મ કરવાને તત્પર બનવાનું સૂચવ્યું છે. અહીં ધર્મકાર્યોમાં વિલંબ કરવાથી જીવને કેવું નુકસાન થાય છે, તે સમજાવીને આચાર્યશ્રીએ ધર્મ કરવામાં બેદરકારી નહિ રાખવા વિષે વર્ણન કર્યું છે.

આ પછીથી, આત્મશુદ્ધિના ઉપાયો દર્શાવતાં આચાર્યશ્રીએ સમ્યગ્દર્શન, દેશવિરતિ અને સર્વવિરતિ માટે ભલામણ કરી છે અને તેમાં વિરતિના પરિણામની મહત્તા દર્શાવી છે. ત્યાર પછીથી, લક્ષ્મીની ચંચળતાનો ખ્યાલ આપીને ધર્મને તજવાનો ઉપદેશ આપતાં આચાર્ય-શ્રીએ ઉદાહરણો આપ્યાં છે. અહીં લક્ષ્મીની લાલસાની અનર્થકારકતાનો પ્રસંગ હોઈને આચાર્યશ્રીએ ત્રેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્યના ભક્ષણનાં કટુ પરિણામોનું પણ વર્ણન કર્યું છે અને જીવને સમજાવ્યું છે કે પાપથી તેં મેળવ્યું હશે તે બીજા ખાશે પણ પાપ તો તારે જ

ભોગવવું પડશે. આથી દ્રવ્ય મેળવવું તો તે અન્યાયથી ન મેળવવું, એ વાતને સમજાવતાં આચાર્યશ્રીએ ન્યાયસંપન્નવિભવ : એવા માર્ગાનુસારીના પહેલા ગુણને યાદ કર્યો છે અને તેના અનુસંધાનમાં આચાર્યશ્રીએ માર્ગાનુસારીના પાંત્રીસે ય ગુણોને વર્ણવ્યા છે.

આ પછીથી, ન્યાયથી મેળવેલા ધનનો પણ દુરુપયોગ નહિ કરતાં સદુપયોગ કરવાનો ઉપદેશ આપતાં ધનનું કારણ પણ ધર્મ જ છે એમ આચાર્યશ્રીએ સમજાવ્યું છે. તેના અનુસન્ધાનમાં આચાર્યશ્રીએ શ્રી કુમારપાલ અને શ્રી વસ્તુપાલ–તેજપાલ વગેરેની જાણવાજોગ વાતોનો ઉલ્લેખ કર્યો છે. એ પુણ્યવાનોનાં શુભ કામો તથા અનુષ્ઠાનોને જણાવીને, તેનાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ તથા નિર્મલતા થાય છે–એમ વર્ણવીને આચાર્યશ્રીએ સમ્યગ્દર્શન ગુણ કેવી રીતિએ પ્રગટે છે અને તેને સાચવવા માટે શું શું કરવું જોઈએ તે વિસ્તારથી વર્ણવ્યું છે.

આ પછીથી, સમ્યગ્દૃષ્ટિ જીવે આગળનાં ગુણસ્થાનકોને પામવા માટે કરવાના ત્રણ મનોરથોનું વર્ણન કરીને આચાર્યશ્રીએ ભવ્ય જીવને થતી સમ્યક્ચારિત્રની અને મોક્ષની પ્રાપ્તિને વર્ણવી છે. આમ મોક્ષની વાત આવતાં, આચાર્યશ્રીએ મોક્ષનાં ચાર પરમ અંગોને અને તે ચારમાં પણ એક પછીના એકની વિશેષ દુર્લભતાને વર્ણવીને બહિરાત્મભાવને તજવાનો ઉપદેશ દીધો છે. અહીં આચાર્યશ્રીએ આ સાતમી આવૃત્તિમાં કરેલો ઉમેરો એકદમ ધ્યાન ખેંચે એવો છે.

આ રીતિએ માનવજીવનને સફળ કરવા માટે કેવા વિચારો કેળવવા અને કેવા આચારો સેવવા–એનું વિસ્તારથી વર્ણન કર્યા બાદ, આચાર્યશ્રીએ મરણને સુધારવાના ઉપાયોનું વર્ણન કર્યું છે. અંત સમયની આરાધનાના દર્શક અધિકારોને વર્ણવ્યા બાદ શ્રી પુણ્યપ્રકાશનું સ્તવન અપાયું છે અને રાણી પદ્માવતીની આરાધનાનું પદ્ય પણ અપાયું છે. તે પછી મરણ સમયે કેવી ભાવનાઓમાં રહીને જીવે સમાધિમરણને સાધવું જોઇએ તેનું વર્ણન કરીને, આત્મસ્વરૂપના ચિન્તનની સામગ્રી આપવામાં આવી છે.

પુસ્તકના પાછલા ભાગમાં કેટલીક ગદ્ય-પદ્યાત્મક સામગ્રી રજૂ કરવામાં આવી છે અને તે પણ જીવને વૈરાગ્ય પામવામાં તથા વૈરાગ્યને સ્થિર રાખવામાં સહાયક બને એવી છે. આ બધી બાબતો ઉપરથી વાંચકો જોઈ શકશે કે આ પુસ્તકમાં કેમ જીવવું અને કેમ મરવું એ બન્નેય પ્રકારનું શિક્ષણ આપવામાં આવ્યું છે. જીવનને પણ સુધારવું અને મરણને પણ સુધારવું, એ જ આ માનવજીવનને પામ્યાની સારી સફળતા છે. એ બધાનો આધાર જીવમાં વૈરાગ્યભાવના પ્રગટે અને તે સ્થિર તથા શુદ્ધ અને પ્રબળ બને એના ઉપર રહેલો છે. ગુણશ્રેણિએ ચઢવાને માટે વૈરાગ્યભાવના એ પહેલું પગથિયું છે, માટે આ પુસ્તકનું નામ "વૈરાગ્ય ભાવના" રાખવામાં આવ્યું છે અને વૈરાગ્યભાવનાને સફળ બનાવવાના ઉપાયોનું પણ આ પુસ્તકમાં વર્ણન કરાયું છે.

સંસારનું સુખ, જે જીવનના આદિથી અંત સુધી મેળવવા આપણે પ્રયત્ન કરીએ છીએ તે સુખ પણ આપણી ઇચ્છા મુજબ મેળવી શકતા નથી. મેળવીએ છીએ તો મરજી મુજબ ભોગવી શકતા નથી. તે મનેલું સુખ કાં તો આપણને છોડીને ચાલ્યું જાય છે કાં તો તે સુખને મૂકીને આપણે ચાલ્યા જવું પડે છે; તો જેટલા પ્રયત્નો સંસારના નાશવંત સુખ મેળવા કરીએ છીએ તેટલા પ્રયત્નો જો આત્માનું સુખ એટલે મોક્ષપ્રાપ્તિ માટે કરીએ તો ભવાંતરમાં પણ જરૂર આપણે શિવવધૂનાં સાથી બની શકીએ—એવી વીરની વાણીને મહારાજશ્રીએ સરળ અને સચોટ ભાષામાં વૈરાગ્ય ભાવનામાં રજૂ કરી છે.

આમ આ પુસ્તકના ગુણો વર્ણવ્યા છે અને હવે તો આ પુસ્તકને વાંચવાની જ ભલામણ કરવામાં આવે છે, કે જેથી આ પુસ્તકના ગુણોનો વાંચકો પોતે જ અનુભવ કરી શકે. આ પુસ્તકના વાંચકો પોતાને પિછાને, વિરાગને પામે અને પરમ પદને સાધનારા બને, એમાં જ આચાર્યશ્રીએ કરેલા આ પરિશ્રમની સફલતા છે.

—પ્રકાશક

★

# અનુક્રમ


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ધર્મ વિના જીવોનું અધઃપતન ... ... ... | ૧ |
| ૨ | સૂક્ષ્મ નિગોદના ભવોની ગણતરી તથા દુઃખ ... | ૩ |
| ૩ | બાદર નિગોદથી તિર્યંચ પંચેન્દ્રિય સુધી રઝળવું ... | ૫ |
| ૪ | માનવભવની કઠિનતાને સૂચવનારાં દૃષ્ટાંતો ... ... | ૬ |
| ૫ | ધર્મશ્રવણ દુર્લભ ... ... ... ... | ૧૦ |
| ૬ | મિથ્યાત્વ ઉપર દેવશર્માનું દૃષ્ટાંત ... ... ... | ૧૨ |
| ૭ | સદ્‌ગુરુનો સંયોગ મળ્યો ... ... ... | ૧૯ |
| ૮ | તેર કાઠિયાનું સ્વરૂપ ... ... ... ... | ૨૦ |
| ૯ | આત્માને હિતશિક્ષા ... ... ... ... | ૩૭ |
| ૧૦ | બાર ભાવનાઓ ... ... ... ... | ૬૧ |
| ૧૧ | શુભભાવના ઉપર ચાર ચોરની કથા ... ... | ૮૬ |
| ૧૨ | જિનપ્રતિમાનાં દર્શન કેવી રીતે કરવાં? ... ... | ૮૯ |
| ૧૩ | પરમાત્મા મહાવીરના ગુણો ... ... ... | ૯૧ |
| ૧૪ | સૂત્રોમાં જિનપ્રતિમા વિષે પદ્ય ... ... ... | ૧૧૪ |
| ૧૫ | અનાથીમુનિનું દૃષ્ટાંત ... ... ... ... | ૧૧૬ |
| ૧૬ | આવતી ચોવીસીમાં થવાવાળા તીર્થંકરોનાં નામ ... | ૧૨૨ |
| ૧૭ | હિતોપદેશ ... ... ... ... ... | ૧૨૫ |
| ૧૮ | ધર્મ કરવામાં વિલંબ નહિ કરવા વિષે ... ... | ૧૩૫ |
| ૧૯ | ધર્મ કરવામાં બેદરકારી છોડી ઉદ્યમ કરો ... ... | ૧૪૦ |
| ૨૦ | આત્મશુદ્ધિ કરવાના ઉપાયો ... ... ... | ૧૪૧ |
| ૨૧ | બે બાળકોનું દૃષ્ટાંત ... ... ... ... | ૧૪૭ |
| ૨૨ | લક્ષ્મીની ચંચળતા ... ... ... ... | ૧૫૩ |
| ૨૩ | કુંતલદેવી રાણીનું દૃષ્ટાંત ... ... ... | ૧૫૬ |
| ૨૪ | દેવદ્રવ્ય ભક્ષણ કરવા ઉપર સાગરશેઠનું દૃષ્ટાંત ... | ૧૬૨ |
| ૨૫ | ઊંટડીનું દૃષ્ટાંત ... ... ... ... | ૧૬૫ |
| ૨૬ | કર્મસાર અને પુણ્યસારનું ટૂંકું દૃષ્ટાંત ... ... | ૧૬૭ |
| ૨૭ | માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો ... ... ... | ૧૭૦ |
| ૨૮ | કુમારપાળ રાજાનું સંક્ષેપ વર્ણન ... ... | ૧૮૪ |

| | | |
|---|---|---|
| ૨૯ | વસ્તુપાલ તેજપાલ વગેરેનાં શુભ કાર્યો ... ... | ૧૯૬ |
| ૩૦ | જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ ... ... ... | ૨૦૩ |
| ૩૧ | ક્ષાયિક સમ્યક્ત્વ ... ... ... ... | ૨૦૭ |
| ૩૨ | સમકિતની પ્રાપ્તિ ... ... ... ... | ૨૦૮ |
| ૩૩ | સમ્યક્ત્વની પ્રાપ્તિ અનંતર આત્મઆનંદ ... ... | ૨૦૮ |
| ૩૪ | શ્રાવકના ત્રણ મનોરથ ... ... ... ... | ૨૧૫ |
| ૩૫ | ભવ્ય જીવને સંયમની પ્રાપ્તિની અનંતર મોક્ષપ્રાપ્તિ ... | ૨૧૮ |
| ૩૬ | મોક્ષનાં ચાર અંગ ઉત્તરોત્તર દુર્લભ છે ... ... | ૨૨૦ |
| ૩૭ | અંત સમયની આરાધના ... ... ... | ૨૩૩ |
| ૩૮ | અતિચાર વિસ્તાર ... ... ... ... | ૨૩૫ |
| ૩૯ | હવે બાર વ્રત સંબંધી આલોચના ... ... | ૨૩૮ |
| ૪૦ | વ્રતોચ્ચારણ બીજો અધિકાર ... ... ... | ૨૪૦ |
| ૪૧ | ત્રીજો અધિકાર–જીવ ખમાવવા ... ... ... | ૨૪૨ |
| ૪૨ | ચોથો અધિકાર–અઢાર પાપસ્થાનક તજવાં ... | ૨૪૪ |
| ૪૩ | પાંચમો અધિકાર–ચાર શરણ ... ... ... | ૨૪૪ |
| ૪૪ | છઠ્ઠો અધિકાર–દુષ્કૃતની નિંદા ... ... ... | ૨૪૯ |
| ૪૫ | સાતમો અધિકાર–સકૃતની અનુમોદના અને આગમનાં નામ ... | ૨૫૦ |
| ૪૬ | આઠમો અધિકાર–શુભ ભાવના ... ... ... | ૨૫૧ |
| ૪૭ | નવમો અધિકાર–અનશન (આહારત્યાગરૂપ) કરવું ... | ૨૫૨ |
| ૪૮ | દસમો અધિકાર–નમસ્કાર કરવા ... ... ... | ૨૫૨ |
| ૪૯ | શ્રી પુણ્યપ્રકાશનું સ્તવન ... ... ... | ૨૫૩ |
| ૫૦ | પદ્માવતી આરાધના ... ... ... ... | ૨૬૨ |
| ૫૧ | મરણ સમયે શુભ ભાવના ... ... ... | ૨૬૪ |
| ૫૨ | શુભ ચિંતવન કરવાની છેલ્લી ભલામણ ... ... | ૨૬૬ |
| ૫૩ | સમિકિતદૃષ્ટિ આત્માને સ્વરૂપનું ધ્યાન કરવાના વિચારો ... | ૨૬૮ |
| ૫૪ | જીવને વૈરાગ્ય ઉત્પન્ન કરવા માટે સુંદર વચનો ... | ૨૭૦ |
| ૫૫ | હિતશિક્ષા તથા નીતિમય જીવન ગુજારવા માટે બે બોલ ... | ૨૭૪ |
| ૫૬ | વૈરાગ્ય સંબંધી દુહા .... ... ... ... | ૨૭૮ |
| ૫૭ | હિતશિક્ષા સંબંધી દુહા ... ... ... | ૨૭૯ |

| | | |
|---|---|---|
| ૫૮ | આધ્યાત્મિક દુહા ... ... ... ... | ૨૮૩ |
| ૫૯ | ભુજંગી છંદ તથા વૈરાગ્ય પદ ... ... ... | ૨૮૬ |
| ૬૦ | છંદો, થોયો, સ્તવનો, સજ્ઝાયો તથા ગહુંલીયો ... | ૨૮૯ |
| | શ્રી ગૌતમ સ્વામીનો છંદ ... ... ... | ૨૮૯ |
| | શ્રી સીમધર જિનસ્તુતિ ... ... ... | ૨૯૦ |
| | શ્રી સિદ્ધચક્રની સ્તુતિ ... ... ... | ૨૯૦ |
| ૧ | સિદ્ધાચળની તળેટીનું સ્તવન ... ... | ૨૯૧ |
| ૨ | રાયણનું સ્તવન ... ... ... ... | ૨૯૨ |
| ૩ | શ્રી પુંડરિકસ્વામીનું સ્તવન ... ... ... | ૨૯૩ |
| ૪ | શ્રી શાંતિજિન સ્તવન ... ... ... | ૨૯૩ |
| ૫ | શ્રી અજિતજિન સ્તવન ... ... ... | ૨૯૫ |
| ૬ | શ્રી પાર્શ્વજિન સ્તવન ... ... ... | ૨૯૫ |
| ૭ | ,, ,, ,, ... ... ... | ૨૯૬ |
| ૮ | શ્રી કુંથુજિન સ્તવન ... ... ... | ૨૯૬ |
| ૯ | ,, ,, ,, ... ... ... | ૨૯૭ |
| ૧૦ | શ્રી સિદ્ધચક્રનું સ્તવન ... ... ... | ૨૯૮ |
| ૧૧ | ,, ,, ,, ... ... ... | ૨૯૯ |
| ૧૨ | શ્રી વીશસ્થાનકનું સ્તવન ... ... ... | ૩૦૦ |
| ૧૩ | શ્રી સિદ્ધ ભગવાનનું સ્તવન ... ... ... | ૩૦૧ |
| ૧૪ | સિદ્ધાચળજીનું સ્તવન ... ... ... | ૩૦૨ |
| ૧૫ | શ્રી પરમાત્માનું સ્તવન ... ... ... | ૩૦૪ |
| ૧૬ | શ્રી સુપાર્શ્વનાથજિન સ્તવન ... ... ... | ૩૦૫ |
| ૧૭ | શ્રી ચંદ્રપ્રભુજિન સ્તવન ... ... ... | ૩૦૬ |
| ૧૮ | શ્રી શ્રેયાંસનાથજિન સ્તવન ... ... ... | ૩૦૭ |
| ૧૯ | શ્રી મુનિસુવ્રતજિન સ્તવન ... ... ... | ૩૦૮ |
| ૨૦ | શ્રી નેમિનાથજિન સ્તવન ... ... ... | ૩૦૯ |
| ૨૧ | શ્રી પાર્શ્વનાથજિન સ્તવન ... ... ... | ૩૧૦ |
| ૨૨ | શ્રી મહાવીરજિન સ્તવન ... ... ... | ૩૧૧ |
| ૨૩ | શ્રી મહાવીરજિન સ્તવન ... ... ... | ૩૧૨ |
| ૨૪ | શ્રી મુનિસુવ્રત સ્વામી સ્તવન ... ... ... | ૩૧૩ |

૨૫ પ્રતિમા-સ્થાપન-સિદ્ધાચળનો ઉદ્ધાર સ્તવન ... ૩૧૪
૧ અનંતકાયની સજ્ઝાય ... ... ... ૩૧૫
૨ કડિયાશાની સજ્ઝાય ... ... ... ૩૧૬
૩ માયાની સજ્ઝાય ... ... ... ... ૩૧૮
૪ શ્રી નંદિષેણ મુનિની સજ્ઝાય ... ... ૩૧૯
૫-૯ વૈરાગ્યની સજ્ઝાય (પાંચ) ... ... ... ૩૨૧
૧૦ બીડી પીવાની સજ્ઝાય ... ... ... ૩૨૪
૧૧ શિખામણની સજ્ઝાય ... ... ... ૩૨૫
૧૨ શ્રી ગજસુકુમાલની સજ્ઝાય ... ... ... ૩૨૬
૧૩ સમકિતની સજ્ઝાય ... ... ... ૩૨૭
૧૪ વૈરાગ્યની સજ્ઝાય ... ... ... ૩૨૭
૧૫ શ્રાવકને હિતશિક્ષાની સજ્ઝાય ... ... ૩૨૮
૧૬ વણઝારાની સજ્ઝાય ... ... ... ૩૨૯
૧૭ આત્મહિતની સજ્ઝાય ... ... ... ૩૩૦
૧૮ શ્રી આત્મબોધની સજ્ઝાય ... ... ... ૩૩૧
૧૯ આનંદઘન કૃત પદ ... ... ... ... ૩૩૨
શાસ્ત્રાનુસાર પરચુરણ જાણવા લાયક બાબતો ... ... ૩૩૩
૧ બાર ભાવનાની ગહુંલી ... ... ... ૩૪૬
૨ સામાયિક કરવા વિષે ગહુંલી ... ... ૩૪૭
૩ ગુરુગુણ ગહુંલી ... ... ... ... ૩૪૮
૪ મિથ્યાત્વીપર્વ નિષેધક ગહુંલી ... ... ૩૪૯
૫ સાતવારની ગહુંલી ... ... ... ૩૫૦
૬ વૈરાગ્યની ગહુંલી ... ... ... ... ૩૫૧
૭ સ્ત્રીધર્મ વિષે હિતશિક્ષા ગહુંલી .. ... ૩૫૨
૮ અપૂર્વ અવસર ગહુંલી ... ... ... ૩૫૩
૯ ગુરુગુણ ગહુંલી ... ... ... ... ૩૫૪
૧૦ ગુરુમહારાજ વિહાર કરે ત્યારે ગાવાની ગહુંલી ... ૩૫૬
૧૧ પર્યુષણની ગહુંલી ... ... ... ... ૩૫૬
૧૨ પર્યુષણની ગહુંલી ... ... ... ... ૩૫૮
શ્રી મહાવીર પ્રભુનાં ગુણગાન ... ... ... ૩૫૯
નવકાર મંત્રનો સાર ... ... ... ... ૩૬૦

# શુદ્ધિપત્ર

| પાનું | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૫ | ૧૭ | **शत्रः** | **शत्रुः** |
| ૧૭ | ૩ | પળે ? | ફળે ? |
| ૧૮ | ૫ | જીવને સાથે જેટલો | જીવન જેટલો |
| ૨૭ | ૧૭ | ગેા વણુ | ગેાઠવણ |
| ૩૪ | ૭ | ધમથી | ધર્મથી |
| ૩૮ | ૧૮ | **हुवमणति** | **हुपमणंति** |
| ૩૯ | ૧૭ | હકકત | હકીકત |
| ૩૯ | ૨૪ | તેવા જ | તેવેા જ |
| ૪૮ | ૧૨ | ધમાં | ધર્મ |
| ૪૯ | ૧૯ | હાય | હેાય |
| ૫૨ | ૮ | ત્રણુ પુરુષેા | મહા પુરુષેા |
| ૫૬ | ૧૫ | એમ જ | એમાં જ |
| ૫૬ | ૨૪ | **नारकचास्कोऽसि** | **नारकचारकेऽसि** |
| ૬૦ | ૩ | કડકપટ | કુડકપટ |
| ૬૩ | ૧૭ | ત વિચાર | તે વિચાર |
| ૮૫ | ૫ | દૂષ | દૂષની |
| ૯૮ | ૧૯ | **श्वाग्निसङ्गाद्यथैव** | **श्राग्निसङ्गाद्यथैव** |
| ૧૦૦ | ૨૪ | **त्वदूर्शनेन** | **त्यद्दर्शनेन** |
| ૧૦૧ | ૪ | થાય તેમ | થયા તેમ |
| ૧૦૧ | ૧૦ | **त्वदूर्शनेन** | **त्वद्दर्शनेन** |
| ૧૦૧ | ૧૨ | થયેલી, કરનારી | થયેલાં, કરનારાં |
| ૧૦૨ | ૪ | સૂરવરસ હિત | સૂરવર સહિત |
| ૧૦૨ | ૬ | જશાવાલા, જશ રહિત | જરાવાલા, જરા રહિત |

| | | | |
|---|---|---|---|
| १०२ | ८ | अपारघोर रसंसार | अपारघोरघोरसंसार |
| १०२ | १६ | आवने | भावने |
| १०८ | १५ | केणट्ठेण | केणट्ठिण |
| ११५ | ४ | पानुं २१२ | पानुं ३१४ |
| १४३ | ३ | चरितनरेसर सरणंपविसेह | चरितनरेसरसरणंपविसेह |
| १४३ | ३ | कम्मपरिणाम निवसेवं | कम्मपरिणामनिवसेवं |
| १५७ | २० | सपत्ति | संपत्ति |
| १७० | २० | नुप्लुतं | नुवप्लुतं |
| १७० | २२ | धममन्वहं | धर्भमन्वहं |
| १७६ | ११ | अभिनिवेस | अभिनिवेश |
| १७६ | २३ | मृगम्यता | गम्यताम् |
| १८३ | ८ | लक्ष्मीदायदाश्चत्वारो | लक्ष्मोदायादाश्चत्वारो |
| १६२ | १८ | व्यतरेंद्रपणे | व्यंतरेंद्रपणे |
| २२७ | ५ | माद्यसि | मांसद्यि |
| २३४ | १४ | धनान | धना |
| २५८ | १६ | भाष्या | भाष्यां |
| २६८ | ३ | तिर्यंचादि | तिर्यंचादि |
| २७० | २१ | अनसार | अनुसार |
| ३११ | १ | थयाछ पगारी | थया उपगारी |
| ३१६ | १३ | भवसागर | भावसागर |
| ३१७ | १४ | अवतारीओ | व्यवहारियो |
| ३१७ | २५ | करे | कर |
| ३४१ | ११ | तत्रोचुओ | तओचुओ |
| ३४६ | ५ | जगो रे | जगो जगो रे |
| ३४७ | ५ | सभावतरो | सभतावरो |

## 'વૈરાગ્ય ભાવના' ની સાતમી આવૃત્તિ છપાવવામાં મદદ આપનાર ગૃહસ્થોનાં નામ.

૨૫૧) ફોફાણી કેશરીચંદ નાગરદાસ લુદરાવાળાનાં ધર્મપત્ની બાઈ ખેમીના સ્મરણાર્થે. હ૦ : બાઈ રૂખમણી.
૨૭૫) ગામ કુવાળાના સંઘ તરફથી.
૨૪૭) ગામ લુદરા, દિયોદર પાસેના સંઘ તરફથી.
૫૭) ફોફાણી વર્ધમાન ન્યાલચંદ હ૦ : પરસોતમ.
૫૪) ફોફાણી કેવળચંદ જેઠાચંદ.
૪૪) ફોફાણી ન્યાલચંદ જેઠાચંદ.
૪૪) દોશી અંબાલાલ મલુકચંદ.
૪૮) દોશી ચીમનલાલ ભોજરાજ તથા શા. કેશરીચંદ ચતુર.

કુલ ૨૪૭.

૩૦૦) કપડવણજ મીઠાભાઈ ગુલાબચંદના ઉપાશ્રય જ્ઞાનખાતાની ઉપજમાંથી.
૩૫૦) મહેસાણા જ્ઞાનખાતાની ઉપજમાંથી.
૭૫) સમી જ્ઞાનખાતાની ઉપજમાંથી.
૧૦૦) સમીવાળાં બહેન હરકોર સા. અમુલખ ખેતશીનાં ધર્મપત્ની તરફથી.
૧૦૦) મુનિરાજ લલિતવિજયજીના સ્મરણાર્થે. હ૦ : પ્રેમચંદ શિવચંદ સમીવાળા.
૧૦૦) વઢવાણવાળા રતિલાલ જીવણભાઈ તરફથી.
૧૫૦) મુજપુરવાળા ગોદડલાલ મોહનલાલ પુરુષોત્તમ તરફથી.

૧૯૪૮

૪૫૦) મુનિરાજ શ્રી પ્રતાપવિજયજીના ઉપદેશથી


૨૫૦) શા. માણેકલાલ ચુનિલાલ તરફથી. હાલ મુંબઈ.
૧૦૦) જાસુદબહેન કાંતિલાલ ખડખડ.

૫૦) વકીલ કાંતિલાલ જેસંગભાઈ.
૫૦) કાંતિલાલ તથા બાબુલાલ તરફથી.

૪૫૦

૧૦૧) શંખલપુરવાળા વાડીલાલ લલ્લુભાઈ તરફથી.
૫૦) મણિલાલ પોપટલાલ દુદખાવાળા મારફત.
૫૦) દેવશી દલસુખનાં ધર્મપત્ની ભૂરીબાઈના સ્મરણાર્થે.
૨૫) સમીવાળા પૂનમચંદ મૂળચંદના સ્મરણાર્થે. હ૦ : તેમનાં ધર્મપત્ની બહેન શકરી.
૩૦૦) થરાવાળા છોટાલાલ સંપ્રીતચંદ મારફત જુદા જુદા ગૃહસ્થો તરફથી
૨૦૦) પન્યાસજી મહારાજ સુમતિવિજયજીના સ્મરણાર્થે તેમના શિષ્ય મુનિરાજ સુભદ્રવિજયજીના ઉપદેશથી જુદાજુદા ગૃહસ્થો તરફથી.
૨૧) વિનોદચંદ્ર ચંદુલાલ શાહ.


૩૧૪૫



# શુદ્ધિપત્રક

| પાનું | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૫૫ | ૨૨,૨૩ | ૨૨મી લીટીની જગાએ ૨૩ મી લીટી છપાઈ છે | ૨૩મી લીટીની જગ્યાએ ૨૨ મી લીટી વાંચો. |
| ૨૮૯ | ૧૫ | નિજ | જિન |
| ૩૧૬ | ૨૦ | ધન | ધન |
| ,, | ૨૫ | વહે | રહે |
| ૩૧૭ | ૧૫ | (નવી લીટી ઉમેરીને વાંચવું) | ઇણિ વખતે રે, તેહ પંથે વ્યવહારીઓ. |
| ૩૨૦ | ૯ | આંખડીયા રોનીકો | આંખડીયારો નીકો |
| ૩૨૧ | ૧૫ | જેમાં | જેમ |
| ૩૨૨ | ૧૨ | આગ રે | આગળજી |
| ૩૨૭ | ૭ | દ્રવ્યાનળ ધ્યાનાનળેજી | દ્રવ્યાનલ ધ્યાનાનલેજી |
| ૩૩૦ | ૭ | એમ કરે, | એમ કરે વણઝારા રે, |
| ૩૩૨ | ૫,૧૭ | આનંધન | આનંદધન |
| ૩૩૩ | ૧૯ | પૂર્વિ | પૂર્વી |
| ૩૩૬ | ૫ | જિનગ્રહે | જિનગૃહે |
| ૩૩૭ | ૨૦ | સુમુર્છિમ | સમુરછિમ |
| ૩૪૧ | ૩,૭ | સ્તવ, ક્રામપયડી | સ્તોત્ર, કમ્મપયડી |
| ૩૪૨ | ૧૧ | ભાવે | આવે |
| ૩૪૨ | ૧૨ | આલોકની | અલોકની |
| ૩૪૪ | ૯ | ભગવંતીસૂત્ર | ભગવતીસૂત્ર |
| ,, | ૧૩ | રત્નશેખરસૂરી | રત્નશેખરસૂરિ |
| ૩૪૫ | ૧૩ | લીંગલાગડ | લાગલગાટ |

# આચાર્ય મહારાજશ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજ સાહેબ



એક સદ્‌ગૃહસ્થ તરફથી ગુરૂભક્તિ નિમિત્તે ભેટ.

શ્રીશંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ ।

# શ્રીવૈરાગ્ય ભાવના



નમો દુર્વારરાગાદિ—વૈરિવારનિવારિણે ।
અર્હતે યોગિનાથાય, મહાવીરાય તાયિને ॥ ૧ ॥

## ધર્મ વિના જીવોનું અધઃપતન

જગત માત્રનું હિત ઇચ્છનારા દેવાધિદેવ સર્વજ્ઞ પરમાત્મા શ્રી મહાવીર પ્રભુએ સંસારી જીવોને સંસારના આધિ, વ્યાધિ, ઉપાધિ, સંયોગ, વિયોગ, જન્મ, જરા, મરણાદિ દુઃખોથી મુક્ત કરવા અને અવિનાશી શાશ્વત સુખને પ્રાપ્ત કરાવવા માટે જ મુક્તિનો માર્ગ બતાવ્યો છે. જે માર્ગને અનુસરી ઘણા ભવ્ય જીવો અનાદિ કાળના સંસારના ક્લેશોનો ઉચ્છેદ કરી મુક્તિનગરમાં આત્માનો અખંડ આનંદ અનુભવી રહ્યા છે.

ત્યારે તે દેવાધિદેવના બતાવેલ માર્ગને નહિ અનુસરનારા, અનાદિ કાળની પૌદ્ગલિક વાસનાને અધિન બનેલા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થમાં અર્થ અને કામની પીપાસામાં ગુંથાયેલા, ધર્મના પ્રભાવથી મોક્ષસુખની પ્રાપ્તિ મનુષ્ય ભવમાં સુલભ હોવા છતાં તેનો આદર નહિ કરનારા, મળેલી માનવભવાદિ ઉત્તરોત્તર શુભ સામગ્રીને હારી જઈ અધોગતિમાં ચાલ્યા જાય છે. તેમાંથી વળી કેટલાએ બહુલકર્મી જીવો નીચા ઊતરતા ઊતરતા ઠેઠ સૂક્ષ્મ નિગોદ સુધી પણ પહોંચી અનંત દુઃખોને અધિન

થઈ પડે છે. અનાદિ કાળથી સૂક્ષ્મ નિગોદમાં રહેલા જીવો અને ભવભ્રમણ કરીને પાછા સૂક્ષ્મ નિગોદમાં ગયેલા જીવોના દુઃખોમાં બિલકુલ ફેરફાર નથી. બંને પ્રકારના તે સૂક્ષ્મ નિગોદીયા જીવોને દુઃખોની શ્રેણિ તો નીચે બતાવાશે તે સરખી જ જાણવી ફક્ત ભવભ્રમણ કરીને ઠેઠ સૂક્ષ્મ નિગોદમાં ગયા તે વ્યવહારિક જીવો ગણાય છે, અને અનંતા કાળથી કોઇ દિવસ પણ બહાર નહિ નીકળેલા અવ્યવહારીયા ગણાય છે. અનાદિ નિગોદ જે ચૌદ રાજલોકમાં ઠાંસીને ભરેલી છે તે નિગોદના અસંખ્યાતા ગોળા છે, એકેકે ગોળે અસંખ્યાતા તે નિગોદના જીવોનાં શરીરો છે અને એકેકા શરીરમાં અનંતા જીવો છે. જે જીવો કેવળ ભગવંતની જ્ઞાનદૃષ્ટિ સિવાય બીજા કોઈથી પણ દેખી શકાય તેવા નથી. જ્યારે એવા અતીન્દ્રિય પદાર્થો સર્વજ્ઞ પરમાત્મા વિના કોઈ દેખી શકવાને સમર્થ નથી, તો પછી શાસ્ત્રમાં બતાવવાની ને કથન કરવાની તો બીજાની શક્તિ કયાંથી જ હોઈ શકે ?

સર્વજ્ઞ પ્રભુના રાગદ્વેષ મૂળથી નાશ પામ્યા હોય છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય આ ચારે ઘાતીકર્મની બંધ ઉદય ઉદીરણા અને સત્તાની પ્રકૃતિઓ મૂળથી નાશ પામવાને લીધે આત્માની અપૂર્વ શક્તિ પ્રગટવાથી કેવળ જ્ઞાનવડે યથાસ્થિત વસ્તુ જેવા સ્વરૂપમાં છે તેવી જ રીતે જોઈને ભવ્ય જીવોને બતાવે છે. લોકાલોકનું સ્વરૂપ સમયે સમયે તેમના કેવળ જ્ઞાનમાં પ્રકાશિત થઈ રહ્યું હોય છે, જેથી તેઓના બતાવેલા નિગોદાદિ અતીન્દ્રિય પદાર્થોમાં લેશ માત્ર પણ શંકા રાખવા જેવું નથી. એ કારણથી જ-

## तमेव सच्च जिणेहिं भासियं

'તેજ સાચું કે જે જિનેશ્વરદેવે ભાખ્યું છે.' તેમાં હે આત્મા ! લેશ માત્ર પણ શંકા કરીશ નહિ. તારી બુદ્ધિ અલ્પ છે. પરમાત્માના જ્ઞાન આગળ લેશ માત્ર પણ તારી બુદ્ધિ કાર્ય ન કરી શકે તે સ્વાભાવિક છે. સર્વજ્ઞ પ્રભુના વચન ઉપર શ્રદ્ધા કરનાર જીવ અનાદિ કાળના મિથ્યાત્વને તોડી સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે અને પરંપરાએ સંસારના દુઃખથી પણ શીઘ્ર મુક્ત થાય છે. ત્યારે શંકા રાખનાર સમ્યક્ત્વી હોય તો પણ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થઈ જમાલી પ્રમુખની માફક સંસારમાં રઝળે છે. હવે પ્રથમ કહેલ નિગોદનું સ્વરૂપ જિનેશ્વરદેવે ઘણા વિસ્તારથી સિદ્ધાંતમાં બતાવ્યું છે. તેનો વિશેષ ઉલ્લેખ નહિ કરતાં ફક્ત નિગોદના જીવોનાં જન્મ મરણરૂપ અસહ્ય દુઃખોનું વિવરણ ભવી જીવોના હિતને માટે બતાવાય છે.

આ જીવે સૂક્ષ્મનિગોદમાં અનંતો કાળ કાઢયો, તેમાં જન્મમરણની વેદનાઓ ઘણી સહન કરી, તે એક શ્વાસોશ્વાસથી માંડીને પુદ્ગલ પરાવર્તનકાળ સુધીમાં તેના ભવોની ગણતરી વગેરે હકીકત જાણવાથી ખબર પડશે. તે અવસ્થામાં આ જીવે દુઃખોને સહન કરવામાં બાકી રાખી નથી.

### સૂક્ષ્મ નિગોદના ભવોની ગણતરી તથા દુઃખ

એક શ્વાસોશ્વાસમાં સતર ભવ અઢેરા કર્યા.

એક મુહૂર્તમાં પાંસઠ હજાર પાંચશેં ને છત્રીશ ભવો કર્યા ૬૫૫૩૬.

એક દિવસમાં ૧૯૬૬૦૮૦ ઓગણીશ લાખ છાસઠ હજાર એંશી ભવો કર્યા.

એક માસમાં ૫૮૯૮૨૪૦૦ પાંચ ક્રોડ નેવાશી લાખ બાશી

હજારને ચારસેં ભવો કર્યા. એક વરસમાં તે જ નિગોદિયા જીવે ૭૦૭૭૮૮૦૦ સીતેર ક્રોડ સીતોતેર લાખ અઠ્યાશી હજાર ને આઠસો ભવ કર્યા. જેટલા જેટલા ભવો બતાવ્યા તેટલી વખત જન્મ મરણ સમજવું.

હવે સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવાનું એટલું જ કે, એક વરસમાં ઉપર બતાવેલ આ જીવે તે સ્થાનમાં કર્યા તો **અસંખ્યાતા વર્ષનું પલ્યોપમ,** દશ કોટાકોટી પલ્યોપમનું **એક સાગરોપમ,** વીશ કોટાકોટી સાગરોપમની **ઉત્સર્પિણી ને અવસર્પિણી** મળી એક **કાળચક્ર, અનંતા કાળચક્રનું એક પુદ્ગલ પરાવર્તન.** તેવા અનંતા પુદ્ગલ પરાવર્તન કાળ સુધી તે નિગોદમાં રહેલા જીવે કેટલા ભવો કર્યા ? કેટલી વેદનાઓ સહન કરી ? આ બાબતમાં શાસ્ત્રકાર **મહારાજા** બતાવે છે જે—

**जं नरए नेरइया, दुहाइं पावंति घोर अणंताइं ।**
**तत्तो अणंतगुणिअं, निगोअमज्झे दुहं होइ ॥ १ ॥**

**અર્થ**—' નરકમાં રહેલા નારકી જીવો ઘોર અનંતા દુઃખોને પામે છે, તે નરકના દુઃખોથી પણ અનંતગણા દુઃખો નિગોદમાં રહેલા જીવો ભોગવી રહ્યા છે. '

**વિવેચન**—નિગોદમાં અનંતા જીવોને રહેવાનું એક જ શરીર હોવાથી ઘણા જ સાંકડા સ્થાનમાં અવ્યકત તીવ્ર વેદનાઓ ભોગવવી પડે છે. તે પણ કયાં સુધી-કેટલા કાળ સુધી ? તે બાબત શાસ્ત્રકાર સ્પષ્ટ સમર્થન કરતાં ફરમાવે છે-

**तम्मि निगोअमज्झे, वसिओ रे जीव! कम्मवसगा ।**
**विसहंतो तिक्खदुःखं, अणंतपुग्गलपरावत्ते ॥ १ ॥**

**અર્થ**--"તે નિગોદની અંદર હે જીવ ! તું કર્મને વશ થયો થકો તીક્ષ્ણ દુઃખોને સહન કરતો અનંતા પુદ્ગલ પરાવર્તન સુધી રહ્યો છું."

**વિવેચન**--કર્મના વશ થકી નિગોદમાં અનંતા પુદ્ગલ પરાવર્તન સુધી આ જીવને રહેવું પડયું, ઘોર દુઃખો સહન કરવાં પડયાં, એક પુદ્ગલ પરાવર્તનનો અનંતો કાળ છે, તો પછી અનંતા પુદ્ગલ પરાવર્તનનું તો કહેવું શું ?

પુદ્ગલ પરાવર્તનનું સ્વરૂપ ઘણા આગમોમાં તથા પાંચમા કર્મગ્રન્થમાં વિસ્તારથી બતાવ્યું છે, તે ગુરૂગમતાથી સમજવું. જેથી માલૂમ પડશે જે આ જીવ અનંતાનંત કાળ સુધી નિગોદમાં રહીને--અથાગ વેદના સહન કરીને આવ્યો છે. તો હવે કોઈવાર પણ તેવાં દુઃખો ઉદયમાં ન આવે તેવા ઉપાયો યોજવા જોઈએ.

આટલું તો સહુ કોઈ સમજી શકે છે કે એકવાર જે કાર્ય કરવાથી ઘણી વેદનાઓ થઈ હોય, જેનાથી વારંવાર નુકશાન થયું હોય, અને વળી જેનાથી મરણાંત કષ્ટ ઉત્પન્ન થયું હોય તેવા કાર્યમાં મૂર્ખ માણસ પણ પ્રવૃત્તિ ન કરે. તો પછી સુજ્ઞ અને સમજુ માણસ તો પ્રવૃત્તિ કરે જ કેમ ? છતાં જો તેવાં અઘોર પાપ કરી નિગોદના સ્થાનમાં જવા જેવી પ્રવૃત્તિ કરે તો તેને કેવો સમજવો ? તેનો દરેક ભવ્ય જીવોએ વિચાર કરવો.

## બાદર નિગોદથી તિર્યંચ પંચેંન્દ્રિય સુધી રઝળવું.

સૂક્ષ્મ નિગોદમાં અનંતો કાળ કાઢી અકામ નિર્જરાવડે આ જીવ બાદર નિગોદમાં ઉત્પન્ન થયો. ત્યાં બટાટા ગાજર,

મુળાના કાંદા, સકરકંદ, થેગ, લીલું આદુ વગેરે વગેરે જેમાં અનંતા જીવોનું એક શરીર છે. તેવી અનંતકાય વનસ્પતિમાં–બાદર નિગોદમાં પ્રવેશ કરી ઘણું રઝળ્યો. ઘણી વેદના ભોગવીને ત્યાંથી પણ અકામ નિર્જરાના યોગથી પુણ્યની રાશી વધવાથી પૃથ્વીકાયમાં માટી પાષાણ વગેરેમાં, તથા અપ્કાયમાં, તેઉકાયમાં, વાયુકાયમાં, પ્રત્યેક વનસ્પતિ કાયમાં, બેઇન્દ્રિયમાં, તેઇન્દ્રિયમાં, ચૌરેન્દ્રિયમાં, તિર્યંચ પંચેન્દ્રિયમાં અનુક્રમે કે અનુક્રમ વિના જન્મ મરણના ફેરા કરી ઘણો કાળ દુઃખમય ગુમાવ્યો. તિર્યંચ પંચેન્દ્રિયમાં **જલચર, થલચર, ખેચર, ઉરપરીસર્પ, ભુજપરીસર્પ,** એ પાંચ સંમુર્છિમ તથા પાંચ ગર્ભજ એ દશ પર્યાપ્તા, તથા દશ અપર્યાપ્તા મળી વીશે ભેદમાં અનંતોકાળ જવાથી મનુષ્ય ભવ પામવો તો બહુ કઠીન થયો. માનવ જિંદગી મળવી કાંઈ સહેલી નથી કે જલદી મળી શકે. છતાં કદાચ મળી તે વખતે પ્રમાદના જોરથી જો ગુમાવી બેઠા તો ફરીથી મળવી બહુજ કઠીન સમજવી તે માનવ ભવની કઠિનતાને સૂચવનારા તીર્થંકર ગણધરોએ સૂત્ર સિદ્ધાંતમાં દશ દૃષ્ટાન્તો બતાવ્યાં છે. તે ઘણા ગ્રન્થોમાં અને ચરિત્રોમાં પ્રસિદ્ધ થયેલાં હોવાથી અહીં બધાં દૃષ્ટાન્તો ન બતાવતાં ફક્ત ત્રણ ચાર લઘુ દૃષ્ટાંતો બતાવ્યાં છે.

## માનવભવની કઠિનતાને સૂચવનારાં દૃષ્ટાંતો:

### દૃષ્ટાંત પહેલું

કોઈ રાજાએ કૌતુક જોવા માટે આ ભરતક્ષેત્રમાં નિપજતાં તમામ ૨૪ જાતિનાં ધાન્યો એકઠાં કરાવીને તેમાં એક

શેર સરસવના દાણા નંખાવ્યા. તે સરસવના દાણા તે ધાન્યોની સાથે ભેળસેળ કરી દીધા. પછી કોઈ સો વરસની ઘરડી ડોશી કે જેનો હાથ, પગ, માથું વગેરે અંગ ધ્રુજે છે, તેવી ડોશીને તેડાવીને કહ્યું કે 'હે ડોશી ! આ ચોવીશ જાતિના ધાન્યના ઢગલામાંથી સર્વ જાતિના ધાન્ય જુદા કરો, તેમ સરસવના દાણા જુદા કાઢી આપો.' એમ કહ્યું. પરંતુ તે ડોશીથી સરસવના દાણા કોઈ પણ રીતે જુદા થઈ શકે નહિ, તેમ છતાં કદાપિ કોઈ દેવતાની સહાયથી તે ડોશી સરસવના દાણા જુદા કરી શકે. પરંતુ હે ભવ્ય જીવો ! ચિંતામણિ રત્ન સમાન મનુષ્ય ભવ હાથથી ગયો તે ફરીને પામવો મહા દુર્લભ સમજશો. અર્થાત્ તે કાર્ય ઉપરના સરસવ જુદા કરવા કરતાં પણ કઠિન સમજશો.

## દૃષ્ટાંત બીજું

એક લાખ યોજન પ્રમાણવાળા દ્રહમાં એક મોટો કાચબો રહેતો હતો. તેણે એકદા પ્રસ્તાવે વાયરાના યોગે સેવાળ ફાટે થકે આકાશ મંડળને વિષે આસો શુદિ પુનમની રાત્રે સકલકળાએ સંપૂર્ણ અને ચક્ષુને આનંદકારી ચંદ્રમા દીઠો. તેથી મનમાં ખુશી થયો. પછી તે પોતાના કુટુંબને દેખાડવા માટે ફરી પાણીમાં ડુબકી ખાઈને કુટુંબને તેડવા ગયો અને તેડી લાવ્યો. તેટલામાં વાયુના યોગે સેવાળ મળી ગઇ. તેથી ચંદ્રમાનાં દર્શન થઇ શકયાં નહિ. હવે તે સેવાલમાં જ્યારે ફાટ પડે ત્યારે ચંદ્રમાનાં દર્શન થાય. તે ફાટ કાંઇ જલદી પડતી નથી. કદાચ દેવતાની સહાયથી ફરીથી તેમાં ફાટ પડે ને કાચબાનું કુટુંબ ચંદ્રનાં

દર્શન કરે પરંતુ મનુષ્ય ભવ હારી ગયેા તે મળી શકે નહિ.

## દૃષ્ટાંત ત્રીજું

સ્વયંભૂરમણ સમુદ્ર અર્ધા રાજ પ્રમાણે ભૂમિને રૂંધીને પડયેા છે, તે માંહેની પૂર્વ દિશાએ ધુંસરૂં નાખીએ અને પશ્ચિમ દિશાએ સમેાલ નાખીએ, તે બંને વસ્તુ કેવી રીતે ભેગી થાય અને ધુંસરાના છિદ્રમાં સમેાલ કયારે પ્રવેશ કરે? કારણ કે અસંખ્યાતા દ્વીપ સમુદ્રો ગમણા ગમણા પ્રમાણુવાળા છે, તેમાં છેવટ અસંખ્યાતા યેાજનનેા સ્વયંભૂરમણ સમુદ્ર છે. તેમાં કયાં પત્તો લાગે? છતાં દેવતાની સહાયથી ધુંસરાના છિદ્રમાં સમેાલ પ્રવેશ કરે, પરંતુ હાથથી ગુમાવી દીધેલ મનુષ્ય ભવ ફરીને મળે નહિ.

## દૃષ્ટાંત ચેાથું

એક દેવતાએ મેાટા પત્થરના સ્થંભને વજ્રે કરીને ભાંગી નાખી, તેને વાટીને ચૂર્ણ કરી, મેરૂપર્વત ઉપર ચડી, વાંસની નળીમાં ભરી, ફુંક દઇ તે ચૂર્ણને ઉડાડી દીધું. તે ઉડેલા પરમાણુઓ જેમ પાછા એકઠા કરવા દુર્લભ છે, તેમ મનુષ્ય ભવથી ભ્રષ્ટ થયેલા પ્રાણીને ફરીથી મનુષ્યપણું પામવું દુર્લભ છે. આવી રીતે માનવ ભવની કઠિનતાને સૂચવનારાં દૃષ્ટાંતેા સમજવાં.

તેા પછી હે ચેતન! વિચાર કર, વિચાર કર, માનવ જિંદગી સુલભ છે કે દુર્લભ? જો દુર્લભ છે તેા મહા મુશ્કેલીથી મળેલી તે જિંદગીને સાચવવી કે બગાડવી? જો બગાડીશ તેા પાછી કેવી રીતે મળી શકશે? તેનેા વિચાર કર.

## હરિગીત

ચુલગ અને પાસાદિ દશ દૃષ્ટાંતે દુર્લભ ભવ લહી,
ઉરમાં વિચારો ક્ષણે ક્ષણે એ ફરી ફરી મળશે નહીં;
પળ પળ અમૂલી જાય ડૂલી જાય આયુ આ વહી,
શીદને ગુમાવો જન્મ મોંઘા મોહ-નિદ્રામાં રહી. ૧
બહુ પુન્યના ઉદયે મળ્યો જિનધર્મનો શુભ જોગ જો,
આળસ તજી આત્મોન્નતિ કરવા સદા તત્પર થજો;
શુભ સમય જો વીતી જશે ને કાર્ય કંઈ જો ના થશે,
પસ્તાવો પાછળથી થશે ખરેખર અરે ! એ ખટકશે. ૨
ચોમાસા ટાણે વાવણી જો ખેડૂતોએ ના કરી;
પાછળ કરી તે ના કરી ચાલી ગઈ ઘડી જો ખરી;
વીત્યો વખત તે તો ફરીને ના મળે રે ના મળે,
રણમાં રડ્યાથી એકલાં શું રે વળે શું રે વળે ? ૩
ઘડી લગ્નની ગઈ નિંદમાં જાગ્યા પછી તો શું થયું,
ટાણું અમોલું આમ જો વીતી ગયું તો શું રે રહ્યું;
માટે વિચારી દેહથી હિત આત્માનું કરજો સદા,
"ભકિત" કરી ભવજળ તરો હરશે ભવભ્રમણની આપદા. ૪

કદાચ પુણ્યના યોગે માનવ જિંદગી મળી. પરંતુ અનાર્ય દેશમાં ઉત્પન્ન થયો તો શું થવાનું ? અનાર્ય દેશમાં ઉત્પન્ન થયેલા જીવને ધર્મનું આરાધન કરવાની સામગ્રીના અભાવથી અઘોર જીવહિંસાદિ પાપકર્મના જોરથી ઠેઠ સાતમી નરકે જવું પડે છે. ભાઓ ! શાંતસુધારસમાં ઉપાધ્યાયજી વિનયવિજયજી મહારાજ શું બતાવે છે :—

लब्ध्वा इह नरभवोऽनार्यदेशेषु यः स भवति प्रत्युतानर्थकारी ।
जीवहिंसादिपापाश्रवव्यसनिनां, मार्गयत्यादिमार्गानुसारी॥

बुध्यतां बुध्यतां बोधिरतिदुर्लभा,
जलधिजलपतितसुरत्नवत् त्या ।

**અર્થ**:—"મનુષ્યભવ પામ્યા છતાં અનાર્ય દેશમાં ઉત્પન્ન થયો ! ત્યાં રહેલા જીવો હિંસાદિ પાપ–આશ્રવના વ્યસની થઈને માઘવતી નામની સાતમી નરકના માર્ગને અનુસરનાર થાય છે. જેથી અનાર્ય દેશમાં પામેલો મનુષ્યજન્મ ઊલટો અનર્થકારી થઈ પડે છે. માટે બોધ પામો, બોધ પામો. સમુદ્રના જળમાં પડી ગયેલા ચિંતામણિ રત્નની માફક બોધિરત્ન કેતાં સમ્યક્ત્વ રત્ન પામવું બહુ દુર્લભ છે."

આ પ્રમાણે થવાથી મનુષ્યભવ મળ્યા છતાં કાંઈ કામમાં આવ્યો નહિ ને ઊલટો અનર્થકારી થઈ પડયો. જેમકે દૂધપાક અથવા તેથી પણ મધુર ભોજન તૈયાર થયું હોય, તે ભોજન સ્વાદ લેનારને આનંદદાયક હોય છે, છતાં જો કદાચ તેમાં લેશમાત્ર ઝેર પડયું હોય તો તે સ્વાદિષ્ટ ભોજન હોવા છતાં કાંઇ કામ આવતું નથી, ને તે ઉત્તમ ભોજનને પણ ફેંકી દેવું પડે છે. તેવી જ રીતે જિંદગી ઘણી જ ઉત્તમ, કર્મ ખપાવવાના કારણભૂત હોવા છતાં અનાર્ય દેશમાં ઉત્પત્તિ થવાથી હિંસાદિ પાપરૂપી ઝેર પડવાથી કાંઇ કામ આવતી નથી, પરંતુ નરક તિર્યંચાદિ દુર્ગતિમાં ફેંકી દેવી પડે છે. અર્થાત્ આ જીવ અનાર્ય દેશમાં તેવાં અઘોર પાપ કરી નરકાદિ દુર્ગતિમાં ચાલ્યો જાય છે. આ કારણથી જ મનુષ્યભવ મળ્યા છતાં પણ જો આર્ય દેશમાં ઉત્પત્તિ થઈ હોય તો જ કાંઈક સુધારી શકાય છે.

## ધર્મશ્રવણ દુર્લભ

આર્ય દેશમાં ઉત્પન્ન થયા છતાં પણ ધર્મ કેવી વસ્તુ

છે ? ધર્મ કેવા પ્રકારનો છે ? ધર્મ માતાની માફક પુષ્ટિ કરે છે. ધર્મ પિતાની માફક રક્ષા કરે છે, ધર્મ મિત્રની માફક પ્રીતિ કરે છે, ધર્મ બંધુ સમાન છે, સ્વર્ગાપવર્ગાદિક સુખોના ફળને આપવાવાળો છે, ધર્મના પ્રભાવથી જ આ સચરાચર જગત, સુખી છે, એવી રીતે ચિંતામણિ રત્નથી પણ અધિક એવા ધર્મને સાંભળવાની-જાણવાની ઇચ્છા થઈ નહિ, અને સંસારના ક્ષણભંગુર વિનાશી સ્વભાવવાળા પૌદ્ગલિક પદાર્થોમાં મૂંઝાણો. એટલે સુધી મૂંઝાણો કે દિવસ-રાત્રીના ચોવીસ કલાકમાં એક કલાક પણ આત્મ-જાગ્રતિ કરવાનો સમય મળ્યો જ નહિ, અને રાત-દિવસ 'હું અને મારું' કરીને જ ભવ પૂરો કર્યો તો પછી આર્ય દેશ ઘણો સુંદર હોવા છતાં આવા પ્રકારના પુદ્ગલાનંદી જીવો માટે શા કામનો ? કાંઈ કામનો નહિ.

રાગ-ઝેરવી (થઈ પ્રેમવશ પાતળીઆ-અથવા તું હિ દેવ સાચો.)

વીરવાણી જાણી સાચી. (૨)
રહે રંગે, એહમાં રાચી...રે.....વીરવાણી૦
ધર્મ-શ્રવણ ગુરુ પાસે કરીને, જીવન જરૂર સુધારો,
વિકથાને દૂર નિવારો, (૨)
શીદ મોહે રહ્યા છો માચી.....રે.....વીરવાણી૦
બે ઘડી પ્રભુની વાણી સાંભળવા, ભવીયાં ભાવે આવો,
લ્યોને લાખેણો લા'વો, (૨)
ગણી કાયા-માયા-કાચી.....રે.....વીરવાણી૦
ધર્મ-શ્રવણ-દુર્લભ મન માની, સફળ કરો જિંદગાની
કરો "ભક્તિ" ભાવે મજાની, (૨)
લ્યો શિવસુખડાં ઝટ જાચી.....રે.....વીરવાણી૦

કદાચ ધર્મ સાંભળવાની ઇચ્છા થઈ તોપણ મિથ્યા-

ત્વીના સમાગમથી મિથ્યાત્વ ધર્મને જાણવાની, આદરવાની પાળવાની ઇચ્છા થઈ, તો શા કામની ? મિથ્યાત્વીના ધર્મમાં હિંસાદિ પ્રાપવૃત્તિઓ ભરેલી હોય છે, અધર્મને ધર્મ માનેલો છે અને કુમાર્ગને માર્ગ માનેલો છે. એવા મિથ્યા-ધર્મનું સેવન કરવાથી પાછો સંસારમાં રઝળ્યો. એટલે સુધી રઝળ્યો કે મહામૂલ્યવાળા ચિંતામણિથી અધિક મનુષ્ય જિંદગી ગુમાવી નરક-તિર્યંચાદિ ગતિમાં ઘોર વેદના સહન કરવા ચાલ્યો ગયો. મિથ્યાત્વના સેવનથી જીવોની દુર્ગતિ થાય છે તે સંબંધી દૃષ્ટાંત નીચે પ્રમાણે :—

## મિથ્યાત્વ ઉપર દેવશર્માનું દૃષ્ટાંત તથા મિથ્યાત્વથી થતી હાનિ

એક નગરમાં **દેવશર્મા** નામનો કોઈ બ્રાહ્મણ રહેતો હતો. તેને પુત્ર નહિ હોવાથી પુત્રને માટે પાદ્રદેવી નામની દેવીની ભક્તિ કરી અને કહ્યું કે, 'હે દેવી ! તારી પ્રસન્નતાથી જો મારે પુત્ર થશે તો હું તારું દેવાલય નવીન કરાવીશ અને તારી આગળ દર વરસે એક બોકડાને હું ચડાવીશ. માટે હે દેવી ! મારી વાંછા પૂર્ણ કર-પૂર્ણ કર.' વાંચનાર સજ્જન ! વિચાર કર, મિથ્યાત્વની કેટલી તીવ્રતા, કેટલું જોર, કે આવો રત્નચિંતામણિ સરખો મનુષ્યભવ તે બ્રાહ્મણને હિંસા કરવા માટે થયો. તમામ દર્શનકારો પોકાર કરીને કહે છે કે 'જ્યાં હિંસા ત્યાં ધર્મ નથી, પણ અધર્મ છે. તે અધર્મ સેવનાર પ્રાણી સુખી થતો નથી.' તે હકીકત દેવશર્માના દૃષ્ટાંતથી જણાઈ આવશે.

અહીં દેવશર્માને કાળક્રમે કરી પુત્ર થયો. દેવશર્માએ પુત્રનું નામ દેવીએ આપેલો જાણી **દેવીદત્ત** રાખ્યું. દેવીનું

ભવન નવીન કરાવ્યું. ચારે બાજુથી વાડ કરાવી. એક સરોવર બોદાવ્યું અને મહોત્સવપૂર્વક એક બોકડાને હણ્યો. મિથ્યાત્વી જીવોને તત્ત્વાતત્ત્વ, કૃત્યાકૃત્ય, ખાદ્યાખાદ્યનું ભાન હોતું નથી. તેનાં વિવેકરૂપી લોચન મિથ્યાત્વરૂપી અંધકારથી દેખી શકતાં નથી કે હું આવા પંચેન્દ્રિય જીવોનો વધ કરીકઈ ગતિમાં જઈશ? મારું શું થશે? મારે ઘોર દુઃખો સહન કરવાં પડશે ઇત્યાદિક શુભ વિચારણા તેવા જીવોને થતી નથી.

પેલા બ્રાહ્મણે તો દર વરસે એકેક બોકડો હણવા માંડ્યો, તેથી ભારે મજબૂત કર્મ બાંધ્યું અને મનુષ્યભવ હારી બેઠો. બાંધેલાં કર્મ ઉદય આવ્યાં જેથી મહા આર્ત્ત ધ્યાનથી મરીને તે જ નગરમાં મોટા રોમવાળો હૃષ્ટપુષ્ટ દેહવાળો બલીષ્ઠ બોકડો થયો. તેનો પુત્ર યૌવન અવસ્થાને પામ્યો. એક કન્યા પરણ્યો. વરસને અંતે દેવીદત્તે પોતાનો બાપ જે બોકડો થયો છે તેને દ્રવ્ય આપી ખરીદ કર્યો, બોકડો પોતાનું ઘર વગેરે દેખી પૂર્વની જાતિને સ્મરણ કરતો અને પૂર્વભવનું સ્વરૂપ વિચારતો થરથર કંપવા લાગ્યો અને વિચારવા લાગ્યો કે, 'અરે! મને આ દેવી પાસે વધ કરવા લાવ્યા છે. હવે હું શું કરું? કયાં જાઉં? મને કોણ છોડાવે'? ઇત્યાદિ વિચારથી બહુ ભયભીત થયો. એમ કરતાં વધ કરવાનો દિવસ આવ્યો તે દિવસે મહોત્સવપૂર્વક તેને ચલાવવા માંડ્યો; પણ તે ચાલતો નથી. મરવું ગમતું નથી, જેથી એક પગલું પણ આગળ ભરતો નથી, લોકોએ ખૂબ તાડનાપૂર્વક માર માર્યો, બલાત્કારથી વધસ્થાને લઈ જવાતો બોકડો શરણરહિત નિરાધાર થયો છતો બેં બેં શબ્દ બોલી રહ્યો છે. એવા અવસરે

તેના પુણ્યયોગે એક જ્ઞાની ગુરુ મહારાજ ત્યાં પધાર્યા. મુનિરાજ છાગને કહે છે, 'અરે ! તારાં પૂર્વ કૃત્ય સંભાળ, તારી મેળે તેં વૃક્ષ વાવ્યાં, વૃદ્ધિ પમાડયાં, હવે તારે ફળ ભોગવવાં જ પડશે, બેં બેં કેમ કરી રહ્યો છે ? પ્રથમ કેમ વિચાર ન કર્યો ? ' આ પ્રમાણેનાં મુનિનાં વચનો સાંભળી ધૈર્ય અવલંબીને તે વેગથી ચાલ્યો. તમામ લોકો આશ્ચર્યમાં ગરકાવ થયા થકા વિચારવા લાગ્યા, 'ઓહો પ્રથમ આ બોકડાને ખૂબ માર્યો, છતાં તે એક પગલું ચાલતો ન હતો, અને હવે આ મહાત્માએ કેવી રીતે તેને ચલાવ્યો ? ' આ પ્રમાણે તમામ લોકો વિચાર કરે છે, એટલામાં તેના પુત્ર દેવીદત્ત મુનિને કહ્યું કે, 'હે સાધુ ! કૃપા કરીને બોકડાને ચલાવવાનો ઉત્તમ મંત્ર મને આપો. ' મુનિરાજે કહ્યું, 'હે મૂર્ખ ! તારો પિતા મિથ્યાત્વનું સેવન કરી આર્ત્તધ્યાનથી મરીને આ બોકડો થયો છે. આર્ત્તધ્યાનથી જીવની તિર્યંચગતિ થાય છે. યદુક્તં—

अट्टे तिरियगइ, रुद्देण ज्झाणेण पावए नरयं ॥
धम्मेण देवलोओ, सिद्धिगइ सुक्कज्झाणेणं ॥ १ ॥

**અર્થ** : " આર્ત્તધ્યાનથી તિર્યંચગતિ. રૌદ્રધ્યાનથી નરકગતિ, ધર્મધ્યાનથી દેવગતિ અને શુકલધ્યાનથી મોક્ષગતિ પ્રાપ્ત થાય છે. " તારો પિતા આર્ત્તધ્યાનથી તિર્યંચપણું પામ્યો છે. કદાચ આ બાબતમાં તને સંદેહ રહેતો હોય તો આ બોકડાને ઘેર લઇ જઇ તેને મોકળો કરી પગમાં પડી તારે કહેવું કે, 'હે પિતાજી ! તમે જે વખતે મરણ પામ્યા તે વખત દુઃખથી પિડાયેલા તમને મેં કાંઈ પૂછયું

નહિ, હું તમારો દેવીદત્ત પુત્ર છું, માટે જે કાંઈ નિધાન હોય, તે મને દેખાડો.' એટલે તે બતાવશે. મુનિરાજના કહેવા પ્રમાણે દેવીદત્તે કર્યું. બોકડાએ પોતાના પગ વડે ઘરના ખૂણામાંથી નિધિ (ધનના બન્નના)નું સ્થાન દેખાડયું. દેવોદત્ત મુનિરાજના સમાગમથી હિંસાથી બચ્યો. ધન મળ્યું ને સુખી થયો. બોકડો પણ મરણાંત કષ્ટથી બચ્યો.

આ પ્રમાણે દેવશર્માને મિથ્યાત્વના સેવનથી તિર્યંચ થવું પડયું. માનવ ભવ હારી ગયો. (ઇતિ દેવશર્મા દૃષ્ટાંત.)

આ હેતુથી મનુષ્યભવાદિ સામગ્રી મળી પણ તે મિથ્યાત્વને આદરવાવાળી થઇ તો તેને નિષ્ફળ જાણવી, શાસ્ત્રકાર એક બાજુ સત્તર પાપસ્થાનક અને એક બાજુ મિથ્યાત્વ આ બે છાબડામાં મિથ્યાત્વના છાબડાને નીચું જનાર બતાવે છે. સત્તર પાપસ્થાનકથી પણ મિથ્યાત્વનું જોર ઘણું છે. મિથ્યાત્વને રોગ--અંધકારાદિથી પણ વિશેષ હાનિકારક બતાવતા છતાં કહે છે જે :—

**मिथ्यात्वं परमो रोगो, मिथ्यात्वं परमं तमः**
**मिथ्यात्वं परमः शत्रुः, मिथ्यात्वं परमं विषम् ॥ १ ॥**
**जन्मन्येकत्र दुःखाय, रोगो ध्वांतं रिपुर्विषम् ।**
**अपि जन्मसहस्रेषु, मिथ्यात्वमचिकित्सितम् ॥ २ ॥**

**અર્થ :** મિથ્યાત્વ ઉત્કૃષ્ટ રોગ છે, મિથ્યાત્વ ઉત્કૃષ્ટ અંધારું છે. મિથ્યાત્વ ઉત્કૃષ્ટ શત્રુ છે, મિથ્યાત્વ ઉત્કૃષ્ટ ઝેર છે, આ તમામ વસ્તુને ઉત્કૃષ્ટ બતાવાનું કારણ એ કે રોગ, અંધારું, શત્રુ અને ઝેર; આ ચારે વસ્તુ એક ભવમાં જ જીવને દુઃખદાયી થાય તે, છેવટે પ્રાણ હરણ કરે

છે. પરંતુ મિથ્યાત્વને જો શોધ્યું ન હોય તો તે હજારો, લાખો છેવટે અનંત ભવો સુધી દુર્ગતિનાં કટુ ફળ આપે છે. વર્તમાન કાળમાં પણ ઘણા જૈનનામને ધારણ કરનારાં શ્રાવક-શ્રાવિકાઓ પ્રભુના અટલ સિદ્ધાંતની બેપરવાઈ રાખનારાં અજ્ઞાનતાથી પુત્ર માટે, ધન માટે, શરીર માટે, બીજાં પણ કેટલાંય કારણોને માટે મિથ્યાત્વી દેવી-દેવલાની માનતાઓ માની, તેનાં પર્વોની માનતા માની પાપબંધનમાં ઊતરી પડે છે. પરંતુ એટલું વિચારતાં નથી કે દેવાધિદેવ પરમાત્માની ભક્તિ કરતાં તમામ અંતરાયોનો નાશ થાય છે. કદાચ પૂર્વજન્મનાં કર્મ ઘણાં હોવાથી અંતરાયો નાશ ન પામ્યા તો પછી બીજાથી શું થવાનું છે? સમકિતના સડસઠ બોલની સજ્ઝાયમાં ઉપાધ્યાયજી મહારાજ યશોવિજયજી કહે છે જે :—

" જિનભક્તે જો નવો થયું રે, તે બીજાથી શું થાય રે,
એવું જે મુખ ભાખીયે રે, તે વચનશુદ્ધિ કહાય રે,"
ચતુર વિચારો ચિત્તમાં રે૦

આ પ્રમાણે મનમાં વિચારી મિથ્યાત્વી દેવી-દેવલાની માનતાઓ તેનાં પર્વો વગેરે દૂર કરો વીતરાગ પ્રભુના બતાવેલા માર્ગને અનુસરવું. વળી કેટલાક જીવો જૈનકુળમાં જન્મ્યા છતાં લોકોત્તર મિથ્યાત્વને નહિ સમજતાં અજ્ઞાનતાના વશ થકી કેસરીયાં ભગવાન પાસે પુત્રની માગણી કરે છે. ' હે કેસરીયા ભગવાન! જો મને પુત્ર સારો થશે તો ભારોભાર કેસર ચઢાવીશ.' કમાણી કરવા દેશાંતર જનાર —શ્રીફળ દેરાસરમાં મૂકી પ્રભુ પાસે એ જ માગે, 'હે પ્રભુ! હું સારી કમાણી કરીશ, તો તમને આટલું ચઢાવીશ.'

બેસતા વર્ષે પ્રભુની પસલીમાં રૂપિયો મૂકી ખૂબ લક્ષ્મી માગે. કેવી મૂર્ખાઈ ? કેવું ગાંડપણ ? આ પ્રકારે કરેલો ધર્મ કેવો પળે ? લોકોત્તર મિથ્યાત્વ સેવન કરવાથી મોક્ષ ન મળે એ ચોક્કસ યાદ રાખ. જિનેશ્વરની ભક્તિ અને ધર્મનું સેવન મોક્ષ આપવાને સમર્થ છે. તેઓની પાસે નાશવંત પૌદ્ગલિક સુખોની યાચના કરવી તે ડહાપણ કહેવાય નહિ. એવાં નિયાણાં કરનારા વાસુદેવો, બ્રહ્મદત્ત ચક્રવર્તિ વગેરેની કઈ દશા થઈ ? તે જરા વિચારો. અઢાર દેશનો માલિક કુમારપાળ સિદ્ધાચળમાં જઈ દાદા પાસે શું માગે છે ? 'હે પ્રભુ મારી ભક્તિનું કાંઈ ફળ હોય તો મને તારું ભિક્ષુકપણું આપ' ભિક્ષુકપણું માગ્યું. પરંતુ રાજ્ય, ઋદ્ધિ વગેરે કાંઈ માગતો નથી. ઇત્યાદિ હકીકત ધ્યાનમાં લઈ લોકોત્તર મિથ્યાત્વનું સ્વરૂપ સમજી તેનાથી પણ દૂર રહેવું.

પ્રભુનું આગમ લૌકિક અને લોકોત્તર બંને પ્રકારનાં મિથ્યાત્વનો ત્યાગ કરવાનું કહે છે. પરમાત્માના ધર્મનું આરાધન કરવાથી માગ્યા વિના સ્વભાવથી જ ઉભય લોકમાં આત્માને ઉંચ કુળમાં જન્મ, અનેક પ્રકારની લબ્ધિ, ઋદ્ધિ-સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે અને છેવટે મોક્ષની પ્રાપ્તિ શ્રીપાલ રાજાની માફક સુગમતાથી થાય છે. માટે પૌદ્ગલિક વસ્તુની માગણી કરવાની તારે બિલકુલ જરૂર નથી. વીતરાગ પ્રભુનું આગમ ખૂબ જોર કરીને કહે છે કે 'મિથ્યાત્વથી વેગળા રહી આત્મકલ્યાણ કરી લેજો, મિથ્યાત્વના સેવનથી આત્મકલ્યાણ નહિ થાય; પરંતુ દુર્ગતિ થશે.' જુઓ ! સિદ્ધાંતમાંથી ઉદ્ધરેલી સંબોધસત્તરીમાં રત્નશેખરસૂરીશ્વરજી મહારાજ પણ મિથ્યાત્વ વિષે શું કહે છે :—

न वि तं करेइ अग्गी, नेव विसं नेव किन्हसप्पो अ ।
जं कुणइ महादोसं, तिव्वं जीवस्स मिच्छत्तं ॥ १ ॥
कट्ठं करेसि अप्पं दमेसि अत्थं चयसि धम्मत्थं ।
इक्कं न चयसि मिच्छत्तं, विसलवं जेण बुड्डिहसि ॥ २ ॥

**અર્થ** :–' તીવ્ર મિથ્યાત્વ જીવને સાથે જેટલો દોષ કરે છે, તેટલો દોષ અગ્નિ નથી કરતો. વિષ પણ તેટલો દોષ કરતું નથી. કાળો સર્પ પણ તેટલો દોષ કરતો નથી; કારણ કે અગ્નિ, વિષ, અને સર્પ એક ભવનો કદાચ નાશ કરે પણ મિથ્યાત્વ તો જન્મજન્મનો નાશ કરે છે.' ૧.

'જીવ કષ્ટ કરે છે, આત્માને દમે છે, અને ધર્મને અર્થે દ્રવ્યને તજે છે, પરંતુ જો મિથ્યાત્વરૂપી ઝેર એક લવ માત્ર પણ તજે નહિ, તો સર્વે તજવું નિરર્થક જાણવું. કારણ કે મિથ્યાત્વે કરી જીવ સંસારસમુદ્રમાં ડૂબે છે.' ૨.

सम्मत्तं उच्छिंदिअ, मिच्छत्तारोवणं कुणइ निअकुलस्स ।
तेण सयलो वि वंसो, दुग्गइमुहसंमुहं नीओ ॥

**અર્થ** :–જે માણસ સમ્યક્ત્વરૂપી વૃક્ષને પોતાના કુળરૂપી આંગણામાંથી ઉખેડી( દૂર કરી ) ને મિથ્યાત્વરૂપી વૃક્ષને વાવે, તે જીવ પોતાનો સઘળો વંશ દુર્ગતિના મુખ સન્મુખ લઈ ગયો જાણવો.

મિથ્યાત્વનો આવા પ્રકારનો પ્રચંડ પ્રતાપ હોવા છતાં અનાદિકાળની કુવાસનાથી જીવને મિથ્યાત્વ છોડવું ગમતું નથી તે બહુ જ આશ્ચર્ય જાણવું.

ઉપર બતાવેલ મિથ્યાત્વનું સેવન કરી આ જીવ ઘણું ગયો. એટલે સુધી નીચે ઊતરી ગયો કે કોઈ વખત

નિગોદમાં પણ ચાલ્યો ગયો ફરી પાછી પ્રથમ બતાવેલી દશા પ્રાપ્ત થઈ. દુઃખોની શ્રેણીઓ ઉપસ્થિત થઈ. ઘણું દુઃખોને સહન કરી પ્રથમ બતાવેલા ક્રમ પ્રમાણે ચડતાં ચડતાં, ઘણા જન્મ-મરણના ફેરા કરતો અનંત પુણ્યની રાશિ વધવાથી મનુષ્યભવ, આર્યદેશ, ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ, નીરોગી શરીર, પાંચે ઈન્દ્રિયની પટુતા વગેરે ઘણી ઉત્તરોત્તર સારી સામગ્રી મળી, વીતરાગ પરમાત્માના વચનને શ્રવણ કરવાની ભાવના પણ થઇ.

## સદ્‌ગુરુનો સંયોગ મળ્યો

સદ્‌ગુરુ પાસે ધર્મ સાંભળવા તૈયાર થયો. ત્યારે **મોહરાજા** તે વાત જાણીને વિચારવા લાગ્યો કે :-'આ પ્રાણી જો ધર્મ સાંભળશે તો ધર્મ કરીને મુક્તિપુરીમાં પહોંચશે-મહાસુખ પામશે, માટે તે પ્રાણી કોઈ રીતે ધર્મ સાંભળવા જઈ ન શકે તે કરું.' એમ વિચારી તુરત જ મોહરાજાએ પોતાના તેર ઉમરાવોને બોલાવ્યા. તેઓ આજ્ઞા થતાં જ હાજર થયા. એટલે મોહરાજાએ તેઓને કહ્યું :- "અરે સુભટો ! તમે જાઓ, મારા નગરમાં જિનરાજનો એક ઉમરાવ આવ્યો છે. તેની પાસે ઘણા લોકો ધર્મ સાંભળવા ઇચ્છા ધરાવે છે, માટે તમે ત્યાં જઈ તેઓને અટકાવો, વિઘ્ન કરો, ધર્મ સાંભળવા દેશો નહિ. કારણ કે તે ધર્મ સાંભળશે, તો ધર્મ કરવા તત્પર થશે ને આપણા ઉપરથી પ્રેમને તોડી તે આવેલા ધર્મરાજાના ઉમરાવની સેવા કરશે અને અનુક્રમે આપણા વેરી થઈ આપણો જ વિનાશ કરશે માટે આ કાર્યમાં ઢીલ કરવા જેવું નથી. આ કાર્ય જલદી કરો.

આ પ્રમાણે પોતાના સ્વામીનાં વચન સાંભળીને તેર કાઠિયાઓ સાવધાન થઈ ગયા. 'હે જીવ! વિચાર કર કે જે સાંસારિક વસ્તુ જૂઠી–અલ્પ કાળ રહેવાવાળી ને પરિણામે દુઃખને આપવાવાળી જાણતો છતો ધર્મનું શ્રવણ છોડીને જૂઠી વસ્તુમાં રાત–દિવસ અલમસ્તની માફક ભટકયા કરે છે, ભાન ભૂલાં જાય છે અને તને આ તેર કાઠિયા ધર્મશ્રવણ કરતાં બહુ જ વિઘ્ન કરે છે. બરાબર મનનપૂર્વક તેર કઠિયાનું સ્વરૂપ વિચાર જે કે કેટલું તેનું જોર છે? તેની તને ખબર પડશે. ત્યારે તને અનુભવથી પણ ખાત્રી થશે કે, એ ખરેખરા વિઘ્ન કરવાવાળા છે. તેને પરોક્ષ[1] ચોર સમજવા. જેમ લૌકિક વ્યવહારમાં માર્ગમાં ચોર મળે ત્યારે સર્વ ધન લૂંટી લે તેવી જ રીતે આ તેર કાઠિયારૂપી જે કટ્ટા ચોર ધર્મરૂપી ધનને લૂંટી લેવામાં બાકી રાખતા નથી, તે બરાબર સમજી તે કાઠિયાના ફંદમાં ફસાઈશ નહિ."

## તેર કાઠિયાનું સ્વરૂપ

પ્રથમ **આળસ** કાઠિયાએ ઊભા થઈને કહ્યું:–'તમારે તમામને પ્રયાસ લેવાની જરૂર નથી, હું એકલો જ તે જીવને જિનરાજના ઉમરાવ પાસે જતાં અટકાવું છું' એમ કહી તુરત જ પેલો આળસ કાઠિયો ગુરુ મહારાજ પાસે જવાની ઇચ્છા કરનારના શરીરમાં પેઠો, ત્યારે તેને ગુરુ મહારાજ પાસે જતાં આળસ થવા લાગી. દિલ મરડવા માંડયું, ને મંદતા આવવા લાગી. વિચારો બદલાણા કે, 'આજ તો વ્યાખ્યાનમાં નહિ જઈએ, કાલે જઈશું.' આ કાઠિયાએ

---

૧ નજરે ન દેખાય તે.

જેટલું પોતાનું પરાક્રમ હતું તેટલું બતાવ્યું. એટલે છેવટે તે ભવ્ય જીવનો અમૂલ્ય હીરા સરખો દિવસ નષ્ટ કર્યો.

બીજે દિવસે તે ભવ્ય જીવને સુંદર વિચાર થયો કે:– 'આ રીતે હું આળસ કરીશ, ને ગુરુ મહારાજ તો અપ્રતિબદ્ધ વિહારી છે, તે જતા રહેશે, તો પછી હું કોની પાસે ધર્મ સાંભળીશ? અને સાંભળ્યા વિના ધર્મ કેવી રીતે કરીશ? આ જિંદગી ટુંક મુદ્દતમાં પૂરી થઈ જશે, અને જેવો આવ્યો તેવો જ ખાલી હાથે પાછો ચાલ્યો જઈશ પાછળથી પસ્તાવો થશે, તે કામનો નથી. માટે હે ચેતન! ઊઠ. આળસ છોડ' આવી રીતે વિચાર કરી જિનવાણી સાંભળવા તૈયાર થયો કે તુરત જ મોહરાજાને ખબર પહોંચ્યા કે, 'આળસ કાઠિયાને જીતી લીધો હવે ધર્મશ્રવણ કરવા જશે.' જેથી તુરત જ **મોહ** નામના બીજા કાઠિયાને વગરવિલંબે મોકલ્યો.

બીજો કાઠિયો શીઘ્ર જઈને જીવના શરીરમાં પેઠો. એટલે તુરત જ નાનાં છોકરાં આવીને વળગ્યાં, કહેવા લાગ્યાં કે 'તમને ઉપાશ્રયે જવા નહિ દઈએ, જશો તો અમે રોશું, આડા પડશું, માટે તે વિચાર પડતો મૂકો.' તે જ અવસરે ઘરમાંથી સ્ત્રી બહાર નીકળી કહેવા લાગી–'તમને તો બીજો ધંધો સૂઝતો જ નથી! એટલું પણ ભાન આવતું નથી? કે હું શું જોઈને ઉપાશ્રયે જવાનો વિચાર કરું છું? આ છોકરાં રુદન કરશે, તેને કોણ રમાડશે? હું તે ઘરનું કામ કરીશ કે એને સાચવીશ? માટે છોકરાંને સાચવો, આ તમામનું પુરું કરવા કાંઈ પૈસા કમાવાનો વધારે ઉદ્યમ કરો. પછી ઉપાશ્રયે જજો.' આ પ્રમાણે સ્ત્રીપુત્રાદિકનાં વચન સાંભળી

મોહમાં મૂંઝાણો, જેથી તે દિવસે પણ જિનવાણી શ્રવણ કરવા જઇ શકયો નહિ. તે દિવસનું ઉત્પન્ન થતું ધર્મરૂપી ધન મોહ કાઠિયાએ ચોરી લીધું, જેથી બીજો દિવસ પણ નકામો ગયો અને વિચારો માઠા થયા કે :-' શું કરું, આ વળગાડ પાછળ પડયો છે, કેવી રીતે જઇ શકું ? મન તો ઘણુંએ થાય છે. '

ત્રીજે દિવસે પાછો શુભ ભાવ થતાં, તે વિચારવા લાગ્યો કે :-' આ સ્ત્રીપુત્રાદિક તો સ્વાર્થનાં સગાં છે, એનાં મોહમાં જો વળગી રહ્યો તો કોઈ દિવસ પણ ધર્મ થશે જ નહિ. કારણ કે એ તો જિંદગીનો વળગાડ છે. વળી છોકરો પણ ઘણીયે વાર રડે છે, મારે આવા ધાર્મિક કાર્યમાં સ્ત્રી વગેરેના પ્રતિબંધમાં મૂંઝાઇને બેસી રહેવું તે તો પ્રત્યક્ષ મૂર્ખાઇ છે. વળી ગુરુની જોગવાઈ વારંવાર મળવાની નથી; માટે જવું તે જ ખરું છે. હે ચેતન ! ઊઠ, ચાલ જિનવાણી શ્રવણ કર.' આવા વિચાર કરી ઊઠયો.

મોહરાજાને તુરત બીજા કાઠિયાને પણ જીતી લીધાના ખબર પહોંચ્યા. વ્યાખ્યાન શ્રવણ કરવા ભવ્ય જીવ ગયો મોહરાજાએ ત્રીજા નિદ્રા નામના કાઠિયાને તૈયાર કર્યો. તેને કહ્યું કે :-'તું જલદી જા, ધર્મ શ્રવણ કરતાં અટકાવ. આવા કટોકટીના સમયમાં તું જો આ કાર્ય નહિ બજાવે તો પછી કયારે બજાવીશ ?' આ પ્રમાણે કહ્યું કે ત્રીજો નિદ્રા કાઠિયો રવાના થયો. જ્યાં ભવ્ય જીવ વ્યાખ્યાન શ્રવણ કરે છે ત્યાં આવ્યો. ભવ્ય જીવના શરીરરૂપ મંદિરમાં પેઠો. આત્માના અસંખ્યાત પ્રદેશે નિદ્રાનો ઉદય થયો. નિદ્રાના જોરથી ધર્મ શ્રવણ કરતાં કરતાં આંખો મીંચાઇ ગઇ.

જડ જેવો પરવશ બન્યો પાંચે ઇન્દ્રિયના ક્ષયોપશમ રોકાઈ ગયા. જેમ મદિરા પીધેલા માણસને પરવશ થવાથી માર્ગ જડે નહિ; તેમ નિદ્રાને વશ થયેલા પ્રાણીને કોઈ વાતનું ભાન રહે નહિ. નિદ્રાના પ્રચંડ ઉદયથી તે પરવશ બની ગયો. નાકનાં નસકોરાં બોલવા લાગ્યાં. બે હાથમાં માથું ઘાલી નીચું જોઈને બેઠો. આ રીતે નિદ્રાને વશ થવાથી ગુરુ મહારાજની વાણી સાંભળવામાં અંતરાય થયો. બેઠો બેઠો ડોલ્યા કરે. કાંઈ સમજે નહિ. નિદ્રા કાઠિયાએ તે પ્રાણીને વશ કરવાથી મોહરાજાના સેવકોએ મોહરાજાને ખબર આપ્યા કે:–'સાહેબ ! તમારા ઉમરાવની જીત થઈ.' એવું સાંભળી મોહરાજા નિદ્રા ઉપર બહુ ખુશી થયો, અને તેને ચૌદ રાજલોકમાં સર્વત્ર રાજધાની કરવાની બક્ષિશ આપી. 'જુઓ ! નિદ્રારૂપ પ્રમાદના પ્રભાવથી ચૌદપૂર્વધારી કોઇ પૂર્વનું ચારિત્ર હારી જઈ નિગોદમાં ઉત્પન્ન થાય છે. આ હેતુથી વીર પ્રભુએ ઉત્તરાધ્યયન સૂત્રમાં ઉપદેશ કર્યો છે કે:–'હે ગોયમ ! સમય માત્ર પણ પ્રમાદ કરીશ નહિ, આ મનુષ્યનું આયુ બહુ સ્વલ્પ છે, માટે પ્રમાદને પરિહરજે.' આવો પરમાત્માનો ઉપદેશ દરેક ભવ્યાત્માઓએ હૃદયમાં ધારી રાખવા લાયક છે." અહીં ભવ્ય જીવ ગુરુ મહારાજ પાસે જિનવાણી શ્રવણ કરવા બેઠો હતો, તે નિદ્રાના જોરથી ધર્મ સાંભળી શકયો નહિ. તે દિવસ પણ ગુમાવ્યો.

પછી ચોથે દિવસે વિચારશક્તિ જાગ્રત થઇ કે:–'ગુરુ મહારાજ પાસે જઇને ઊંઘવું, અને કાંઇ સાંભળવું નહિ તે તો ભારે નુકસાન છે. લૌકિક કાર્યમાં પણ જો નિદ્રાને વશ થઇ જઈએ છીએ તો ઘણી હાનિ થાય, તો આવા શુભ

કાર્યમાં ઊંઘીશ તો જિનવાણીનું શ્રવણ નહિ થાય માટે નિદ્રાને દૂર કર.' એમ વિચારી મન મજબૂત કરી નિદ્રા ન આવે તેવા ઉપાયો શોધ્યા અને ધર્મ સાંભળવા ગયો.

મોહરાજાને ખબર પહોંચ્યા, મોહરાજા અકળાયો. તુરત જ ચોથા **અહંકાર** નામના કાઠિયાને બોલાવી આજ્ઞા કરી:–'તું એકદમ જા, ધર્મ શ્રવણ કરનાર ભવ્ય જીવને શ્રવણ કરતાં અટકાવ, તારું પરાક્રમ બરાબર બતાવ,' અહંકાર તુરત રવાના થયો. ભવ્ય જીવના શરીરમાં પેઠો. ભવ્ય જીવના વિચારોને અહંકારયુક્ત બનાવ્યા તે વિચારવા લાગ્યો કે:–"ગુરુ મહારાજની પાસે તો આવ્યા. પરંતુ આદર તો દીધો નહિ, અમારી સામું પણ જોયું નહિ, ધર્મલાભ દેવાની તો વાત જ કયાંથી હોય? તેમ સભાએ પણ બોલાવ્યો નહિ. ખેર, આવ્યા તે આવ્યા–હવે આપણે વ્યાખ્યાન શ્રવણ કરવા આવવું નથી. અહીં મોટા નાનાનો વિવેક તો છે જ નહિ.– હું કોણ? મારી આબરૂ કેવી? જ્યાં જાઉં ત્યાં સત્કાર મળે, અહીં તો કાંઇ ઠેકાણું જ નથી." આવા વિચારો કરાવી અહંકાર કાઠિયાએ ધર્મ શ્રવણ કરનારને મૂંઝવી નાંખ્યો. ધર્મરૂપી ખજાનો લૂંટી લીધો. ગુરુ ઉપરથી આદર ઘટયો, કાંઇ લેવા દીધું નહિ. જ્યાં વિચારો ફેરફાર થાય છે, ત્યાં પછી કંઇ સમજી શકાતું નથી. અહંકાર કાઠિયાની જીત થયાના સમાચાર મોહરાજાને પહોંચતાં તે ઘણો ખુશી થયો. ભવ્ય જીવ તે દિવસ પણ ગુમાવી બેઠો.

પાંચમે દિવસે કંઇક બુદ્ધિ સતેજ થઇ, શુદ્ધ વિચારો પ્રગટયા, ને ગુરુ ઉપર આદર થયો. 'ખરેખર મેં ગઇકાલે માઠા વિચારો કર્યા, ગુરુ મહારાજ તો નિઃસ્પૃહી છે, એમને

કાંઇ આપણી લાલચ નથી, આપણી ઉપર ઉપકાર કરવા માટે તે દેશના દેવાનો પ્રયાસ ઉઠાવે છે, આપણે નહિ સાંભળીએ તો એમને કાંઇ ખોટ જવાની નથી, તેમાં તો આપણું જ બગડશે. આપણે વીતરાગ પ્રભુનાં વચન શ્રવણ કર્યા વિના ફોગટ મનુષ્યભવ હારી જઈશું. ગુરુની પાસે માન શું ? ત્યાં તો માનને દેશવટો દેવો જોઇએ, મેં માઠા વિચારો કર્યા–મેં ભૂલ કરી.' આવા સારા વિચારથી તેણે અહંકારને જીત્યો.

જીતના સમાચાર મોહરાજાને પહોંચ્યા કે–પાંચમા ક્રોધ નામના કાઠિયાને રવાના કર્યો–ક્રોધ આવીને શરીરમાં પેઠો. ક્રોધરૂપી અગ્નિ સળગવાથી તમામ ગુણો ભસ્મીભૂત થઈ જાય છે. ક્રોડપૂર્વનું ચારિત્ર બે ઘડીમાં તે નષ્ટ કરે છે. ઘણા કાળની પ્રીતિને ક્ષણવારમાં તોડનાર ક્રોધ છે. આત્માના ગુણોને ઢાંકનાર ક્રોધ છે. દુર્ગતિરૂપ મોટા ખાડામાં પટકનાર તે ક્રોધ છે. સ્વ અને પરને બાળવામાં તેનો પુરુષાર્થ છે. સારાં વચનને તે દૂર કરાવનાર છે. શાસ્ત્રમાં મોહાન્ધ, લોભાન્ધ, વિષયાન્ધ ને ક્રોધાન્ધ–આ ચાર પ્રકારના અંધ કહ્યા છે. અંધ માણસ જેમ માર્ગ કે કુમાર્ગ જોઇ શકતો નથી, તેમ ક્રોધાન્ધ માણસ કૃત્યાકૃત્ય–હેયોપાદેયને સમજી શકતો નથી. પ્રથમ કાંઇક જાણપણું હોય તો પણ ક્રોધને વશ થવાથી અજ્ઞાનદશાને પામે છે. આવા પ્રકારનો ક્રોધ, ધર્મશ્રવણ કરનારને ઉદયમાં આવ્યો કે જુદી લાઇનના વિચારો પ્રગટયા. " ગુરૂ પાસે વ્યાખ્યાન શ્રવણ કરવા કોણ જાય ? ત્યાં તો અમુક મારા વેરી પણ આવે છે. તેને દેખવાથી આપણને ઠીક નહિ

થાય. વળી તે મારાથી ઊલટા ચાલનારા છે; છતાં તેનું ધાર્યું થાય છે, આપણે તો હવે વ્યાખ્યાન નહિ સાંભળીએ.” પાંચમા કાઠિયાના પ્રબળ પ્રતાપથી ભવ્ય જીવ ધર્મશ્રવણ કરતો અટકયો, દિવસ ખાલી ગયો. મોહરાજાને ખબર પહોંચ્યા, મોહરાજા આનંદિત થયો.

છઠ્ઠે દિવસે શુભ વિચારો ભવ્ય જીવને થવાથી પશ્ચાત્તાપ કરવા માંડયો. અરે આ મેં શું ચિંતવ્યું ? શા માટે કષાય કરવો પડે ? કષાયના જોરથી ભલભલા મહાત્માઓ સંયમને હારી જાય છે, તો પછી મારું શું ગજું ? ચેતનરાજ ! ઊઠ, ક્રોધ છાંડ, ગુરુ મહારાજ પાસે ગમે તે આવે તેમાં આપણને શી અડચણ ? ગુરુ મહારાજને તો રાજા કે રંક, શેઠ કે વાણોતર તમામ સરખા છે, કોઈ પણ માણસ ધર્મની સન્મુખ થાય તેજ તેમની ભાવના છે, માટે મારે શા માટે અમૂલ્ય સમય ગુમાવવો ? માટે ત્યાં જઇ જિનવાણી સાંભળવી. ઇત્યાદિ ઉત્તમ વિચાર કરી ધર્મ સાંભળવા ગયો. મોહરાજાને પોતાના આવા બળવંત ઉમરાવને જીતી લેવાથી વિશેષ ચિંતા થઈ. વળી મોહરાજાએ વિચાર્યું જે ચિંતા કરવાથી શું વળવાનું છે ? તેને જિનવાણી શ્રવણ કરતાં પછાડે તેવા સુભટને મોકલું. એમ નિશ્ચય કરી કૃપણ નામના છઠ્ઠા કાઠિયાને રવાના કર્યો તે તુરત જ ત્યાં જઇને ભવ્ય જીવના શરીરમાં પેઠો. પછી શી હકીકત બની તે જરા વિચાર કરીને જુઓ.

આ અવસરે વ્યાખ્યાનમાં ગુરુ મહારાજે સાત ક્ષેત્રની પ્રરૂપણા કરી અને ઉત્તમ ક્ષેત્રમાં ધન વાપરવાનું ઘણું જ શ્રેષ્ઠ ફળ બતાવ્યું. ઉત્તમ ક્ષેત્રોનાં નામ—

૧ જિન પ્રતિમા, ૨ જિન મંદિર, ૩ જ્ઞાન, ૪–૫ સાધુ–સાધ્વી, ૬–૭ શ્રાવક–શ્રાવિકા,

આ સાત ક્ષેત્ર ઘણું ઉત્તમ સમજવાં.

દેશના દેતાં ગુરુ મહારાજે લૌકિક હકીકત કહેતાં જણાવ્યું જે વ્યાજે મૂકેલા પૈસા ઘણી મુદ્દતે બમણા થાય, વેપાર સારો કરવામાં આવે તો ચોગણા થાય, અને ક્ષેત્રમાં અનાજ વાવેલું હોય ને મેઘવૃષ્ટિ વગેરે સારી થયેલ હોય તો સો ગણા થાય, પરંતુ પાત્રમાં નાખેલા પૈસા તો અનંતગણા થાય, માટે લક્ષ્મીને પ્રાપ્ત કરીને સારા ક્ષેત્રમાં તેનો વ્યય કરવો, તે જ તેનું ફળ છે. સાત ક્ષેત્રમાં પૈસા વાપરવાથી જીવ નરક તિર્યંચાદિ દુર્ગતિનો છેદ કરી દેવતાના તથા ઇન્દ્રના સુખને પ્રાપ્ત કરે, વાસુદેવ-બલદેવ-ચક્રવર્તિની પદવી પણ પામે, છેવટ તીર્થંકર નામકર્મ પણ ઉપાર્જી, સકળ કર્મને ખપાવી, અવ્યાબાધ સુખને પામે. આ પ્રકારની ગુરુ મહારાજની દેશના સાંભળી ઘણા શ્રોતાઓ સાત ક્ષેત્રમાં દ્રવ્ય વાપરવા તૈયાર થયા. ટીપ કરવા માંડી. મોટી રકમ એકઠી કરીને સાતે ક્ષેત્રમાં વાપરવાની યોગ્ય ગોવણ કરવા માંડી. તે વખત કૃપણ કાઠિયો જે ભવ્ય જીવના શરીરમાં પેઠો છે, તેણે એટલે સુધી જોર માર્યું કે- શુભ ગતિ તોડી નાંખી દુર્ગતિ મોકલવા પ્રપંચ રચ્યો, સારી ભાવના અને સુંદર વિચારોનો ફેરફાર કર્યો, જેથી વ્યાખ્યાનમાંથી ઊઠી જવા માંડયું. તેવામાં કોઇ પૂછવા આવ્યું કે:–'ભાઇ! આ શુભ કાર્યમાં કાંઇ મંડાવો.' ત્યારે તેની સાથે વઢવા માંડયું, પારકા અવગુણ કાઢવા માંડયા. ધર્મની નિંદા કરવા માંડી. 'કયાં પાપ લાગ્યું કે વ્યાખ્યાનમાં આવ્યા, ઘેર

બેસી રહ્યા હોત તો કાંઇ પંચાત કરવી ન પડત, બધા મંડાવે છે તે તમામને જાણીએ છીએ, કોઇને કાકાનું મામાનું વગેરે કાઢી મૂકેલું હશે તે વાપરતા હશે. બાકી તો તમામ વાપરે તેવા છે તે તો મારા જોયેલા જ છેને. આ તમામને ગુરુ મહારાજ પણ વારતા નથી કેઃ-'ભાઇ ! તમે તમામ વ્યાખ્યાનમાં આવી ટીપણીઓ લઇ બેસશો તો વ્યાખ્યાનમાં કોણ આવશે ?' બેર ! આપણને શું ? આપણે તો એક પાઇ પણ આપવાના નથી, અને હવે આજથી વ્યાખ્યાનમાં પણ આવવું નથી."

આવા માઠા વિચારો કરી ગુરુ મહારાજ તથા સંઘનો દ્વેષ કાઢી વ્યાખ્યાનમાંથી ચાલ્યો ગયો, ધર્મ શ્રવણ કરી શકયો નહિ. આત્મિક ધન કૃપણ કાઠિયાએ લૂંટી લીધું. બીજા ચોરોએ ઘરમાંથી ધન લૂંટી લીધું હોય તો રાજા પાસે ફરિયાદ કરી શકાય. રાજા તથા અમલદારો સાંભળે આ ચોરની ફરિયાદ કોને સંભળાવવી ? ત્રણ જગતના નાથ પરમાત્મા વિના કોઈ સાંભળનાર પણ નથી. આ કૃપણ કાઠિયો સારા ડાહ્યા માણસને પણ ભમાવી નાંખે છે. તેના બળથી ભવ્ય જીવો પાસે પૈસા હોય, તો પણ શુભ કાર્યમાં ખરચીને મનુષ્ય ભવનો લહાવો લઈ પુણ્યાનુબંધી પુણ્યને ઉત્પન્ન કરી શકતા નથી, એટલું જ નહિ પરંતુ ધર્મ સાંભળવા જતાં અટકે છે આ કાઠિયાએ હદ વાળી નાંખી. તે દિવસ પણ બિચારાનો નિષ્ફળ ગયો.

સાતમે દિવસે પાછા શુભ વિચારો પ્રકટ થયા. વિચારશક્તિ સારી પ્રકાશિત થવાથી પશ્ચાત્તાપપૂર્વક બોલ્યો કેઃ—અહો ! મેં ગઇકાલે માઠા વિચારો કર્યા. લક્ષ્મી તો

અસ્થિર છે, તેને જવું હશે ત્યારે રાખી પણ રહેવાની નથી, અને લક્ષ્મી માટે શાસ્ત્રકાર કહે છે કેઃ—

**न याति दीयमानाऽपि, श्रीश्चेद्दीयत एव तत् ।**
**तिष्ठत्यदीयमानाऽपि, नो चेद्दीयत एव तत् ॥ १ ॥**

**અર્થ** : જો લક્ષ્મી દાનમાં આપતાં થકાં પણ ખૂટતી નથી તો દાન દેવામાં વિલંબ ન કરવો. વળી દાન કે ભોગમાં લક્ષ્મી નહિ વાપરતાં છતાં પણ રહેતી નથી તો પછી શા માટે ઉદાર વૃત્તિથી ન વાપરવી અર્થાત્ વાપરે જ રાખવી. કેમકે લક્ષ્મી વાપરતાં થકાં ખૂટતી જ નથી, તેથી જેટલી સત્કાર્યમાં વાપરી તેટલી જ સાચી લક્ષ્મી છે. માટે મારી શક્તિના પ્રમાણમાં હું પણ લખાવું. મારે લીધે બીજા પણ સારી રકમ ભરશે. તેનો નિમિત્તભૂત હું થઈશ. વળી આ ભવમાં જે લક્ષ્મી મળે છે તે પૂર્વ ભવના પુણ્યથી જ મળે છે, માટે આ ભવમાં પુણ્ય કરીશ તો આવતા ભવમાં લક્ષ્મી મળશે, અને કૃપણતા કરવાથી લોકો હાંસી કરશે.” આવા સુંદર વિચારો જ્યાં પ્રગટ થયા ત્યાં કૃપણ કાઠિયાનું જોર હઠ્યું કે તુરત તેને જીતી લીધાના મોહરાજાને સમાચાર પહોંચ્યા મોહરાજા પાસે બીજા ઉમરાવ હજી ઘણા છે. તેથી તેણે બીજા સાત ઉમરાવને અનુક્રમે મોકલીને ધર્મ શ્રવણ કરતાં ભવી જીવને અટકાવ્યો, હવે આ સાતનો વિશેષ ઉલ્લેખ નહિ કરતાં સંક્ષેપથી જ બતાવીશું.

૭ સાતમો—શોક કાઠિયો.
૮ આઠમો—લોભ કાઠિયો.
૯ નવમો—ભય કાઠિયો.
૧૦ દશમો—રતિ કાઠિયો.
૧૧ અરતિ કાઠિયો.
૧૨ અજ્ઞાન કાઠિયો.
૧૩ કુતૂહલ કાઠિયો.

સાતમા શોક કાઠિયાના પ્રબળ પ્રતાપથી જીવને બીજાની ઋદ્ધિ દેખી મનમાં શોક થયેા. તે વિચારવા લાગ્યેા કેઃ—'આવી ઋદ્ધિ મારે નથી, મારે તેા બહુ વિટંબના છે, ઘરમાં માણસેા સારાં નથી. પુત્ર પણ નથી.' ઇત્યાદિ શોકમાં ગ્રસ્ત થવાથી ધર્મ સાંભળવામાં વિઘ્ન આવ્યું, સાધ્ય ચુકાવ્યું, અવળે રસ્તે ચડાવ્યેા, તે દિવસ પણ ફેાગટ ગયેા.

પાછેા આઠમે દિવસે સારેા વિચાર થવાથી પુણ્ય સંબંધી વિચાર કર્યો. 'મારેા પુણ્યનેા ઉદય જાગશે ત્યારે મને પણ ઋદ્ધિ મળશે, હું શા માટે નકામેા શોક કરું છું.' ઇત્યાદિક શુભ વિચારેાથી શોકને જીત્યેા.

મેાહરાજાને ખબર પડી કે તુરત જ આઠમા લેાભ કાઠિયાને મેાકલ્યેા. લેાભે જોર બતાવ્યું. ચેતના ફેરફાર કરી નાંખી, જેથી, અશુભ વિચારેા થવા લાગ્યા. 'અહીં કયાં સુધી બેસી રહીશું ? અહીં બેસી રહેવાથી શું વળવાનું છે ? ઘેર સ્ત્રી–પુત્રાદિકની ચિંતા કરવાની છે. માટે ચેતન ! ઊઠ, ચાલ, બજારમાં કાંઇ કરીશું ત્યારે પૈસા મેળવીશું.' લેાભના જોરથી ધર્મ સાંભળી શકયેા નહીં, ખરા રસમાં ભંગાણ પડયું. લેાભને તજવેા ઘણેા મુશ્કેલ છે. લેાભના વશથી પ્રાણી નાત તજે, દેશ તજે, સમુદ્રમાં મુસાફરી કરે, પર્વત ઉપર ચડે, કૂવામાં ઊતરે, નહિ કરવાનાં કાર્યો પણ કરે.

જુએા ! લેાભના જોરથી સાગરદત્ત શેઠ ચેાવીશ કરેાડ સેાનામહેારનેા સ્વામી હેાવા છતાં સાતમી નરકે ગયેા.

સુભૂમ ચક્રવર્તી છ ખંડનેા માલિક અથાગ ઋદ્ધિ–સિદ્ધિ હેાવા છતાં વિશેષ લેાભ કરવા જતાં તમામ ઋદ્ધિ ગુમાવી સાતમી નરકે ગયેા.

મમ્મણ શેઠ લોભના જોરથી પારાવાર ઋદ્ધિનો માલિક હોવા છતાં લક્ષ્મીને ભોગવ્યા વિના દુર્ગતિમાં પહોંચ્યો. બીજા કષાયો કરતાં લોભનું જોર શાસ્ત્રકાર મહારાજાએ ઘણું બતાવ્યું છે.

**कोहो पीइं पणासेइ, माणो विनयं नासणो ।**
**माया मित्ताणि नासेइ, लोहो सव्वं विणासणो ॥**

ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે. માયા મિત્રાઈનો નાશ કરે છે, લોભ સર્વ ગુણનો નાશ કરે છે.' સંજ્વલન લોભનો ઉદય દશમા ગુણઠાણે રહેવાથી યથાખ્યાત ચારિત્રને તોડી નાખે છે. અગિયારમે ગુણઠાણેથી પણ જીવ પડે છે. જેઓ લોભને વશ થયા, તેનો ધર્મ ખજાનો તે સુભટ લૂંટી લે છે. અહીં ધર્મ સાંભળનાર ભવ્ય પ્રાણી લોભને વશ થઈ આર્ત્તધ્યાનમાં પડી ગયો. જેથી તે દિવસ ગુમાવી બેઠો.

નવમે દિવસે શુભ વિચારો થયા. તે વિચારવા લાગ્યોઃ 'અરે! આવું અઘટિત કાર્ય મેં કેમ કર્યું? સાચાં ખોટા વિચાર કરવાથી કાંઇ દ્રવ્ય મળતું નથી, એમ કરવાથી તો લાભાંતરાય કર્મ બંધાય છે. જેથી આગામી ભવે પણ દ્રવ્યાદિની પ્રાપ્તિ થતી નથી. વળી ગુરુ મહારાજ આખો દિવસ કાંઇ પોતાની પાસે બેસી રહેવાનું કહેતા નથી. ઇત્યાદિક સારા વિચારો કર્યા. નવમે દિવસે લોભ કાઠિયાને જીતી ધર્મ સાંભળવા ગયો. મોહરાજાને ખબર પહોંચ્યા. તુરત જ નવમા ભય કાઠિયાને મોકલ્યો. ભય કાઠિયાએ પ્રવેશ કર્યો. એટલામાં કોઇ રાજાનો સિપાઈ ત્યાં આવ્યો, એટલે આના મનમાં ભય પેઠો. 'હવે કેમ થશે? શું કરીશ? ક્યાં લઈ જશે?'

ઇત્યાદિ ભયના જોરથી ત્યાંથી ઊઠી જતા રહેવાનું મન થયું એટલે ધર્મ સાંભળી ન શક્યો.

દશમે દિવસે પાછી મનમાં શુભ વિચારણા થઇ. અરે હું કેવો મૂર્ખ? વિના કારણ આવો ભય શા માટે રાખવો ? મેં કયાં કોઇનો ગુનો કર્યો છે?' એ પ્રમાણે સારા વિચાર થવાથી ભયને જીત્યો. એટલે ધર્મ શ્રવણ કરવા ગયો. મોહરાજાને ખબર પડતાં તુરત જ રતિ કાઠિયાને રવાના કર્યો. રતિ કાઠિયાએ પુરુષાર્થ બજાવ્યો જેથી ગીત ગાન સારાં લાગવાં માંડયાં, મધુર સ્વર સાંભળી પ્રીતિ જાગી, તમામ સારી વસ્તુ ઉપર અત્યંત પ્રીતિ થવા માંડી, આત્મા તેમાં લીન થવાથી સાધ્ય વસ્તુ જે ધર્મ શ્રવણ તેના ઉપર પ્રેમ લગાવી શક્યો નહિ, જેથી ધર્મ સાંભળવામાં વિઘ્ન થયું. ઊઠીને ચાલ્યો. તે દિવસ પણ ખાલી ગયો.

અગિયારમે દિવસે પાછા સારા વિચારો થવાથી શુદ્ધ ચેતના જાગ્રત થઈ. 'અહો! આપણે સારી વસ્તુ જોવા આવ્યા છીએ કે તત્વનો સાર સમજવા આવ્યા છીએ ?' ઇત્યાદિક શુભ વિચારોથી રતિ કાઠિયાને પણ જીત્યો. ધર્મ સાંભળવા ગયો. મોહરાજાને ખબર પડતાં અગિયારમા કાઠિયાને વિઘ્ન કરવા હુકમ કર્યો અરતિ કાઠિયો ભવ્ય જીવના શરીરમાં પેઠો, ત્યારે વિચારો થયા કે-'ગુરુ મહારાજનો કંઠ સારો નથી. કાંઈ સમજાતું નથી, કથા-વાર્તા તો કાંઈ કહેતા જ નથી, હવે તો રોજ આવવું ગમતું નથી. અહીં આવવું, વખત ખોવો ને સમજીએ કાંઈ નહિ.' ઇત્યાદિક વિચાર કરાવી અરતિ કાઠિયાએ શુભ શ્રેણી તોડી નાંખી 'જેથી ધર્મ સાંભળવો દૂર રહ્યો. અગિયારમો દિવસ નિષ્ફળ ગયો

બારમે દિવસે પાછા શુભ વિચારો થયા. ખોટા વિચારનો પશ્ચાત્તાપ કરવા લાગ્યો. 'મારે ગુરુ મહારાજના સારા-નરસા કંઠનો વિચાર કરવાનો નથી, એ તો પર ઉપકારને માટે જ-ભવ્ય જીવોના હિતને માટે જ જિનવાણીનો પ્રકાશ કરે છે. ગુરુ મહારાજ નિષ્કારણ બંધુ છે. ઉપદેશ સાંભળવો તેમાં મારે કંઠનું શું પ્રયોજન છે!' ઇત્યાદિક સારી ભાવનાથી અરતિ કાઠિયાને જીત્યો.

તુરત જ મોહરાજાએ બારમા અજ્ઞાન કાઠિયાને મોકલ્યો. અજ્ઞાન કાઠિયાએ પ્રવેશ કર્યો કે તુરત જ ચેતનાનો ફેરફાર થઈ ગયો, આત્મા ધર્મશ્રવણ કરતાં પરવશ થઈ ગયો. કાંઈ સમજી શકયો નહિ. એટલે મૂંઝાઈને ઊઠી જવા માંડયું. અજ્ઞાનનું જ્યારે જ્યારે બળ થાય છે ત્યારે ત્યારે આત્મા ભાન ભૂલી જાય છે, કૃત્યાકૃત્યની સૂઝ પડતી નથી, શાસ્ત્રની વાતો સમજાતી નથી, સંસારમાં આસક્તિ વધે છે, વિનાશી પદાર્થો ઉપર મોહ વધે છે અને જ્યારે તે પદાર્થોનો વિનાશ થાય છે ત્યારે શોકગ્રસ્ત થઈ માથું-છાતી વગેરે કૂટે છે, અજ્ઞાનતાનો વિલાસ વર્ણવતાં પાર આવે તેમ નથી. તો પણ શાસ્ત્રકાર આ એક શ્લોકથી કેટલું બધું સમજાવે છે —

**यो ध्रुवाणि परित्यज्य, अध्रुवं परिषेवते ।**
**ध्रुवाणि तस्य नश्यन्ति, अध्रुव नष्टमेव च ॥**

**અર્થ** : જે માણસ જિનેશ્વરોનો દેખાડેલો સત્ય (આત્મિક) ધર્મ એટલે આત્માને સદ્ગતિ આપનાર દાન, શિયળ, તપ, શુભ ભાવના, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ,

જિનપૂજાદિ વગેરે ક્રિયાનો ત્યાગ કરી અધર્મ એટલે મિથ્યાધર્મને સેવે અર્થાત્ જિનવચનો પ્રમાણે ન કરતાં ઊલટો ચાલે. હિંસાદિ દુર્ગતિમાં ધસડી જાય તેવાં કાર્યો કરે, ન ખાવાના પદાર્થો ખાય, રાત્રિભોજન કરે, એકંદર મોજ-શોખ કરવો, મન માને તે વસ્તુઓનું ભક્ષણ કરવું, તે જ ધર્મ માની તેનું જ સેવન કર્યા કરે તો તેવાં આચરણ વડે સત્ય ધર્મથી તો ભ્રષ્ટ થયો ને અસત્ય-મિથ્યાધર્મનું સેવન કરવાથી જ્યારે તે માણસ મરણ પામશે ત્યારે દુર્ગતિ માં ચાલ્યો જશે; એટલે ઉભય ધર્મથી ભ્રષ્ટ થઈ સંસાર-ચક્રમાં ભ્રમણ કરવું પડશે. આ અજ્ઞાનદશાનું પરિણામ સમજવું. આ પ્રમાણે ભવ્ય જીવોની કફોડી સ્થિતિ અજ્ઞાન-દશાથી થાય છે. આ જીવ અજ્ઞાનતાને લઈને તે દિવસે પણ કાંઇ લઇ શકયો નહિ અને તે દિવસ પણ ગુમાવી બેઠો.

તેરમે દિવસે પાછા શુભ વિચારો થવાથી અજ્ઞાન તરફ ધિક્કાર છૂટયો અને વિચાર્યું જે 'સમજાય ન સમજાય, તો પણ જિનવાણી સાંભળવી. જિનવાણી સાંભળવાથી કર્ણ તો પવિત્ર થશે, નહિ સમજાય તો ગુરુ મહારાજને પૂછીશું.' ઇત્યાદિક સારા પરિણામ થવાથી અજ્ઞાન કાઠિયાને જીતી જિનવાણી શ્રવણ કરવા બેઠો. બાર સુભટો જિતાઇ ગયાથી મોહરાજાને ઘણો ભય પેઠો, છતાં છેલ્લો ઉપાય અજમાવવા સારુ તેરમા કુતૂહલ નામના કાઠિયાને રવાના કર્યો. કુતૂહલ કાઠિયો ભવ્ય જીવના શરીરમાં પેઠો કે તરત જ ચેતના બગડી, સમાચાર પણ એવા તુરત મળ્યા કે-'ભાઈ! બહાર રમત ઘણી જ સારી થઈ રહી છે, ખાસ જોવા લાયક છે,' એ પ્રમાણે વાત સાંભળીને તુરત જ વ્યાખ્યાન સાંભળતાં

લઘુશંકાનું બહાનું કાઢીને ઊઠ્યો. બહાર જતાં કોઈ સારા માણસે રોક્યો:—'ભાઇ ! આવી અમૃતધારા સરખી જિનવાણીને છોડી ક્યાં જાઓ છો ?' પરંતુ કુતૂહલ કાઠિયાનું જોર હોવાથી તેણે કહ્યું:—'શું લઘુશંકા કરવાને પણ નહિ જવા દો ?' આવી રીતે કહી બહાર ગયો. ભાંડ ભવાયા, નાટકીયા વગેરેનું કુતૂહલ જોતાં અને ઊભા રહેતાં આખો દિવસ વીતી ગયો, પગ પણ દુખવા ન આવ્યા, ભુખ ઊડી ગઈ, તૃષા ન લાગી. એક ચિત્તે જોયા કર્યું એ પ્રમાણે આ જીવ નાટકાદિ કુતૂહલ જોવામાં રાત્રી પણ કાઢી નાખે, ઉજાગરા વેઠે, ઊભો રહે, ધક્કો ખમે, અપમાન સહન કરે. પૈસાની પાયમાલી કરે, શરીરને હેરાન કરે. પરંતુ પ્રતિક્રમણ, સામાયિક, જિનપૂજા વગેરે ધર્મકાર્ય કરતાં બહુ વખત થઇ ગયાનું બહાનું કાઢી તજી દે ક્રિયા કરતા થાકી જાય. મારી શક્તિ નથી, ઊભા ઊભા કાઉસ્સગ્ગાદિ કરતાં પગ દુખે છે, ઇત્યાદિક ધાર્મિક ક્રિયામાં બહાનાં કાઢે. કુતૂહલ કાઠિયાના જોરથી ઉપર બતાવેલા નાટક જોવામાં કાંઇ કઠિન ન પડયું. દિવસ ચાલ્યો ગયો. છેવટે સાંજ પડી ત્યારે કાંઇક શુભ વિચાર થયો, પોતાની મૂર્ખાઇ દૃષ્ટિએ આવી, ને પશ્ચાત્તાપ કરવા લાગ્યો. અરેરે !'આજ મારો સોના સરખો દિવસ ભાંડચેષ્ટા જોવામાં ફોગટ થયો, તેમાં કાંઇ લાભ તો થયો નહિ, પણ નુકસાન ઘણું થયું, હવેથી હે આત્મા ! આવી મૂર્ખાઇ કરીશ નહિ, ધાર્મિક ક્રિયામાં બરાબર ઉદ્યમ કરી હવે પછી કુતૂહલ કાઠિયાને આધીન નહિ થવા ભવ્ય જીવ સાવધાન થયો.

રાગ લાવણી—( મુજ ઉપર ગુજરી... )

આળસ-મોહ-નિદ્રા અને અહો ! અહંકારે,
આ જીવ મૂંઝાયો કરે ન ધર્મ લગારે;
ભય-શોક-કૃપણતા-ક્રોધ કરી ભવ હારે,
પણ ચેતન જરીયે પોતાનું ન સંભારે. ૧
રતિ-અરતિ-લોભ-અજ્ઞાને-પડે અંધારે.
કુતૂહલ કરી પ્રાણી ધર્મ કરે નહિ કયારે,
આ તેર-કાઠિયા મારે પણ ન વિચારે,
રખડાવે સહુને એ સહુ આ સંસારે. ૨
જે ચેતે તે નર જીવન જરૂર સુધારે,
પહોંચે પ્રેમે તે ભવજળધિ કિનારે;
નથી સાર લગારે આ સંસાર અસારે,
કરો ધર્મ કરો પ્રભુ ભક્તિ "ભક્તિ" ઉચ્ચારે. ૩

આ પ્રમાણે ઉપર બતાવેલા તેર કાઠિયા પોતાનું ભિન્ન ભિન્ન સ્વરૂપ ધારણ કરી ભવ્ય જીવને જિનવાણી શ્રવણ કરતાં પાકા વિઘ્નભૂત થાય છે. ધર્મ સાંભળવા દેતા નથી અનંતકાળથી જીવની પાછળ લાગ્યા છે. આ તેર દિવસો ગયા પછી પણ એક બીજા અવારનવાર આવીને જીવને બહુજ હેરાન કરે છે અને પ્રથમ બતાવેલા માનવભવાદિ ઉત્તમ સામગ્રી મળ્યા છતાં, આ તેર કાઠિયાને વશ થયેલો જીવ સહજ વારમાં તમામ સામગ્રી ગુમાવી દુર્ગતિમાં ચાલ્યો જાય છે. કાઠિયાને વશ થયેલો જીવ કદાચ જિનવાણી શ્રવણ કરે, પરંતુ તેમાંથી કાંઇ તત્ત્વ નીકળે નહિ. સાંભળ્યું પણ ન સાંભળ્યા જેવું થાય, કારણ જે જિનવાણી શ્રવણ કરતાં છતાં કાંઈ પણ ગુણ ન થયો, અનાદિ કાળથી કુવાસના ન ટળી, સમ્યગ્ દર્શન ન પ્રાપ્ત કરી શકયો, તો

પછી તેવું શ્રવણ નકામું ગયું એમ જ સમજવું. બરાબર વિચાર કરી સમજ રાખી તેને કાઢિયાને દૂર કરી જિનવાણી શ્રવણ કરવી અને તેનું મનન કરવું, જેથી આત્માને તે હિતાશક્ષાની બરાબર અસર થશે અને આત્માનો અપૂર્વ ગુણ સમ્યગ્ દર્શન પ્રાપ્ત થશે.

## આત્માને હિતશિક્ષા

"હે ચેતન! હવે મનુષ્યાવતાર પામી, નીરોગી શરીર વગેરે શુભ સામગ્રી પામી પ્રમાદ કરીશ નહિ, અને સંસારની મોહજાળમાં ફસાઈ નરકગમન કરીશ નહિ. વારંવાર મનુષ્યજન્મ પામવો દુર્લભ છે. કોઈની સાથે સાંસારિક વસ્તુઓ ગઈ નથી અને જવાની નથી. પુત્ર, ધન, સ્ત્રી દેખી તું શું મોહ કરે છે? અરે જીવ! તું જરા વિચાર કર. એ કદાપિ તારાં નથી, તારી વસ્તુ તારી પાસે છે, તેની જો ખોજ કરે તો વારંવાર જન્મ-મરણના ફેરા કરવા પડે નહિ. સ્મશાનવૈરાગ્યથી તારું કાંઈ હિત થવાનું નથી. તથા અમુક સારો, અમુક ખોટો ઇત્યાદિક પરભાવમાં રમવાથી તારું હિત કાંઈ થવાનું નથી. તું મનમાં જાણે છે કે હું તમામ સમજું છું, પરંતુ તે મિથ્યા છે, કારણ કે તું તારા આત્મકલ્યાણમાં પ્રવૃત્તિ કરતો નથી. કર્મકલંકથી સહિત એવું હે ચેતન! તારું વસવાનું સ્થાન તપાસ, તારે ક્યાં નિવાસ કરવાનો છે? જે સ્થાનમાં તું હાલ છે તે ચંચળ છે, વિનાશી છે, ક્ષણભંગુર છે, થોડા દિવસ માટે છે. આવા વિચારો હે જીવ! મોહનીય કર્મના જોરથી નહિ થવાથી સાધ્ય દૃષ્ટિ ભૂલી જાય છે અને ખાવામાં, પીવામાં, પહેરવામાં ઓઢવામાં, ગાડી-ઘોડા ખેલાવવામાં, માતા-પિતા, પુત્ર-કલત્રાદિની સાર-સંભા-

ળમાં એટલે સુધી તું ખૂંચ્યો છે કે અનંત સુખનું કારણ સમ્યક્ત્વ રત્ન એકદમ નજીકમાં હોવા છતાં મેળવી શકયો નથી."

ભાગ્યહીનને ઉત્તમ વસ્તુ હાથમાં આવી શકે જ નહિ. તે બાબતમાં શાસ્ત્રકારે કહ્યું છે જે—

**जह चिंतामणिरयणं, सुलहं नहु होइ तुच्छविहवाणं ।**
**गुणविहववज्जियाणं, जीयाणं तह धम्मरयणंपि ॥**

**અર્થ**:—જેમ તુચ્છ વૈભવવાળા પુણ્યરહિત જીવોને ચિંતામણિ રત્ન સુલભ ન હોય, તેવી જ રીતે ગુણરૂપી વૈભવે કરી રહિત જીવોને ધર્મરત્ન પણ સુલભ ન જ હોય.

**વિવેચન**:—પુણ્યરહિત જીવો મજૂરી ઘણી કરે. શરીરે કલેશ ઘણો સહન કરે, સ્વદેશ છોડી પરદેશ જાય, ટાઢ, તાપ, ભૂખ, તૃષા વગેરે અસહ્ય કષ્ટો સહન કરે, છતાં તે કષ્ટનો આઠમો ભાગ પણ ધર્મસાધનમાં કષ્ટ નહિ કરતાં, વ્યર્થ જન્મ ગુમાવે છે. ધર્મરત્નને મેળવી શકતા નથી, તે આ જીવોની ઘણી જ ઘેલછા—મૂર્ખાઈ નહિ તો બીજુ શું સમજવું ? જુઓ ! સુયગડાંગ સૂત્રકાર ઉપદેશ દેતાં શું બતાવે છે ?

**सबुज्झह किं न बुज्झह, संबोहि खलु पेच्च दुल्लहा ।**
**नो हुवमणंति राइओ, नो सुलहं पुणरवि जीवियं ॥**

**અર્થ**:—હે ભવ્ય પ્રાણીઓ ! તમે બોધ પામો, કેમ બોધ પામતા નથી ? પરલોકમાં બોધિરત્ન મળવું મુશ્કેલ છે, ગયા રાત્રિ-દિવસો પાછા આવતા નથી અને ધર્મ સાધન કરવાને યોગ્ય જીવિત ફરીથી મળવું સુલભ નથી.

**વિવેચન**:—આ જીવને અનંતાનંત દુઃખો સહન કરતાં અનંત પુદ્ગલ પરાવર્તન કાળ સંસારમાં ભ્રમણ કરતાં સમ્ય-

ક્રૂત્વ રત્ન ગ્રહણ કરવાનો સમય બહુ સુંદર આવ્યો છે. પરલોકમાં સમ્યક્ત્વ પામવું બહુ કઠિન છે. જે જે દિવસો ને રાત્રી જાય છે તે પાછાં આવતાં નથી. આયુષ્યને કાપી નાંખે છે. પછી તેવી સામગ્રી મળતી નથી, હાલ મળી છે, છતાં પ્રતિબોધ નહિ પામે તો પછી અધોગતિમાં ચાલ્યો જઈશ, તેમાં શું આશ્ચર્ય ? હે મુસાફર ! સમય થોડો છે અને હજી તારે તારા આત્મા માટે કાર્ય ઘણું કરવાનાં છે, એમ સમજી પ્રમાદનો ત્યાગ કરી જાગ્રત થઈ જા ! પ્રમાદમાં પડી અમૂલ્ય સમયને સાર્થક નહિ કરે તો ચિંતામણિ રત્નથી અધિક માનવ ભવ એળે ચાલ્યો જશે, પછી તને ઘણો પસ્તાવો થશે. આ હકીકત બિલકુલ ભૂલીશ નહિ માટે જલદી સાવધાન થઇ જા ! અને અનાદિકાળથી સંસારમાં દુઃખો આપનાર અષ્ટ કર્મને જડમૂળથી ઉખેડી નાંખવા સંપૂર્ણ રીતે પ્રયત્ન કરવાની તારી ફરજ છે તે ભૂલીશ નહિ. આવાં ઉત્તમ સાધન પામ્યાં છતાં પ્રમાદને વશ થઈ નવાં કર્મ બાંધીશ તો મળેલી સામગ્રી હારીને અધોગતિનાં ભયંકર દુઃખો સહન કરવાં પડશે, તે લક્ષમાં રાખજે. આ હકીકત બહુ જ લક્ષમાં રાખવાની છે. હે જીવ ! તારે યાદ રાખવું જોઈએ કે, સંસારમાં થોડી મુદ્દત માટે ભેગાં થયેલાં કુટુંબાદિક તમામનું કાર્ય કરવાનું શીર પર આવ્યું તો પણ પોતાનું ન બગડે, પરભવનું--દુર્ગતિનું આયુ ન બંધાય, તે નિશાન કદાપિ ભૂલવું ન જોઈએ. ભૂલીશ તો મૂર્ખ અને ગમાર કહેવાઈશ. આત્મહિતનું સાધ્ય જો પાર પાડવું હોય તો જેવા સંસારના પદાર્થો ઉપર આનંદ અને આસક્તિ છે, તેવા જ આનંદ અને આસક્તિ આત્મકલ્યાણ કરવામાં કર. જો કરીશ

તો સમ્યક્ત્વ રત્ન એક અંતર્મુહૂર્તમાં મળી શકશે. આત્મિક ભાવમાં આનંદ પ્રાપ્ત કરવા માટે આળપંપાળ છોડી દે, આર્તધ્યાન રૌદ્રધ્યાનને દેશવટો આપ. જડ ચૈતન્યની ઓળખાણ કર. મારું શું અને પારકું શું ? તેને સમજ. માર્ગથી ભૂલો પડયો છું કે માર્ગ ઉપર ચડયો છું તેનો વિચાર કર. જો ચિદાનંદજી મહારાજ આ ચેતનને હિતશિક્ષા દેતાં આત્મિકભાવમાં લીન થવા માટે શું કહે છે :—

પદ

ભૂલો ભમત કહા બે અજ્ઞાન ! આલપંપાળ સકલ તુજ મૂરખ;
કર અનુભવરસ પાન; ભૂલો૦૧ આય કૃતાન્ત ગહેગા એક દિન.
હરિ જેમ મૃગ અચાન, હોયગો તન ધનથી તું ન્યારા.
જેમ પાકો તરૂપાન, ભૂલો૦૨ ભમત કહા બે અજ્ઞાન !
માત તાત તરુણી સુત સેંતિ, ગરજ ન સરત નિદાન;
ચિદાનંદ એ વચન હમારો, ધર રાખો ધ્યારે કાન–ભૂલો૦૩

ચિદાનંદજી મહારાજના આ અમૃત સમાન વચન બરાબર મનમાં ધારી રાખવા લાયક છે. ચિદાનંદજી મહારાજ આ ચેતનને શિખામણ દેતાં સમજાવે છે, તેણી ઉપર બરાબર ધ્યાન આપો.

'હે ચેતન ! હે આત્મા તું અજાણ્યા માણસની માફક કયાં રખડતો ફરે છે ? જેમ કોઈ દેશમાં કે શહેરમાં આપણે જવું હોય પણ તેનો રસ્તો જાણતા ન હોઈએ તો રસ્તામાં ફાંફાં મારવા પડે છે, તેમ અજાણ્યા માણસની માફક હે ચેતન ! તું કયાં રખડયા કરે છે ? આટલા ઉપરથી વિચાર થાય છે કે, આપણે અનાદિ કાળથી ભૂલા ભમીએ છીએ, જો ભૂલા ન ભમતા હોત તો જલદીથી આત્માનો અવ્યાબાધ સુખનો ખજાનો પ્રગટ કરી મોક્ષમંદિરમાં લીલા-

લહેર કરતા હોત પરંતુ ભૂલા પડયા ત્યાં શી વાત કરવી ? આપણે સવારથી ઊઠી રાત્રી સુધી અનેક કાર્યો કરીએ છીએ, ખાઇએ છીએ પીએ છીએ, વ્યાપાર કરીએ છીએ, ધન એકઠું કરીએ છીએ, પહેરીએ છીએ, ઓઢીએ છીએ, આ સિવાય બીજાં પણ અનેક કાર્યો આખો દિવસ કરીએ છીએ, થોડીવારની પણ નવરાશ આપણને મળતી નથી. લેશમાત્ર એક કામ ઓછું થાય તો બીજાં ચાર કાર્યો ઊભાં કરવાં તૈયાર છીએ, પરંતુ હજુ કોઈ એક કાર્ય કરતાં આપણે ભૂલા પડયા છીએ, એવો વિચાર થતો નથી રસ્તો શોધતા હોઈએ અને હાથ ન આવે તો ગભરાઈ જઈએ, એવો તો પ્રતિભાસ જ કોઇ દિવસ થતો નથી. આપણે તો જાણે કે સર્વ કામ પોતાનાં હોય અને આપણો તે કાર્યની સાથે–વસ્તુની સાથે સાચો સંબંધ હોય એવું ધારીને જ કરતા હોઇએ એમ લાગે છે, કોઇ દિવસ પણ તે કાર્ય કરતાં એવું તે લાગતું જ નથી કે, આપણી વસ્તુ ખોવાઇ ગઈ છે અને તે શોધવાને આપણે પ્રયત્ન કરીએ છીએ, પણ તે આપણને હજી જડતી નથી અથવા આપણે ઇષ્ટ સ્થાને જતાં માર્ગ ચૂકયા છીએ અને સાચા રસ્તાની શોધમાં છીએ. જ્યારે આ પ્રમાણે લાગતું નથી ત્યારે આળપંપાળ શબ્દમાં જ તેનો જવાબ આવી ગયો. આપણે જે કાર્ય કરીએ છીએ, જે કાર્ય કરવામાં આપણને લેશમાત્ર આત્મહિત કરવા કુરસદ મળતી નથી, તે સર્વ તો આળપંપાળ જ છે, એમ હે ચેતન ! સમજ. દરેક કાર્ય કરતાં કાંઈ સાધ્ય હોવું જોઇએ, એવો સાધારણ નિયમ છે. પ્રયોજન વિના મંદ (મૂર્ખ) માણસ પણ પ્રવૃત્તિ કરતો નથી આપણા કાર્યનું પણ

સાધ્ય ન હોય તો આપણે પણ મંદ અને મૂર્ખ જ ગણાઈએ, આ પ્રમાણે હોવાથી આપણાં સંસારનાં કાર્યોનું સાધ્ય શું છે તેનો વિચાર કરીએ તો જણાઈ આવશે કે—એમાં કાંઇ ઢંગધડો નથી, આળપંપાળ જ છે. સવારથી સાંજ સુધી કામ કરી પૈસા પેદા કરનારને પૂછ્યો કે 'પૈસા મેળવીને શું કરશો ?' તો જવાબ હસવા જેવો મળશે, આખો દિવસ ધર્મકાર્ય વિના નકામો વખત ગાળનાર અને બાપની પૂંજી બેઠાં બેઠાં ખાનારને જીંદગીનું સાધ્ય પૂછશો તો ખાવું, પીવું એશઆરામ કરવો વગેરે વગેરે જવાબ મળશે, પરંતુ યથાર્થ વસ્તુનું પ્રતિપાદન કરી સંસાર ઉપરથી રાગ ઊઠી જાય, રાગદ્વેષ કમી થાય, આત્મકલ્યાણ જલદી થાય, તેવો જવાબ કોઇ આપશે નહિ પૈસા કમાવા, છોકરાઓને વારસો આપી જવો, ખાવું પીવું, સગાં સંબંધીનાં વ્યાવહારિક કાર્યો કરી આપવાં, રોગી થઈ પથારીવશ થવું અને છેવટે મરણ આવે ત્યારે ચાલ્યા જવું. આ પ્રમાણે ધમાલમાં ને ધમાલમાં જીંદગી બલાસ થઇ જાય, છતાં આ જીવ તેમાં જ આંખો મીંચીને ચાલ્યો જાય છે. પૈસાની ઇચ્છાનો છેડો આવતો નથી. હજાર થાય તો લાખ, લાખ થાય તો ક્રોડ, ક્રોડ થાય તો અબજ, ખર્વ મહાખર્વ, છેવટમાં રાજપદવી, દેવલોક ને ઇન્દ્રની પદવી સુધી પણ ઇચ્છાની પૂર્તિ નહિ થવાથી સંતોષ થતો નથી. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ઇચ્છા આકાશ સમાન બતાવી છે. આકાશનો પાર નથી તેમ ઇચ્છાનો પણ પાર નથી જો સંતોષને હાથમાં ગ્રહણ કરે તો જ ઇચ્છા અટકી પડે. એક કવિએ કહ્યું છેઃ

**જો દશ વીશ પચાશ ભયે, શત હુઇ હજાર તું લાખ મગેગી,**

કોડી અબજ ખર્વ અસંખ્ય, ધરાપતિ હોનેકી ચાહ લગેગી;
સ્વર્ગ પાતાલકો રાજ્ય કરેા, તૃષ્ણા અધિકી અતિ આગ લગેગી
સુંદર એક સંતોષ વિના, શઠ તેરી તો ભુખ કબી ન ભગેગી.

આવી રીતે સંતોષ વિના ઇચ્છાની તૃપ્તિ થતી નથી. કદાચ સ્વયંભૂરમણ સમુદ્રનો પાર પામી શકાય. પરંતુ લોભસમુદ્રનો પાર પામવો ઘણો જ મુશકેલ થઈ પડે છે, જેથી ઢંગધડા વિનાનું જીવન પૂર્ણ થઇ જાય છે, પૌદ્‌ગલિક વસ્તુની પ્રાપ્તિમાં કોઇ પણ પ્રકારનો ખરો આનંદ છે જ નહિ. આથી વસ્તુપ્રાપ્તિ કે ધનપ્રાપ્તિ ખરૂં સાધ્ય હોઈ શકે જ નહિ, કારણ કે તે નાશવંત સ્વભાવવાળું છે. ત્યારે આ બધી પ્રવૃત્તિ શા માટે ? આ તમામ ધમાલ કોને માટે ? આ બાબતનું અંતિમ લક્ષ્ય શું સમજવું ? કાંઇક વધારે મનન કરેા, વિચાર કરેા, દીર્ઘદર્શીપણે અવલોકન કરેા. વિચાર કરતાં ધનપ્રાપ્તિના અંગે છેવટ આ ધમાલ પૌદ્‌ગલિક જ દૃષ્ટિગોચર થશે. કીર્તિને માટે જે પ્રવૃત્તિ કરવી તે પણ ત્યાગ કરવા લાયક છે, કારણ કે તે માન કષાયનો ભેદ હોવાથી પૌદ્‌ગલિક છે, અને નામ તો કોઇનું અમર રહેવાનું નથી. રહ્યું નથી. કીર્તિની ખાતર જે જે ધાર્મિક પ્રવૃત્તિઓ કરવામાં આવે તે પણ બરાબર પૂરેપૂરી ફળવતી થતી નથી. પૌદ્‌ગલિક વસ્તુની આસક્તિને લીધે તેનું ત્યાજ્ય સ્વરૂપ સમજ્યા પછી પણ ઘણાખરા ત્યાગ કરી શકતા નથી. તેટલા માટે જ ચિદાનંદજી મહારાજ કહે છે કેઃ ‘હે ચેતન ! તું અજ્ઞાનીની માફક ભૂલો પડી કયાં ભટકયા કરે છે ? જરા વિચાર તો કર. તારા માર્ગનું અવલોકન કર. માર્ગથી ભૂલા પડેલા વટેમાર્ગુની માફક આડા અવળા રસ્તે

કયાં ગમન કરે છે ? આ તમામ આળપંપાળ છોડી દઈ અનુભવ રસનું પાન કર, જેથી તને તેમાં એવો આનંદ આવશે કે તે આનંદ તું કોઈને કહી પણ શકીશ નહિ, તારા આત્મામાં ઘણો પ્રકાશ થશે, ને તારી આ ભવયાત્રા નકામા ફેરા જેવી ન થતાં કાંઈક સફળ થશે,' આ ભવની યાત્રા સફળ કરવા માટે અનુભવ જ્ઞાનની પ્રાપ્તિ કરવી એ જ ખરૂં તત્વ છે અને તેવા અનુભવ જ્ઞાનથી જ કર્મબંધન અટકશે, પૌદ્ગલિક વસ્તુઓ ઉપરથી રાગ ઊઠી જશે, અને સફળ થશે. જુઓ, સાંભળો.

ગઝલ

મોંઘેરો દેહ આ પામો, જુવાનો જોરમાં જામી;
ભજ્યા ભાવે ન જગ સ્વામી. વધારો શું કર્યો સારો ...૧
પડીને શોખમાં પૂરા, બની શૃંગારમાં શૂરા;
કર્યાં કૃત્યો બહુ બૂરાં, પતાવ્યો શી રીતે વારો...૨
ભલાઇ ના જરી લીધી, સુમાર્ગે પાઇ ના દીધી
કમાણી ના ખરી કીધી, કહો કેમ આવશે આરો...૩
ગુમાને જીંદગી ગાળી, ન આણા વીરની પાળી;
જશો અન્તે અરે ! ખાલી, લઈ બસ પાપનો ભારો...૪
નકામા શોખને વામો, કરો ઉપકારના કામો;
અચળ રાખો રૂડાં નામો, વિવેકી વાત વિચારો...૫
સદા જિનધર્મને ધરજો, ગુરૂ " ભક્તિ " સદા કરજો;
ચિદાનંદ સુખને વરજો, વિવેકી વાત વિચારો...૬

આ પ્રમાણે હોવા છતાં કાંઇપણ નહિ સમજે તો તો હું ને મારૂં કરતાં કરતાં જેવા અનંતા ભવ નિષ્ફળ ગયા તેવી રીતે આ ભવ પણ નિષ્ફળ જશે, અને જેમ મૃગને (હરણને) અચાનક સિંહ પકડીને મારી નાંખે છે, તેવી જ

રીતે કાળરાજા (મૃત્યુ) તને અહીંથી અચાનક ઉપાડી જઇ તારા જીવનનો અંત લાવશે. તે વખતે તારે એકલા, સર્વ વસ્તુઓ સ્ત્રી, ધન, ઘર, હાટ, હવેલીઓ વગેરે છોડીને ચાલ્યા જવું પડશે, શાસ્ત્રકાર કહે છે કેઃ—

**जहेह सीहो व मियं गहाय, मच्चू नरं णेइ हुअं तकाले ।**
**न तस्स माया न पिया न भाया, कालंमि तम्मि सहरा भवन्ति ॥**

'જેમ સિંહ મૃગલાના ટોળામાંથી મૃગલાને પકડી જાય છે, તેવી જ રીતે અંતકાળે કુંટુંબાદિકના ટોળામાં રહેલા આ મનુષ્યને મૃત્યુ પકડી જાય છે. તે પકડતો વખતે મરનાર જીવને માતાપિતા, પ્રિયા, ભાઈ, કોઈ ભાગી થતા નથી.' અર્થાત્ દુઃખમાં ભાગ લેતા નથી. મરણથી છોડાવતા નથી, ન જવું હોય તો પણ જીવને બળાત્કારથી જવું પડે છે, તે ચોક્કસ સમજ. મરવું એ નિઃસંદેહ હકીકત છે. શંકાવગરની વાત છે. મોટા મોટા માન્ધાતા તથા રાવણ જેવા રાજાઓ, ચક્રવર્તિઓ, બલદેવો, વાસુદેવો, ઈન્દ્રો જેવા પણ સમય આવ્યો ત્યારે પોતપોતાનાં સ્થાન છોડી ચાલ્યા ગયા છે. તેઓ એવા બળવાન હતા કે આખી પૃથ્વીને ઉથલ પાથલ કરી નાખે, છતાં એક ક્ષણવાર પણ આયુની સ્થિતિ વધારી શકયા નથી અને તેવાઓની પાછળ રહેલી રિદ્ધિ સિદ્ધિ કે પરિવાર કોઈની સાથે ગયો નથી અને જવાનો પણ નથી. તો પછી હે ચેતન ! તે કાળરાજા ઓચિંતો તને પકડશે તેમાં શું આશ્ચર્ય ? આવી ચોક્કસ નિશ્ચયાત્મક બાબત હોવાથી તારે અત્યારથી જ જાગ્રત રહેવાની જરૂર છે. તેમાં ખાસ ધ્યાનમાં રાખવા લાયક બીના એ જ છે કે. કયે વખતે આ મૃત્યુરૂપી સિંહ આવી તારી ઉપર છલાંગ મારશે અને તને પકડીને દેહથી

ભિન્ન કરી નાંખશે, તેની તને ખબર નથી અને તે બાબતની ચોવીસ કલાકની તો દૂર રહી પરંતુ એક મિનિટની પણ તને નોટીસ મળવાની નથી. અને તે અવસ્થા પ્રાપ્ત થવાની છે તે ચોક્કસ છે તેની સાથે એટલું પણ ચોક્કસ છે કે, તારી પાસે જેજે વસ્તુઓ હશે, તારા તાબામાં તારી માલિકીની જે જે વસ્તુઓ હશે તે અહીં રહી જશે. તેમાંનું કાંઇપણ તારી સાથે આવવાનું નથી, તું લઈ જઈ શકવાનો નથી, તારે એકલા ચાલ્યા જવું પડશે અને તને કોઈની સાથે એક મિનિટ પણ વાત કરવાનો કે ભલામણ કરવાનો અવકાશ મળશે કે કેમ તે પણ ચોકકસ નથી. તેમ તારા જીવનમાં કરેલાં દુષ્કૃત્યોનો પશ્ચાત્તાપ કરવાનો પણ સમય મળશે કે નહિ તે પણ ચોક્કસ નથી. પરલોકગમન કરવું, વસ્તુ માત્ર છોડવી, તે ચોક્કસ છે, કારણ કે, સંસારી જીવો મરણ ધર્મવાળા છે. તે જ બાબત સમરાદિત્યના રાસમાં પદ્મવિજયજી મહારાજ કહે છેઃ—

મરણધર્મી સહુ જીવડા, હા હા ભવ ગયો એળે રે;
નરપતિ સુરપતિ સહુ જણા, નવી દીસે કોઇ કાળે રે.
અથીર સંસાર એણીપેરે ૧
ધન્ય તે શેઠ સેનાપતિ, ચિંતામણિ સમ જાણી રે,
ઘર છોડી વ્રત આદરે, ધનધન તાસ કમાણી રે,
અથીર સંસાર એણીપેરે. ૨

આ ગાથામાં પણ એજ બાબત બતાવી કે, સંસારમાં તમામ જીવો મરણધર્મવાળા છે. વસ્તુ માત્ર અનિત્ય અને ક્ષણભંગુર છે. ચિંતામણી રત્નથી અધિક ધર્મરત્ન ગ્રહણ કરે, વ્રત પચ્ચખાણ અંગીકાર કરે અને સમજપૂર્વક ઘર,

ઋદ્ધિ વિગેરેનો ત્યાગ કરે તેવા જીવોનીજ સાચી કમાણી છે.' બાકી તો માગી લાવેલાં આભૂષણો જેમ પાછાં આપવાં પડે છે તેવી રીતે સંસારની વસ્તુ માત્ર પાછી આપવી પડશે. તે બાબતનું સમર્થન કરતાં શ્રી યશોવિજયજી મહારાજ જ્ઞાન-સાર અષ્ટકમાં કહે છે કેઃ—

**पूर्णता या परोपाधेः, सा याचितकमण्डनम् ।**
**या तु स्वाभाविकी सैव, जात्यरत्नविभानिभा ॥१॥**

**શબ્દાર્થ**—પૌદ્ગલિક વસ્તુથી ઉત્પન્ન થયેલી જે પૂર્ણતા તે માગી લાવેલાં ઘરેણાં સરખી છે, પરંતુ સ્વભાવજનિત જે પૂર્ણતા છે, તે ઉત્કૃષ્ટ રત્નની કાંતિ સરખી છે.

**વિવેચન**—ધન, રમણી, દેહ, સ્વજન, રૂપ, સૌભાગ્ય, બળ, યૌવન, ઐશ્વર્ય આદિ પૌદ્ગલિક પદાર્થોની પ્રાપ્તિથી થતી જે પૂર્ણતા-સંગ્રહતા તે યાચના કરીને માગી લાવેલા કંકણ, કુંડલ, કંદોરા, કંઠી વગેરે આભૂષણો સરખી છે. જેમ માગી લાવેલાં ઘરેણાં લાંબા દિવસ રાખી શકાય નહિ, મુદત થયે પાછાં આપવાં જ પડે. કોઇ શેઠ પોતાના પુત્રને પરણાવવા વખતે બીજા ધનાઢયને ઘેરથી પુત્રને પહેરાવવા માટે ઘરેણાં અમુક મુદત કરીને માગી લાવે, પછી મુદત પૂરી થાય કે તુરત જ ઉતારીને પાછાં આપવાં પડે, તેવી જ રીતે પૌદ્ગલિક પૂર્ણતાથી ભરેલા જીવને આયુરૂપી મુદત પૂરી થયે તરત જ પૂર્ણતા મૂકીને ચાલ્યું જવું પડે, કાંઇપણ સાથે લઇ જવાય નહિ. સંજમ નહિ ગ્રહણ કરેલા ચક્રવર્તિઓ તથા વાસુદેવો. પ્રતિવાસુદેવો, રાજા-મહારાજાઓ, પોતાની પૂર્ણતાઓ કેતાં રાજ્યઋદ્ધિઓ છોડી

છોડીને નરકાદિક ઘોર દુર્ગતિના ભાજન થયા અને ત્યાં અસહ્ય દુઃખો ભોગવવા લાગ્યા. ચક્રવર્તિ જો સંયમ ગ્રહણ કરે તો જ સકળ કર્મનો ક્ષય કરી મોક્ષે જાય અથવા દેવલોકમાં જાય, પરંતુ સંયમ ન ગ્રહણ કરે ને આખી જીંદગી માગી લાવેલાં ઘરેણાં જેવી પૌદ્ગલિક પૂર્ણતામાં જ વીતાવે તો સાતમી નરકે જાય. કેટલાક આચાર્યો કહે છે કે–પહેલી બીજી, ત્રીજી, ચોથી; પાંચમી, છઠ્ઠી, સાતમી–સાતમાં ગમે તે નરકે જાય અને પૂર્ણતા પાછી સોંપવી પડે. આ સંબંધમાં બ્રહ્મદત્તચક્રવર્તિ, સુભૂમચક્રવર્તિ, વગેરેનાં દૃષ્ટાંતો પ્રસિદ્ધ છે. આવી પૂર્ણતા જીવે ભવચક્રમાં ભટકતાં ઘણીવાર પ્રાપ્ત કરી, પણ કોઇ કાર્ય સિદ્ધ થયું નહિ. ત્યારે જ્ઞાનાદિ ધર્મમાં જે આત્માના ગુણ છે, તેથી થતી જે પૂર્ણતા તે જ સાચી પૂર્ણતા છે. તે કોઇ કોઈ દિવસ પણ આત્માથી જુદી નહિ પડવાવાળી. ચિંતામણિ આદિ ઉત્તમ જાતિના રત્નની કાંતિ જેવી છે. એટલે જેમ શ્રેષ્ઠ રત્નની કાંતિ જ્યાં સુધી તે રત્ન વિદ્યમાન હોય ત્યાં સુધી તેની સાથે જ રહે છે, તેવી જ રીતે આત્માની જે સ્વાભાવિક પૂર્ણતા છે, તે પણ આત્માની સાથે જ અનંતકાળ સુધી રહે છે.

આવી સાચી પૂર્ણતા પ્રાપ્ત કરવા જ્યાં સુધી ઉદ્યમ નહિ કરો ત્યાં સુધી જન્મ મરણના ફેરા ટળવાના નથી, અત્યારે તો મરણ શબ્દ પણ તને કડવો ઝેર જેવો લાગે છે, કોઈ મરણ સંબંધી શબ્દ ઉચ્ચાર કરે તો પણ તને તે અપમંગળ લાગે છે, પરંતુ એ બાબતમાં તારી કે ચેતન, મોટી ભૂલ થાય છે. તું જાણે છે કે જે સ્થિતિને મોટા ચક્રવર્તિઓ અને તીર્થંકરો

પણ ઉલંઘી શકયા નથી, જે સ્થિતિનો પ્રતિકાર મોટા ધનવંતરી વૈદ્યો પણ કરી શકયા નથી તે સ્થિતિની તૈયારીને તું અપમંગળ માને છે તે મોટી ભૂલ કરે છે અને તે બાબત ફોગટ ખેદ કરે છે. માટે તે મરણની સ્થિતિ બરાબર તપાસી ધૈર્યનું અવલંબન કર. એ મરણથી હવે ડરવાની જરૂર નથી.

પરંતુ તેના સંબંધમાં અમુક ધોરણ કરવાની જરૂર છે. ચેતન તો કદાપિ મરણ પામનાર નથી, એ ચેતનની અજરામરતા શાસ્ત્રપ્રસિદ્ધ છે. શરીરથી ચેતન ભિન્ન થાય છે. તે સ્થિતિને મરણ કહેવામાં આવે છે. કેટલાક મૂઢ પ્રાણીઓ સંસારના દુઃખથી કંટાળીને મરણ ઇચ્છે છે, પરંતુ સંસારના દુઃખથી વ્યાકુળ થયેલાને છૂટવાનો એ માર્ગ નથી. જેને ખસ થઈ હોય તેને તેના પર જરા ખણવાથી સારું લાગે છે; પરંતુ પરિણામે વધારે ને વધારે દુઃખ ઉત્પન્ન થાય છે. તે ખસને મટાડવાનું કારણ ખણવું તે નથી પરંતુ તેનું બરાબર ઔષધ કરવું તે છે; તેવી જ રીતે સંસારના દુઃખથી ખરેખરી તપત લાગતી હોય તો તેનો ઉપાય મરણનું શરણ માગવામાં નથી. પરંતુ દુઃખ કદાપિ આવે જ નહિ તેવા ઉપાયો શોધવામાં છે. આ પ્રમાણે વસ્તુસ્થિતિ હોવાથી દુઃખથી કંટાળો ઉત્પન્ન થયો હોય તો પણ કદાપિ મરણને ઇચ્છવું નહિ, તેમ જ આખરે મરી જવું છે, એવા વિચારથી ડરી પણ જવું નહિ. તેમ ડરવાથી કે કાયર થવાથી કોઈ પ્રકારનો લાભ નથી.

શાસ્ત્રકાર કહે છે કેઃ—

**धीरेण वि मरियव्वं, काउरिसेण वि अवस्स मरियव्वं ।**
**तम्हा अवस्समरणे, वरं खु धीरत्तणे मरिउं ॥**

'ધીરને પણ મરવાનું છે અને કાયરને પણ મરવાનું છે. બંને પ્રકારે મરણ તો છે જ. તેમાં ફેરફાર તો થવાનો નથી જ. તો પછી ધીરપણાવડે કરીને મરવું, તે જ ઘણું ઉત્તમ મરણ છે. બાકી તો કાયર થઈને અનંતા મરણ કર્યાં છે.' શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના નવમા પ્રત્યેકબુદ્ધ અધ્યયનમાં યુગબાહુને પોતાના ભાઈ મણિરથે શસ્ત્રથી એટલો બધો માર માર્યો કે મરણની તૈયારી થઈ ગઈ; રૌદ્રધ્યાન થવાનો સમય નજીક આવ્યો, છતાં તે યુગબાહુની સ્ત્રી મદનરેખાએ નિઝામણા કરાવી, પંચ પરમેષ્ટીના સ્મરણમાં લીન કર્યો, શત્રુમિત્ર ઉપર સમભાવ રખાવ્યો, મરણ સુધરે તેવી રીતનો સચોટ ઉપદેશ દેવાવાળી બની, જેથી યુગબાહુ થોડીકવારના શુભ અધ્યવસાવથી કાળ કરી પાંચમા બ્રહ્મ દેવલોકમાં દેવતા થયો. આવી રીતે મરણ સમયમાં નિઝામણા કરાવવાવાળી સ્ત્રીઓ પણ જગતમાં કવચિત જણાય છે. આજકાલની સ્ત્રીઓમાં પ્રાયઃ તેથી ઊલટું જ દેખવામાં આવે છે. જેથી આત્માના કલ્યાણને ઇચ્છનાર બહેનોએ સુધારો કરવાની જરૂર છે. ધીરપણાથી મરણ થયું તો દુર્ગતિ ન થઈ. કદાચ કાયર થઈને હે ચેતન! મરીશ, તો મરણ કાંઈ દૂર જતું નથી, તેમ અટકતું નથી. માટે કોઈ સાથે સખત વેરવિરોધ રાખવો નહિ. કદાચ કોઈની સાથે ખેદ કે બોલાચાલી થઈ હોય તો તેના માટે ક્ષમાયાચના કરી સર્વ જીવોની સાથે વૈરવિરોધ ખમાવીને શાંતિ પકડવી; જેથી સામો માણસ પણ પ્રાયઃ વૈર કાઢી નાખશે. જો તું એમ નહીં કરે તો વૈરનો પ્રવાહ ભવાંતરમાં ચાલુ જ રહેશે. જેનું જીવન પવિત્ર છે, તે જીવને મરણ સમયમાં કોઈ પ્રકારે

દુઃખ થતું નથી, જેનું જીવન કફોડી સ્થિતિવાળું છે તેને અહીંઆં પણ દુઃખ ને પરભવમાં પણ દુઃખની શ્રેણિ છે, માટે જીવન સુધારવું તે ખાસ કર્તવ્ય છે. શુદ્ધ જીવનવાળાને મરણના વિચારમાં દુઃખ નથી, શોક નથી, ખેદ નથી. આવું ઉત્તમ જીવન મનુષ્યભવ વિના બીજે નહિ થઈ શકે માટે હે ચેતન! બરાબર કમ્મર કસ, અને વિચાર કર કે આ ભવમાં ધર્મના આરાધન માટે જે સગવડો મળી છે, જે ભોગ-વાઈઓ પ્રાપ્ત થઈ છે, તે વારંવાર મળતી નથી. જેથી તે મળેલી ભોગવાઈઓથી આત્મહિત કરી લેવામાં ન આવે તો તેના જેવી બીજી ગંભીર ભૂલ એકે ય નથી. અનેક પ્રકારની ઉત્તમ ભોગવાઈથી ભરપૂર માનવભવ નકામો ચાલ્યો જાય તો બહુ જ ખોટું થયું ગણાય. અજ્ઞાણ જીવો તો ખાવાપીવાની વસ્તુઓ મેળવવી, ધનસંચય કરવો, પુત્રપૌત્રાદિક પરિવાર વધારવો, રહેવા માટે નવા નવા બંગલા બનાવવા અને સાચી ખોટી રીતે પોતાનું માન-સન્માન વધારવું એમાં જ ગુંથા-યેલા હોય છે. તેવા અજ્ઞાણ જીવો તો માર્ગથી ભ્રષ્ટ થઈ સંસારશેરીમાં ભૂલા પડીને અનાદિ કાળથી ભટકયા જ કરે છે. તેવા જીવોથી સાચું સુખનું સ્થાન જે મોક્ષ તે બહુ જ દૂર રહે છે. તેનો ખ્યાલ પણ તેવા અજ્ઞાણને આવતો નથી. તે સુખને પ્રાપ્ત કરવા ભાવના પણ થતી નથી અને પોતાની જિંદગીભરની કપટ, દગા, પાશલા, જૂઠ, ચોરી, પરદારાગમન વગેરેથી થયેલી અધમ દશાને દૂર કરવાનો આત્મા સાથે વિચાર પણ થતો નથી. એવા પ્રાણીઓ સંસારમાં આસક્ત રહી આડાઅવળાં ગોથાં ખાધા કરે છે. અનેક પ્રકારની ઉપા-ધિઓથી વ્યાપ્ત થઈ ભારે થતા જાય છે. એવા જીવોના

મનનાં પરિણામ, તેની પ્રવૃત્તિઓ, તેના વિચારો વગેરે તપાસ્યું હોય તો અનેક પ્રકારે સાંભળનારને પણ કંટાળો આવે તેવાં હોય છે.

વળી, હે ચેતન ! બીજા જીવો તારાં વખાણ કરે, તારી સ્તુતિ કરે એ સાંભળવાની તું ઈચ્છા રાખે છે પણ તારામાં ગુણો કયા છે તેનો વિચાર કર. તપસ્યાનો ગુણ, ક્ષમાગુણ, સમતાગુણ, જ્ઞાનગુણ વગેરે તારામાં છે કે નહિ તેનો વિચાર કર. જે ત્રણ પુરુષો થઈ ગયા તેની આગળ લેશમાત્ર તારા ગુણ પહોંચતા નથી તો પછી સ્તુતિ તથા તારાં વખાણ સાંભળવાની શા માટે ઇચ્છા રાખે છે ? તેં એવું કયું મોટું કાર્ય કર્યું છે જેથી અભિમાનમાં તણાતો જાય છે ?

આ જીવનમાં ઘોર તપસ્યા સર્વ વિરતિ, દેશ વિરતિ ચૈત્યપ્રતિષ્ઠા, તીર્થજાત્રા, સંઘભક્તિ વગેરે કયાં કયાં શુભ કાર્યો કરી નાખ્યાં છે જેથી નરકાદિકની ભીતિ રાખ્યા વિના અભિમાનમાં તણાઈ જાય છે ? વળી જેને માથે શત્રુ હોય તે સંભાળ રાખ્યા વિના ફરી શકે નહિ અને ફરે તો દુર્દશાને પામે. અને તારે માથે તો યમરાજા (કાળ) જેવો મહાન શત્રુ છે તે છતાં બેદરકાર થઈને ફરવું તે ઉચિત નથી.

માટે અહંકાર–મદ કરવો ઠીક નથી; આવી સ્થિતિમાં હે ચેતન ! મજા નથી એ સ્થિતિથી ચોરાસી લાખ જીવાયોનિમાં નવનવા ભવો કરવા પડશે. તિર્યંચ ગતિમાં કૂતરા, બિલાડા, વ્યાઘ્ર, સિંહ, ઊંટ, સર્પ, ગધેડા, ઘોડા, વગેરેના ભવો કરવા પડશે અને ભવભ્રમણ ઊભું રહેશે. માનવજીવન હાથ આવ્યા છતાં, દુર્ગતિના ભવો ઉત્પન્ન

કર્યા, તેમાં કેટલું ખોયું–નુકસાન થયું ? કદાચ તું હે ચેતન ! એમ માનતો હોઈશ કે, મને મારાં માબાપ, સ્ત્રી, પુત્ર, મામા, માસી વગેરે સુખ આપશે, તેથી તેઓને ખાતર પ્રયાસ કરી કાંઈ પ્રાપ્ત કરી રાખું અથવા તેઓનો આધાર રાખો હું સંસારમાં મસ્ત રહું; તો તે પણ તારી મોટી જબરજસ્ત ભૂલ છે, કારણ કે જ્ઞાની મહારાજ કહે છે કેઃ-

**माजाणसिजीवतुमं, पुत्तकलत्ताइमज्झसुहहेउ ।**
**निउणंबंधणमेयं, संसारेसंसरत्ताणं ॥ १ ॥**

**અર્થ**–હે જીવ ! આ સંસારમાં એકાંત દુઃખના હેતુ પુત્ર, સ્ત્રી, મિત્રો વગેરેને તું સુખના હેતુ જાણીશ નહિ; કારણ કે સંસારમાં ભ્રમણ કરતા જીવોને એ પુત્ર, સ્ત્રી, મિત્રો વગેરે સગાંસંબંધીઓ જબરજસ્ત કર્મબંધનનાં કારણ છે; પરંતુ તને સંસારમાંથી છોડાવીને મુક્તિમંદિરમાં પહોંચાડનારા નથી. કેટલીકવાર આપણે વ્યવહારમાં તપાસીએ છીએ ત્યારે સગાંસંબંધીનો સ્નેહ ક્ષણિક માલૂમ પડે છે. ધનની ખાતર ભાઈઓ ભાઈઓને પરસ્પર લડતા જોયા છે. અને તે એવા તો લડે છે, કલેશ કરે છે કે એકબીજાંને પાણી પીવાનો પણ સંબંધ રહેતો નથી. માતાપિતાના સ્નેહમાં પણ સ્વાર્થનો સ્નેહ કેટલો બધો જોવામાં આવે છે ! તેઓ પૈસા કમાવાવાળા પુત્રો અને નહિ કમાવાવાળા પુત્રો તરફ કેટલું અંતર રાખે છે; તે જોઈ શકાય છે. આ તો વ્યવહારમાં આપણે જોયું પરંતુ આત્મહિત કરવાનાં કાર્યોમાં તો તેઓ તરફથી ઘણી જ અડચણો ઊભી કરવામાં આવે છે. આત્મસાધના કરનાર પુત્રનો તિરસ્કાર કરવામાં આવે છે અને છેવટ તેને સમજાવી–ફોસલાવીને

સંસારમાં ખેંચી લાવવાનો પ્રયત્ન સર્વત્ર જોવામાં આવે છે. મોહની ખાતર-લહાવો લેવાને ખાતર જે માબાપો પોતાની સંતતિમાં સંસાર રસિકતા ઠસાવે છે, તે સંતતિ સંસારના કીચડમાં અત્યંત ખૂંચી જાય તેવાં જ કાર્યો કરે છે, તે માબાપો સંતતિનાં હિતેચ્છુ નથી પરંતુ પોતાને શરણે પડેલી પોતાની સંતતિને હાથે કરી દુર્ગતિના ખાડામાં ધકેલી દેનારાં છે, વિશ્વાસઘાતી છે. ધર્મિષ્ઠ માબાપોને પુત્ર ધર્મી બનતાં-વૈરાગી બનતાં આનંદ થાય, પોતાની ક્રાયરતા માટે તિરસ્કાર વછૂટે અને વળી કહી પણ દે કે, શાસ્ત્રો સાંભળી સાંભળીને બુઢ્ઢો થયો પણ મને વૈરાગ્ય ન થયો, ધર્મ ન પરિણમ્યો, જેથી હું પામર છું. હે પુત્ર! તું ધન્ય છો કે, તારી આવી ઉચ્ચ ભાવના-સંસાર તોડનારી દીક્ષા ગ્રહણ કરવાની થઈ. હે પુત્ર! પારમેશ્વરી દીક્ષા જ અવશ્ય આચરણીય છે, એનાથી જ કલ્યાણ છે. જે કોઇ મહાપુરુષોએ આત્મશ્રેય સાધ્યું છે, તર્યા છે, સંસારની રખડપટ્ટીથી છુટ્યા છે, તે આ સંયમથી જ. તારા માટે પણ શ્રેષ્ઠ માર્ગ તે જ છે. અમે તો બુઢ્ઢા થયા, સંસારમાં આસક્ત છીએ, અમારી આસક્તિ છૂટતી નથી. આવી રીતે કહી વળી ચારિત્રની મુશ્કેલીઓ સમજાવી ચારિત્ર લેવા માટે સ્થિર કરે, દૃઢ કરે, વૈરાગી થયેલાને વિશેષ વૈરાગી બનાવે. કૃષ્ણ મહારાજે જેમ પોતાની પુત્રીઓને પરમાત્મા શ્રી નેમિનાથ ભગવાન પાસે સંયમ લેવા દૃઢ બનાવી તેમ સમ્યક્ત્વવંત જીવ પોતાની સંતતિને સંજમ માર્ગમાં દૃઢ બનાવી સંસારને બહુ જ અલ્પ કરાવી નાખે. તેવાં જ માબાપો પુત્ર--પુત્રીઓનાં ખરા

હિતકારી છે; સંસારથી તારવામાં મદદગાર છે. આવાં માબાપો આજકાલ પંચમકાળમાં બહુ જ કિંમતી દેખાય છે. તેની સાધ્ય દૃષ્ટિમાં મદદગાર બનવું, એ તો સેંકડે નેવું ટકા તો અભાવરૂપ છે. જો કે કાળરાજા ઓચિંતો ગમે ત્યારે ગરદન પકડે તે વખતે અટકાવવા સમર્થ થતાં નથી, આથી શાસ્ત્રકાર તત્ત્વદૃષ્ટિથી ધર્મમાં વિઘ્ન કરનારને શત્રુભૂત કહે છે. જુઓઃ—

**मातापितास्वसृगुरुश्च तत्त्वात्, प्रबोध्य यो योजति शुद्धमार्गे ।**
**न तत्समोऽरिः क्षिपते भवाब्धौ, यो धर्मविघ्नादिकृतेश्च जीवं॥**

**અર્થ**—જે માણસ શાસ્ત્રની આજ્ઞાનુસાર બોધ કરીને શુદ્ધ માર્ગમાં બીજા જીવને જોડે છે, તે જ તત્ત્વથી ખરી રીતે તેની માતા, પિતા, બહેન અને તે જ સુગુરુ કહેવાય; પરંતુ જે ધર્મમાં વિઘ્ન કરાવવાવાળા માતાપિતાદિક અથવા ગમે તે હોય તેના સમાન બીજા કોઈ શત્રુ નથી; કારણ કે તે ધર્મમાં વિઘ્ન કરી આ જીવને દુર્ગતિમાં નાખે છે.

**વિવેચન**—એક અદ્‌ભૂત આશ્ચર્યની વાત છે કે, અનંતકાળથી ભવભ્રમણ કરતાં કરતાં મહાપુણ્યના ઉદયથી મનુષ્યભવાદિ ઉત્તરોત્તર શુદ્ધ સામગ્રી જીવને મળી, ગુરુમહારાજની અમૃતસરખી સંસારને છેદન કરનારી દેશના સાંભળી, જીવ પ્રતિબોધ પામ્યો, સંસારનો ત્યાગ કરી પારમેશ્વરી પ્રવ્રજ્યા ગ્રહણ કરવા ઉજમાલ થયો, તે સમયની ચારિત્રની શુદ્ધ ભાવનાથી છઠ્ઠા-સાતમા ગુણઠાણાનો માલીક થયો; તે માર્ગથી હેઠે પછાડી સંસારમાં ભટકાવનારા માતાપિતાદિકને આ જીવ હિતકારી માને છે, પરંતુ તત્ત્વદૃષ્ટિથી તપાસ કરતાં

શાસ્ત્રકાર તેમને શત્રુસમાન કહે છે તે બરાબર છે. કારણ કે શત્રુ હોય તે સામા માણસનું ધન ખોવરાવે કે બીજું ગમે તે નુકસાન કરે, તેમ આ જીવને ઉચ્ચ કોટી ઉપર ચડતાં નીચે પછાડયો, તેણે કેટલું નુકસાન કર્યું ? કેટલું આંતરિક ધન ખોવરાવ્યું ? તે હે ચેતન ! બરાબર સમજ.

આ કારણથી સાંસારિક સગાં–સ્નેહીઓની ખાતર રાત દિવસ આરંભ–સમારંભમાં મચ્યા રહેવું અને આત્મહિતની પ્રવૃત્તિ ન કરવી તે ભૂલ ભરેલું કાર્ય છે. બરાબર વિચાર કરતાં જણાશે કે આ જીવ ધનપ્રાપ્તિ વગેરે પૌદ્ગલિક વસ્તુઓમાં લલચાઈ જઈ તેની ખાતર જિંદગી પૂરી કરવાની જ વાતો કરે છે, અરે તે ખોટી લાલચના જોરથી તો તેને ધન ઉપર અનાદિ કાળથી એવી તો મૂર્છા લાગી છે કે, તેની પ્રાપ્તિના અને તેની સાચવણીના વિચારોમાં તેને એટલો બધો આનંદ આવે છે કે તે ધનની ખાતર જ ધન પછવાડે મંડયો રહે છે, આગળ પાછળનો વિચાર કર્યા વગર એમ જ આસકત રહે છે, અને તેની સાથે એવા જોરથી ગાંઠ બાંધે છે કે જાણે કોઈ દિવસ તેનો વિયોગ થવાનો જ ન હોય. આ આખી માન્યતા ભૂલભરેલી હોવાથી પરિણામ વિપરીત આવે તેમાં શું આશ્ચર્ય ?

પોતાનાં પુત્રપુત્રી, માતાપિતા વગેરેને બંધનરૂપ તત્ત્વદૃષ્ટિથી તપાસ. જોથી બરાબર ખાત્રી થશે અને નીચે લખેલ અધ્યાત્મ કલ્પદ્રુમનો શ્લોક તપાસઃ

**मा भूरपत्यान्यवलोकमानो, मुदाकुलो मोहनृपारिणा यत् ।**
**चिक्षिप्सया नारकचारकोऽसि, दृढं निबद्धो निगडैरमीभिः ॥**

તું પુત્રપુત્રીને જોઈને હર્ષઘેલો થઈશ નહિ, કારણ કે મોહરાજા નામના તારા શત્રુએ તને નરકરૂપી બંદીખાને નાખવાની ઇચ્છાથી આ પુત્રપુત્રી રૂપ લોઢાની બેડીવડે તને મજબૂત બાંધ્યો છે.

**વિવેચન**—પુત્રને જોઈ માણસ ગાંડોઘેલો બની જાય છે અને તેની સાથે બોલવામાં, તેને રમાડવામાં એવી જાતની ચેષ્ટા કરે છે કે જાણે પોતે ગાંડો થઈ ગયો હોય તેવો પ્રતિભાસ થાય છે. મોહરાજાએ આ બંધન ખૂબ જ જબ્બર કર્યું છે. જેમ કેદમાં પડેલો માણસ સ્વતંત્ર નથી, તેવી જ રીતે આ પુત્ર-બંધનથી પોતાની સ્વતંત્રતાનો નાશ થાય છે. આર્દ્રકુમાર જેવા ફરી દીક્ષા લેવા જતા હતા ત્યારે પુત્રોએ કાચા સૂતરના બાર તાંતણા તેમના પગ ફરતાં વીંટ્યા. તેવા તાંતણાં પણ આવા મહાન વૈરાગી ને હજારો હાથની સાંકળો તોડી નાખવાની શક્તિવાળાથી પણ તૂટ્યા નહીં અને બાર વરસ વધારે ઘરમાં રહેવું પડ્યું. એટલે પુત્ર-પુત્રીઓનું બંધન આવા પ્રકારનું સમજવું.

વળી પુત્રપુત્રીને પણ નીચેના શ્લોકથી શલ્યરૂપ જાણજે:

आजीवितं जीव भवान्तरेऽपि वा, शल्यान्यपत्यानि न वेत्सि किंहृदि।
चलाचलैर्यैर्विविधार्तिदानतोऽनिशं निहन्येत समाधिरात्मनः॥

હે આત્મન્! આ ભવમાં પુત્રપુત્રો શલ્ય છે-એમ તું તારા મનમાં કેમ જાણતો નથી? તેઓ થોડી વિશેષ ઉંમર સુધી જીવીને તને અનેક પ્રકારની પીડા કરી તારી આત્મ-સમાધિનો નાશ કરે છે.

વિવેચન—છોકરાંઓ જો ઓછો આયુષ્યવાળાં હોય તો માબાપને વારવાર શોક કરાવે છે-અને કદાચ વિધવા મૂકીને જાય તો તો શોકનો પાર રહેતો નથી. વધારે આયુષ્યવાળા હોય તો કેળવણી, વેવિશાળ, લગ્ન-તેના ભરણપોષણની ચિંતા વગેરે અનેક પ્રકારે દુઃખો ઉત્પન્ન કરે છે. કદાચ ચંચળ વૃત્તિવાળાં થાય તો કુકર્મો કરી પિતાના ચિત્તને શાંતિ વહેવા દેતા નથી. આવી રીતે ગમે ત્યાંથી સમાધિનો નાશ થાય છે.

તેથી કરીને હે ચેતન! જો તારે ઉચ્ચ કોટિ ઉપર ચઢવું હોય, આત્મકલ્યાણ કરવું હોય, તો તે માટે અંતઃકરણથી શુદ્ધ ભાવના પ્રગટ કર. થોડા દિવસમાં કાર્ય સાધી લે. ઉત્તમ નરભવાદિ સામગ્રીથી ગજસુકુમાર, ધનાકાકંદી, ધન્ના, શાલિભદ્ર, મેઘકુમાર, આર્દ્રકુમાર, મૃગાપુત્ર, અનાથી મુનિ, ખંધકમુનિ, ઢંઢણઋષિ, ઝાંઝરિયા મુનિ વગેરે મહામુનિમતંગજો આ સંસારને અસાર સમજી, દુઃખના બોજારૂપ જાણી, વિષયસુખને વિષના પ્યાલા સરખું સમજી, સંયમ ગ્રહણ કરી, આત્મખજાનો પ્રગટ કરી ગયા. તે જ ઉત્તમ નરભવ, ઉત્તમ કુળ, નિરોગી શરીર વગેરે સામગ્રીને તું કેમ ગુમાવે છે? વિભાગ દશામાં કેમ પડયો છે? તેનો વિચાર કર. વળી તને જેના ઉપર અત્યંત રાગ છે, તે શરીર પણ તારું નથી તો પછી માતાપિતા, પુત્રકલત્રાદિ, હે ચેતન! તારાં સગાં કેવી રીતે થશે? તને વેદનામાંથી કેવી રીતે છોડાવશે? પરલોકમાં કેવી રીતે સહાય કરશે? તું પાપમાર્ગે ચડી આત્માની પાયમાલી ન કર. તારા શરીરની-પૈસાટકાની

ખબર પૂછનારા સૌ કોઈ મળશે પરંતુ તારા આત્માની શું સ્થિતિ છે, એ પૂછનારા વિરલ છે. એ કોઈ હોય તો મહાવ્રતના ધારણ કરનારા મુનિવરો જ છે. તે મુનિવરો સંસારને પુષ્ટિ કરનારી વાતો ન કરે પરંતુ માનવજીવન પામી તમારે શું કરવું જોઈએ, શાથી તમારો જન્મ સફળ થાય, શાથી તમે જન્મમરણનાં દુઃખને કાપી મોક્ષ મેળવો, તે જ રસ્તો મુનિવરો બતાવશે અને બતાવ્યા પછી તારે આત્માના વિકાસ માટે, મોક્ષ મેળવવા માટે, કયો માર્ગ લેવો જોઈએ, કે જેથી આત્મામાં જરૂર પરીવર્તન થાય. જો તે પ્રમાણે હે આત્મા ! તું નહિ કરે તો ચૌદ રાજલોકમાં આ જીવ સ્વકર્માનુસાર કયાંયે ઉત્પન્ન થઈ જશે, અને કુટુંબાદિક પણ કયાં વિખરાઈ જશે; તે તું પ્રત્યક્ષ જુએ છે.

વળી આ શરીર પણ ત્રણ મિત્રો પૈકીનો નિત્ય મિત્ર હોવા છતાં મરણ વખતે સહાય નહિ જ કરે. તને જલ્દી કાઢી મૂકશે, તારે જરૂર નીકળવું પડશે. જે શરીર માટે અનેક પાપો કર્યાં હશે, નહિ ખાવાના પદાર્થો, અભક્ષ્ય, અનંતકાય વગેરે ખાધાં હશે; બીડી, હોકો, ગાંજો વગેરે પીધાં હશે, રાત્રિભોજન, પરદારાગમન વગેરે અકૃત્ય કર્યાં હશે, સારા સારા પદાર્થો ખવરાવી શરીરને ખૂબ પુષ્ટ બનાવ્યું હશે, તે તારાં ઔદારિક શરીરને એક ઘડીવાર પણ કોઈ ઘરમાં રાખશે નહિ, પરંતુ ભસ્મીભૂત કરશે. શરીરના પરમાણુઓ ચૌદ રાજલોકમાં રહેલા પરમાણુઓ તથા સ્કંધો વગેરેમાં ભળી જશે.

શ્રીપન્નવણાસૂત્રમાં શરીર પદમાં કહ્યું છે કે, 'આ જીવે અનંતાં શરીર મૂકયાં, તે શરીર તમામ ભવનાં વિખરાઇ

ગયાં, તેવી જ રીતે આ ભવનું ઔદારિક શરીર પણ વિખરાઇ જશે, તે ચોક્કસ ધારી રાખજે. તને તો ચાર હાથની લંગોટી પહેરાવી વિદાય કરશે. કડકપટ, દગા, પાસલા, અનીતિ વગેરે પાપકર્મ કરી ધન ભેળું કર્યું હશે તે તો કુટુંબાદિક ભોગવશે. અહો ! કેવી મૂર્ખાઇ ! ખરેખર પૂરી મૂર્ખાઇ સમજવી. પોતાનું ધન-જ્ઞાન, દર્શન, ચારિત્રને પ્રાપ્ત કરવાનો રત્નચિંતામણિ જેવો સમય ગુમાવી બેઠો. સાર કાંઇ લઈ શકયો જ નહિ. પારકું સુધારવા ગયો તે પણ સુધારી શકયો નહિ. કારણ કે સર્વે જીવો પોતપોતાના કર્માધીન છે, જેથી ભલું કે બૂરું કોઈ કરનાર નથી, માત્ર શુભાશુભ કાર્યોનાં તેઓ નિમિત્તમાત્ર છે. માતાપિતા પોતાની પુત્રીને સારા ખાનદાન કુટુંબમાં સારું મુહૂર્ત જોવરાવી પરણાવે છે, પરંતુ બાઈનું પુણ્ય ઓછું હોય તો ટૂંક સમયમાં તે વિધવા બને છે. વળી ગરીબ કુળમાં પરણાવી હોય, પરંતુ બાઈ પુણ્યશાલિની હોય તો સુખી થાય છે. શાસ્ત્રમાં તેવાં ઘણાં દૃષ્ટાંતો છેઃ મયણાસુંદરી અને સુરસુંદરીનો અધિકાર શ્રીપાલચરિત્રમાં સવિસ્તર છે, તેથી પુણ્ય પ્રકૃતિ અને પાપ પ્રકૃતિનું ફળ સ્પષ્ટ સમજાય તેમ છે. માટે હે જીવ ! તેવા જૂઠા કુટુંબાદિકના મોહમાં નહિ મૂંઝાતાં આત્મિકલક્ષ્મી પ્રગટ કરવા ઉદ્યમવંત થજે. નિશ્ચલ ચિત્તથી શુભ ભાવનામાં આરૂઢ થઈશ તો આત્મિકલક્ષ્મી પ્રગટ થતાં વાર નહિ લાગે. શુભ ભાવનામાં આરૂઢ થવા માટે જૈન સિદ્ધાંતોમાં બાર ભાવનાના સ્વરૂપનું ઘણું જ સરસ વર્ણન કરેલ છે, એ ભાવનાને મનનપૂર્વક ભાવવાથી આત્માનો જલદી ઉદ્ધાર થાય છે. તે બાર ભાવનાનું સંક્ષેપ વર્ણન આ પ્રમાણે છેઃ

## પ્રથમ અનિત્ય ભાવના

આ સંસારના કર્મ બંધનકારક પદાર્થો અને આડંબરી દેખાવો ને તિરસ્કાર કરાવનારી સર્વ પ્રકારના સાંસારિક ભાવોની અસ્થિરતાને સિદ્ધ કરનારી અને આત્માના ઉન્નત માર્ગને દર્શાવનારી ભાવનાને અનિત્ય ભાવના કહેવાય છે. આ ભાવનાને ભાવવા માટે નીચેનાં વાક્યો, હે ચેતન ! તારી હૃદયભૂમિકામાં સ્થાપન કર. હે ચેતન ! આ અનિત્ય ભાવના ભાવતાં પ્રથમ તું તારા આત્માને પ્રતિબોધ આપજે, કે હે આત્મા ! તું આ સંસારના બોટા પદાર્થોમાં આનંદ માનીશ નહિ. તે સર્વ પદાર્થો પરિણામે અનિત્ય છે, વિનાશશીલ છે, નિરર્થક છે, ક્ષણભંગૂર છે.તે તારા આત્માના નથી તેમજ તારો ઉદ્ધાર કરનાર નથી; આખરે તેઓ ઇંદ્રજાળના જેવા ક્ષણમય સ્થાયી છે. તેની અનિત્યતા તારી આગળ સાબિત કરવાની કાંઈ જરૂર નથી; તે તું આ સંસારમાં પ્રત્યક્ષ જોઈ શકે છે. અખૂટ ધનવાળો ક્ષણમાં નિર્ધન બની જાય છે. સજ્જનોના પરિવારથી વિંટાયેલો માણસ થોડીવારમાં એકાકી બની જાય છે. તે ખૂબ લક્ષમાં રાખજે. આવા વિનાશી સ્વભાવવાળા પદાર્થો ઉપર નિત્યતા અને સ્થિરતાની બુદ્ધિ થવા દઈશ નહીં. તે ઉપરથી શાસ્ત્રકાર નીચે પ્રમાણે લખે છેઃ—

**શ્લોક—યત્પ્રાતસ્તન્નમધ્યાન્હે, યન્મધ્યાન્હે ન તન્નિશિ ।**
**નિરીક્ષ્યતે ભવેડસ્મિન્ હા, પદાર્થાનામનિત્યતા ॥૧॥**

અર્થ—જે પદાર્થ પ્રાતઃકાળે રમણીય લાગતો હોય તે મધ્યાહ્નકાળે તેથી વિપરિત દેખાય છે અથવા તે તદ્દન હોતો નથી. અને જે મધ્યાહ્નકાળે સુંદર દેખાય છે તે રાત્રે

નષ્ટ થઈ જાય છે. જેમકે સચેતન પદાર્થોમાં કેટલાયે જીવો સવારમાં આનંદમાં મહાલતા હોય, તે બપોરે કાળરાજાના સપાટામાં આવીને ભસ્મીભૂત બની જાય છે અને અચેતન પદાર્થોમાં પ્રભાતે સુંદર દેખાતા બંગલામાં ધન, માલ વગેરે તે જ દિવસે વિનાશભૂત થયેલા દૃષ્ટિગોચર થાય છે. હે શુદ્ધ ચેતન ! તું જો ખૂબ ઊંડો વિચાર કરીશ તો તને બીજી પણ ખાત્રી થશે. જેવી રીતે સંસારના પદાર્થો અનિત્ય છે તેવી રીતે સંસારનું સુખ પણ અનિત્ય છે. એટલું જ નહિ પરંતુ તે સુખની આગળ દુઃખ તો તૈયાર થઈને ઊભું છે, તે એટલે સુધી કે સુખના કરતાં દુઃખ અનંતગણું વધી પડશે. તે માટે શાસ્ત્રમાં કહ્યું છે કેઃ–

શ્લોક–યજ્જન્મનિસુખંમૂઢ યચ્ચદુઃખં પુરઃસ્થિતમ્ ।
તયોર્દુઃખમનંતં સ્યાત્ તુલાયાંકલ્પમાનયોઃ ॥ ૧ ॥

અર્થ—આ સંસારમાં હે ચેતન ! તારી સન્મુખ જે કાંઇ સુખ અથવા દુઃખ દેખાય છે તે બંનેને જ્ઞાનરૂપી ત્રાજવામાં મૂકીને તોળી જોઇશ તો તને સુખ થકી દુઃખ અનંતગણું માલૂમ પડશે. જેમકે હિંસાદી પાપાશ્રવો કરી મનુષ્યભવ હારી ગયો તેને પરંપરાએ સાત નરકમાં અથવા તિર્યંચોના ભવોમાં રઝળતાં અનંતાં દુઃખો ઉત્પન્ન થાય છે. વળી હે આત્મા ! તારે વિચારવું જોઈએ કે મનુષ્ય માત્રને સુખ ભોગવવાનું સ્થાન આ શરીર છે. પરંતુ તે શરીર જ અનિત્ય છે, તો પછી બીજાં સુખોની શા માટે નકામી ફોગટ ઈચ્છા રાખી પાપકર્મોમાં તું ખૂંચી રહે છે, ઇત્યાદિક ખૂબ ઊંડો વિચાર કરી વસ્તુની અનિત્યતાનું

ચિંતવન કરી સ્થિર ધર્મમાં સારી રીતે દૃઢ બની જજે. જેથી પૂર્ણ રીતે ઉભય લોકમાં સુખી થવાય.

## બીજી અશરણ ભાવના

આ સંસારમાં શરણ કરવા યોગ્ય શું છે. અશરણ આત્માને કોનું શરણ લેવું જોઇએ અને શરણનાં સાધનો કેવી રીતે મેળવી શકાય. કયો ઉપાય શોધું જેથી આનંદ પ્રાપ્ત કરી શકું. તે માટે શાસ્ત્રકાર કહે છે કેઃ—

कोनुस्यादुपायोत्र, येनाहं दुःखसागरात् ।
संसाराच्च विनिर्गत्य, निर्भयानंदमाश्रये ॥

આ જગતમાં એવો કોઇ ઉપાય છે કે જે વડે હું આ દુઃખના સમુદ્ર એવા સંસારમાંથી નીકળી નિર્ભય એવા આનંદનો આશ્રય લઉં. આ શ્લોક ઉપરથી એટલું જ સિદ્ધ થાય છે, કે આ સંસારમાં ધર્મનું શરણ જ જીવને આનંદદાયક છે. દરેક પ્રાણી ઉપર ભયંકર અને વિકરાળ કાળરાજાનું ચક્ર ફર્યા કરે છે. તે કાળનું સ્વરૂપ શાસ્ત્રકારોએ ઘણાં સ્થળોએ વર્ણવ્યું છે. તે કાળની ઇચ્છા માત્રથી જગતમાં શું બની રહ્યું છે ત વિચાર.

जगत् त्रय जयी वीर, एक एवान्तकःक्षणे ।
इच्छामात्रेणयस्यैते,पतन्तित्रिदशेश्वराः ॥

અર્થઃ—ત્રણ જગતને જીતવાવાળો એક અદ્વિતિય સુભટ કાળ છે, જેની માત્ર ઇચ્છાથી દેવતાઓના સ્વામી ઇંદ્રો પણ ક્ષણમાત્રમાં સ્વર્ગથી પડે છે. તો પછી બીજાની શી દશા ? જેમના હૃદયમાં અશરણ ભાવનાનું સ્વરૂપ ઓળખાયું નથી તે ખરેખર મૂર્ખા છે, કારણ કે કોઈ શરણભૂત નથી એવું

નજરે જોયા છતાં ખોટા શરણને પકડી ઘણા દુઃખી થાય છે, અને સાચા શરણનું ભાન નહિ આવવાથી પરિણામે ઘણી દુખદાઈ ભવાટવીમાં ભ્રમણ કરી રહ્યા છે. બીજાની દુઃસ્થિતિ જોઈને તેઓ શોક કરવા મંડી જાય છે, પરંતુ પોતાના આત્માનો વિચાર કરતા નથી, કે હે આત્મા! તારું શું થશે? તે માટે કહ્યું છે કે:-

शोचन्ति स्वजनंमूर्खाः, स्वकर्मफलभोगिनम् ।
नात्मानं बुद्धिविध्वंसं, यमद्रंष्ट्रांतरस्थितम् ॥

**અર્થ**:-પોતાનાં સ્વજન સગાંઓની મરણ આદિ આપત્તિઓ જોઈને મૂર્ખા માણસો શોક કરે છે. પરંતુ જેની બુદ્ધિનો નાશ થયો છે એવો પોતે યમરાજાની દાઢમાં રહેલો છે તેનો શોક કરતો નથી એ કેટલું શોચનીય સમજવું! જેમ દાવાનળની બળતી જવાલાઓથી ભયંકર એવા વનમાં મૃગના બાળકને કોઇ શરણ આપી શકતું નથી તેવી રીતે દુઃખરૂપ દાવાનળની બળતી જવાલાઓથી ભયંકર એવા સંસારરૂપી વનમાં પ્રાણીઓને કોઇ શરણ આપનાર નથી. હે ચેતન! આ ઉપરથી તને ખાત્રી થશે કે આ સંસારમાં પ્રાણીઓ મૃત્યુના વિકરાળ મુખમાં ગ્રાસ થઇ પડે છે, ત્યારે તને કોઈ શરણ આપનાર નથી. જેઓ છ ખંડને જીતી આત્મોત્કર્ષથી ગર્જારવ કરી રહ્યા છે, જેઓ પોતાની ભુજાબળથી સંપાદન કરેલા મહાન સુખો મેળવી આનંદ સાગરમાં ઊછળી રહ્યા છે; વળી જેઓ ત્રણ ભુવનમાં નિષ્કંટક બિરુદ ધરાવી રહ્યા છે તેવા ઇંદ્રા,ચક્રવર્તિ વાસુદેવો,પ્રતિવાસુદેવો વગેરે પણ ક્રૂર કાળરાજાની દાઢોમાં દળાતાં—પીસાતાં અશરણ હોઇ શરણ શોધવાને

માટે દીન મુખે થઈ દશ દિશાઓ પ્રતિ દૃષ્ટિ ફેંકતા વલખાં મારી રહ્યા છે પરંતુ કોઈ શરણુ થતું નથી; તો હે ચેતન! તેઓની પાસે તું શી ગણુતરીમાં છે? આ ઉપરથી સિદ્ધ થાય છે કે આ સંસારમાં ખરું શરણ નિર્ભય આનંદ આપનાર ધર્મ જ છે. ધર્મની દિવ્ય સત્તા નીચે આવેલો આત્મા નિરાબાધ સદા સુખી રહે છે. તે ચોક્કસ લક્ષમાં લઈ ધર્મનું શરણ કરવા તત્પર થા.

## ત્રીજી સંસાર ભાવના

હે ચેતન! જો તું આ સંસાર ભાવના ભાવીશ તો તારા મનુષ્ય જીવનની ઉપર કોઈ દિવ્ય પ્રભા પડશે. તારા જીવનને સન્માર્ગ દર્શાવનારી અને ખરા કર્તવ્યની દિશા તરફ દોરનારી આ સંસાર ભાવનાને જો તારા હૃદય ઉપર આરૂઢ કરીશ તો તારી આગળ આ સંસારનું શુદ્ધ સ્વરૂપ સ્વતઃ પ્રગટ થઈ આવશે, તે તને દર્પણની જેમ દેખાઈ આવશે, તે સાથે આ ભવાટવિ કેવી ભયંકર છે અને તેની અંદર પ્રાણીઓની શી સ્થિતિ થાય છે તે તમામ સ્વરૂપ તારી સમક્ષ સાક્ષાત્કાર થઈ આવશે તેનો વિચાર કરજે. અજ્ઞાનના આવરણથી આવર્ત થયેલો અને મિથ્યાત્વના ઉદયથી અચેતન જેવો બની ગયેલો જીવ પોતાના જીવનની સુધારણાના સત્ય માર્ગને શોધી શકતો નથી તેથી તે ચતુર્ગતિરૂપ વિકટ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. કર્મનાં દૃઢ બંધનથી પરાધીન થયેલા પ્રાણીને જે ઘોર દુઃખો ભોગવવાં પડે છે તે તો અનંત કાળથી ચાલ્યાં આવે છે. કર્માધીન સંસારી

જીવે અનંત પુદ્ગલ પરાવર્તન કરેલાં છે તેનું સ્વરૂપ પ્રથમ બતાવી દીધું છે. વળી કોઈ વાર શુભકર્મનો ઉદય થઈ આવે તો પુન્યની પ્રબળતાથી વિમાનવાસી બની જાય છે. પરંતુ ત્યાં પણ તેમનો સ્થિર વાસ નથી. સ્થિતિ પૂરી થઇ રહ્યા પછી તુરત જ ત્યાંથી ચલાયમાન થવું પડે છે. ત્યાંથી ચવી તે આ વિશ્વમંડળમાં અથડાયા કરે છે. કોઈ વાર પાપ-કર્મના પ્રબળ ઉદયથી નરકભૂમિમાં ક્ષુધા, તૃષા, તાપ, ટાઢ અને તર્જના પ્રમુખ અસહ્ય દુઃખો સહન કરવાં પડે છે; જે દુઃખોનું શ્રવણ કરતાં કંપારી છૂટે છે. કદાચિત્ તિર્યંચની યોનિમાં પણ પરાધીનતા વગેરેનું ઘણું કષ્ટ સહન કરવું પડે છે. હે ચેતન! બીજી ગતિઓની વાત તો દૂર રહી પરંતુ ચિંતામણી સમાન ગણાતા મનુષ્ય જીવનનો તો ખાસ તું વિચાર કર. કેટલાક તો પશુ સમાન અજ્ઞાન અવસ્થામાં જ પોતાનું જીવન પૂરું કરે છે. કેટલાકને જન્મતાં જ માતાપિતાનો વિયોગ થાય છે. કેટલાક વળી ક્ષુધા, તૃષા અને તિરસ્કારની પીડાઓપૂર્વક જીવન પર્યંત દાસપણું કરે છે. ત્યારે વળી કેટલાક તો વિવિધ પ્રકારના રોગથી પીડાઈ રહેલા હોય છે. તે તમામ મનુષ્યની સ્થિતિનું અવલોકન કર; જેથી તને સત્ય વસ્તુનું ભાન થાય. આ સંસારમાં એવી કઈ જાતિ છે અને વળી એવી કઈ યોનિ છે કે જે જાતિ અને યોનિમાં તું જન્મ્યો નથી. એટલું જ નહિ પરંતુ જેને તું પ્રેમનાં સ્થાનરૂપ-ભોગવિલાસની ભૂમિરૂપ માને છે તે સ્ત્રી કોઈવાર તારી માતા પણ થઈ ચૂકી છે. વળી માતા તે સ્ત્રી થઇ ચૂકી છે. પિતા તે પુત્ર ને પુત્ર તે પિતા; એવી રીતે અનેક જીવની સાથે અનંત સગપણ થયાં છે.

હજી આત્માને નહિ સમજાવે તો તારે અનંત કાળ ભ્રમણ કરવાપૂર્વક નવાં નવાં સગપણ કરી, સંયોગ-વિયોગના અનંત દુઃખો સહન કરવાં પડશે. પરંતુ જો આ અનુપમ ભાવનાને તારા હૃદયમાં સ્થાન આપીશ અને વીતરાગના વચનમાં શુદ્ધ શ્રદ્ધા ઉત્પન્ન કરીશ તો આ સંસારના વિકટ અને વિષમ ભાવો તને હેરાન નહીં કરે અને ખરું આત્મબળ પ્રગટ થશે અને તારા શુદ્ધ આત્માની અપૂર્વ જ્યોતિ પ્રગટ થશે.

## ચોથી એકત્વ ભાવના

**मित्रपुत्रकलत्रादिकृते कर्मकरोत्ययम् ।**
**यत्तस्यफलमेकाकी भुङ्क्तश्वभ्रादिषु स्वयम् ॥**

પ્રાણી પોતાના પુત્ર, મિત્ર, સ્ત્રીવર્ગ વગેરેને માટે જે કાંઈ કર્મ કરે છે તે કર્મનું ફળ નરકાદિ ગતિમાં પોતે એકલો જ ભોગવે છે. તેના મિત્રો, પુત્રો કે સ્ત્રી વગેરે તે કર્મનું ફળ ભોગવવામાં સહાય થતાં નથી. આ જીવ સારાંનરસાં કાર્યો કરી જે દ્રવ્ય પેદા કરે છે તે દ્રવ્યને ભોગવવા માટે તેના મિત્ર-પુત્રાદિ કેવળ સહાયકો થાય છે. પરંતુ તેણે કરેલાં કર્મોથી ઉત્પન્ન થયેલી દુઃખોની શ્રેણીને સહન કરવામાં કોઇ સહાયક થતું નથી. તે દુઃખોની શ્રેણી તો કર્મને બાંધવાવાળાને જ ભોગવવી પડે છે. સર્વે જીવો જન્મ અને મરણનો પ્રત્યક્ષ અનુભવ કરે છે અને દેખે છે છતાં પણ તેના હૃદયમાં આવતું નથી કે જન્મ અને મરણનો અનુભવ એકલાને જ કરવો પડે છે. દરેક પ્રાણી એકલો જ

જન્મે છે અને એકલો જ મરણ પામે છે. તે વાત જગ-પ્રસિદ્ધ છે. છતાં અજ્ઞાનથી અંધ બનેલો એકત્વ ભાવનાને ભાવતો નથી. દરેક પ્રાણી મનુષ્યજન્મ જેવા ચિંતામણી રત્નનો અલભ્ય લાભ લેવાનો અધિકારી હોવા છતાં પ્રમાદ વગેરે દુર્ગુણોને વશ થઈ પોતાના એકત્વનું શુદ્ધ સ્વરૂપ સંપાદન કરી શકતો નથી તે કેવી ભૂલ ગણાય ? આ જીવ એકલો આવ્યો છે, એકલો જવાનો છે ને ઉપાર્જન કરેલા શુભ-અશુભ કર્મોને એકલો જ ભોગવવાનો છે. અત્યાર સુધીમાં તને દુઃખમાં સહાય કરનાર કોઇ થયું નથી અને થશે પણ નહીં. આ પ્રમાણે એકત્વભાવના તારા હૃદયમાં ભાવી વિવેક દીપક પ્રગટ કરજે. તેના પ્રકાશથી તારા હૃદયનો અંધકાર દૂર થશે અને તને ખાત્રી થશે કે આ સંસારનો સંબંધ સ્વાર્થમય છે અને ખરો સહાયક તો ધર્મ જ છે તેમ પ્રતિભાસ થશે.

## પાંચમી અન્યત્વ ભાવના

**पुत्रमित्रकलत्राणि वस्तूनि च धनानि च ।**
**सर्वथाऽन्यस्वभावानि भावय त्वं प्रतिक्षणम् ॥**

**અર્થ**:—હે આત્મા ! આ જગતમાં પુત્ર, મિત્ર અને સ્ત્રી તેમ જ બીજી વસ્તુઓ તથા દ્રવ્ય વગેરે પૌદ્ગલિક પદાર્થો સર્વ પ્રકારે જુદા સ્વભાવવાળા છે, એક સ્વભાવવાળા નહિ; એવી ભાવના તારા હૃદયમાં ક્ષણે ક્ષણે ભાવજે. હે ચેતન ! તું શુદ્ધ સ્વરૂપી છે. તેં પરપુદ્ગલોમાં પ્રવેશ કરેલો છે. પરમાં પ્રવેશ કરવાથી તને આધિ, વ્યાધિ ને ઉપાધિ રૂપ અનેક કષ્ટો પ્રાપ્ત થાય છે. પરપ્રવેશના આવેશથી તારામાં મમત્વના અંકુરો પ્રગટ થઈ આવે છે. જે અંકુરો તને તારા

જીવનમાં શલ્યરૂપ બને છે. માટે તારા જીવનને જો નિરૂપાધિક આનંદમય બનાવવું હોય તો તું તેની અંદર અન્યત્વ ભાવનાનો પૂર્ણ પ્રકાશ પાડજે. શરીર તે આત્મા નથી ને આત્મા તે શરીર નથી. આત્માથી શરીર જુદું છે. આત્મા તે ચેતનમય છે ને શરીર તે જડ છે. તેનો સાચો સંબંધ આત્માને નથી. પૂર્વ કર્મના યોગથી આ સંસારમાં જે કાંઈ મળી આવે છે તેની અંદર મમત્વ ન રાખવા માટે અન્યત્વ ભાવના ખાસ જરૂરની છે. જે કાંઇ આવે છે તે અન્ય છે આત્મીય નથી, એવી ભાવના જે ભાવવી તે અન્યત્વ ભાવના છે. આ જગતમાં જે ઘણામાં ઘણા દુઃખી માણસો છે અને તે દુઃખોની બૂમ પાડનારા છતાં તેમાંથી છૂટવાનો ઉપાય નહીં કરનારા આ અન્યત્વ ભાવનાના પ્રયોગને નહીં જાણનારા છે એમ સમજવું. આત્માથી તમામ વસ્તુઓ ભિન્ન છે, આત્માની નથી; એવી રીતે મનુષ્ય આત્મા અને પુદ્ગલોનો સંબંધ સારા વિવેકથી વિચારે તો તેનો આત્મા અન્યત્વ ભાવનાને ભાવતો થશે. અને મમતાથી ગૃહમાંથી મુક્ત થઈ શિઘ્ર અપૂર્વ આત્મકલ્યાણ કરી શકે છે.

## છઠ્ઠી અશુચિ ભાવના

જ્યારે અન્યત્વ ભાવના સિદ્ધ થઈ એટલે આત્મા અને દેહનો સંબંધ ભિન્ન દેખાઈ આવે છે. દેહ અશુચિમય છે. આત્મા શુચિ એટલે પવિત્ર છે. એવું ભાન લાવવાની આવશ્યકતા હોવાથી છઠ્ઠી અશુચિ ભાવનાનો ક્રમ બરાબર છે. હે ચેતન ! જેની ઉપર તને સંપૂર્ણ રાગ છે. જેનું પોષણ કરવા માટે હમેશાં તું મજા રહે છે તે તારી આ કાયા અશુચિમય છે. અશુચિના

ભંડાર જેવી અને ક્ષણમાં વીખરાઈ જનાર અને વળી પવિત્ર વસ્તુને અપવિત્ર કરનારી ક્ષણવારમાં ભસ્મીભૂત થનારી છે. કાયાની આવી સ્થિતિ જોઈને જ સનત્કુમાર ચક્રવર્તિએ તેના ઉપરથી મોહ છોડી દીધો હતો. એ મહાન પુરુષનું ચરિત્ર વૈરાગ્યથી ભરપૂર, ઘણું જ અસરકારક, ઉત્તમ બોધ આપનારું અને શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. તેઓની કાયા ઘણી સુંદર હતી છતાં પૂર્વકૃત કર્મના ઉદયથી તે જ કાયા રોગમય બની જવાથી તેમના શુદ્ધ અંતઃકરણમાં તીવ્ર વૈરાગ્ય પ્રાપ્ત થયો અને તરત જ ચારિત્ર લેવા તત્પર થયા. છ ખંડની પ્રભુતા ક્ષણવારમાં છોડી દઈ મહાત્મા ચાલી નીકળ્યા. ધન્ય છે તેવા પવિત્ર મહાત્માઓને કે જેમનું નામ લેતાં પાપના પુંજનો નાશ થાય છે. તે પ્રમાણે હે ચેતન ! તું પણ આ છઠ્ઠી અશુચિ ભાવનાને તારા પવિત્ર હૃદયમાં ઉત્પન્ન કરજે. જેના દિવ્ય પ્રભાવથી અજ્ઞાન, અધર્મ અને સ્વાર્થમય તારી દેહ તરફની મમતા દૂર થઈ જશે અને તું કલ્યાણનું સ્થાન બનીશ. અને આત્માના સુતત્ત્વો તારી દૃષ્ટિમાં પ્રકાશિત થશે; માટે અશુચિ ભાવનાનો વિચાર કરવો કે આ શરીર રસ, રૂધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા ને વીર્ય એ સાત ધાતુથી ભરેલું છે, તે કોઈ કાળે પવિત્ર થતું નથી. પુરુષના નવ દ્વાર અને સ્ત્રીનાં બાર દ્વારો સદા અશુચિથી વહ્યા કરે છે. તો તેના ઉપરથી મમત્વભાવ છોડી દઈ આત્માને નિર્મળ બનાવવો એ જ મનુષ્ય જીવનનું સાફલ્ય છે.

## સાતમી આશ્રવ ભાવના

જેમ સમુદ્રમાં ચાલતા વહાણમાં છીદ્ર પડવાથી તેની

અંદર પાણી ભરાય છે તેવી જ રીતે જીવ પણ મન, વચન, કાયાના યોગરૂપ છીદ્ર પડવાથી શુભાશુભ કર્મને ગ્રહણ કરે છે. કર્મબંધનના હેતુઓ વડે જે કર્મોનું ગ્રહણ કરવું તે આશ્રવ કહેવાય છે. આત્માનો સ્વભાવ શુદ્ધ છે. પરંતુ કર્મના લેપ વડે અશુદ્ધ બને છે. ક્રોધાદિક કષાયો, વિષય, પ્રમાદ, મિથ્યાત્વ, મન, વચન, કાયાના યોગ અને અવિરતિ વડે તમામ આશ્રવો જીવોને જન્મમરણના ભયને આપનારા પાપના સમૂહને નિયમિત કરનારા છે. આવા પ્રકારના દુઃખના સ્થાનભૂત સત્તાવન આશ્રવોને ત્યાગ કરવા હે ચેતન ! તત્પર રહેજે. જ્યારે સર્વથા મન-વચન-કાયાથી તેનો ત્યાગ થશે ત્યારે જ તારા આત્માના અવિનાશી સુખની તને પ્રાપ્તિ થશે. માટે આશ્રવના બેંતાલીસ ભેદો છે તેનો અંતરથી વિચાર કરવો જોઈએ અને તેને અટકાવવા પ્રયત્ન કરવો.

## આઠમી સંવર ભાવના

આત્મસ્વરૂપને નિર્મળ બનાવનારી સંવર ભાવના જાણવી. ઉપર બતાવેલી આશ્રવ ભાવનાની સાથે આ ભાવનાને સંબંધ છે. આશ્રવ શબ્દનો અર્થ કર્મને આવવાનો છે ત્યારે સંવર શબ્દનો અર્થ તેથી ઊલટો છે. એટલે તે જ આશ્રવનો નિરોધ કરવાથી સંવર થાય છે. પાપને આવવાનાં ગરનાળા સમાન જે સત્તાવન આશ્રવ તે સર્વ દ્વારને રોકવાં અર્થાત નવા આવતાં કર્મોને અટકાવવાં તે સંવર કહેવાય છે. તે સંબંધી જે શુભવિચાર તે સંવર ભાવના જાણવી. જેમ સમુદ્રમાં રહેલા નાવને છીદ્ર હોય તો અંદર પાણી ભરાઈ જવાથી ડૂબી જાય છે. પરંતુ જો તે છીદ્રને બંધ કરી દીધું

હોય તો તેની અંદર પાણી આવતું નથી અને નાવ પણ ડૂબી જતી નથી; તેમ પાપને આવવાનાં નાળાં બંધ કરવાથી નવાં કર્મ આવતાં બંધ થઈ જાય છે. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, દશ વિધયતિધર્મ, બાર ભાવના, સત્તર પ્રકારે સંજમ, બાવીસ પરિસહ જીતવા તે તમામ સાધનો નવાં કર્મને આવતાં અટકાવીને સંવરની પ્રાપ્તિ કરાવે છે. આ સંવર ભાવનાની પ્રવૃત્તિ આત્મસ્વરૂપની નિર્મળતા બનાવવામાં બહુ ઉપયોગી છે. માટે હે ચેતન! લક્ષમાં લઈ ઉપર કહેલી સંવર ભાવનાને અમલમાં મૂકવા ઉદ્યમવંત થજે.

## નવમી નિર્જરા ભાવના

આત્માને લાગેલાં કર્મ જર્જરીભૂત કરી દેવાં તે નિર્જરા કહેવાય છે. તે નિર્જરા તપસ્યાના યોગથી વિશેષ પ્રકારે થઈ શકે છે, તેથી આત્મસ્વરૂપને નિર્મળ કરવા માટે નિર્જરા ભાવનામાં તપસ્યા કરવાની આવશ્યકતા છે. તે તપના છ બાહ્ય અને છ અભ્યંતર એવા બાર ભેદ છે. તે બાર ભેદનાં નામો નીચે પ્રમાણે છે:

### છ ભેદ બાહ્ય તપના

૧ અનશન કહેતાં ઉપવાસ, છઠ વગેરે કરવાં તે.

૨ ઉનોદરિકા કહેતાં બેચાર કે આઠ કવલ ઓછું જમવું.

૩ વૃત્તિસંક્ષેપ તે ચૌદ નિયમ ધારવા ઇત્યાદિક.

૪ રસત્યાગ તે છવિગય અથવા છમાંથી કોઈપણ વિગયનો ત્યાગ કરવો.

૫ કાયકલેશ તે વીરાસન વગેરે આસનો ઉપર વિધિ પૂર્વક બેસવું, કાઉસગ્ગ કરવા તથા કેશનો લોચ કરવો ઇત્યાદિક.

૬ સંલીનતા કહેતાં સંવરવું, સંકોચવું, તે અશુદ્ધ માર્ગે પ્રવર્તતી ઇન્દ્રિયોને સંવરવી, પાપથી આત્મા પાછો હઠાવવો ઇત્યાદિક.

આ છ ભેદ બાહ્ય તપના જાણવા.

## છ ભેદ અભ્યંતર તપના

૧ પ્રાયશ્ચિત્ત કહેતાં ગુર્વાદિકની પાસે પાપની શુદ્ધિ માટે આલોવણ લેવી ઇત્યાદિક.

૨ વિનય કહેતાં ગુણવંતની ભક્તિ, બહુમાન કરવું, જ્ઞાન-દર્શન, ચારિત્ર, મન, વચન-કાયા અને ઉપચાર એ સાત પ્રકારે ઇત્યાદિક.

૩ વૈયાવચ્ચ કહેતાં આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, સ્થવીર વગેરેનું આહાર, વસ્ત્ર વસતિ, ઔષધ ઇત્યાદિથી બહુમાન કરવું.

૪ સ્વાધ્યાય કહેતાં વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા આ પાંચ પ્રકારે સમજવો.

૫ જાણું કહેતાં ધ્યાન, તે મનની એકાગ્રતા કરી શુભ અધ્યવસાયમાં રહેવું.

૬ કાયોત્સર્ગ, કાય વગેરેના વ્યાપારનો ત્યાગ.

ઉપર પ્રમાણે છ ભેદ અભ્યંતર તપના જાણવા.

ઉપર બતાવેલ બાર પ્રકારના તપનું વિશેષ સ્વરૂપ નવ તત્ત્વનાં પુસ્તકની ૩૫-૩૬ ગાથાના વિશેષ અર્થમાં બતાવ્યું છે ત્યાંથી જાણી લેવું. આ બાર પ્રકારના તપને નિદાનરહિત શુદ્ધ અંતઃકરણપૂર્વક આદરવાથી દૃઢ પ્રહારી, અર્જુનમાળી વગેરેની માફક આ ભવનાં કરેલાં પાપો ભસ્મિભૂત કરીને આત્મા કેવળજ્ઞાન પામી શાશ્વત સુખનો

અખંડ આનંદ અનુભવે છે. આ કારણથી વૈરાગ્ય ભાવને ઉત્પન્ન કરનારી અને કર્મજાળને તોડી નાખનારી નિર્જરા ભાવના ભવી જીવોએ અવશ્ય ભાવવી જોઇએ અને અમલમાં પણ મૂકવી.

## દશમી લોકસ્વરૂપ ભાવના

ચૌદ રાજલોક અનાદિ કાળથી શાશ્વત છે. આદિઅંતથી રહિત છે. કોઇ દિવસ નાશ થવાનો નથી તેમ તેને કોઈ ઉત્પન્ન કરતું નથી. વળી તે અવિનાશી છે. જીવાદિ ષટ પદાર્થોથી ભરેલ છે. જેમ કોઈ કેડ ઉપર બે હાથ દઈ, પગ પહોળા કરી ઊભો રહે તેવી રીતે આ ચૌદ રાજલોકનું સ્વરૂપ જાણી લેવું. તે પુરુષના કેડની નીચે ભાગમાં અધોલોક, મધ્યમાં તિર્ચ્છાલોક અને ઉપરના ભાગમાં ઉર્ધ્વલોક છે. ષદ્ દ્રવ્યાત્મક લોકની બહાર અનંત આકાશ છે. તેને અલોક કહેવાય છે. બાકીના ભાગને લોક કહેવાય છે. તેમાં ષદ્ દ્રવ્ય વ્યાપી રહેલાં છે. તેની અંદર મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગની પ્રબળતાથી જીવો પરદ્રવ્યને પોતાનું માની ભ્રમણ કરી રહ્યા છે. જ્યારે વીતરાગના વચનથી શુદ્ધ માર્ગનું અનુસરણ કરશે ત્યારે જ લોકના અગ્રભાગે પહોંચી શાશ્વત સુખનો જીવો અનુભવ કરશે.

## અગિયારમી બોધિ દુર્લભ ભાવના

આ જીવને અનાદિ કાળથી સંસારમાં ભ્રમણ કરતાં માનવ ભવાદિ સામગ્રી પામ્યા પછી ધર્મનું શ્રવણ પ્રાપ્ત થયા છતાં પણ અત્યાર સુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ નહિ;

જેથી સંસારમાં ગોથાં ખાધાં. જો એકવાર પણ બોધિરત્ન પ્રાપ્ત થયું હોત તો આટલો કાળ ભ્રમણ કરવું ન પડત. સંસારની તમામ પૌદ્ગલિક વસ્તુ તને મળી ચૂકી હશે. પરંતુ સમ્યક્ત્વરત્ન બહુ જ દુર્લભ થઈ પડયું. જે જીવો સિદ્ધ થયા, થાય છે અને થશે, તે તમામ સમ્યક્ત્વનાં માહાત્મ્યથી જ થયા છે. આ સમ્યક્ત્વ રત્ન પામવા માટે મનુષ્યગતિ સર્વોત્તમ સાધન છે. માટે મહામૂલ્યવાળી આવી શુભ સામગ્રી પામો સમ્યક્ત્વરત્ન પ્રાપ્ત કરવા હે આત્મા ! સારી રીતે યત્ન કરજે. જેથી તારી આ માનવભવની મુસાફરી સફળ થશે. આ બાબતની વિશેષ હકીકત સમ્યક્ત્વની પ્રાપ્તિમાં આગળ ઉપર વર્ણવેલી છે ત્યાંથી જોઈ લેવી.

## બારમી ધર્મ દુર્લભ ભાવના

આ જીવને જ્યારે બોધિ બીજની પ્રાપ્તિ થાય ત્યારે જ ધર્મ આરાધન કરવાની બરાબર રુચિ થાય છે. જ્યાં સુધી મિથ્યાત્વરૂપ અંધકાર આત્મામાં છવાઈ રહેલું હોય ત્યાં સુધી જીવને શુદ્ધ માર્ગ દૃષ્ટિગોચર થતો નથી. આ હેતુ માટે સમ્યકત્વ પામ્યા પછી ધર્મનું આરાધન બરાબર કરાય છે. આ ધર્મભાવના જીવને ઘણી કઠિન છે. સંસારની વાસનાથી વાસિત થયેલા આત્માને વિષય, કષાય, સ્ત્રી-પુત્ર અને ધનાદિકમાં જેવી પ્રીતિ થાય છે, તેવી જો ધર્મ પ્રત્યે થાય તો આ સંસારનાં સમગ્ર દુઃખોનો નાશ કરવાને તે આત્મા સમર્થ થાય છે. આવા ઉત્તમ ધર્મને માટે પ્રત્યેક ભવ્ય પ્રાણીઓએ આદર કરવો જોઈએ. જે જીવો આવા

ઉત્તમ ધર્મથી વિમુખ રહે છે તે જીવો પોતાના માનવ જીવનનો દુરુપયોગ કરે છે. મહાત્મા પુરુષો પોકાર કરીને કહે છે કે હે ભવ્ય જીવ! તું પ્રમાદ અને મોહવશ થઇ ધર્મનો અનાદર કરીશ નહીં. જો અનાદર કરીશ તો આ સંસારનો કેફ તને ઉન્માર્ગે ચડાવી દેશે, જેથી ભવ સમુદ્રને તારનાર જૈન ધર્મને તું ભૂલી જઈશ અને ઊલટી તારા હૃદયમાં સંસારસુખની વાસનાઓ વધારે પ્રબળ થઇ આવશે. જ્યાં સુધી આ જીવ ધર્મ તરફ આદર કરતો નથી ત્યાં સુધી તેને સુખની પ્રાપ્તિ થવાની નથી. બીજ વાવ્યા વિના કદાપિ ધાન્યની ઉત્પત્તિ ન થાય. આ જગતમાં રાજાપણું, ચક્રવર્તિપણું, ઇંદ્રપણું અને છેવટ તીર્થંકરપણું ધર્મના પ્રભાવથી જ પ્રાપ્ત થઈ શકે છે. ધર્મ આગળ કોઇ પણ પદાર્થ દુર્લભ નથી. આવા ઉત્તમ પ્રકારના ધર્મને આરાધન કરવા. હે આત્મા, જલદી તૈયાર થજે. ઉપર બતાવેલ બાર ભાવનાને હૃદયમાં સ્થાન આપવાવાળો જીવ કોઇ દિવસ દુઃખી થતો નથી. તેમજ વળી મૈત્રાદિક ચાર ભાવના પણ ખાસ કરીને લક્ષમાં લેવાલાયક છે.

મૈત્ર્યાદિક ચાર ભાવનાનું સ્વરૂપ :

**परहितचिंता मैत्री, परदुःख विनाशिनी तथा करुणा।**
**परसुखतुष्टिर्मुदिता परदोषोपेक्षणमुपेक्षा ॥**

**અર્થ**:—બીજા પ્રાણીઓનું હિત ચિંતવવું તે મૈત્રી ભાવના, પારકાના દુઃખોનો નાશ કરવાની ઇચ્છા અથવા ચિંતા તે કરુણાભાવના, બીજાઓનું સુખ જોઈ આનંદ

પામવો તે પ્રમોદભાવના અને બીજાઓના દોષોની ઉપેક્ષા કરવી તે ઉપેક્ષા (માધ્યસ્થ) ભાવના કહેવાય:

## મૈત્રી ભાવનાનું વિશેષ સ્વરૂપ

**माकार्षित्कोपि पापानि, मा च भूत्कोपि दुःखितः ।**
**मुच्यतां जगदप्येषा, मतिर्मैत्री निगद्यते ॥**

કોઈપણ પ્રાણી પાપ કરો નહીં, કોઇપણ જીવ દુઃખી થાઓ નહીં, આ જગત કર્મથી મુકાઓ. આવી બુદ્ધિને મૈત્રી ભાવના કહેવાય છે. આ ભાવનાનું સ્વરૂપ ખૂબ દીર્ઘ-દૃષ્ટિથી વિચારવા લાયક છે. પ્રથમ જે બાર ભાવના બતાવી તે સંસારનું સ્વરૂપ પ્રગટ કરે છે. ત્યારે મૈત્ર્યાદિ ચાર ભાવના બીજા જીવો પ્રત્યે કેવા પ્રકારનું વર્તન રાખવું તેનો ખ્યાલ આપે છે. આ જમાનાની વિચિત્રતાને લઈ ચારે ભાવનાઓ નાશ પામતી જાય છે. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મૈત્રી ભાવનાનું સ્વરૂપ બતાવતા કહે છે, કે કોઇ જીવ પાપ કરો નહીં એવી ભાવના થાય ત્યારે બીજાં પ્રાણીઓ પાપનાં કારણો ન મેળવો એ પણ ભેગું આવી જાય છે; જેવી રીતે સર્વ જીવો પોતાના સુખની દરકાર રાખે છે. પરંતુ બીજા જીવોનું શું થતું હશે તે જોવાને કે જાણવાને માટે ઊભા પણ રહેતા નથી. જગતના જીવો ઉપર મૈત્રીભાવ કરનાર સર્વને સુખી જોવામાં રાજી થાય છે. અને પોતે કોઈ જીવને કોઈ પ્રકારનું દુઃખ આપતો નથી. આ જગત કર્મથી મુક્ત થાઓ. આવી બુદ્ધિ પણ તે જ મનો-રાજ્યમાંથી નીકળે છે. પારકાનાં હિતનું ચિંતવન કરવું તે

મૈત્રીભાવના છે. તીર્થંકર મહારાજને વીસસ્થાનક તપ કરતાં એવી ઇચ્છા થઇ જાય છે કેઃ

સવી જીવ કરું શાસન રસી
એસી ભાવ દયા મન ઉલ્લસી.

આ ઉત્કૃષ્ટ ભાવદયાના પરિણામે તીર્થંકર નામકર્મના બંધ કરે છે. સર્વ જીવો જો શાસનમાં જોડાઈ જાય તો પછી તે જીવોની ભવની ભાવઠ મટી જાય અને તેઓનાં મહાદુઃખનો પણ નાશ થાય. એવી પરાર્થ સાધવાની વૃત્તિ થતાં જ દેવેન્દ્ર ચક્રવર્તીઓ પણ જેને નમસ્કાર કરે છે તેવું તીર્થંકરપદ પ્રાપ્ત થાય છે. આવી ઉચ્ચ કોટીની ભાવના ભાવતાં મન કેટલું સમતામાં સ્થિર થતું હશે તે વિચારવા લાયક છે. હરિભદ્રસૂરિ મહારાજ કહે છેઃ પરહિતચિંતામૈત્રી તે સૂત્ર બરાબર છે. પોતાના સ્વાર્થનો વિચાર કરવા કરતાં પરના હિતચિંતવનમાં અપૂર્વ આનંદ થાય છે અને તેથી સ્વહિત સિદ્ધ થઈ જાય છે. વળી બૃહદ્ શાંતિમાં પણ શ્રી શ્રમણ સંઘસ્ય શાંતિર્ભવતુ શ્રીજનપદાનાં શાંતિર્ભવતુ, શ્રી રાજાધિપાનાં શાંતિર્ભવતુ....ઇત્યાદિક ગાથાઓમાં પણ આખા જગતનું કલ્યાણ થાઓ, સર્વ પ્રાણીઓ પારકું હિત કરવામાં તત્પર થાઓ. સર્વ દોષો નાશ પામી જાઓ, સર્વ ઠેકાણે સર્વ પ્રાણીઓ સુખી થાઓ. કેવા વિશુદ્ધ અંતઃકરણથી આ ભાવો નીકળે છે! બોલનારને અને સાંભળનારને પણ તે પવિત્ર રહેવાનો વિચાર કરાવી આપે છે. વળી તેવો જ ધ્વનિ શ્રાદ્ધપ્રતિક્રમણના સૂત્રમાં બતાવી આપે છે.

खामेमिसव्वजीवे सव्वे जीवाखमंतुमे ।
मिति मे सव्वभूएसु वैरं मज्झन के णइ ॥

**અર્થ**:—હું સર્વ જીવોને ખમાવું છું, તેઓ મને ક્ષમા કરે એમ ઈચ્છું છું. મારે સર્વ જીવ સાથે મૈત્રી છે અને કોઇ જીવ સાથે વૈર-વિરોધ નથી. આવી રીતે ત્યાગ અને ગ્રહણ બન્ને પ્રકારની મૈત્રી ભાવના ઉત્કૃષ્ટ રીતે ભાવવાની આવશ્યકતા છે. આ મૈત્રી ભાવનાના સ્વરૂપ હજી ઘણી રીતે વિસ્તારથી શાસ્ત્રોમાં બતાવ્યાં છે. પરંતુ અહીં આટલાં બસ સમજી મૈત્રી ભાવના ઉપર ખૂબ લક્ષ આપવાનું આ ટૂંક જીવનમાં જરૂરી છે.

બીજી પ્રમોદ ભાવનાનું સ્વરૂપ

अपास्ताशेषदोषाणां वस्तुतत्त्वावलोकिनाम् ।
गुणेषु पक्षपातोयः स प्रमोद प्रकीर्तितः ॥

**અર્થ**:—જેમણે સર્વ દોષો દૂર કર્યા છે અને વસ્તુ તત્વને જેઓ જોઈ રહ્યા છે. તેઓના ગુણ ઉપર પક્ષપાત તે પ્રમોદ ભાવના કહેવાય છે.

**વિવેચન**—જે મહાન પુરુષોએ પોતાના સર્વદોષોને મહાપ્રયત્ન કરીને દૂર કર્યા છે એટલે જેઓના ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ વગેરે મહાન દોષોનો નાશ થઇ ગયો છે અને વસ્તુસ્વરૂપ બરાબર સમજે છે, એવા મહાત્મા પુરુષોના ગુણ તરફ બહુમાન રાખવાનો ઉદ્દેશ છે.

અનેક ઉપસર્ગો સહન કરી આત્મવીર્ય ફોરવી દુનિયામાં જે અસાધારણ સદ્‌ગુણો કહેવાય તે-પ્રાપ્ત કરનારા

શ્રી વીતરાગ પરમાત્માઓને ધન્ય છે. તેઓશ્રીએ પોતાનાં સર્વ કર્મોનો જડમૂળથી ક્ષય કરી જીનનામને સિદ્ધ કરી બતાવ્યું છે. વળી આ જગતમાં અનેક સાધુ-મહાત્માઓ થઈ ગયા છે; જેઓએ પરોપકાર માટે પોતાના પ્રાણની પણ દરકાર કરી નથી. વળી જગતના જીવોના ઉપકાર કરવાના હેતુથી અનેક ગ્રંથો લખી ઉપદેશ આપી વસ્તુ-સ્વરૂપનું ભાન કરાવ્યું છે અને તેના માટે તેઓએ પોતાના નામની પણ દરકાર કરી નથી. વળી અત્યારે પણ અનેક સાધુ-મુનિરાજો ઉપદેશ આપી અન્ય જીવો ઉપર ઉપકાર કરી રહ્યા છે અને પોતાનાં કર્મનો ક્ષય કરવા અસાધારણ પ્રયાસ કરે છે. એવા મુનિવરોને ખરેખર ધન્ય છે. વળી શ્રાવકોમાં પણ આનંદ, કામદેવ વગેરે, શ્રાવિકાઓમાં પણ સુલસા જેને વીર પરમાત્મા ધર્મલાભ કહેવરાવતા; એવાં શ્રાવક-શ્રાવિકાઓને પણ ધન્ય છે. ઉપર બતાવેલ મહાત્મા પુરુષોનાં ચરિત્રો, જીવનવૃત્તાંતો વાંચી અથવા સાંભળી તેમનામાં તેઓના ગુણ માટે બહુ માન લાવવું તે પ્રમોદ ભાવના કહેવાય છે.આવો એક પણ ગુણ સર્વાંશે પ્રાપ્ત કરવામાં આવે તો તેની પછવાડે ઘણાજ ગુણો શ્રેણીબદ્ધ આવે-જાય છે. વળી ભાવના ભાવતી વખતે જો તે ગુણો પોતામાં હોય તો વિશેષ કરી સ્વચ્છ બને છે. અમુક પ્રાણીને બહુમાન મળે છે એ જોઈ અસંતોષ ન લાવવો અથવા તેના તરફ ઇર્ષા ન કરવી, પરંતુ તેનો ગુણોત્કર્ષ કરવો એ જ ગુણોની વૃદ્ધિ કરવાનું સાધન છે. આવી રીતે વિચાર કરીને તીર્થંકર મહારાજનો મૈત્રીભાવ ગજસુકુમાલ તથા

ખંધકઋષિ વગેરેની ક્ષમા, વિજય શેઠ તથા સ્થૂલિભદ્રાદિ ઉત્તમ જીવોનું બ્રહ્મચર્ય, સીતા વગેરેનું સતીત્વ, રેવતી વગેરેનો ભક્તિભાવ વગેરે તરફ ધ્યાન આપવું અને સ્તુતિયોગ્ય ગુણોની અને ગુણવાનની પ્રશંસા કરી જિહ્વાની અને કાનની અનુક્રમે ગુણાનુવાદ અને ગુણશ્રવણથી સફળતા કરવી. આ ગુણથી મળેલ સામગ્રી સફળ થાય છે અને ઘણા જીવોનું કલ્યાણ થાય છે માટે આ પ્રમોદ ભાવનાને હમેશ અંતઃકરણમાં સ્થાપન કરવી.

## ત્રીજી કરુણા ભાવનાનું સ્વરૂપ

**दीनेष्वार्तेषु भीतेषु याचमानेषु जीवितम् ।**
**प्रतिकारपरा बुद्धिः कारुण्यमभिधियते ॥**

**અર્થ** :–અશક્ત, દુઃખી, ભયથી વ્યાકુળ થયેલા અને જીવિતવ્યને યાચનાર પ્રાણીઓ ઉપર તેઓનું દુઃખ ટાળવાની જે બુદ્ધિ તે કરુણા ભાવના કહેવાય છે.

**વિવેચન** :–અનેક સંસારી જીવો લક્ષ્મી પ્રાપ્ત કરવાના ઈરાદાથી જંગલે જંગલ, દેશ–પરદેશ, સમુદ્ર, સ્મશાન વગેરે સ્થળે ફરે છે. પારકી સેવા કરે છે. વળી તેને સાચવવી વગેરે કારણોથી દુઃખી થાય છે. વળી મનુષ્યને માથે રોગ, ભય, મૃત્યુ, વૃદ્ધાવસ્થા વગેરે શત્રુઓ તો નિરંતર જાગતા જ છે અને તે હંમેશ દુઃખ આપ્યા કરે છે. વળી કેટલાક જીવો પાંચે ઈન્દ્રિયોના વિષયો ભોગવવામાં તલ્લીન થઈ સંસારમાં રચ્યાપચ્યા રહે છે. વળી કેટલાક જીવો મહા પાપનાં કાર્યો કરી અધોગતિમાં અયોગ્ય કાર્ય કરી રહ્યા છે. આવી રીતે આખું જગત

દુઃખથી વ્યાપ્ત છે. કોઈ શુદ્ધ દેવ, ગુરુ, ધર્મનું સ્વરૂપ ઓળખવાની દરકાર કરતા નથી. અનાદિ કાળથી મિથ્યાત્વમાં જ, જૂઠી શ્રદ્ધામાં રખડી રહ્યા છે. કોઈની મગજશકિત કે સમજણ કે વિચારશકિત જાગ્રત થઈ શકે તેવી હોય છે પરંતુ તે ઉપર તેઓ વિચાર કરતા નથી. આમ અનેક રીતે દુઃખી હોય છે. દુઃખી પ્રત્યક્ષ દેખાય છે. ભવિષ્યમાં દુઃખી થવાના એવી વીતરાગની વાણીથી પ્રતીતિ થાય છે. આવા પ્રકારના દુઃખી જીવો ઉપર કરુણા લાવવી, દયા લાવવી તે કરુણા ભાવના કહેવાય છે. આવી ભાવના ભાવતાં ભાવતાં વૃત્તિ બહુ નિર્મળ થાય છે. દૃષ્ટિ બહુ વિશાળ રહે છે. આત્મવત્ સર્વ ભૂતેષુ–પોતાના જેવા સર્વ પ્રાણીઓને દેખે છે; જેથી દુઃખી જીવોને દુઃખમાંથી કેવી રીતે છોડાવવા તેનો વિચાર વારંવાર થયા કરે છે અને તે પ્રાણી–વિચાર કરનાર પોતે પ્રાયઃ સુખી થાય છે; કારણ કે ખરેખર લાગણીથી પરોપકાર કરનારને દુઃખ થતું જ નથી. વળી શાંત સુધારસ ગ્રંથમાં તથા બીજા ગ્રંથોમાં પણ કહ્યું છે કે, જે પ્રાણી બીજાના દુઃખનો ઉપાય હૃદયમાં વિચારે છે તે જીવ પરિણામે વિકાર વિનાનું સુખ મેળવે છે. સાધારણ સુખ તો ક્ષણિક અને પરિણામે દુઃખ કરનાર હોય છે પણ આ ભાવનાવાળાને પરિણામે પણ સુંદર સુખનો અનુભવ થાય છે. આ ભાવના ઉપર બહુ વિચાર કરવાની જરૂર છે. ઘણા જીવો પોતાનું ભરણપોષણ કરવામાં જ જીવનની સફળતા માને છે. તિર્યંચો વગેરે પણ પોતાનું પેટ તો ભરે છે, પરંતુ તેમ નહિ થવા દેતાં પરોપકાર પરાયણ

જીવન બનાવવું. પરોપકારની વ્યાખ્યા ઘણી વિશાળ છે, તેની હદ નથી. માટે પોતાની શકિત, સ્થિતિ, સંયોગાદિને અનુસરી, આત્મવ્યતિરિક્ત પ્રાણીઓને ઉપયોગી થઈ પડવું એ પરોપકાર છે અને કરુણા ભાવનાનું મુખ્ય પરિણામ છે. એ ભાવના રાખવાથી અનેક જીવો સંસારસમુદ્ર તરી ગયા છે એવું શાસ્ત્રમાં સાંભળીએ છીએ; માટે આ ભાવના ઉપર ખૂબ ઉદ્યમશીલ બની, મળેલ માનવભવાદિ ઉત્તમ સામગ્રી સફળ કરી લેવી એ જ વિચારણા રાખવી.

## હવે ચોથી માધ્યસ્થ્ય ભાવનાનું સ્વરૂપ

क्रूरकर्मसु निःशंकं, देवतागुरुनिंदिषु ।
आत्मशंसिषु योपेक्षा, तन्माध्यस्थ्य मुदीरितम् ॥

**અર્થ**:–કોઈ પણ પ્રકારના આંચકા વગર ક્રૂર કર્મ કરનારા, દેવ અને ગુરુની નિંદા કરનારા અને વળી પોતાના આત્માની શ્લાઘા કરનારા પ્રાણીઓ ઉપર ઉપેક્ષા તે માધ્યસ્થ્ય ( અથવા ઉદાસિનતા ) ભાવના કહેવાય છે.

**વિવેચન**:–આ દુનિયામાં અનેક વિચિત્ર પ્રકારની પ્રકૃતિઓનાં પ્રાણીઓ હોય છે. કેટલાંક પ્રાણીઓ નિરંતર ક્રૂર કૃત્યો કરવામાં જ મોજ માને છે. કોઈ અસત્ય બોલી બીજાને છેતરવામાં સંતોષ માને છે. કોઈ ચોરી કરી પરધન હરણ કરે છે. કોઈ અપ્રામાણિકપણે ધનસંચય કરે છે. કોઈ પરસ્ત્રીમાં આસક્ત રહી ધન, શરીર અને કીર્તિનો નાશ કરે છે. કોઈ ક્રોધાદિ પાપસ્થાનકોને સેવી આનંદ માને છે. કોઈ અધમાધમ નીચ કાર્યો કરી મોજ

માને છે. વળી કેટલાક દેવ–ગુરુની નિંદામાં જ જીવનનું સાફલ્ય માને છે. આવાં આવાં પાપકાર્યો કરનાર બહુ જીવો જોવામાં આવે છે; પરંતુ જૈનશાસ્ત્રકાર તો કહે છે કે આવા જીવો તરફ તારે ક્રોધ કરવો નહિ. સંસારી સ્વાર્થના અંગે પણ ક્રોધ સર્વથા ત્યાજ્ય છે. માટે આવી રીતે તારે ક્રોધ કરવો ઉચિત નથી. હે ભાઈ! તું વિચાર કર કે આવા પ્રકારના માણસો ઉપર ક્રોધ કરવાથી તને શો ફાયદો છે? સર્વ જીવો પોતપોતાનાં કર્મોનુસાર કાર્યો કરે છે, તેના ઉપર ક્રોધ કરવો તે ઉચિત નથી; કારણ કે તારા ક્રોધથી તે પ્રાણીઓ પાપ કાર્યોથી પાછા હઠવાના નથી. જીવને જ્યારે પાપાનુબંધી–પાપ અથવા પુણ્યનો ઉદય થાય ત્યારે દુઃખ અથવા સુખનો અનુભવ કરતા અનુક્રમે ઉપર બતાવેલ કૃત્યો કરવાનું સૂઝે છે. એ કર્મનું શાસન છે. જો તેઓને સારા માર્ગે ચડાવવાની તારામાં શક્તિ હોય તો તેને સારી રીતે સમજાવ. તેઓને ઉપદેશ આપ. તેઓ તરફ તારી હિત-બુદ્ધિ છે તેમ જણાવી દે, પરંતુ જો તારામાં તેવી શક્તિ ન હોય તો તું તારું સંભાળી રાખ. તેં કાંઈ આખી દુનિયાને સુધારવાનો ઈજારો લીધો નથી, પ્રયત્ન કરી જીવને સારે રસ્તે ચડાવવો તેનો કરુણા ભાવનામાં સમાવેશ થાય છે, પરંતુ જ્યારે તારામાં ઉપદેશ કરવાની શક્તિ ન હોય અને ગમે તેટલો ઉપદેશ કરતાં સામો જીવ તેના મહાપાપોદયથી સારા રસ્તે આવી શકતો ન જ હોય તો પછી તારે તેના તરફ ઉપેક્ષા ( માધ્યસ્થ્ય વૃત્તિ ) રાખવી તે વધારે ઉચિત છે, એથી એ પ્રાણી પોતાનાં પાપકૃત્યોમાં વધારે ચુસ્ત થતો

નથી, અને તારી સાથે વિરોધ ન થયો હોય તો કોઈક દિવસ પણ તારાથી સમજાવી શકાવાનો સંભવ રહે છે. એના તરફ એકવાર પણ જો તું તિરસ્કાર બતાવીશ તો જીવન પર્યંત તારાથી એ વિરુદ્ધ રહે છે. વળી, શ્રીમદ્ યશોવિજયજી મહારાજ દ્વેષ સજ્ઝાયમાં કહે છે કે,

રાગ ધરી જે જીહાં ગુણ લહીએ,
નિર્ગુણી ઉપર સમચિત રહીએ...

આથી પણ સ્પષ્ટ થાય છે કે ગુણવાન ઉપર રાગ અને નિર્ગુણી ઉપર સમચિત રાખવાં, એવો અત્રે સ્પષ્ટ ઉપદેશ છે. તીર્થંકર મહારાજ અનંત વીર્યવાળા હોવા છતાં પણ બળાત્કારથી ધર્મ પ્રવર્તાવતા નથી પરંતુ શુદ્ધ ધર્મનો ઉપદેશ જ આપે છે, એટલા માટે જ સમતા રાખી મનોવિકારને વશ થઈ જવું નહીં. કેટલીકવાર બીજા જીવોના હિત કરવાના હેતુથી આ જીવ કલેશ કરે છે, ખોટી ચિંતા કરે છે; કાર્ય કરવું તે ઠીક છે પરંતુ નકામી ચિંતા નહિ કરવી; કારણ કે સામા જીવને કર્મ વિવર કયારે આપશે તે બાબત આપણું અજ્ઞાન હોવાથી દરેક કાર્યમાં આપણે સફળ થઈ શકીએ નહિ; માટે ઉદાસીનતા તે જ અમૃત સમાન છે અને ઉત્તમ પુરુષો તે અમૃતનો સ્વાદ વારંવાર લે છે. એવા જીવો આ જન્મમાં જ મુક્તિ જેવા સુખનો અનુભવ કરે છે. માટે આ માધ્યસ્થ્ય ભાવના ઉપર ખૂબ લક્ષ આપવું.

ઉપર બતાવેલી મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય આ ચાર ધર્મધ્યાનની ભાવના છે. આ

ચાર ભાવનાથી જીવ આર્ત અને રૌદ્ર ધ્યાનથી મુક્ત થઈ ધર્મધ્યાનમાં આવે છે. આ ચાર ભાવનાથી મન સ્થિર થાય છે, સમતા પ્રગટ થાય છે અને સમતાને સ્થિર કરવા આ ભાવનારૂપી અમૃતનું પાન વારંવાર કરવું તે જ માનવ જિંદગી પામ્યાનું સાચું ફળ છે. જેથી શિઘ્ર ભવસમુદ્રનો પાર પામી અજરામર પદને સુખેથી મેળવી શકે છે. ચોરી કરનારાઓને પણ શુભ નિમિત્ત મળવાથી શુભ ભાવનામાં આરૂઢ થવાથી આત્માનો ખજાનો પ્રાપ્ત થયો છે; મુક્તિપદને પામ્યા છે. ચોરી કરનાર ચાર ચોરનું દૃષ્ટાંત નીચે પ્રમાણે છેઃ

## શુભ ભાવના ઉપર ચાર ચોરની કથા

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરનો રહેવાસી કોઈ શ્રાવક પોતાના નિર્વાહ માટે ભીલ્લ લોકોની પલ્લિમાં આવીને વસ્યો હતો. પુણ્યયોગે ત્યાં રહેતાં તે કરોડાધિપતિ થઈ ગયો. એક વખત તે ભીલના વૃદ્ધ પુરુષો તે શ્રાવકની ઋદ્ધિ જોઈ વિચાર કરવા લાગ્યા, કે "આપણને લોભમાં નાખી છેતરીને આણે ઘણું દ્રવ્ય એકઠું કર્યું છે. માટે રાત્રિએ તેને ઘેર ખાતર પાડી તેનું સર્વ દ્રવ્ય લઈ લઈએ. નહિ તો તે કપટી વણિક તમામ દ્રવ્ય લઈ પોતાના નગરમાં ચાલ્યો જશે." આવો વિચાર કરી તેઓ ખાતર પાડવાને તત્પર થયા. પેલો શ્રાવક પ્રતિદિન સાત આઠ સામાયિક કરતો હતો. તે દિવસે મધ્યરાત્રિ વિત્યા પછી પોતે તથા પોતાની સ્ત્રી બંને સામાયિક લઈને બેઠાં હતાં તેવામાં પેલા ચોર ખાતર પાડવા આવ્યા. ખાતર પાડી જુએ છે તો ગૃહના સ્વામીને જાગતો જોયો. તેઓ વિચારમાં પડયા કે 'તેની જાગૃત

અવસ્થામાં ચોરી કેવી રીતે થશે ? માટે રાહ જોઈએ'. અહીં પેલા શ્રાવકે ચોરને જોઈને વિચાર્યું કેઃ " દ્રવ્ય તો ઘણા ભવમાં મળશે, આ ભવમાં પણ દ્રવ્ય ઘણી વાર આવ્યું ને ગયું, પરંતુ જો સામાયિકમાં મેળવેલા જ્ઞાનાદિ દ્રવ્યને ક્રોધાદિક ચોરો લૂંટી લેશે તો પછી તું શું કરીશ ? માટે ભાવ-દ્રવ્ય બચાવવું તે જ શ્રેષ્ઠ છે. ભાવદ્રવ્ય હશે તો તમામ વસ્તુ સુલભ છે. " આ પ્રમાણે વિચાર કરી તે શ્રાવક ઉપરાઉપરી સામાયિક કરવા લાગ્યો. તથા વારંવાર નવકાર મંત્ર ભણવા લાગ્યો. તે સાંભળીને ચોરોમાંથી ચાર ચોરને ઉહાપોહ કરતાં જાતિસ્મરણ-જ્ઞાન ઉત્પન્ન થયું, તેથી ઘણા ભવ પહેલાં જે ધર્માનુષ્ઠાન કરેલું અને ભણેલું તે સાંભરી આવ્યું. તેથી તે ચોરોને શુભ વિચારો પ્રગટયા, પોતાની ભૂલો દૃષ્ટિમાર્ગમાં આવી. જેથી વિચારવા લાગ્યા કે પરધનની ઇચ્છા કરનારા આપણને ધિક્કાર છે ! ચોરી કર્યાથી બાહ્ય પૌદ્ગલિક દ્રવ્ય આવે છે પરંતુ ભાવધન-જ્ઞાનાદિ આત્માની સાચી લક્ષ્મી ચાલી જાય છે, તે આ જીવ તપાસતો નથી. અહો ! આ શ્રાવકને ધન્ય છે ! જે આપણને જોતાં છતાં પણ પોતાનું લક્ષ છોડતો નથી. આ પ્રમાણે પરગુણની પ્રશંસા કરતાં અને આત્માની લઘુતા ભાવતાં, મનને સ્થિર કરતાં તેમણે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું, અને ચોરી વગેરેનું પ્રત્યાખ્યાન કર્યું, તેથી દેશવિરતિપણું ત્યાં જ પ્રાપ્ત થયું અને વૈરાગ્યની વૃદ્ધિ થવાથી ખડગ વગેરે દૂર મૂકી તીવ્ર શુભ અધ્યવસાયથી સર્વ વિરતિપણું પણ પ્રાપ્ત કર્યું. પછી અનુક્રમે શુભ ભાવનાએ ચડતાં આઠમા નવમા ગુણઠાણે ચઢી ક્ષપકશ્રેણિ

પામીને સકળ ઘાતીકર્મને દગ્ધ કરી, તે જ ઠેકાણે કેવળજ્ઞાન–કેવળદર્શન પામ્યા. સૂર્યનો ઉદય થયો એટલે તેઓએ દ્રવ્યલોચ કર્યો અને સમીપ રહેલા દેવતાએ મુનિવેષ આપ્યો તે ગ્રહણ કર્યો. પેલા ગૃહસ્થ શ્રાવકને ખબર પડવાથી તે કેવલીઓને નમીને વારંવાર તેઓની સ્તુતિ કરવા લાગ્યો. ચારે કેવળજ્ઞાન પામેલા મહા મુનિવરોએ અન્યત્ર વિહાર કર્યો. અનુક્રમે મોક્ષમાં બિરાજમાન થયા. જન્મજરામરણાદિક સંસારનાં સર્વ દુઃખનો નાશ કર્યો. અહો! શુભ ભાવનાનું કેવું પરિણામ આવ્યું? પરગુણની પ્રશંસા અને સ્વકૃત–દુષ્કૃતની નિંદા કેટલું કામ કરે છે? તે આ દૃષ્ટાંતથી જ હે ચેતન! વિચારીને તું પણ તે કાર્ય કરવા સાવધાન થઈ જા.

### ધૂર્ત ચાર ચોરની કથા

ઉપર બતાવેલ શ્રાવકના સામાયિકથી ચોરનું કાર્ય થયું. આપણે સામાયિક કરતી વખતે મન, વચન, કાયાને મોકળાં મૂકી યથાર્થપણે તેના સ્વરૂપને ઓળખતા નથી. સામાયિકમાં રહી રાજ્યકથા, દેશકથા, ભકતકથા, સ્ત્રીકથા–આ ચાર કથાને દેશવટો આપવો જોઈએ. શુભ ભાવના વધારવી જોઈએ. ઘણાં સામાયિક કર્યા છતાં અશુભ ભાવથી પરાવર્તન કેમ થતું નથી. લાભ–ટોટાની પણ ખબર રાખવી જોઇએ. વેપારમાં જો ખોટ જાય, પૈસાટકા જાય તો હે ચેતન! તારા મનને જરૂર આઘાત પહોંચે છે. રાત્રે નિદ્રા પણ આવતી નથી. બીજે વર્ષે લાભ કેમ થાય તેવી યોજના ઘડાય છે. તેવી રીતે એક સામાયિકનું શાસ્ત્રમાં કેટલું ફળ કહ્યું છે, તે વિચાર કર. બાણું કરોડ, ઓગણસાઠ લાખ, પચીસ હજાર, નવસેં પચીસ પલ્યોપમ

ઝાઝેરું–દેવગતિનું આયુ બંધાય. પુણ્યનુબંધી પુણ્યની પ્રાપ્તિ થાય, પછીથી પણ શુભ ગતિ પ્રાપ્ત થાય. ઈત્યાદિક સામાયિકનાં ફળનું પ્રમાદાદિ દોષોથી નુકસાન થાય. બરાબર સામાયિક નહિ થવાથી જો તેટલી ખોટ જાય તો તેના માટે આત્માને આઘાત પહોંચે કે નહિ ? અને જો આઘાત પહોંચે તો વ્યાપારની માફક સામાયિકમાં પણ નુકસાન ન થાય. તેવી જ રીતે ઉપયોગપૂર્વક દોષરહિત સામાયિક કરી, વિકથાઓને દૂર કરી, આત્મજાગ્રતિ કરી, શુભ ભાવના ઉપર આરુઢ થવું જોઈએ !

શુભ ભાવનાને પ્રાપ્ત કરવા માટે આ પંચમ કાળમાં તો જિનપ્રતિમા અને જિનઆગમ સિવાય બીજું કાંઇ આ જીવને તરવાનું સાધન નથી. માટે હે આત્મા ! જિનપ્રતિમા ઘણા સૂત્ર સિદ્ધાંતમાં તીર્થંકર ગણધરોએ બતાવેલી છે, તેનું તું અવલંબન કર. જિનપ્રતિમાને દેખી પ્રભુના ગુણ તને બહુ જ યાદ આવશે અને પ્રભુના ગુણ યાદ આવવાથી તને તેવા ગુણ પ્રાપ્ત કરવાની ભાવના જાગ્રત થશે. તેથી અનંત કાળનાં ઘણાં કર્મો ભસ્મીભૂત થશે. સમ્યકત્વ રત્નની પ્રાપ્તિ થશે. અનુક્રમે મોક્ષસુખ પણ મેળવી શકીશ. પરમાત્માના દર્શન કરતાં શું વિચારવું ? કેવી રીતે દર્શન કરવાં ? તે હકીકત હવે સમજાવીએ છીએ.

## જિનપ્રતિમાનાં દર્શન કેવી રીતે કરવાં ?

પરમાત્માનાં દર્શન કરવા માટે શુદ્ધ ચોખ્ખાં વસ્ત્રાદિક પહેરીને જવું. દેરાસરજીમાં પ્રવેશ કરતાં નિસિહી વગેરે દશત્રિકો જાળવવા. પાંચ અભિગમ સાચવવા. પ્રભુ સામી દૃષ્ટિ રાખવી, આડું અવળું જોવું નહિ, પરમાત્માની સન્મુખ

મુખ રાખી ચૈત્યવંદન કરવું, વગેરે વિધિ જે દેવવંદન ભાષ્યમાં કહેલ છે તે પ્રમાણે કરવી. દર્શન કરતાં પરમાત્માની સન્મુખ દૃષ્ટિ રાખી હૃદયમાં નીચે લખેલ વચનો ધારણ કરવાં.

"જિનપ્રતિમાનું મુખારવિંદ દેખી હે ચેતન! વિચાર કર. આ મુખ કેવું સુંદર અને શાંત સ્વભાવવાળું છે? ભવ્ય જીવોને આનંદ પમાડનારું છે. જે મુખે કોઈના અવર્ણવાદ, મૃષાવાદ, હિંસાકારી વચન, નિંદાનાં વચન બોલાયાં જ નથી, તેમાં રહેલી જિહ્વા વડે રસેન્દ્રિયના વિષયોનું સેવન કરેલું નથી, પરંતુ આ મુખ ધર્મોપદેશ આપીને અનેક ભવ્ય પ્રાણીઓ, જે સંસારમાં ભૂલાં પડેલાં તેને તારવાને જ સમર્થ કહ્યું છે. માટે આ મુખને ધન્ય છે. એવું મુખ મારું કયારે થશે? આ નાસિકા વડે સુરભિગંધ દુરભિગંધરૂપ ઘ્રાણેન્દ્રિયના વિષયોનું સેવન કર્યું નથી. આ ચક્ષુરીન્દ્રિય વડે પાંચ વર્ણરૂપ વિષયોને સેવ્યા નથી. કોઇપણ સ્ત્રીના ઉપર કામવિકારની દૃષ્ટિથી જોયું નથી, તેમ કોઈની સામે દ્વેષની દૃષ્ટિથી પણ જોયું નથી; માત્ર વસ્તુ સ્વભાવ અને કર્મની વિચિત્રતા વિચારીને સમભાવે રહેલાં છે, તે નેત્રને ધન્ય છે. મારાં નેત્ર એવાં કયારે થશે? આ કાને કરીને વિચિત્ર પ્રકારના રાગ-રાગણી સાંભળવા વડે તેના વિષયોનું સેવન કર્યું નથી, પરંતુ પ્રિય કે અપ્રિય જેવા શબ્દો કાને પડયા, તેવા સમભાવે સાંભળ્યા છે. તેવા કાન મારા કયારે થશે? આ શરીર વડે હિંસા કે અદત્ત ગ્રહણ કર્યું નથી, પરંતુ તે શરીરથી જીવરક્ષા કરીને, ગ્રામાનુગામ વિહાર કરીને ભવ્ય જીવોને સંસારના દુઃખથી મુક્ત કર્યા છે અને આ શરીરથી ઉગ્ર તપ, જપ અને

ઘોર પરિસહ ઉપસર્ગોને સહન કરી, આત્મિક બળનો, કેવળ-જ્ઞાન, કેવળદર્શનરૂપ પ્રાપ્ત કરીને લોકાલોકનું સ્વરૂપ એક સમયમાં અવલોકન કરી, ઘણા જીવોને ધર્મોપદેશ આપી, દુર્ગતિમાં જતા બચાવ્યા છે. અર્જુનમાળી જેવા ઘોર પાપી-ઓને પાપથી મુક્ત કરી સિદ્ધિસુખને પમાડયા છે. ધન્ય છે આ પ્રભુના શરીરને !" આ પ્રમાણે પ્રભુપ્રતિમા નિહાળવાથી સાક્ષાત પ્રભુના ગુણ યાદ આવે છે ને તે પ્રમાણે પ્રભુના ગુણ યાદ આવવાથી જીવ પાપરહિત થઈ આત્મશ્રેય જલદી કરી શકે છે.

## પરમાત્મા મહાવીરના ગુણો

પ્રભુ મહાવીર પરમાત્મા–પરમ યોગીશ્વર આજથી પચીસસો વર્ષ ઉપર આ ભારતવર્ષને પોતાના ચરણકમળથી પવિત્ર કરી રહ્યા હતા. તેઓ અહિંસાના તો પિતા જ હતા. તેમનું ઐશ્વર્ય, ઠકુરાઇ, બળ અને પ્રભુતા વગેરે પરોપકારને માટે જ હતું. પારાવાર પરાક્રમ હોવા છતાં ક્ષમાના સાગર હતા. લોકાલોકના ત્રણે કાળના ભાવો એક સમયમાં દેખ-નારા હતા. ત્રિભુવનનું સામ્રાજ્ય હોવા છતાં કેવળ નિર્મોહી અને નિરાભિમાની હતા. દાતારમાં શિરોમણિ, સહિષ્ણુતામાં આસાધારણ, જિતેન્દ્રિયમાં મહાન અને અપરાધીઓ ઉપર પણ ઉપકાર કરનાર હતા. જગતના જીવોનું કલ્યાણ કેમ થાય ? સર્વ જીવો પાપથી કેમ મુક્ત થાય ? અવિનાશી સુખ પ્રાપ્ત કરવા તત્ત્વના રસિક કેમ બને, તે માટે તેમનું અહ-નિંશ લક્ષ્યબિંદુ હતું. ધીરતામાં–વીરતામાં–ત્રણ લોકને ધ્રુજા-વવામાં સમર્થ હતા. તેમનું ચારિત્ર અલૌકિક હતું. તેમનું સંયમબળ–આત્મબળ અવર્ણનીય હતું.

જેના પ્રભાવથી કરોડો દેવતાઓ તેમની સેવામાં હાજર રહી ચરણમાં આળોટતા હતા. તેમના પ્રભાવથી પરસ્પર વૈરભાવવાળા જીવો પોતાનું વૈર ભૂલી મિત્રભાવે વર્તતા હતા. જીવમાત્રને ત્રાસ દેનારી જડ વસ્તુઓ પણ પોતાના સ્વભાવને ભૂલી જતી હતી. સુવર્ણ, રૂપું અને રત્નાદિકથી રચિત સમવસરણમાં બેસી દેશના દેવા છતાં અને સુવર્ણનાં કમળ ઉપર ચાલનારા છતાં નિઃસ્પૃહી અને નિર્મોહી હતા. આવા પરોપકારી પ્રભુના લાભમાં અંશે પણ સરખામણી કરી શકે તેવી એક પણ વ્યક્તિ અદ્યાપિ પર્યંત પેદા થઈ નથી અને ભવિષ્યમાં પણ આ અવસર્પિણી કાળમાં ભરત ક્ષેત્રમાં પેદા થાય તેમ નથી. આવું અત્યંત ચમત્કારિક, અનેક અતિશયો વડે કરીને અલંકૃત અદ્‌ભૂત જીવન અને જગતના જીવોના પાપોને ભસ્મીભૂત કરવાને સમર્થ મહાન પુણ્યનો પુંજ, પરમાત્મા મહાવીરદેવે પોતાના પાછલા મનુષ્ય ભવમાં અસાધારણ પવિત્ર જીવન ગાળી, મહાદુષ્કર તપસ્યાઓ કરી પ્રાપ્ત કર્યો હતો. પરમાત્મા મહાવીરદેવ પચ્ચીસમા ભવમાં નંદન ઋષિ થયા, તે વખતે સંયમ ગ્રહણ કરીને જાવજ્જીવ સુધી અગિયાર લાખ બેંશી હજાર છસો ને પીસ્તાલીશ માસખમણ કરી તીર્થંકર નામકર્મ નિકાચીત કરી, છવીસમા ભવમાં દસમા દેવલોકના સુખનો અનુભવ કરી સત્તાવીસમા ભવમાં પરમાત્મપદ પ્રાપ્ત કરી, અમૃતથી પણ મીઠી ધર્મદેશના આપી જગતના જીવોને દુર્ગતિમાં પડતા બચાવ્યા હતા.

હે પરમાત્મા ! હે વીર ! આવું આપનું અદ્‌ભુત ચરિત્ર

કયા જીવોને મુગ્ધ ન કરે? ખરી રીતે વિચાર કરતાં હે પરમાત્મા! અમે આપને નજરે જોયા નથી, એટલું જ નહિ પણ દુનિયામાં ઈશ્વર તરીકે પૂજાતા અન્ય દેવોને પણ પ્રત્યક્ષ નિહાળ્યા નથી, અથવા આપ અમારા બંધુ છો અને અન્ય દેવો અમારા શત્રુ છે તેવું પણ નથી. અમે આપના પવિત્ર શાસનમાં પેદા થયા માટે તમારા વચનનો પક્ષપાત કરવો, એવો પણ અમોને લેશમાત્ર મોહ નથી. અમે આપના તથા અન્ય દેવોના ચરિત્રો જાણીને તપાસ કરીએ છીએ, હૃદયમાં ઠસાવીએ છીએ અને ઊંડા ઊતરી વિચાર કરીએ છીએ ત્યારે આપનું જ ચરિત્ર પરસ્પર વિરોધ વિનાનું અને ઈશ્વરપણાના ગુણોની પ્રતીતિ કરાવનારું માલૂમ પડે છે. કારણ કે સર્વજ્ઞપણું, રાગદ્વેષરહિતપણું, ત્રૈલોક્યપૂજ્યતા અને યથાર્થ ઉપદેશકપણું આદિ પવિત્ર ગુણો જેનામાં હોય તે જ દેવ સર્વ પૂજ્ય પુરુષોમાં શિરોમણિ કહેવાય. અને તેવા સર્વ ગુણો હે પ્રભુ વીર! આપનામાં વિદ્યમાન હોવાથી અમે આપની ઉપર મુગ્ધ બન્યા છીએ અને આપના પવિત્ર શાસનનો આશ્રય કરી રહ્યા છીએ. અમારી નસે-નસમાં અને રોમેરોમમાં એ જ પવિત્ર ભાવનાનો ધોધ વહી રહ્યો છે કે જેને પ્રભાવે ચક્રવર્તિની ઋદ્ધિ તો શું પણ ત્રણ ભુવનનું સામ્રાજ્ય પણ તમારા શાસનના અભાવે-તમારી આજ્ઞાના ખંડનવડે પ્રાપ્ત થતું હોય તો દૂર ફેંકી દેવા તૈયાર છીએ. ભલે દરિદ્રી રહીએ, ઘેરઘેર ભીખ માગીને ઉદરપૂર્ણા કરવી પડે, પરંતુ આપની આજ્ઞાનું બહુમાનપૂર્વક પાલન થતું હોય તો તે એકવાર નહિ પરંતુ કરોડવાર

અમને કબૂલ છે. મહાન શાસનરક્ષકો–શ્રીમાન હરિભદ્રસૂરિ, શ્રીમાન હેમચંદ્રાચાર્ય જેવા પ્રખર વિદ્વાનો આપના પવિત્ર શાસનને પામવા માટે પોતાનું અહોભાગ્ય સમજતા હતા. હે પરમાત્મા ! હે પરમયોગીશ્વર ! વધુ શું કહીએ ? આપના લોકોત્તર અતિશયોથી ભરપૂર જીવનને સાંભળી તેને સમજ-પૂર્વક શ્રદ્ધામાં મૂકી અમે તેના આનંદમાં ગરકાવ બની ગયા છીએ. હે તરણતારણ ! હે પ્રભો ! એક વખત આપના ભક્તો તરફ મીઠી દૃષ્ટિથી જુઓ. અમારા અપરાધોની માફી આપો અને અમારા હૃદયરૂપી શુદ્ધ સિંહાસન ઉપર આરુઢ થાઓ. હે પરમાત્મા ! આપના જેવો પવિત્ર સંયમ-રાગ, આપના જેવું યોગબળ અને આપના જેવો સમભાવ અમારામાં પ્રાપ્ત કરો. અમે જ્યાં સુધી આ સંસારમાં છીએ ત્યાં સુધી આપના ચરણકમળની સેવા ભવોભવને વિષે માગીએ છીએ. તે જ સેવનથી અમે અમારા આત્માને ઉચ્ચ કોટી પ્રાપ્ત કરાવવા ભાગ્યશાળી થઈશું. સરોવર પાસે ગયા છતાં તૃષા ન છીપે, લક્ષ્મીવાન પાસે ગયા છતાં દરિદ્રતા ન મટે તો તે સરોવરની અને લક્ષ્મીવંતની શોભા શી ગણાય ? આપના જેવા ત્રિભુવનનાયક શિરછત્ર છતાં અમે કંગાળ રહીએ અને તમો અનંત સુખોના ભોક્તા અને પરમ યોગીશ્વર રહો તેમાં આપની શોભા શી ? અમે તો પાંગળા હોઈ મેરૂપર્વત ઉપર ચઢવાની અમારી ઈચ્છા તથા નિર્ભાગી હોઇ રાજ્યપ્રાપ્તિ કરવાનો અમારો લોભ અને યોગ્યતા વિના દુષ્પ્રાપ્ય વસ્તુ માગવાની બેશરમાઇ બતાવવાથી ભલે હાસ્યજનક ગણાઈએ. પરંતુ મેઘ

જેમ વૃષ્ટિ કરતાં ઉચ્ચ-નીચ સ્થાન જોતો નથી, ઉપકારીઓ પાત્રાપાત્રની દરકાર કરતા નથી, તો પછી આપના જેવા ત્રિભુવનનાયક દાતાશિરોમણિ મળ્યા છતાં અમે અસંતુષ્ટ રહીએ એ અમને જ કેમ ? કદાપિ ન બને. અમે લીધા વિના છોડવાના નથી. વહેલા કે મોડા આપના સિવાય આ ત્રણ જગતમાં અમારું દારિદ્રય કોઇ દૂર કરનાર નથી, માટે હે પરમાત્મા ! એકવાર આ સેવક સામી દૃષ્ટિ કરી, સંસારસમુદ્રથી શિઘ્ર પાર ઉતારો. આપની મૂદ્રા દેખતાં હજારો-લાખો જીવો ભવના નિસ્તારને પામવા ભાગ્યશાળી થયા છે. આપની પ્રતિમા પણ જગતના દારિદ્રયને દૂર કરનારી છે, પાપના સમૂહને ભસ્મીભૂત કરનારી છે તેથી જ સુવિહિત પુરુષોએ આદરેલી છે અને વળી સ્તુતિ કરીને કર્મ ખપાવી આત્મકલ્યાણ કરી ગયા છે. તે પ્રભુસ્તુતિના શ્લોકો આ પ્રમાણે:

ऐंद्रश्रेणिनता प्रतापभवनं भव्यांगिनेत्रामृतं ।
सिद्धांतोपनिषद्विचारचतुरैः प्रीत्या प्रमाणीकृता ॥
मूर्तिः स्फुर्तिमती सदा विजयते जैनेश्वरी विस्फुरन्-
मोहोन्मादघनप्रमादमदिरामत्तैरनालोकिता ॥१॥

જિનેશ્વરની પ્રતિમા સદા જયવંતી વર્તે છે. તે પ્રતિમા કેવી છે ? ઇન્દ્રના વર્ગથી નમાએલી તથા પ્રતાપનું ઘર અને ભવ્ય પ્રાણીઓના નેત્રોને અમૃતસમાન તથા સિદ્ધાંતના રહસ્યને જાણનાર વિચક્ષણોએ પ્રેમપૂર્વક પ્રમાણભૂત કરેલી અને વળી પ્રભાવશાલિની દેદીપ્યમાન આવી પરમાત્માની મૂર્તિને મહામોહના ઉન્માદથી તથા પ્રમાદરૂપી

મદિરાથી મદોન્મત્ત થયેલા જીવો જોઈ શકતા નથી. ૧

धन्या दृष्टिरियं यया विमलया दृष्टो भवान् प्रत्यहं ।
धन्याऽसौ रसना यया स्तुतिपथं नीतो जगद्वत्सलः ॥
धन्यं कर्णयुगं वचोमृतरसो पीतो मुदा येन ते ।
धन्यं हृत् सततं च येन विशदस्त्वन्नाममन्त्रो धृतः ॥२॥

તે દૃષ્ટિને ધન્ય છે કે જે નિર્મળ દૃષ્ટિએ હમેશાં આપનાં દર્શન કીધાં, તે જીભને ધન્ય છે કે જેણે જગદ્વત્સલ હે પરમાત્મા ! આપને સ્તવ્યા, તે કર્ણને ધન્ય છે કે જેણે આપના વચનામૃતનો રસ આનંદથી પીધો અને વળી તે હૃદયને પણ ધન્ય છે કે જેણે તમારા નામરૂપી નિર્મળ મંત્રને સદા ધારણ કર્યો. ૨

किं पीयूषमयी कृपारसमयी कर्पूरपारीमयी ।
किं वानन्दमयी महोदयमयी सद्ध्यानलीलामयी ॥
तत्त्वज्ञानमयी सुदर्शनमयी निस्तंद्रचंद्रप्रभा-
सारस्फारमयी पुनातु सततं मूर्तिस्त्वदीया सताम् ॥३॥

હે પ્રભુ ! તમારી મૂર્તિ શું અમૃતમય છે ? અથવા કૃપા રસમય છે ? અથવા કર્પૂરમય છે ? અથવા શું આનંદમય છે ? મહોદયમય છે ? અથવા ધ્યાનની લીલામય છે ? શું તત્ત્વજ્ઞાનમય છે ? સુદર્શનમય છે ! અથવા ઉજ્જ્વળ ચંદ્રપ્રભાના ઉદ્યોતરૂપ છે ? આવા પ્રકારની તમારી મૂર્તિ સજ્જનોને સદા પવિત્ર કરો. ૩.

श्रीमद्गुर्जरदेशभूषणमणिं सर्वज्ञताधारकम् ।
मिथ्याज्ञानतमःपलायनविधावुद्यत्प्रभं तायिनम् ॥

पार्श्वंस्थायुक्तपार्श्वयक्षपतिना संसेव्यपार्श्वद्वयम् ।
श्रीशंखेश्वरपार्श्वनाथमहमाऽऽनन्देन वन्दे सदा ॥४॥

ગુર્જરદેશના ભૂષણરૂપ, સર્વજ્ઞપણાને ધારણ કરનાર, મિથ્યાજ્ઞાનરૂપ અંધકારને દૂર કરવામાં પ્રતાપી સૂર્યસમાન, સર્વ પ્રાણીઓનું રક્ષણ કરનાર અને પાર્શ્વવર્તિ પાર્શ્વ નામના યક્ષથી જેનાં બંને પાસાં સેવાયેલ છે એવા શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુને હું હંમેશાં આનંદપૂર્વક વંદું છું. ૪.

चित्रं चेतसि वर्ततेऽद्भुतमिदं व्यापल्लताहारिणीं ।
मूर्तिं स्फूर्तिमतीमतीव विमलां नित्यं मनोहारिणीं ॥
विख्यातां स्नपयन्त एव मनुजाः शुद्धोदकेन स्वयम् ।
संख्यातीततमोमलापनयतो नैर्मल्यमाबिभ्रति ॥५॥

મારા ચિત્તમાં આ આશ્ચર્ય વર્તે છે કે વિપત્તિરૂપી લતાઓને નષ્ટ કરનારી, હંમેશાં મનોહારિણી, વળી નિર્મળ સ્ફૂર્તિવાળી જિનેશ્વર પરમાત્માની મૂર્તિને શુદ્ધ જળ વડે નવરાવતાં મનુષ્યો ખુદ પોતે પોતાનો અસંખ્ય અજ્ઞાનરૂપ મળ દૂર થવાથી, નિર્મળતાને સંપાદન કરે છે. ૫.

**વિવેચન**:–શ્લોકમાં આપણે જોઈએ છીએ કે જે સ્નાન કરે તે મેલરહિત થાય ત્યારે આ તો પરમાત્માની મૂર્તિને સ્નાન કરાવનારા મેલરહિત થાય છે; તે આશ્ચર્ય જાણવું.

श्रेयःसंकेतशाला सुगुणपरिमलैर्जेयमंदारमाला ।
छिन्नव्यामोहजाला प्रमदभरसरःपूरणे मेघमाला ॥
नम्रश्रीमन्मराला वितरणकलया निर्जितस्वर्गिशाला ।
त्वन्मूर्तिः श्रीविशाला विदलतु दुरितं नंदितक्षोणिपाला ॥६॥

હે પ્રભુ ! કલ્યાણની સંકેતશાળા જેવી, સદ્‌ગુણરૂપ સુગંધવડે જીતી છે. કલ્પવૃક્ષના પુષ્પોની માળા જેણે એવી, અને વળી તોડી નાખી છે, વ્યામોહની જાળ જેણે એવી; આનંદના સમૂહરૂપ સરોવરને પૂરવામાં મેઘમાળા જેવી; નમ્યા છે, ઐશ્વર્યધારી મનુષ્યોરૂપી હંસ જેઓને એવી, અને વળી દાનની કળાથી જીત્યા છે, દેવલોકના પ્રદેશો જેમણે એવી; અને આનંદિત કર્યા છે, રાજા મહારાજાઓને જેણે એવી; વિશાળ શ્રીસંપન્ન તમારી મૂર્તિ, હે પરમાત્મન્ ! જગજીવોનાં પાપોને દૂર કરો. ૬.

दिट्ठेतुहमुहकमले तिन्निविनट्ठाइं निरवसेसाइ ।
दालिद्दं दोहग्गं अणेगभवसंचियं पावं ॥७॥

હે પરમાત્મા તમારું મુખરૂપી કમલ દેખે છતે ત્રણ અશુભ વસ્તુ નષ્ટ થઈ. તે ત્રણનાં નામો દારિદ્ર; દૌર્ભાગ્ય અને ત્રીજું અનેકભવ સંચિત પાપ–એ ત્રણે ખસી જવાથી મારું કાર્ય સિદ્ધ થયું. ૭.

जिनवर ! तव मूर्तिं ये न पश्यन्ति मूढाः
कुमतिकुमतभूतैः पीडिताः पुण्यहीनाः ।
सकल सुकृतकृत्यं नैव मोक्षाय तेषां
सुनिविडतृणराशि श्वाग्निसङ्गाद्यथैव ॥८॥

હે પરમાત્મા ! તમારી મૂર્તિ મૂઢ જીવો, જે જોતા નથી તે કુમતિ અને કુમત રૂપી ભૂતોથી પીડાયેલા અને પુણ્યથી હીણા જાણવા અને તેઓના સકલ સુકૃત રૂપી કાર્યો મોક્ષના માટે થતા નથી. જેમ નિવિડ–ગાઢ–તૃણનો

રાશી અગ્નિના સંઘાતથી બળી જાય છે તેવી રીતે તેઓનાં કર્મો નષ્ટ થતાં નથી. ૮.

अहो मे सफलं जन्म पूर्णाः सर्वे मनोरथाः ।
लब्धा सर्वार्थसंपत्तिर्दृष्टो यत्त्रिजगद्विभुः ॥९॥

અહો આજ સર્વે પદાર્થોની સંપત્તિભૂત ત્રણ જગતના સ્વામી દીઠા જેથી મારો જન્મ સફલ થયો અને સંપૂર્ણ મનોરથો આજે પૂરણ થયા. ૯.

धन्यः स मासो दिवसोऽपि धन्यः ।
स एव साऽपि घटिकाऽपि धन्या ॥
यत्र प्रभुर्भाग्यवता जनेन ।
दृष्टो जगत्स्वामी कृपानिवासः ॥१०॥

જે જીવે કૃપાના સ્થાનરૂપ ત્રણ જગતના સ્વામી દીઠા, તે જીવનો માસ તથા દિવસો પણ ધન્ય તથા તેની ઘટીકા પણ ધન્ય જાણવી.

त्वां ध्यायन्तः स्तुवन्तश्च पूजयन्तश्चदेहिनः ।
धन्यास्ते जगृहुर्देहान् मनोवाग्वपुषाफलम् ॥११॥

હે પરમાત્મા ! જે જીવો તમારું ધ્યાન કરતા તથા સ્તુતિ કરતા તથા પૂજે છે તે જીવોએ શરીરથકી મન, વચન અને કાયા પામ્યાનું ફળ પ્રાપ્ત કર્યું જેથી તે જીવો ધન્યવાદના પાત્ર બન્યા. ૧૧.

मूर्तिस्ते जगतां महार्तिशमनी मूर्तिर्जनानन्दिनी,
मूर्तिर्वाञ्छितदानकल्पलतिका मूर्तिः सुधास्यन्दिनी ।
संसाराम्बुनिधितरितुमनिशं मूर्तिर्दृढा नौरियं,
मूर्तिर्नेत्रपथं गता जिनपतेः किं किं नकर्तुं क्षमा ॥१२॥

હે જીનેશ્વર! આપની મૂર્તિ, જેના નેત્ર માર્ગમાં પડી અર્થાત્ જેઓએ દીઠી તે જીવોનું સંપૂર્ણ કાર્ય થયું ને કયું કયું કાર્ય કરવામાં સમર્થ નથી અર્થાત્ તમામ કાર્યને કરવામાં સમર્થ છે. તમારી મૂર્તિ જગતની મહાપીડા તેને દૂર કરનારી તથા જીવોને આનંદ આપનારી તથા ઇચ્છિત દાન આપવામાં કલ્પવૃક્ષની વેલડી સમાન તથા અમૃતને ઝરનારી તથા સંસારસમુદ્ર તરવાને માટે નિરંતર મજબૂત નૌકા સમાન છે, અર્થાત્ તમામ વાંછીત ફલને આપનારી જાણવી. ૧૨.

**न चक्रिशक्रादि पदं समीहे, त्वदाज्ञया हीनमहं निरीह ।**
**रङ्कत्वमप्यस्तु भवान्तरेऽपि स्वामिंस्त्वदाज्ञा वशवर्तिनो मे ॥१३॥**

હે પરમાત્મા! તમારી આજ્ઞાથી હીન, એવો ભવાંતરે હું ચક્રવર્તિ તથા ઇન્દ્રના પદને પણ ઇચ્છતો નથી, છેવટ રંકપણું ભલે થાઓ, પરંતુ તમારી આજ્ઞા જ મારું કલ્યાણ કરનાર છે. ૧૩.

**नाभ्यर्थये स्वर्गसुखं, न मोक्षं न नरश्रियम् ।**
**सदा त्वत्पादपद्मानि, वसन्तु मम मानसे ॥१४॥**

હે ત્રણ જગતના નાથ! મારા મનને વિષે તમારા ચરણ રૂપી કમલો સદા વસો; જેથી હું સ્વર્ગના સુખને ઇચ્છતો નથી, ન મોક્ષ ન નરશ્રીયં વગેરે કાંઈ માગતો નથી તમામ તમારા ચરણ કમલની સેવામાં રહેલું છે. ૧૪.

**चिन्तामणिः सुरतरुः सुरधेनुकाम-**
**कुम्भौ सुराश्वनिखिलामयि सुप्रसन्नाः ।**
**जाताः स्वयं प्रबलसाधनयंत्रिता वा,**
**त्वद्दर्शनेन भवसन्तति दुर्लभेन ॥१५॥**

હે વીતરાગ ! સંસારમાં જન્મમરણની પરંપરામાં દુર્લભ જે તમારા દર્શન વડે કરીને મારે તમામ ઉત્તમ ચીજો મળી–ચિંતામણી તથા કલ્પવૃક્ષ કામધેનુ, કામકુંભ અને તમામ દેવતાઓ પ્રસન્ન થાય તેમ માનું છું અથવા પ્રબલ કાર્ય સાધવામાં ઉપર લખેલ તમામ જોડાઈ ગયાં, એમ માનું છું. ૧૫.

अस्मिन्भवे परभवे निखिलेऽपि देव,
पापानि यानि विहितान्यहितप्रदानि ।
वाक्कायमानसभवानि मयाऽतिमौढयात्
त्वद्दर्शनेन विफलानि भवन्तु तानि ॥१६॥

હે દેવ ! અતિ અજ્ઞાનથી મન, વચન અને કાયાથી થયેલી અને અહિતને કરનારી આ ભવમાં અને પરભવમાં થયેલા પાપો આપનાં દર્શનથી નિષ્ફળ થાઓ. ૧૬.

त्वन्मूर्तिर्हृदिजागर्तिरागार्तिहरणक्षमा ।
ममचित्ते जगन्नाथ । प्रार्थये किमतः परम् ॥१७॥

હે પરમાત્મા ! મારા ચિત્તને વિષે રાગની પીડાને દૂર કરવામાં સમર્થ તમારી મૂર્તિ જાગ્રત છે. તો પછી બીજું કાંઈ માગવાનું રેહેતું જ નથી. ૧૭.

श्री पार्श्वतीर्थनाथं प्रशमरसमयं केवलाःनन्दयुक्तं ।
वामेयंपार्श्वयक्षैः सुरवरसहितैः सेवितं भूरिभक्त्या ॥
यस्यस्नात्राभिषेक पृथुतरकमलैर्निर्जरा यादवास्युः ।
ख्यातं शंखेश्वरं तंत्रिभुवन विहितख्यात कीर्तिंनमामि॥१८॥

ત્રણ ભુવનમાં પ્રસિદ્ધિ પામી છે કીર્તિ જેની એવા તથા વામા માતાના પુત્ર કેવલજ્ઞાનરૂપી આનંદ વડે યુક્ત તીર્થના નાથ પ્રશમરસ સ્વરુપ ઘણીય ભક્તિ વડે કરી સૂરવરસ હિત પાર્શ્વયક્ષો વડે સેવા કરાયેલા વલી જેના સ્નાત્રના અભિષેકના અતિશય પાણી છાંટવાથી યાદવો જશવાલા હતા તે જશ રહિત થઇ ગયા એવા શ્રી પાર્શ્વનાથ સ્વામીને નમસ્કાર કરું છું. ૧૮.

**अपारघोर रसंसार–निमग्नजनतारक ।**
**किमेष घोरसंसारे, नाथ ते विस्मृतो जनः ॥ १९ ॥**

હે નાથ ! હે પરમાત્મા ! આ અપાર ઘોર સંસારમાં નિમગ્ન થયેલા જનોને તારનાર હે પ્રભો ! ઘોર સંસારમાં માણસને શું તમે વિસરી ગયા ? ૧૯.

**सद्भावप्रतिपन्नस्य, तारणे लोकबांधव ।**
**त्वयाऽस्य भुवनानंद, येनाद्यापि विलंब्यते ॥२०॥**

હે લોકબાંધવ ! હે ભુવનને આનંદ કરનાર ! સારા આવને પ્રાપ્ત થયેલા એવા મને તારવામાં હજુ આપ કેમ વિલંબ કરી રહ્યા છો ? ૨૦.

**आपन्नशरणे दीने, करुणामृतसागर ।**
**न युक्तमीदृशं कर्तुं, जने नाथ भवादृशाम् ॥२१॥**

હે કરૂણારૂપી અમૃતના સમુદ્ર ! હે નાથ આપના શરણને પ્રાપ્ત થયેલા અને દીન એવા જનને વિષે આપના સરખા ત્રિભુવનના નાથને આવા પ્રકારે કરવું તે યુક્ત નથી. અર્થાત્ હવે મને ભવસમુદ્રથી તારવામાં વિલંબ કરવો તે ઠીક ન કહેવાય. ૨૧.

भीमेऽहं भवकांतारे, मृगशावकसन्निभः ।
विमुक्तो भवता नाथ, किमेकाकी दयालुना ॥२२॥

ભયંકર ભવ અટવીમાં મૃગલાના શિશુની માફક ભમતા એવા મને એકલાને આપ સરખા દયાળુએ હે નાથ ! કેમ મૂકી દીધો ? અર્થાત્ હવે આપની પાસે મને રાખો. ૨૨.

इतश्चेतश्च निक्षिप्त–चक्षुस्तरलतारकः ।
निरालंबो भयेनैव, विनश्येऽहं त्वया विना ॥२३॥

હે નાથ ! તમારા વિના ભયવડે અહીંતહીં નાંખ્યા છે જે ચક્ષુ તે વડે કરી જેની કીકી ચંચલ થઈ ગઈ છે એવો અને વળી આલંબન વિનાનો હું નાશ પામ્યો, અર્થાત્ ઘણાં જન્મ મરણ કરી બહુ દુઃખી થયો. ૨૩.

अनंतवीर्यसंभार–जगदालंबदायक ।
विधेहि निर्भयं नाथ, मामुत्तार्य भवाटवीम् ॥२४॥

હે અનંત વીર્યના સમૂહવાળા ! હે જગતના જીવોને આલંબન દેવાવાળા ! મને આ ભવઅટવીમાંથી પાર ઉતારી હે નાથ ! ભયરહિત કરો. ૨૪.

न भास्कराद्दते नाथ, कमलाकरबोधनम् ।
यथातथा जगन्नेत्र, त्वदृते नास्ति निर्वृतिः ॥२५॥

હે નાથ ! હે જગતના જીવોને નેત્ર સમાન ! હે પરમાત્મા ! જેમ સૂર્ય વિના કમળનો સમૂહ વિકસ્વર થઈ શકતો નથી, તેમ તમારા વિના મારો આત્મા વિકસ્વર નહિ થવાથી મને નિર્વૃતિનો અભાવ જ રહે છે. ૨૫.

किमेष कर्मणां दोषः किं ममैव दुरात्मनः ।
किंवाऽस्य हतकालस्य किंवा मे नास्ति भव्यता ॥२६॥

હે પરમાત્મા ! શું આ તે મારા કર્મનો દોષ છે ? અથવા શું આ દુષ્ટ એવા મારા આત્માનો દોષ છે? કે આ હત્યારા એવા કાળનો દોષ છે ? અથવા મારી ભવિતવ્યતા જ પાકી નથી કે હજી સુધી મારો આ સંસારમાંથી કેમ પાર આવતો નથી ? ૨૬.

संसारमारवपथे पतितेन नाथ ।
सीमंतिनीमरुमरीचिविमोहितेन ॥
दृष्टः कृपानिधिमयस्त्वमथो कुरुष्व ।
तृष्णापनोदवशतो जिन निर्वृतिं मे ॥२७॥

હે નાથ ! સંસારરૂપી મારવાડના માર્ગમાં ભૂલા પડેલા અને સ્ત્રીરૂપી ઝાંઝવાથી મોહિત થયેલા, એવા મેં હે કૃપાના સાગર ! તમારાં દર્શન કર્યાં; હવે મારી તૃષ્ણા દૂર કરીને મને શાંતિ થાય તેમ કરો. ૨૭.

भूपीभूय समन्वशात् समुचितां यो लोकनीतिं युगा-
रंभे यः प्रथमं च साधुचरितं श्रेष्ठं समाराधयत् ॥
भुत्वा तीर्थपतिश्च मोक्षपदवीविद्योतनं यो व्यधात् ।
विश्वेशः परमेश्वरो विजयते श्रीआदिनाथः सकः ॥२८॥

જેણે યુગના આરંભમાં રાજા બની સમુચિત લોકનીતિનું શિક્ષણ આપ્યું, જેણે સહુથી પ્રથમ સાધુ-ચરિતનો શ્રેષ્ઠ માર્ગ આરાધ્યો અને જેણે તીર્થંકર થઈ સર્વથી પ્રથમ મોક્ષ-માર્ગનું પ્રકાશન કર્યું, એવા વિશ્વેશ્વર આદિનાથ ભગવાન જયવંત વર્તે છે. ૨૮.

यो वीक्ष्य दुःखिभुवनं करुणार्द्रचित्तो—
भूतो यथार्थसुखमार्गविबोधनाय ॥
तीव्रं तपश्चरितवान् अभवच्च पूर्णः
श्रेयःश्रियं दिशतु स प्रभुवर्धमानः ॥२९॥

દુઃખી જગતને જોઈ, કરૂણાર્દ્ર હૃદયવાળા બની, જેણે સાચા સુખનો માર્ગ બતાવવા માટે તીવ્ર તપશ્ચર્યા આચરી અને પૂર્ણતા પ્રાપ્ત કીધી, એવા પ્રભુ વર્ધમાન સ્વામી તમને કલ્યાણ લક્ષ્મી આપો. ૨૯.

अनंतदुःखांबुधिपातकानां ।
रागादिदोषद्विषतां शमाय ॥
न यं विनाऽऽलंबनमस्ति किंचित्,
स वीतरागः शरणं प्रपद्यः ॥३०॥

અનન્ત દુઃખસાગરમાં પાડનારા એવા રાગદ્વેષ વગેરે દુશ્મનોને શમાવવા માટે જેના વગર બીજું કંઈ આલંબન લેવા યોગ્ય નથી, તે વીતરાગદેવને શરણે જવું જ જોઈએ. ૩૦.

આ પ્રમાણે પ્રભુપ્રતિમાની પાસે રહી ભાવનાપૂર્વક સ્તુતિ કરવાથી સાક્ષાત્ પરમાત્મા આપણને યાદ આવે છે, જેથી જીવોમાં કોઈ અપૂર્વ જાગૃતિ થાય છે. પચીસસો વર્ષ પહેલાં થયેલા મહાવીર પ્રભુ અત્યારે ભવ્ય જીવના હૃદયમાં તેમની મૂર્તિનું અવલોકન કરવાથી સાક્ષાત્ થાય છે.

જીવો જિનપ્રતિમાના આલંબનથી શીઘ્ર સંસારસમુદ્ર તરી શકે છે-તો પછી સાક્ષાત્ પ્રભુ મહાવીર હતા તે સમયનું તો કહેવું શું ?

એવી રીતે ઉચ્ચ કોટિના ગુણોથી ભરપૂર પરમાત્મા મહાવીરદેવના ચરણકમળનું આરાધન કરી, તેમની આજ્ઞા

શિરપર વહન કરી, તે સમયમાં આ ભરતક્ષેત્રમાં અનેક જીવો પોતાનું કલ્યાણ કરતા હતા અને આધુનિક સમયમાં પણ મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા વિહરમાન તીર્થંકરોની દેશના શ્રવણ કરી અનેક ભવ્ય જીવો પોતાના આત્માનું કલ્યાણ કરી રહ્યા છે. અત્યારે આપણે અહીં ભરતક્ષેત્રમાં સાક્ષાત્ પ્રભુના અભાવે તેમના નામશ્રવણથી તથા ઉપર કહેલ તેમના સ્થાપનાનિક્ષેપાથી (ઝલહલતી મૂર્તિથી) હજારો બલ્કે લાખો જીવો પોતાનું કલ્યાણ કરી રહ્યા છે. તો હે ચેતન! તું પણ જિનપ્રતિમાનાં દર્શન કરી, પરમાત્માના ગુણોને યાદ કરી તારામાં સારા ગુણોની છાપ પાડ. જિનપ્રતિમા જિનવર સરખી જ જાણજે. જિનપ્રતિમામાં લેશમાત્ર શંકા કરીશ નહિ. જિનપ્રતિમા ઘણાં સૂત્રોમાં પરમાત્મા મહાવીર દેવે જ કહેલી છે. તે જિનપ્રતિમાનો ઘણા સિદ્ધાંતોમાં અધિકાર વિદ્યમાન હોવા છતાં, કેટલાએક અણસમજણવાળા અજ્ઞાની જીવો, સૂત્રોના ખરા અર્થને નહિ સમજતા વિપરીત અર્થ કરી જિનપ્રતિમાને નહિ માનતા થકાં ભૂલા પડી ભમી રહ્યા છે. જુઓ જિનપ્રતિમાનો અધિકાર શ્રી જ્ઞાતાસૂત્રમાં દ્રૌપદીએ જિનમંદિરમાં જઈ, જિનપ્રતિમાની પૂજા કરી, '**नमुत्थुणं**' કહ્યું છે. જેનો આ પ્રમાણે પ્રત્યક્ષ પાઠ છેઃ—

**तएणं सा दोवइरायवरकन्ना जेणेवमज्जणघरे तेणेव उवागच्छइ मज्जणयरं अणुपवेसइ नाया कयबलिकम्मा कयकोउ अंमगलपायच्छित्ता सुद्धपावेसाइं वत्थाइं परिहियाहिं**

मज्जणघराओ पडिणिक्खमइ जेणे व जिणघरे तेणेव उवागच्छइ. जिणघरं अणुपविसइ अणुपविसायित्ता आलोए जिणपडिमाणं पणामं करेइ लोमहत्थयं परामुसइ एवं जहा सुरियाभो, जिणपडिमाउ अच्चेइ तहेव भाणियव्वं । जाव धुवं डहइ धुवं डहयित्ता वामंजाणुं अंचेइ अंचेइत्ता दाहिजाणुं धरणितलंसि निहट्टु तिखुत्तो मुद्धाणं धरणितलंसि निवेसइ निवेसइत्ता ईसि पच्चुणमइ करयल जाव कट्टु एवं वयासी नमुत्थुणं अरिहंताणं भगवंताणं जावसंपत्ताणं वंदइ नमंसइ जिणघराओ पडिनिखमइ.

અર્થઃ—તે વારે તે દ્રૌપદી રાજકન્યા જ્યાં સ્નાન મજ્જન કરવાનું ઘર છે ત્યાં આવે, મજ્જન ઘરમાં પેસે, સ્નાન કરીને કર્યું છે બલિકર્મ એટલે પૂજાનું કાર્ય જેણે અર્થાત્ ઘર દેરાસરમાં પૂજા કરીને કૌતુક કહેતાં તિલકાદિ, મંગલ દધિઅક્ષતાદિ તેમ જ પ્રાયશ્ચિત્ત એટલે દુઃસ્વપ્નાદિનો ઘાત કર્યો છે. જેણે એવી શુદ્ધ ઉજ્જવલ જિનમંદિરને યોગ્ય સારાં વસ્ત્ર પહેરીને, સ્નાનઘરમાંથી નીકળે, જીહાં જિનઘર છે, ત્યાં આવે, જિનઘરમાં પેસે, જિનપ્રતિમાને દીઠે થકે પ્રણામ કરે; પછી મોર પીંછી ગ્રહણ કરે. ગ્રહણ કરીને જેવી રીતે સૂર્યાભ દેવતાએ રાયપસેણી સૂત્રમાં જિનપ્રતિમાને પૂજ્યાનો અધિકાર છે, તેમ સઘળો વિધિ જાણવો. તે સૂર્યાભનો અધિકાર જ્યાં સુધી ધૂપ દહે ત્યાં સુધી કહેવો, પછી નમુત્થુણં વગેરે જાણવું. આથી સ્પષ્ટ થાય છે કે દ્રૌપદીએ જિનપ્રતિમા પૂજી છે. રાયપસેણી સૂત્રમાં સૂર્યાભ-

દેવતાએ જિનપ્રતિમા પૂજ્યાનો અધિકાર છે. વળી દ્રૌપદીએ નમુત્થુણં કહ્યું છે. જિનપ્રતિમા આગળ સ્વસ્તિક કર્યો છે, જેથી તેને શ્રાવિકા જાણવી. શ્રાવિકા વિના બીજો તે વિધિ જાણે નહિ, માટે નિશ્ચય થાય છે કે સમકિતદૃષ્ટિ દ્રૌપદીએ જિનપ્રતિમા પૂજી છે.. વળી નંદીસૂત્રમાં મહાકલ્પસૂત્રનું નામ છે, તેમાં લખ્યું છે કેઃ-'જો મુનિ તથા પૌષધવાળા શ્રાવક જિનપ્રતિમાનાં દર્શન ન કરે તો પ્રાયશ્ચિત્ત આવે.' તે પાઠઃ-

से भयवं तहारूवं समणं वा माहणं वा चेइअघरे गच्छेज्जा ? हंता गोयमा ! दिणे दिणे गच्छेज्जा. से भयवं जत्थ दिणे णो गच्छेज्जा तओ किं पायच्छित्तं हवेज्जा? गोयमा पमायं पडुच्च तहारूवं समणं वा माहणं वा जा जिणघरं न गच्छेज्जा तओ छट्ठं अहवा दुवालसमं पायच्छित्तं हवेज्जा. से भयवं समणोवासगस्स पोसहशालाए पोसहिए पोसहबंभयारी किं जिणहरं गच्छेज्जा ? हंता गोयमा ! गच्छेज्जा. से भयवं केणट्ठेंण गच्छेज्जा ? गोयमा ! नाणदंसणचरणट्ठयाए गच्छेज्जा, जे केइ पोसहसालाए पोसहबंभयारी जओ जिणहरे न गच्छेज्जो तओ पायच्छित्तं हवेज्जा ! गोयमा ! जहा साहु तहा भाणियव्वं छट्ठं अहवा दुवालसमं पायच्छित्तं हवेज्जा ॥

અર્થ--'હે ભગવન્! કોઈ જીવને દુઃખી નહિ કરવાવાળા તેવા પ્રકારના સાધુ જિનમંદિરમાં જાય કે કેમ ?' 'હે ગૌતમ હંમેશાં પ્રતિદિન જાય.' 'હે ભગવન્! જો હંમેશાં ન જાય તો એ મુનિને પ્રાયશ્ચિત લાગે કે

કેમ?' 'હે ગૌતમ! જો પ્રમાદનું અવલંબન કરીને તથા પ્રકારના સાધુ જિનમંદિરમાં પ્રતિદિન ન જાય તો એ સાધુને છઠ્ઠ કે બે ઉપવાસ અથવા પાંચ ઉપવાસનું પ્રાયશ્ચિત લાગે.'

હે સજ્જનો! વિચાર કરો. ઉપર કહેલ પાઠમાં ખુદ ભગવાને જ પ્રતિદિન પ્રતિમાનાં દર્શન કરવાની આજ્ઞા ફરમાવી છે! જે જીવો જિનમૂર્તિનાં દર્શન કરતા નથી, તે જીવો પરમાત્માની આજ્ઞાના વિરાધક બને છે, તે ખુલ્લું સમજાઈ જાય તેવું છે. કારણ કે નંદીસૂત્રમાં મહાકલ્પ સૂત્રનું નામ છે, તે નંદીસૂત્ર-જિનપ્રતિમાને નહિ માનવાવાળા પણ માને છે, માટે નંદીસૂત્રમાં કહેલ મહાકલ્પસૂત્ર પણ પ્રમાણભૂત થવાથી જિનપ્રતિમા પણ પ્રમાણભૂત થઈ ચૂકી.

જિનપ્રતિમાનાં દર્શન ન કરે તો સાધુને જેટલું પ્રાયશ્ચિત કહ્યું, તેટલું પ્રાયશ્ચિત પોષહમાં રહેલ શ્રાવક પણ પ્રમાદને લઈને દર્શન કરવા ન જાય તો શ્રાવકને પણ સમજવું. માટે જિનપ્રતિમાનાં દર્શન અવશ્ય નિરંતર કરવાં. વળી નંદીસૂત્રમાં મહાનિશિથ સૂત્રનું નામ છે. નંદીસૂત્ર ૩૨ સૂત્રમાં છે. તેમાં કહેલ મહાનિશિથ સૂત્રમાં કહ્યું છે કેઃ 'જિનમંદિર કરાવવાવાળો સમકિત દૃષ્ટિ જીવ બારમા દેવલોકે જાય.' આ સૂત્રના પ્રમાણથી પણ જિનપ્રતિમાની સિદ્ધિ થઈ ચૂકે છે.

ઉપર કહ્યા સિવાય બીજાં ઘણાં સૂત્રોમાં જિનપ્રતિમાનો અધિકાર છે. આ પુસ્તક વિશાળ થઈ જવાના હેતુથી તે પાઠો નહિ લખતાં, તે તે સૂત્રોનાં નામ માત્ર બતાવીએ છીએ. (સમકિત શલ્યોદ્ધાર પ્રમાણે.)

૧ જીવાભિગમ સૂત્રમાં વિજયદેવે જિનપ્રતિમા પૂજ્યાનો અધિકાર છે.

૨ ભગવતીસૂત્રના વીસમાં શતકે જંઘાચારણે જિનપ્રતિમાને વંદન કર્યાનો અધિકાર છે.

૩ ઉપાસકદશાંગસૂત્રમાં કહ્યું છે કે–આણંદ શ્રાવકે નિયમ કર્યો કે, 'જિનવરને જિનબિંબ વિના બીજા કોઇને પણ વંદું નહિ. પૂજું નહિ.' તેવી રીતે બીજા નવે શ્રાવકો માટે જાણવું.

૪ કલ્પસૂત્રમાં સિદ્ધાર્થ રાજાએ જિનપ્રતિમા પૂજ્યાનું કહ્યું છે.

૫ શ્રી ભગવતીસૂત્રમાં તુંગિયાનગરીના શ્રાવકોએ જિનપ્રતિમા પૂજ્યાનો અધિકાર છે.

૬ ઉવવાઈસૂત્રમાં ઘણાં જિનમંદિરોનો અધિકાર છે.

૭ તે જ સૂત્રમાં અંબડ શ્રાવકે જિનપ્રતિમાને વાંદી તથા પૂજી તેવો અધિકાર છે.

૮ શ્રી જંબુદ્વિપપન્નત્તિ સૂત્રમાં ચમક દેવતાદિકોએ જિનપૂજા કરેલી કહી છે.

૯ શ્રી નંદીસૂત્રમાં વિશાળાનગરીની અંદર શ્રી મુનિસુવ્રતસ્વામીની મહાપ્રભાવિક થુભ કહેલ છે.

૧૦ શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં સ્થાપના માનવી કહી છે.

૧૧ શ્રી આવશ્યક સૂત્રમાં જુદા જુદા અનેક અધિકાર છે. શ્રી ભરત ચક્રવર્તિએ જિનમંદિર કરાવ્યાનો અધિકાર છે. વગુર શ્રાવકે શ્રી મલ્લીનાથજીનું દેરાસર કરાવ્યું છે. પુષ્પથી જિનપૂજા કરનારનો સંસાર ક્ષય થઈ જાય તેમ કહ્યું છે. તથા પ્રભાવતી શ્રાવિકાએ જિનમંદિર બનાવ્યું છે. તથા જિનપ્રતિમાની આગળ નાટક કર્યું છે.

શ્રી શ્રેણિકરાજા નિરંતર એકસો આઠ સોનાના જવ નવા કરાવીને પરમાત્મા સન્મુખ સ્વસ્તિક કરતા હતા. સર્વ લોકમાં રહેલ જિનપ્રતિમાને આરાધવા નિમિત્તે સાધુ તથા શ્રાવક કાઉસગ્ગ કરે તેમ કહ્યું છે. બીજા પણ જિનપ્રતિમાના જુદા અધિકારો છે.

૧૨ શ્રી વ્યવહારસૂત્રમાં પ્રથમ ઉદ્દેશે જિનપ્રતિમાની આગળ આલોયણા કરવી કહી છે.

૧૩ દશપૂર્વધરના શ્રાવક સંપ્રતિ રાજાએ સવાલાખ જિનમંદિર કરાવ્યાં છે તથા સવાક્રોડ જિનબિંબ ભરાવ્યાં છે, જેમાંથી હજારો જિનમંદિર તથા જિનપ્રતિમાઓ વિદ્યમાન છે. શત્રુંજય, ગીરનાર આદિ તીર્થોમાં તથા ઘણાં નગરમાં ઘણાં સ્થાનકે સંપ્રતિ રાજાનાં કરાવેલાં જિનમંદિરો દૃષ્ટિએ પડે છે. તેમ જ બીજાં પણ ઘણાં હજારો વર્ષોનાં કરાવેલાં જિનમંદિરો હાલ વિદ્યમાન છે. આબુજી ઉપર વિમલચંદ્ર તથા વસ્તુપાળ તેજપાળનાં કરોડો રૂપીઆ ખરચીને બનાવેલાં જિનમંદિરો વિદ્યમાન છે. જેની શોભા દેખતાં ભલભલા વિદ્વાનો પણ આશ્ચર્ય પામે છે.

આ પ્રમાણે ઘણાં સૂત્રોમાં ઘણા જ વિસ્તારથી જિનપ્રતિમાનો અધિકાર બહુજ આનંદકારી વિદ્યમાન હોવાથી જિન પ્રતિમા વંદનિક-પૂજનિક છે. પ્રતિમાનાં દર્શન કરતાં પણ પાપના પુંજ ભસ્મીભૂત થઈ જાય છે. માટે તેમાં લેશમાત્ર શંકા રાખવી નહિ. અનંતકાળથી ભવચક્રમાં ભ્રમણ કરતાં માનવભવાદિ ઉત્તમ સામગ્રી મળી છે, તેમાં જો જિનપ્રતિમામાં શંકા રાખીશ અથવા નહિ માને તો પાછું અનંતકાળમાં

ભ્રમણ કરવું પડશે. સૂત્રનો એક અક્ષર ઉત્થાપન કરનારને અનંત સંસારી કહ્યા છે તો પછી ઠેકાણે ઠેકાણે સૂત્રોમાં કહેલા જિનપ્રતિમાને વંદન કરવાના–પૂજા કરવાના અધિકારને ઉત્થાપન કરનારાઓને કેટલો સંસાર વધી જાય તે તીવ્રદૃષ્ટિથી સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું. કદાગ્રહ છોડી દેવો. પ્રથમથી પકડી રાખેલ અમારાથી કેમ મુકાય તેવા ખોટા કદાગ્રહમાં મૂંઝાઇ રહેવાથી આત્માને ભવચક્રમાં નરકાદિ દુર્ગતિનાં અસહ્ય દુઃખો સહન કરવાં પડશે. કદાગ્રહ મૂકવામાં તો દુઃખ લેશમાત્ર થતું નથી, પરંતુ ઊલટો આનંદ પ્રાપ્ત થાય છે. આત્મામાં નવીન જાગ્રતિ આવે છે. ભવભ્રમણ નષ્ટ થાય છે. જુઓ જિન પ્રતિમાનાં દર્શન કરવાથી જ કેટલા ફાયદા થાય છે? કેવા કેવા જીવો બોધિબીજ પ્રાપ્ત કરીને આત્મકલ્યાણ કરી ગયા છે?

૧ અભયકુમારે મોકલેલી ઋષભદેવસ્વામીની પ્રતિમા દેખી આર્દ્રકુમાર પ્રતિબોધ પામ્યા અને સમ્યકત્વ રત્ન પ્રાપ્ત કરી અનુક્રમે મુનિપણું અંગિકાર કરી આત્મકલ્યાણ કરી ગયા.

૨ દશવૈકાલિક સૂત્રના કર્ત્તા શ્રી શય્યંભવસૂરિ, શ્રી શાંતિનાથની પ્રતિમા દેખી પ્રતિબોધ પામ્યા છે, **'सिज्जंभवगणहरजिणपडिमादंसणेण पडिबुद्धो.'** ઇત્યાદિ.

૩ શ્રી જિનપ્રતિમાની ભક્તિથી શ્રી શાંતિનાથજીના જીવે તીર્થંકર ગોત્ર બાંધ્યું છે.

૪ જિનભક્તિ કરવાથી જીવ તીર્થંકર ગોત્ર બાંધે છે. આ કથન શ્રી જ્ઞાતાસૂત્રમાં છે. જિનપ્રતિમાની પૂજા છે તે તીર્થંકરની જ પૂજા છે અને તેથી વીસસ્થાનક મધ્યે પેલા સ્થાનકનું આરાધન થાય છે.

૫ જિનપ્રતિમાને પૂજવાથી સંસારનો ક્ષય થઈ જાય છે. એમ શ્રી આવશ્યકસૂત્રમાં કહ્યું છે.

૬ જિનપ્રતિમાને પૂજવાથી મોક્ષફળની પ્રાપ્તિ થાય છે એમ શ્રીરાયપસેણીસૂત્રમાં કહ્યું છે.

૭ ગણધર મહારાજના સત્તરે પુત્રે સત્તરે ભેદમાંથી એક પ્રકારે જિનપૂજા કરી છે અને તે જિનપૂજાથી તે જ ભવે મોક્ષે ગયા છે. આ અધિકાર સત્તરભેદી પૂજાના ચરિત્રમાં છે અને સત્તર ભેદી પૂજા શ્રી રાયપસેણી સૂત્રમાં કહેલી છે.

૮ નાગકેતુ શ્રીજિનેશ્વરની પૂજા કરતાં શુદ્ધ ભાવનાવડે કેવળજ્ઞાન પામ્યા હતા.

૯ દુર્ગંતાનારી પરમાત્માની ફૂલની પૂજા કરતાં કેવળજ્ઞાન પામી હતી.

શ્રીદશવૈકાલિક સૂત્રના આઠમા અધ્યયનમાં કહ્યું છે કેઃ-- 'ભીંત ઉપર સ્ત્રીની મૂર્તિ ચિતરેલી હોય, તે મુનિઓએ જોવી નહિ. કારણ કે તેને દેખવાથી વિકાર ઉત્પન્ન થવાનો સંભવ.'

चित्तभित्तिं न निज्झाए, नारिं वा सुअलंकियं ।
मक्खरं पिव दिट्ठूणं, दिट्ठि पडिसमाहरे ॥ १ ॥

અર્થ—" ચિત્રામણની ભીંત સ્ત્રીથી અલંકૃત હોય તો તેને જોવી નહિ. કારણ જે તે વિકાર થવાના હેતુભૂત છે. જેમ સૂર્ય સામું જોઈ દૃષ્ટિ સંહરી લઈએ છીએ, તેની પેઠે ચિત્રામણની સ્ત્રી દેખીને દૃષ્ટિ સંહરી લેવી."

જુઓ ! વિચાર કરો ! જેમ ચિત્રામણની સ્ત્રી દેખવાથી કામવિકાર ઉત્પન્ન થાય છે તેવી જ રીતે શાંતરસથી ભરપૂર પરમાત્માની મૂર્તિ દેખતાં જીવને વૈરાગ્ય ઉત્પન્ન થાય તેમાં

શું આશ્ચર્ય ? માટે જિનપ્રતિમામાં જરાપણ સંશય રાખવો નહિ.

## સૂત્રોમાં જિનપ્રતિમા વિષે પદ્ય

રાગ—નાથ કૈસે ગજકો બંધ છુડાયો.

પૂજો પ્રેમે જિનપડિમા જયકારી,
એ તો અવિચળ સુખ દેનારી.....પૂજો૦

પ્રભુપડિમા પૂજનની સાખો, બહુ છે સૂત્ર મોઝારી;
રાયપસેણીમાં સુર સુર્યાભે પૂજી છે પડિમા પ્યારી...પૂજો૦

જ્ઞાતા અંગે રંગે ઉમંગે દ્રૌપદી સમકિત ધારી;
જિનવર પૂજી લીધો લ્હાવો, જગમાં છે બલિહારિ...પૂજો૦

જંઘાચારણ :ને વિદ્યાચારણની, પૂજન વાત વિસ્તારી;
ભગવતીમાં પ્રભુ વીરે ભાખી, બલિહારી જઈએ વારી...પૂજો૦

જીવાભિગમમાં વિજયદેવતા, પડિમા પૂજે મનોહારી,
તેમ ભવી જિનવર પૂજી ભાવે, "ભકિત" કરો વારંવારી...પૂજો૦

આ પ્રમાણે સૂત્ર સિદ્ધાંતમાં કહેલી જિનપ્રતિમાનાં દર્શન કરી, પૂજન કરી, ભકિત કરી, ઘણા ભવ્ય જીવો સમ્યગ્દર્શન પામી અનુક્રમે કેવળજ્ઞાનની લક્ષ્મી મેળવી મુકિતમાં બિરાજમાન થયા છે. જન્મમરણના કલેશથી દૂર થયા છે. આવી રીતે જીવોને કર્મ ખપાવવા માટે આ પંચમકાળમાં સાક્ષાત જિનેશ્વર ભગવાનનો વિરહ છે. પણ જિનપ્રતિમા પ્રબળ સાધન હોવાં છતાં શાસ્ત્રમાં ઠેકાણે ઠેકાણે જિનેશ્વરદેવે તે બતાવેલ છતાં, કેટલાએ બિચારા મહામોહનીય કર્મના જોરથી–પ્રબળ મિથ્યાત્વના ઉદયથી જિનપ્રતિમાને નથી માનતા, નથી પૂજતા તેને માટે ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કહે છે કે:–

એણીપેરે બહુ સુત્રે ભણ્યું જીરે, જિનપૂજા ગૃહીકૃત્ય–
જે નવી માને તે સહીજી રે,
કરશે બહુ ભવ નૃત્ય....સુણો જિન !

(આ અધિકાર સંબંધે જુઓ પાનું ૨૫૨)

"બહુ સૂત્રસિદ્ધાંતમાં જિનપૂજાનું કૃત્ય ગૃહસ્થો માટે કહેલું છતાં જે નહિ માને તે આ ભવચક્રમાં જન્મ-મરણના ફેરા વડે નૃત્ય કરશે." માટે હે ચેતન ! તું લેશ-માત્ર જિનપ્રતિમામાં શંકા કરીશ નહિ અને હંમેશાં પરમા-ત્માનાં વિધિપૂર્વક દર્શન કરી–પૂજન કરી સમ્યક્ રત્નની પ્રાપ્તિ કરી લેજે. તને આ અપૂર્વ અવસર મળ્યો છે, તેથી જેમ બીજા જીવો પ્રભુપ્રતિમાનું આલંબન લઇ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી આત્મકલ્યાણ કરી ગયા તેમ તું પણ કરી શકીશ. માટે નિશ્ચલ ચિત્તથી જિનપ્રતિમાનાં દર્શન–પૂજા–ભક્તિ કરજે!

ઈતિ શ્રી જિનપ્રતિમાનો તથા તેમની
પૂજા— ભક્તિનો અધિકાર.

જેવી રીતે આ પંચમકાળમાં જિનપ્રતિમાનો ભવીજીવોને આધાર છે–તરવાનું સાધન છે, તેવી જ રીતે તીર્થંકર ગણ-ધરોએ કહેલાં જિનઆગમ પણ જીવને સંસારમાંથી તરવાનું પ્રબળ સાધન છે. આગમમાં બતાવેલ ધર્મનું આરાધન કરનાર ભવ્ય જીવો આત્માની પરમાત્મ દશા પ્રાપ્ત કરે છે. જો વીરપ્રભુનાં બતાવેલાં તત્ત્વ જીવ સાંભળે તો તેનાં હૃદયમાં નવીન અદ્‌ભૂત વિચાર પેદા થાયઃ માટે હે ચેતન ! સર્વજ્ઞ પ્રભુએ કહેલો ધર્મ ઉત્તમ શરણરૂપ જાણીને મન, વચન, અને કાયા–ત્રિકરણ શુદ્ધે તેનું આરાધન કર ! અવસર હાથમાં

આવ્યો છે તેને જવા દઈશ નહિ. તું અનંતકાળથી અનાથ છે, તે ધર્મના પ્રભાવથી જ સનાથ થઈશ. અનંતકાળથી સંસારમાં ભ્રમણ કરતાં માતાપિતા, ભગિની, સ્ત્રી વગેરે કુટુંબાદિક તને શરણભૂત થયાં નથી. પરલોકમાં જતાં તેઓનો તને આધાર નથી. જેથી શરણ રહિત એવો તું ધર્મના પ્રભાવથી જ શરણવાળો થઈશ. જો શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના વીસમા અધ્યયનમાં કહેલ અનાથી મુનિનુ ગ્રહસ્થપણે રોગથી પીડાયેલાનું કોઈ શરણ થયું નહિ, જેથી તેઓએ શુભ વિચારોને આત્મા સાથે જોડી દીધા અને સનાથ તેમ જ શરણવાળા થયા. તે દ્રષ્ટાંતનું બરાબર મનન કરજે. તેઓની નિસ્પૃહતા વગેરે જોઈ શ્રેણિક રાજા પણ ધર્મ પામ્યા તે અનાથી મુનિનું દ્રષ્ટાંત આ પ્રમાણે–

## અનાથી મુનિનું દ્રષ્ટાંત

એકદા ગજ અશ્વાદિથી અધિકવાળા તથા વૈડુર્યાદિક ઘણા રત્નોવાળા મગધદેશના અધિપતિ શ્રેણિકરાજા અશ્વક્રિડાને માટે મંડિકુક્ષિ નામનાં વનમાં નીકળી પડયા. વનની શોભા ઘણી મનોહારિણી હતી, નાના પ્રકારનાં વૃક્ષોવડે વન ઘણુંજ શોભી રહ્યું હતું. નાના પ્રકારનાં પક્ષીઓ તે વનનું સેવન કરતાં હતાં. તે પક્ષીઓના જુદા જુદા શબ્દો સંભળાતા હતા. નાના પ્રકારનાં પાણીનાં ઝરણાં ઝરી રહ્યાં હતાં. તે વન નંદનવનની તુલ્યતા ધરાવતું હતું. ત્યાં એક તરૂની નીચે મહાસમાધિવંત શરીરે સુકુમાળ એવા એક મુનિને તે શ્રેણિક રાજાએ દીઠા. તેનું અદ્‌ભૂત રૂપ દેખી રાજા મનમાં અત્યંત આનંદ પામ્યા અને ઉપમારહિત રૂપથી વિસ્મય પામી

મનમાં તેમની પ્રશંસા કરવા લાગ્યા. 'અહો ! આ મુનિનો કેવો અદ્‌ભૂત વર્ણ છે ? અહો ! કેવું મનોહર રૂપ છે ? અહો ! આ મુનિ કેવા આશ્ચર્યકારક ક્ષમાના ધરનાર છે ? અહો ! આ મુનિનાં અંગમાં વૈરાગ્ય કેટલો ભરેલો છે ? અહો ! આ મુનિમાં કેટલી નિર્લોભતા ઝળહળી રહી છે ? ઇત્યાદિક અનેક પ્રકારે ચિંતવતાં, ખુશી થતાં, સ્તુતિ કરતાં, ધીમેથી ચાલતાં, પ્રદક્ષિણા દઈ તે મુનિને વંદન કરી, અતિ સમીપ નહિ તેમ અતિ દૂર નહિ તેવી રીતે બેઠા પછી બે હાથ જોડી વિનયપૂર્વક મુનિરાજને પૂછયું:–'હે મહારાજ ! તમે પ્રશંસા કરવા લાયક તરૂણ છો, ભોગવિલાસને માટે તમારી વય અનુકૂળ છે, સંસારમાં નાના પ્રકારનાં સુખો રહ્યાં છે, તે સઘળાંનો ત્યાગ કરી મુનિપણામાં અતીવ ઉદ્યમ કરો છો તેનું શું કારણ ? તે મને અનુગ્રહ કરીને કહો.'

રાજાનાં આવા પ્રકારનાં વચનો સાંભળી મુનિરાજે કહ્યું:– 'હે રાજન ! હું અનાથ હતો, હે મહારાજ ! મને અપૂર્વ વસ્તુ પ્રાપ્ત કરાવનાર તથા યોગ્ય-ક્ષેમનો કરનાર, મારા ઉપર અનુકંપા આણનાર, પરમસુખનો દેનાર મિત્ર કોઇ ન થયો, એ કારણથી હું અનાથ હતો.' આવા પ્રકારનાં વચન સાંભળી શ્રેણિકને હસવું આવ્યું અને શ્રેણિકે કહ્યું કે:'તમારે મહાઋદ્ધિવંતને નાથ કેમ ન હોય ? જો કોઇ તમારો નાથ ન હોય તો હું પોતે થાઉં છું. તમે આ સંસારના ભોગ ભોગવો. મિત્રજ્ઞાતી સહિત દુર્લભ એવો તમારો મનુષ્યભવ સફળ કરો.' અનાથી મુનિએ કહ્યું:– 'હે શ્રેણિક મગધદેશના રાજા ! તું પોતે જ અનાથ છે તો મારો નાથ કેમ થઈશ ? નિર્ધન હોય તે ધનાઢય કેવી રીતે બનાવે ? બુદ્ધિરહિત બુદ્ધિદાન કયાંથી આપે ? વંધ્યા સ્ત્રી

સંતાન કયાંથી આપે? જ્યારે તું પોતે જ અનાથ છે તો મારો નાથ કયાંથી થઈશ ? મુનિનાં વચનથી રાજા વિસ્મય પામ્યો અને વ્યાકૂલ થયો. કોઈ કાળે જે વચનનું શ્રવણ થયું ન હતું, એવું વચન યતિના મુખથી સાંભળી શંકાગ્રસ્ત થયો છતો બોલ્યો કેઃ–'હું અનેક પ્રકારના અશ્વોનો ભોગી છું; અનેક પ્રકારના મદોન્મત્ત હસ્તિઓનો ધણી છું, અનેક પ્રકારની સેના મારે અધીન છે, નગર ગામ અંતઃપુર અને ચતુષ્પદ વગેરેની મારે કાંઈ ન્યૂનતા નથી, મનુષ્ય સંબંધી સઘળા પ્રકારના ભોગ મને પ્રાપ્ત થયા છે, સેવક જનો મારી આજ્ઞાને આરાધે છે, તમામ પ્રકારની સામગ્રી મારે ઘેર છે, સર્વ મનોવાંચ્છિત વસ્તુઓ મારી સમીપ રહે છે, આવા પ્રકારનો હું દેદીપ્યમાન છતાં અનાથ કેમ હોઉં ? રખે હે ભગવાન તમે ફેરફાર બોલતા હશો.'

મુનિએ કહ્યું. 'હે રાજન્! મારા કહેલા અર્થની ઉત્પત્તિને તું બરાબર સમજ્યો નથી, તું પોતે અનાથ છે, પરંતુ તે સંબંધી તારી અજ્ઞતા છે. હવે હું કહું છું તે અન્યગ્ર અને સાવધાન ચિત્તે તું સાંભળ. તે સાંભળી પછી તેના સત્યાસત્યનો નિર્ણય કરજે. મેં પોતે જે પ્રકારના અનાથીપણાથી મુનિપણું અંગીકૃત કર્યું છે, તે હું પ્રથમ તને કહું છું:–

'બીજાં નગરોથી અતિ શોભાવાળી કોસંબી નામની એક સુંદર નગરી છે. ત્યાં ઋદ્ધિથી પરિપૂર્ણ ધનસંચય નામના મારા પિતા રહેતા હતા. પ્રથમ યૌવનવયને વિષે અતુલ્ય અને ઉપમારહિત એવી મારી આંખોને વિષે વેદના ઉત્પન્ન થઈ તથા દુઃખને દેવાવાળો આખા શરીરે દાહજ્વર ઉત્પન્ન

થયેા. શસ્ત્રથી પણ તીક્ષ્ણ એવેા તે રેાગ વૈરીની પેઠે મારા ઉપર કેાપાયમાન થયેા. મારું મસ્તક આંખની અસહ્ય વેદનાથી અત્યંત દુઃખવા લાગ્યું. ઇન્દ્રના વજ્રના પ્રહાર સરખી બીજાને પણ અત્યંત ભય ઉપજાવનારી અત્યંત દારૂણ વેદનાથી હું બહુ શેાકાર્ત્ત થયેા. શારીરિક વિદ્યામાં વિદ્વાન, મંત્રમૂળીના જાણુ, સુજ્ઞ વૈદ્યરાજ મારી તે વેદનાનેા નાશ કરવા માટે આવ્યા, અનેક પ્રકારના ઔષધેાપચાર કર્યા, પણ તે વૃથા ગયા. ધનવંતરી સરખા તે વૈદ્યો મને તે વેદનાથી મુક્ત કરી શકયા નહિ. હે રાજન્! એ જ મારું અનાથપણું હતું, મારી આંખની વેદના ટાળવાને માટે મારા પિતાએ સર્વ ધન આપવા માંડયું પરંતુ તેથી કરીને પણ મારી વેદના ટળી નહિ. હે રાજન્! એજ મારૂં અનાથપણું હતું મારી માતા પુત્રના શેાકે કરીને અત્યંત દુઃખિત થઈ. પરંતુ તે પણ તે દરદથી મને મૂકાવી શકી નહિ, હે મહારાજા! તે જ મારૂં અનાથપણું હતું એક ઉદરથી ઉત્પન્ન થયેલા મારા મેાટા તથા લઘુબાંધવેા પેાતાનાથી બનતેા પરિશ્રમ કરી ચુકયા, પણ મારી વેદના ટળી નહિ. હે રાજન્! એ જ મારૂં અનાથપણુ હતું. વળી મારી મેાટી તથા નાની બહેનીઓથી પણ મારું દુઃખ ટળ્યું નહિ. હે મહારાજા! એજ મારું અનાથપણું હતું મારી પતિવ્રતા સ્ત્રી મારા ઉપર પ્રેમવાળી અને રાગવાળી હતી તે પણ આંખમાં પરિપૂર્ણ આંસુ ભરીને મારા હૃદયને સીંચતી ભીંજવતી હતી. મારી સમીપથી ક્ષણવાર અળગી રહેતી નહેાતી અન્ય સ્થળે જતી પણ નહેાતી. હે રાજન્! એવી સ્ત્રી પણ મારા રેાગને ટાળી શકી નહિ, હે રાજન્! એ જ મારું અનાથપણું હતું. એવી રીતે કેાઇના પ્રેમથી, કેાઈના ઔષધથી, કેાઇના

વિલાપથી અને કોઇના પરિશ્રમથી એ રોગ શાંત ન થયો. મેં તે વેળા એકલાએ જ અસહ્ય વેદના ભોગવી. પછી હું આ દુઃખથી ભરેલા સંસારથી ખેદ પામ્યો. તેથી વિચારવા લાગ્યો કેઃ-'હું જો આ ઘોર વેદનાથી મુકત થઈશ તો પાર-મેશ્વરી પ્રવ્રજ્યાને (દીક્ષાને) અંગીકાર કરીશ.' એમ ચિંતવતો હું શયન કરી ગયો. રાત્રી અતિક્રમી ગઈ. એટલે, હે મહારાજ મારી તે વેદના શમી ગઈ અને હું નીરોગી થયો. પ્રાતઃકાળે માતાપિતા સ્વજનાદિકને પૂછીને મેં મહાક્ષમાવાળું અને ઇન્દ્રિયોનો નિગ્રહ કરવાવાળું, આરંભાદિથી રહિત સાધુપણું અંગીકાર કર્યું. ત્યારપછી હું મારા આત્માનો નાથ થયો. હવે સર્વ પ્રકારના જીવનો હું નાથ છું."

અનાથી મુનિએ આવા પ્રકારની અશરણ ભાવના શ્રેણિક રાજાના મન ઉપર દૃઢ ઠસાવી. હવે બીજો ઉપદેશ તેને અનુકૂલ આપે છેઃ-"હે રાજન્! આ આપણો આત્મા જ દુઃખની ભરેલી વૈતરણીનો કરનાર છે. આપણો આત્મા જ શાલ્મલી વૃક્ષના દુઃખનો ઉપજાવનાર છે. આપણો આત્મા જ મનોવાંચ્છિત, ઇષ્ટ વસ્તુ રૂપી દૂધને દેવાવાળી કામધેનુ ગાય જેવું સુખને ઉપજાવનાર છે. આપણો આત્મા જ નંદનવનની માફક આનંદકારો છે. આપણો આત્મા જ કર્મનો કરનાર છે. આપણો આત્મા જ તે કર્મનો ટાળનાર છે. આપણો આત્મા જ દુઃખોને ઉત્પન્ન કરનાર છે. આપણો આત્મા જ સુખનો ઉત્પન્ન કરનાર છે. આપણો આત્મા જ મિત્ર અને આપણો આત્મા જ વૈરી છે. આપણો આત્મા જ તમામ કાર્ય કરનાર છે." એવી રીતે અનેક પ્રકારે અનાથી મુનિએ તે શ્રેણિકરાજા પ્રત્યે સંસા-

રનું અનાથપણું કહી બતાવ્યું. તેથી શ્રેણિકરાજા અતીવ સંતોષ પામ્યા. ને અંજળી કરીને બોલ્યા કેઃ–'હે ભગવાન ! મને તમે બરાબર ઉપદેશ કર્યો, તમે યથાસ્થિત અનાથપણું કહી બતાવ્યું. હે મહાઋષિ ! તમે સનાથ છો, તમે સબંધવ છો, અને તમે સધર્મ છો. તમે સર્વ અનાથના નાથ છો. હે પવિત્ર સંયતિ ! હું તમને ખમાવું છું. તમારી હિતશિક્ષાને વાંછું છું. ધર્મધ્યાનમાં વિઘ્ન કરવાવાળું ભોગવિલાસ સંબંધી આમંત્રણ મેં આપને કર્યું હતું તે સંબધીનો મારો અપરાધ ખમાવું છું.' એવી રીતે સ્તવના કરી શ્રેણિકરાજા પરમાનંદ પામી ધર્મને વિષે રાગી થયા. અને મુનિને પ્રદક્ષિણા કરી તેમના ચરણ વાંદીને સ્વસ્થાને ગયા. અનાથી મુનિ નિરતિચાર ચારિત્ર પાળી મુક્તિ પામ્યા.

ઇતિ અનાથી મુનિ કથા

અહો ભવ્યો! મહા તપોધન, મહામુનિ મહા પ્રજ્ઞાશાલી, મહા યશવંત, મહાનિર્ગ્રંથ અનાથી મુનિએ મગધદેશના રાજાને પોતાના શુદ્ધ ચારિત્રથી જે બોધ આપ્યો છે તે ખરેખર અશરણ ભાવનાને સિદ્ધ કરી દેખાડે છે. મહામુનિ અનાથીએ જે જે વેદનાઓ સહન કરી, તેની તુલ્ય. અથવા તેથી પણ વિશેષ અસહ્ય દુઃખો અનંત જીવો સામાન્ય દૃષ્ટિથી ભોગવતા દેખાય છે. તે સંબંધી તમે વિચાર કરો ! સંસારમાં છવાઇ રહેલ અશરણતાનો ત્યાગ કરી સત્ય શરણ રૂપ ઉત્તમ તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત કરો ! પ્રાપ્ત કરવા ઉદ્યમ કરો એ જ મુક્તિના કારણરૂપ થશે. જેમ સંસારમાં રહેલા અનાથી અનાથ હતા તેમ પ્રત્યેક આત્મા તત્વજ્ઞાનની

ઉત્તમ પ્રાપ્તિ વિના હંમેશાં અનાથ જ છે. સનાથ થવા માટે પુરૂષાર્થ ફોરવવાની જરૂર છે. આત્મા ! તું પણ પુરૂષાર્થ ફોરવીશ તો જ આત્મહિત કરી શકીશ. શ્રેણિકરાજા સુલસા રેવતી પ્રમુખના જીવો પણ પુરૂષાર્થ ફોરવી પરમાત્માની આજ્ઞાને શીરપર ચડાવી આવતી ચોવીસીમાં તીર્થંકર થશે, આવતી ચોવીસીમાં થવાવાળા તીર્થંકરોનાં નામોઃ

**આવતી ચોવીસીમાં થવાવાળા તીર્થંકરોના નામ**

૧ શ્રી પદ્મનાભ તે શ્રી શ્રેણિક મહારાજના જીવ.
૨ શ્રી સુરદેવ તે શ્રી મહાવીર સ્વામીના કાકા સુપાર્શ્વ શ્રાવકનો જીવ
૩ શ્રી સુપાર્શ્વજીન તે શ્રી કોણિક પુત્ર ઉદાયનનો જીવ
૪ શ્રી સ્વયંપ્રભજીન તે શ્રી વીરનો પોટિલ નામે શ્રાવકનો જીવ
૫ શ્રી સર્વાનુભૂતી તે દૃઢાયુષનો જીવ
૬ શ્રી દેવશ્રુતજીન તે કીર્તિનો જીવ
૭ શ્રી ઉદયજીન તે શ્રી વીરનો શ્રાવકશંખ નામનો જીવ
૮ શ્રી પેઢાલજીન તે આણંદ શ્રાવકનો જીવ
૯ શ્રી પોટિલજીન તે શ્રી સુનંદનનો જીવ
૧૦ શ્રી શતકીર્તિ તે શતક શ્રાવકનો જીવ
૧૧ શ્રી મુનિસુવ્રત તે દેવકીજીનો જીવ
૧૨ શ્રી અમમ જીન તે વાસુદેવનો જીવ
૧૩ શ્રી નિષ્કષાયજીન તે સત્યકીનો જીવ
૧૪ શ્રી નિષ્પુલાકજીન તે બલદેવનો જીવ

૧૫ શ્રી નિર્મમત્વજીન તે સુલસા શ્રાવિકાનો જીવ
૧૬ શ્રી ચિત્રગુપ્ત તે રોહિણીનો જીવ
૧૭ શ્રી સમાધિજીન તે રેવતી શ્રાવિકાનો જીવ
૧૮ શ્રી સંવરજીન તે શતાલીનો જીવ
૧૯ શ્રી યશોધરજીન તે દ્વિપાયનનો જીવ
૨૦ શ્રી વિજયજીન તે કર્ણનો જીવ
૨૧ શ્રી મલ્લિજીન તે નારદનો જીવ
૨૨ શ્રી દેવજીન તે અંબડ તાપસનો જીવ
૨૩ શ્રી અનંતવીર્યજીન તે અમરનો જીવ
૨૪ શ્રી ભદ્રજીન તે સ્વાતિ બુદ્ધનો જીવ

ઉપર લખેલ તીર્થંકર મહારાજનાં નામો તથા જીવો વગેરેમાં કેટલાક સ્થળોમાં તપાસ કરતાં ફેરફાર તથા પાઠાંતરો દેખાયાં છે; જેથી વાંચનારે વ્યામોહ નહિ કરતાં જુદા જુદા શાસ્ત્રોના અભિપ્રાયો જાણવા.

ઉપર બતાવેલ નામવાર તીર્થંકર મહારાજો આવતી ચોવીસીમાં થવાના છે. તેમ બીજા કેવલી ગણધરો વગેરે અનેક જીવો પુરૂષાર્થ ફોરવી રત્નત્રયિનું આરાધન કરી, કેવલજ્ઞાન પામી અજરામર પદના ભોકતા થશે તેવી રીતે હે ચેતન તું પણ જો તીર્થંકર મહારાજનો હિતોપદેશ તારા હૃદયમાં ઠસાવી સંસાર ઉપરથી રાગ ઉઠાવી રત્નત્રયિનું આરાધન કરીશ તો મુક્તિ સુખને જલદી મેળવીશ.

હે જીવ! તું અનાદિ કાળથી આ ચોરાશી લક્ષયોનિમાં અજ્ઞાનતાથી ભટકયા કરે છે, અને કામક્રોધ, મોહ માયાદિ,

અંતરંગ શત્રુઓથી એવો ફસાઈ ગયો છે કે તને સારાસારની તે અંતરંગ શત્રુઓ ગમ પડવા દેતા નથી. જેથી અનેક લોકોને ત્રાસ આપી રહ્યો છે. તેનું ફલ અનિષ્ટ તારે ભોગવવું પડશે. તેનો પણ તું વિચાર કરતો નથી. તારા માથે કાળચક્ર ભમી રહ્યું છે. તે તને કયારે ઝડપી લેશે. તે લક્ષમાં લેતો નથી અને તું પુત્રકલત્ર લક્ષ્મી, વગેરે પોતાનાં માનીને બેઠો છે પણ તે કોઈ તારું નથી તેનો વિચાર પણ તને આવતો નથી. આ શરીર ઉપર મુછો રાખી. ધર્મ ક્રિયાથી પાછો રહે છે. શરીર તારું નથી તે ધ્યાનમાં લેતો નથી. આ ભવ ભ્રમણનો અંત જ્ઞાન દર્શન ચારિત્રરૂપ રત્નત્રયિ વિના આવવાનો નથી તે રત્નત્રયિ પ્રાપ્ત કરવા, તારો લેશ માત્ર પ્રયત્ન પણ નથી તો પછી ભવભ્રમણનો અંત કેવી રીતે આવશે, તે વિચાર કર. વળી તું સદા પાપથી પેટ ભરે છે કુવિચારોમાં લીન બની જાય છે. ઘાટ આવે દેવ ગુરૂ અને ધર્મની પણ નિંદા કરી નાહક માનવ ભવ હારી જવાના કારણો સેવે છે. પ્રમાદને વશ થઈ આત્મચિંતવન એક ક્ષણ પણ કરતો નથી. તો કદાચ કુતરાં, બિલાડાં, શિયાલ, સર્પ વગેરે તિર્યંચોના તથા નરકના ભવો કદાચ તારા શીર પર આવ્યા તો તને તેવા હલકા ભવમાંથી ધર્મ વિના કોણ મુક્ત કરાવશે? તેવા હલકા ભવો ન આવે તેવા ઉપાયો લેવા તને કેમ સુઝતા નથી? ઉપાયો નહિ કરે ત્યાં સુધી તારૂં ઠેકાણું નહિ પડે. જેમ ભોજન કર્યા વિના ભૂખ ન મટે. જલપાન કર્યા વિના તૃષા નમટે, સૂર્ય વિના અંધકાર ન મટે તેમ ધર્મ વિના કોઇ દિવસ પણ દુઃખ ન મટે તે વાત કોઈ દિવસ ભૂલી જઈશ નહિ. તે ધર્મને બતાવનાર સદ્-

ગુરૂના ચરણે જવું જોઇએ તેમનાં વચનો સાંભળવાં જોઇએ સદ્‌ગુરૂના સમાગમ વિના અને તેમના બતાવેલ માર્ગે ચાલ્યા સિવાય તારો છૂટકો નથી. તે સિવાય તારી ભવ ભ્રમણનો નિસ્તાર થવાનો નથી. વીર પ્રભુની વાણીનો સ્વાદ સદ્‌ગુરૂના સંગથી જો કરીશ તો જ સાચા સુખનો અનુભવ કરી શકીશ. વળી તું જાણે છે કે 'જેવું કરે તેવું પામે' છતાં પારકી નિંદા કરી પાપથી પેટ ભરવા તૈયાર થાય છે. અને આત્મ-નિંદા તો કરતો નથી. તો પછી સંસાર સમુદ્ર કેવી રીતે તરીશ માટે તેનો ઊંડો વિચાર કરી પારકી નિંદા કરવાની ટેવ પણ જરૂર કાઢી રાખજે. અને વારંવાર આત્માને હિત શિક્ષા આપવા તૈયાર રહેજે. પ્રભાતે વહેલા ઊઠી ધર્મ ભાવ-નાના ઉચ્ચ વિચારો જેવા શાંત ચિત્તથી થાય છે, તેવા શુભ વિચારો બીજા ટાઈમે થવા પ્રાયઃ મુશ્કેલ છે. માટે સવારમાં કલાક બે કલાકનો ટાઇમ આત્મ ભાવનામાં કાઢ. સામાયિક, પ્રતિક્રમણ, પુસ્તકવાચન, વગેરેથી, સમય સફલ કર અને પ્રમાદને છોડ. નીચેની હકીકત ધ્યાનમાં લઇ ખૂબ મનન કર.

## હિતોપદેશ

જેવી રીતે ક્ષુધા લાગે તો ખાવા માટે, તૃષા લાગે તો પીવા માટે, પૈસા કમાવા માટે, પુત્રપુત્રીઓની સારસંભાળ માટે, સંસારનાં મજૂરી રૂપ કાર્યોમાં તો કોઇને કાંઇ પૂછવું જ પડતું નથી, જલદી પ્રવૃત્તિ થાય છે; તો પછી આ આત્મા અનાદિ કાળથી સંસારરૂપી બંદીખાનામાં પડયો છે; તો તેને છોડા-વવા માટે થોડો પણ ઉદ્યમ કેમ કરતો નથી ? હે ચેતન !

જરા લેશ માત્ર ચક્ષુ ઉઘાડ. જ્યારે ત્યારે પણ શુભ કાર્યમાં પુરુષાર્થ ફોરવ્યા વિના સંસારરૂપી કેદખાનામાંથી છુટાશે નહિ. માટે આત્મહિત કરવા તૈયાર થા. સદ્‌ગુરૂનો સંયોગ મેળવ. તેમની સેવા કરી આગમમાં પ્રકાશિત કરેલા તીર્થંકર ગણધરના બતાવેલા ધર્મને જાણ, જાણીને વિચાર કર, સ્વધન અને પરધનને ઓળખ, મોહના કેફથી અસત્ય વસ્તુને સત્ય વસ્તુ જાણી, ભ્રમથી ભૂલ્યો થકો સાંસારિક સુખને સત્યસુખ તરીકે જાણી શા માટે મુંઝાય છે ? વીતરાગ પરમાત્મા કથિત સત્ય તત્ત્વથી અજાણ રહી પોતાનું આયુ નિરર્થક ગુમાવો અધોગતિ શા માટે પ્રાપ્ત કરે છે ? સુખની આશાએ બાહ્ય વસ્તુની પ્રાપ્તિ કરવા પ્રયત્ન કરી રહ્યો છે, પરંતુ હે મોહાન્ધ આત્મા ! તું એટલું પણ વિચારતો નથી કે ખરૂં સુખ તો આત્મામાં રહેલું છેઃ પૌદ્‌ગલિક વસ્તુ તો વિનાશ પામી જવાની છે; તેની આશાએ આત્મિક ધન ખોઇશ નહિ.કોઈ પણ જડ પદાર્થમાં સુખ રહેલું નથી. જો શરીરમાં સુખ રહેલું હોય તો મૃત શરીરમાં તે સુખની પ્રાપ્તિ થવી જોઈએ, પરંતુ થતી નથી. માટે સિદ્ધ થાય છે કે, સુખ એ આત્માનો ગુણ છે. કર્મના આવરણને લીધે સંસારી જીવોને સુખ તિરોભાવે છે અને સિદ્ધને કર્મના નાશ થકી તે સુખ આવિર્ભાવે પ્રકાશે છે. તાત્વિક સુખ આત્મામાં જ રહેલું છે પરંતુ દુઃખદાયી વિભાવ દશાને અનાદિ કાળથી તું કોટે વળગાડી ફરી રહ્યો છે તેને છોડ. સ્વભાવ દશાને પ્રાપ્ત કર. પરંતુ તારે હજી રસ લોલુપતા ઘણી છે. સમભાવથી આશંસા રહિત તપશ્ચર્યા કરતો નથી. ઉપવાસ, આયંબિલ, એકાસણું, છેવટ ઉણોદરી વ્રત પણ સમભાવથી કરતો નથી નવીન

નવીન ચીજો ખાવાની ઇચ્છાઓ કર્યા કરે છે; પરંતુ ઇચ્છા-નિરોધ કરતો નથી. જે વસ્તુની ઇચ્છા થઇ તેને દબાવતો નથી. સંસારનાં અનેક કાર્યોનું તું ચિંતવન કરે છે. કોઇવાર કામરાગમાં, કોઇવાર સ્નેહરાગમાં, કોઇવાર દૃષ્ટિરાગમાં કોઇવાર કુદેવમાં–જેનામાં દેવપણાની ગંધ પણ નથી તેમાં, કોઇવાર કુગુરૂમાં–જેનામાં ગુરૂપણાનો અભાવ છે તેમાં કોઇવાર કુધર્મમાં–જે ધર્મથી અનેક જીવોનો નાશ થાય એવા અસત્ય ધર્મમાં, કોઇવાર મનોદંડમાં, કોઇવાર વચનદંડમાં-નહિ બોલવા લાયક વચનો બોલીને, કોઇવાર કાયદંડમાં. કોઇવાર હાસ્ય, રતિ આદિ, ભય, શોક દુગંચ્છામાં, કોઇવાર કૃષ્ણાદિ ત્રણ અશુભ લેસ્યામાં. કોઇવાર રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવમાં લીન થઈને સંસારની વૃદ્ધિનાં કારણોનું તું ચિંતવન કરે છે. તો હે ચેતન ! તું કેવી રીતે સ્વભાવ દશા પ્રાપ્ત કરી સંસારસમુદ્રનો પાર પામીશ ? આ તમારા આત્માના શત્રુ છે કે મિત્ર ? શાસ્ત્રકારો તો એને કટ્ટા શત્રુ કહે છે, તો શું આવી જબરજસ્ત મોહરાજાની સેનાને પાછી નહિ હઠાવે ? તારૂં સર્વથા બગાડવાવાળી તે સેના છે. હે ચેતન્, વળી તારા ઉપર અઢાર પાપસ્થાનકોનો કેટલો જોરાવર હુમલો છે ? તારી જીંદગીનો અત્યાર સુધીનો વિચાર કરી લે કે, કયો દિવસ મારો ચોખ્ખો ગયો, કે જે દિવસે એકપણ પાપસ્થાનક સેવ્યું નથી? ભાગ્યે જ કોઇ તેવો દિવસ નીકળશે. શું આ પણ એક આત્માની નબળાઇ–હીનસત્ત્વતા નહિ તો બીજું શું કહેવાય ? ફક્ત સવારે કે સાંજે જ્યારે પડિકકમણું કરે છે ત્યારે પહેલે પ્રાણાતિપાત, બીજે મૃષાવાદ, ઇત્યાદિક પાપસ્થાનકનાં નામ બોલી જાય છે' પરંતુ તે શબ્દમાત્રમાં જ રહી જાય છે. સવારે

કે સાંજે તે બોલીને જો બીજે દિવસે તેનાથી પાછો હઠે–તે પાપસ્થાનકો ન સેવે તો કેવો આનંદ આવે ? થોડો અનુભવ તો કરજે. અમુક દિવસે એક પણ પાપસ્થાનકનો સમાગમ કરવો નથી, એમ ધારીને જો થોડું ઘણું તે તરફ લક્ષ રાખીશ તો જરૂર તેને થોડે ઘણે અંશે પણ કાઢી શકીશ. શબ્દો ઉચ્ચાર્યા પછી તે ઉપર વિચાર કરીને શુભમાં પ્રવૃત્તિ ને અશુભથી નિવૃત્તિ કરવાથી જ આત્માને લાભ થાય છે. સર્પ અથવા સિંહને દેખો સર્પ સર્પ, સિંહ સિંહ, એમ શબ્દ બોલીએ ને પાછા હઠી ન જઈએ તો સર્પ અથવા સિંહ પ્રાણુનો નાશ કરે. તેવી જ રીતે પાપસ્થાનક બોલીને પણ તેનાથી પાછા ન હઠીએ તો તે પાપસ્થાનકો ભાવ પ્રાણ જે જ્ઞાન, દર્શન, ચારિત્ર–તેનો નાશ કરે. તેમાં શું આશ્ચર્ય ? સુવર્ણ તથા હીરાદિકને દેખીને મુખથી સુવર્ણાદિક બોલ્યા કરે, સાક્ષાત્ દીઠાં છતાં ગ્રહણ ન કરે, ને કાચના કટકા જ ગ્રહણ કરે,તે ધનવાન થાય ખરો ? ન જ થાય. તેવી જ રીતે જીવાદિક નવ તત્ત્વોનું જાણપણું કરે, પરંતુ તેમાં રહેલ સંવર તત્ત્વનો આદર ન જ કરે, નિર્જરાને ન સ્વીકારે. તો જાણવા માત્રથી પ્રવૃત્તિ વિના કેવી રીતે આત્મકલ્યાણ કરી શકે ? જુઓ ક્રિયા અષ્ટકમાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ શું કહે છે ?

**क्रियाविरहितं हंत, ज्ञानमात्रमनर्थकम् ।**
**गतिं विना पथज्ञोपि, नाप्नोति पुरमीप्सितम् ॥**

ક્રિયા રહિત જ્ઞાન માત્ર નિષ્ફળ છે. રસ્તાનો જાણનાર માણસ ગતિ ન કરે–છાનોમાનો બેસી રહે તો વાંછિત નગરે પહોંચતો નથી. તેમ ક્રિયારહિત જ્ઞાન મોક્ષફળદાતા

થતું નથી.' શાસ્ત્રમાં પણ જ્ઞાનક્રિયાવડે કરીને જ મોક્ષ કહેલ છે. આ હેતુ માટે જાણપણું કરી શુભકાર્યમાં પ્રવૃત્તિ કરવી, તે જ મોક્ષનું કારણ છે. બાકી હે ચેતન! દિવસ ને રાત્રિ રોજ જાય છે, આયુ કાપે છે. મસ્તકપર ધોળા વાળ આવ્યા, મૃત્યુએ આગળથી દૂત મોકલી ખબર આપી કે તું ચેત કે ન ચેત, જ્ઞાનક્રિયાવડે મોક્ષસુખ મેળવવા પ્રવૃત્તિ કર કે ન કર, હું તો તાકીદથી આવું છું, તૈયાર થઈ રહેજે. ખોટી આશાએ સંસારમાં પડયો રહીશ નહિ. મધુબિંદુ જેવા સાંસારિક સુખમાં મુંઝાઇશ નહિ. નીચે લખેલી ગાથાનું મનન કરજે :

નગારાં વાગે માથે મોતનાં, કેમ નિશ્ચિંત થઇને સુતો રે;
મધુબિંદુ સુખની લાલચે, બાલી કીચડમાં કેમ ખુતો રે.
:અલિહારી જાઉં એ વૈરાગ્યની.

આ ગાથાથી નિશ્ચિત કરી લેજે કે મૃત્યુનાં નગારાં વાગી રહ્યાં છે, હવે આત્મશ્રેય કરવામાં જેટલો વિલંબ કરીશ તેટલું ગુમાવી બેસીશ. તું એમ ધારીશ નહિ કે, હજી મને ધોળા વાળ નથી આવ્યા. હજી હું તો નાની ઉંમરનો છું. હજી આપણે ઘણીવાર છે. સોપક્રમ આયુવાળાને તો વાળ ધોળા હોય કે કાળા હોય તે જોવાનું નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે સોપક્રમ આયુવાળાનું સાત પ્રકારે આયુ તુટે છે. જુઓ ઉપદેશ રત્નાકરમાં શ્રી મુનિસુંદરસૂરિ મહારાજે બતાવેલ છે:-

अज्झवसाणे[૧] निमित्ते[૨], आहारे[૩] वेअणा[૪] पराघाए[૫] ।
फासे[૬] आणपाणु[૭], सत्तविहं जिज्झए आउं ॥१॥

૧. અધ્યવસાય-રાગ,ભય ને સ્નેહ-આ ત્રણ પ્રકારે

સમજવા તેમાં રાગજન્ય અધ્યવસાય કોઈ સ્ત્રી એક તરૂણ પુરૂષને પાણી પાતી હતી, તેના ઉપર અત્યંત રાગવાળી થઈ પાછી હઠી નહિ, તે પુરૂષને જોવામાં એકદમ રાગવાળી બની. પુરૂષ ચાલ્યો ગયો. રાગના અધ્યવસાયથી બાઈ મરણને શરણ થઈ. મનુષ્ય ભવ ગુમાવી બેઠી, એ પહેલો રાગ અધ્યવસાય.

ગજસુકુમાળનો સસરો સોમિલ વિપ્ર ગજસુકુમાળને ઉપસર્ગ કરીને આવતો હતો. સામેથી વાસુદેવને આવતા દેખી ભયથી મરણ પામ્યો. એ બીજો ભય અધ્યવસાય.

ત્રીજો સ્નેહ અધ્યવસાયઃ તે એક વણિકને એક તરૂણ સ્ત્રી હતી. તે બંનેને ગાઢ સ્નેહ હતો. તે વાણીઓ દેશાંતર કમાવા ગયો. કમાઈને પાછો વળ્યો, તેના મિત્રે આગળથી ઘેર આવી પરીક્ષા કરવા તેની સ્ત્રીને કહ્યું, કે ' તમારો પતિ મરી ગયો.' બાઈને સ્નેહ ઘણો હોવાથી તે શબ્દ સાંભળતાં તુરત જ મરણ પામી. પાછળથી તેનો ધણી આવ્યો,તે પણ પોતાની સ્ત્રીને મરણ પામેલી જોઇ સ્નેહના તીવ્ર અધ્યવસાયથી મરણ પામ્યો. આ સ્નેહ અધ્યવસાય. આવા પ્રકારનો તીવ્ર સ્નેહ જીવને બહુ હેરાન કરે છે. જલદી મૃત્યુ પમાડે છે. આજકાલ પંચમકાળમાં પણ આવો સ્નેહ ઘણીવાર દ્રષ્ટિગોચર થાય છે.ઘણા જીવો તેથી મૃત્યુને આધીન થાય છે. જરા પણ વિયોગ થાય તો મનમાં જાણે છે કે, મારૂં તમામ નાશ થઈ ગયું ! અરે, હું હવે શું કરીશ ? મારી કોણ રક્ષા કરશે ? મને કોણ સાચવશે ? ઇત્યાદિ સ્વાર્થમાં અંધ બની ખોટા વિલાપ કરી આયુને ઉપક્રમ લગાડી દૂર રહેલા મૃત્યુને નજીક કરી જીંદગી રદ કરે છે ને આર્ત્તધ્યાનથી મરણ પામી નરક તિર્યંચાદિ દુર્ગતિના અધિકારી બને છે. માટે આવા સ્નેહથી દરેક ભવ્ય

જીવોએ પાછા હઠવું. પ્રથમનો જે રાગ, તે રૂપાદિ દેખવાથી ઉત્પન્ન થયેલ સ્વરૂપ જાણવો અને આ સ્ત્રીપુત્રકલત્રાદિ ઉપર જે રાગ તે સ્નેહ જાણવો. આવો સ્નેહ જીવને બહુ ભવમાં ભટકાવનાર થાય છે. વળી કેટલીકવાર કેટલાક લક્ષ્મીનો વિયોગ થવાથી બહુ જ મુંઝાઇ જાય છે. જાણે કે મારૂં તમામ ગયું : પરંતુ મૂર્ખ એટલું વિચારતો નથી કે, જન્મ્યો ત્યારે શું લાવ્યો હતો ? અને મરીશ ત્યારે શું લઈ જઈશ ? માટે શા માટે ગભરાય છે ? લક્ષ્મી ગઇ તો ગઇ, તારા નસીબમાં નહોતી. તારું પુણ્ય પ્રબળ હોત તો જાત નહિ. પુણ્ય ઓછું થયું તો ગઈ, માટે પુણ્ય બરાબર ઉપાર્જન કર ! આવી રીતે આત્માને સમજાવીને શાંત કરવાથી શાંતિ થાય છે અને બહુ રાગ વડે ઉદ્વેગ કરવાથી મૃત્યુને શરણ થવાય છે. તે પણ આવા રાગની અંદર અંતર્ભૂત થાય છે. આ ત્રણે પ્રકારના અધ્યવસાય આયુને તોડી નાખે છે.

૨. **બીજો ઉપક્રમ**–નિમિત્ત-દંડ, શસ્ત્ર,રજ્જુ, અગ્નિ, પાણી, ઝેર, સર્પ, શીત, ઉષ્ણ, અરતિ, ભય, ક્ષુધા, તૃષા, ધસાવું, પીલાવું ઇત્યાદિ નિમિત્તથી આયુ ત્રુટી જાય છે.

જેમ કોઇને માથામાં દંડ વાગ્યો ને તે મૃત્યુ પામ્યો. રૂદ્રદેવે અગ્નિશિખા નામની પોતાની સ્ત્રીને માથામાં દંડ મારવાથી તે મરણ પામી, તેની જેમ કોઈ શસ્ત્ર લાગવાથી યુદ્ધાદિકમાં મરણ પામે,કોઈ ગળે દોરડાંનો ફાંસો ખાઇ મરણ પામે, કોઇ અગ્નિથી બળીને, કોઇ જળમાં ડૂબીને, કોઇ ઝેર ખાઇને, કોઇ સર્પ કરડવાથી, કોઈ શીતથી, કોઇ ઉષ્ણતાથી, કોઇ ક્ષુધાથી, કોઈ તૃષાથી વગેરે નિમિત્તો પામીને મરી જાય છે. આ નિમિત્તો આયુને તોડી નાખે છે.

૩. **આહાર**—અતિ ઘણો આહાર કરવાથી અજીર્ણ થઇ જાય છે ને તેથી આયુ તુટી જાય છે.

૪. **વેદના**—નેત્રાદિમાં શૂલાદિ વગેરેની ઉત્કટ વેદના થવાથી આયુ તુટે છે.

૫. **પરાઘાત**—વીજળી આદિના પરાઘાતથી આયુ તુટી જાય છે.

૬. **સ્પર્શ**—શરીરને વિષે તેવા પ્રકારના ઉત્કટ ઝેરનો સ્પર્શ થવાથી અથવા સર્પાદિકના સ્પર્શથી આયુ તુટી જાય છે. જેમ બ્રહ્મદત્ત ચક્રવર્તિ મરી ગયા પછી, તેના પુત્રે સ્ત્રીરત્ન પાસે ભોગની પ્રાર્થના કરતાં તેણે કહ્યું કે 'મારો સ્પર્શ તું નહિ સહન કરી શકે, જો તને ખાત્રી કરી આપું.' એમ કહી એક ઘોડાને કેડ સુધી તે સ્ત્રીરત્ને સ્પર્શ કર્યો, જેથી વીર્યના ક્ષય વડે તે અશ્વ તરત જ મરણ પામ્યો. ચક્રવર્તિની સ્ત્રી કામ-વિકારથી બીજાનો સ્પર્શ કરે તો બીજો સહન ન કરી શકે. મૃત્યુ પામે. જેથી સ્પર્શ પણ આયુને તોડનાર છે.

૭. **શ્વાસોચ્છ્વાસ**—ફેરફાર લેવાવાથી કે વધારે લેવા-વાથી આયુ તોડી નાખે છે.

આ સાતે નિમિત્તો સોપક્રમ આયુવાળાનું આયુ તોડનારાં છે, અહીં કદાચ કોઈ શંકા કરે કેઃ-' આયુ તે વળી તૂટતું હશે, જેટલા વરસનું બાંધ્યું હોય તેટલું ભોગવે. તેને વધઘટ કોઈ કરનાર નથી.' તેના ઉત્તરમાં લોક પ્રકાશ વગેરે શાસ્ત્રોમાં કહ્યું છે કે, જેમ લુગડું પાણીથી ભીંજવી ખૂબ લીલું કર્યાં પછી ગોટોવાળીને તે કપડું એક બાજુ રાખી મૂકીએ તો સુકાય તો ખરૂં પણ લાંબા ટાઈમે સુકાય. પરંતુ જો તે

કપડાંને નીચોવી પાણી કાઢી નાંખી તડકે સુકવીએ તો જલદી સુકાઇ જાય.તેવી રીતે આયુને જો ઉપક્રમ ન લાગે તો જેટલા વરસનું આયુ બાંધ્યું હોય તે પૂરૂં કરીને પછી મરણ પામે અને ઉપર બતાવેલા સાત પ્રકારના ઉપક્રમમાંથી કોઇપણ ઉપક્રમ લાગે તો પાંચ મિનિટ પૂરી ન થાય ને મરણને શરણ થવું પડે. આ બીના સોપક્રમ આયુવાળા માટે જાણવી.નિરૂપક્રમઆયુવાળા યુગલિક, દેવતા નારકો, ચરમશરીરી, તીર્થંકરો વગેરે–જેને સિદ્ધાંતમાં નિરૂપક્રમી આયુવાળા કહ્યા છે–તે પોતાનું આયુ પૂરૂં કરીને જ કાળધર્મ પામે–જેમ નારકીના જીવોના તલ તલ જેવડા ટુકડા પરમાધામી કરે છે છતાં તે મરી જતા નથી-અથાગ વેદના ભોગવે છે; તેવી રીતે નિરૂપક્રમી આયુવાળા માટે સમજવું. જુઓઃ—

પાતાલસુંદરીએ જયંતસેન રાજાને મારી નાખવા ઝેર દીધું છતાં ભોંયરામાંથી બહાર નીકળ્યો કે ઊલટી થઈ, ઝેર નીકળી ગયું. ચરમશરીરી હોવાથી નિરૂપક્રમ આયુ ન તુટયું.

ભીમસેનને દુર્યોધને ઝેર દીધું હતું છતાં કાંઈ ન થયું.

કંડુ રાજાને દેવીએ પર્વતમાં પછાડયા છતાં ચરમશરીરી હોવાથી મરણ ન પામ્યા.

આયુ જેટલું બાંધ્યું હોય તેમાં એક મિનિટ વધે નહિ પણ ઘટે ખરૂં તે ચોક્કસ સમજવું. તો પછી આવા શંકાશીલ આયુ ઉપર હે આત્મા ! વિશ્વાસ રાખીશ નહિ. આજ આનંદથી તું બેઠો હોય તો પણ ચોકકસ જાણજે કે, આવતી કાલની સવાર તો દૂર રહી પરંતુ બપોર જ્યારે દેખે ત્યારે ખરો. જો શાસ્ત્રકાર ભલામણ કરે છે કે–ધર્મ કરવામાં વિલંબ કરવો નહિઃ—

**जं कल्ले कायव्वं, तं अज्जं चिय करेह तुरमाणा ।**
**बहुविग्घो हु मुहुत्तो, मा अवरन्हं पडिक्खेह ॥१॥**

મનુષ્ય ચિંતવે છે, કે કાલે ધર્મકાર્ય કરીશું, પરંતુ કાલ કોણે દીઠી છે? કાલે શું થશે ? માટે હે ભવ્યો ! કાલે કરવાનું હોય તે આજેજ વિલંબ રહિત કરી લો, જરાપણ ઢીલ કરશો નહિ. ધર્મકાર્ય કરવામાં એક મુહૂર્ત પણ વિઘ્નવાળું થઇ પડે છે તેથી પાછલા પહોરમાં કરવાનું હોય તે પણ પહેલા પહોરમાં જ કરી લો, કારણ કે કદાચ આયુ પૂરું થઈ રહ્યું તો પાછલા પહોરમાં કેવી રીતે ધર્મ કરશો ?

ઘણા જીવો સવારમાં આનંદકરતાં દૃષ્ટિગોચર થાય છે અને તે જ દિવસે તમામ રિદ્ધિસિદ્ધિ કુટુંબ પરિવાર મૂકી પરલોકમાં ધર્મ વિના દુર્ગતિમાં રીબાય છે. જુઓ યશોધરનો જીવ પોતાના નવમા ભવે સુરેન્દ્રદત્ત સંજમ લેવાની ભાવનાવાળો રાત્રે સુઇ રહ્યો. તેની સ્ત્રી નયનાવલીએ પોતાના સ્વાર્થમાં અંધ બનીને કપટથી ઝેર દીધું. ઝેર ઉતારનાર વૈદ્ય—દાકતરો આવતાં પહેલાં જ તે જ સ્ત્રીએ ગળે નખ દઇ મારી નાખ્યો. આર્તધ્યાનથી મરીને તિર્યંચ ગતિમાં મોર થયો. ત્યાંથી મરી મૃગ મત્સ બોકડો કુકડો ઇત્યાદિક આઠ ભવ સુધી અનેક પ્રકારનાં દુઃખો સહન કરવાં પડયાં. સુરેન્દ્રદત્તના પૂર્વના નવમા ભવમાં માતાની દાક્ષિણ્યતાથી આટાનો કુકડો મારી હિંસા કરેલી જેથી ઉત્તરોત્તર આઠ ભવ બગડી ગયા. જો તુરત જ સંજમ જ લીધો હોત તો તિર્યંચના ભવો કરવા ન પડત.છેવટ નવમા ભવે શુભકર્મના ઉદયથી મુનિરાજને દેખવાથી જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વના ભવ સાક્ષાત્ દીઠા ત્યાર પછી

સંસારના મોહોત્પાદક પદાર્થમાં નહિ મુંઝાતાં,પરણ્યા વિના જ એકદમ વિલંબ કર્યા વિના ગુરુમહારાજ પાસે આવી સંજમનો સ્વીકાર કરી યશોધર મહારાજા થયા અને આત્મશ્રેય કર્યું, જેથી ધર્મના કાર્યોમાં જરા પણ વિલંબ કરવોજ નહિ; કરશો તો ભવાંતરમાં શશિરાજાની માફક ઘણોજ પશ્ચાત્તાપ થશે તે ચોક્કસ લક્ષમાં લેવું.

## ધર્મ કરવામાં વિલંબ નહિ કરવા વિષે

રાગ—હાલા વેગે આવો રે...

જાગો ભવી જાગો રે, ઊંઘ અઘોરી ત્યાગો રે.
અવસર આવ્યો ઓળખો હોજી;
નહિ જાગો તો, જીવન ચાલ્યું રે જાય.
ખોયું તેનો પસ્તાવો પાછળ થાય.....જાગો૦

સાખી-પળ પળ પ્રાણી આયખું, ઓછું થાય હંમેશ;
ચેતો ચિત્તમાં ચોંપથી એ આગમ ઉપદેશ.
ધર્મ ક્રિયામાં લાગો રે.....અવસર આવ્યો૦

સાખી-લાખ પૂર્વ આયુ ઘણી ચાલ્યા અન્તે ખાસ;
અલ્પ જીવનનો આપણો, તો અરે શ્યો વિશ્વાસ.
ભવની ભાવઠ ભાંગો રે.....અવસર આવ્યો૦

સાખી-ધર્મે ઢીલ કરો નહિ, ધરો ધ્યાનમાં એહ;
તપ જપ વ્રત કરણી કરી, સફળ કરો આ દેહ.
"ભક્તિ" જિનવરની માગો રે...અવસર આવ્યો૦

આજકાલ કેટલાએક જીવો ધર્મકાર્યોમાં વિલંબ કરી મૃત્યુને શરણ થાય છે, પરંતુ વાયદા કરી જલદી કાર્ય સાધી શકતા નથી, તેવા જીવોને કાળરાજા ઓચિંતા પકડે છે, ત્યારે

આર્ત્તધ્યાનથી મરણ પામી યશોધરના જીવની માફક તિર્યંચાદિ ગતિમાં રખડે છે. પછી જલદી ઊંચું ચઢવું ઘણું કઠિન થઈ પડે છે. પ્રથમ આપણે બતાવી ગયા કે મનુષ્યનો ભવ પામવો મહા કઠિન છે, તે ગુમાવી બેઠા પછી કયાંથી મળે? તેથી જેણે આ એક ભવ બગાડયો, તેણે ઉત્તરોત્તર ઘણા ભવો બગાડયા; જેણે આ એક ભવ સુધાર્યો, તેણે તમામ સુધાર્યા. કારણ કે જીવ ધર્મારાધનવડે સમ્યક્ત્વ દર્શન પામી દેવલોકમાં જાય છે અને ત્યાં પણ અનેક પ્રકારનાં તીર્થંકરની ભક્તિ વગેરે શુભ કાર્યો કરી, માનવ ભવ લઈ સિદ્ધિપદને જલદી પામે છે. કોઈ ત્રણ ભવ, કોઈ પાંચ, સાત, આઠ ભવમાં પણ સિદ્ધિપદને પામે છે. વચલા ભવમાં પણ દુઃખને પામતા નથી. સારી ઋદ્ધિસિદ્ધિવાળા કુટુંબમાં જ જન્મ થાય છે. માટે હે ચેતન! આ ભવ સફળ કરવા માટે જલદી ઉદ્યમવંત થા! પ્રમાદ છોડ. જો! છાયાના બહાના વડે કાળરાજા તારી પાછળ ફરે છે. તે હકીકત શાસ્ત્રકાર બતાવે છેઃ–

**छायामिसेण कालो, सयलजियाणं छलं गवेसंतो।**
**पासं कहवि न मुञ्चइ, ता धम्मे उज्जमं कुणह ॥१॥**

'હે આત્મા! તારા શરીરની છાયા જે દેખાય છે તે છાયાને બહાને કાળરાજા તારી પાછળ ફરે છે, સકળ જીવોનું છળ તે તાકી રહ્યો છે, છેડો છોડતો નથી, માટે ધર્મને વિષે ઉદ્યમ કર.

એકદમ ઓચિંતો તને કાળ પકડશે તે સમય તારાં જેટલાં કામ છે, તેટલાં પૂરાં થઈ શકવાનાં નથીઃ કામ તો બાકીનાં બાકી જ રહેશે. અને તને તે વખત બહુ જ પશ્ચાતાપ થશે કે–'અરે! આપણે કાંઈ આખી જીંદગીમાં સુકૃત કરી

શકયા નહિ અને મૃત્યુના પંજામાં આવ્યા.' તેવો પશ્ચાત્તાપ તે વખતે ન થાય તેવી યોજના અત્યારથી કરી લે. દાન, શીયલ, તપ, ભાવ–આ ચાર પ્રકારના ધર્મને તથા શ્રુત ધર્મને ચારિત્ર ધર્મને આદર. અવસર પામી સંયમ ગ્રહણ કર. સંયમ ન લઇ શકે તો સમ્યક્ત્વનું સ્વરૂપ સમજી સમ્યક્ત્વપૂર્વક શ્રાવકનાં બારવ્રત, સદ્‌ગુરૂનો સંયોગ પામી અંગિકાર કરી લે. પછી ધીમે ધીમે સંયમની પણ ભાવના થશે. અત્યારથી અભ્યાસ પાડ. અભ્યાસ વિના કોઇ પણ કાર્ય કરવું ઘણું કષ્ટકારી થઇ પડે છે, શરીર સારૂં છે ત્યાં સુધી જ કરી શકીશ. અત્યારે નહિ કરે તો પછી મૂઢ તથા ગમારની ઉપમાને લાયક થઇશ. જો! શાસ્ત્રમાં કહે છે કેઃ–

विविधोपद्रवं देह–मायुश्च क्षणभंगुरं ।
कामाऽऽलंब्य धृतिं मूढैः, स्वश्रेयसि विलंब्यते ॥१॥

"આ દેહ વિવિધ પ્રકારના ઉપદ્રવથી સપડાયેલ છે, આયુ ક્ષણભંગુર છે,છતાં કેવા પ્રકારની ધૈર્યતાને કે ધીઠાઇને અવલંબી મૂઢ જીવો પોતાના આત્મહિતમાં વિલંબ કરી રહ્યા છે?"

આ શરીર અનેક પ્રકારના ઉપદ્રવોથી વિંટાયેલું જ છે. કોઇ વાર ભયંકર રોગ, કોઈ વાર મૂર્ચ્છા, કોઇવાર ઘેલછા ઇત્યાદિ ઉપદ્રવોથી ભરપૂર આ દેહ છે. વળી આયુ પણ ક્ષણભંગુર છે. ક્ષણવારમાં માણસ મરણ શરણ થઈ જાય છે. આવી સ્થિતિમાં તો બીજા કોઇનું શરણ નહિ લેતાં ધર્મનું જ શરણ લેવું, તે જ આત્માને હિતકારી છે. ધર્મ છે તે જ જીવને પરભવ જતાં શંબલ (ભાતા) તુલ્ય થાય છે. માર્ગમાં ગમન કરનાર માણસ સાથે ભાતું ન હોય તો દુઃખી થાય છે. તે જ

હકીકત ઉત્તરાધ્યયન સૂત્રમાં કહે છે કેઃ—

**अद्धाणं जो महंतं तु, अपाहिज्जो पवज्जइ ।**
**गच्छंतो सो दुही होइ, छुहातन्हाहिं पीडिए ॥ १ ॥**

"જે મનુષ્ય મોટા લાંબા માર્ગમાં ભાતા વિના ગમન કરે છે, તે જતો થકો ક્ષુધા અને તૃષા વડે પીડા પામતો ઘણો જ દુઃખી થાય છે."

**વિવેચન**–લાંબા માર્ગે જવું હોય તો સુજ્ઞ માણસ ભાતું લઈને જ ગમન કરે, પરંતુ લીધા વિના જાય તો મૂર્ખ કહેવાય. તેવી જ રીતે પરલોકમાં ગમન કરનાર જીવ ધર્મને સાથે ન ગ્રહણ કરે તો દુઃખી થાય; વળી મૂર્ખ કહેવાય તેમાં આશ્ચર્ય નથી. તે જ હકીકત સૂત્રકાર કહે છે કેઃ—

**एवं धम्मं अकाऊणं, जो गच्छइ परं भवं ।**
**गच्छंतो सो दुही होइ, वाहिरोगेहिं पीडिए ॥ २ ॥**

"એ જ પ્રમાણે એટલે ભાતા વિના માર્ગમાં જતા પુરૂષની જેમ જે પુરૂષ ધર્મ કર્યા વિના પરભવમાં જાય છે, તે વ્યાધિ અને રોગો વડે પીડા પામ્યો છતો દુઃખી થાય છે."

હવે જે ભાતું લઈને જાય છે તેના ઉપર કહે છે કેઃ—

**अद्धाणं जो महंतं तु, सपाहिज्जो पवज्जइ ।**
**गच्छंतो सो सुही होइ छुहातन्हाहिं विवज्जिओ ॥ ३ ॥**

"જે પુરૂષ મોટા લાંબા માર્ગમાં ભાતા સહિત ગમન કરે છે. તે પુરૂષ ક્ષુધાતૃષાથી રહિત થવાથી સુખી થાય છે."

**एवं धम्मंपि काउणं, जो गच्छइ परं भवं ।**
**गच्छंतो सो सुही होइ, अप्पकम्मे अवेयणे ॥ ४ ॥**

"એ જ પ્રમાણે ધર્મ કરીને જે પ્રાણી પરભવમાં જાય છે, તે પ્રાણી અલ્પ કર્મવાળો થવાથી અને અશાતાવેદના રહિત થવાથી સુખી થાય છે." વળી વિશેષ પ્રકારે ધર્મનો પ્રભાવ કહે છે કેઃ—

**जिणधम्मोयं जीवाणं, अपुव्वो कप्पपायवो ।**
**सग्गापवग्गसुक्खाणं, फलाणं दायगो इमो ॥ १ ॥**

"આ જિનધર્મ જીવોને અપૂર્વ કલ્પવૃક્ષ તુલ્ય છે. કારણ કે કલ્પવૃક્ષ આ લોકનાં જ સુખને આપે છે, પરંતુ જિનધર્મરૂપી કલ્પવૃક્ષ તો સ્વર્ગ અને મોક્ષના સુખરૂપ ફળોને આપવાવાળો છે, માટે જૈન ધર્મ રૂપી કલ્પવૃક્ષને અપૂર્વ સમજવો."

**धम्मो बंधू सुमित्तो अ, धम्मो य परमो गुरु ।**
**मुक्खमग्गे पयट्टाणं, धम्मो परमसंदणो ॥ २ ॥**

"આ જગતમાં જીવોને ધર્મ બંધુ સમાન છે. જેમ આપત્તિ સમયમાં ભાઈ સહાયતા કરે છે, તેમ આપત્તિમાં આવી પડેલા પ્રાણીને ધર્મ બરાબર સહાય કરે છે. વળી ધર્મ હિતકારી મિત્ર સમાન છે. જેમ સાચો મિત્ર સદ્બુદ્ધિ આપી સન્માર્ગે દોરે છે, તેમ ધર્મ પ્રાણીને સન્માર્ગમાં દોરે છે. વળી ધર્મ સદ્ગુરૂ સમાન છે. જેમ સદ્ગુરૂ મહારાજ ઉપદેશ આપી પ્રાણીને દુર્ગતિમાં જતાં બચાવે છે, તેમ ધર્મ પણ પ્રાણીને દુર્ગતિમાં જવા દેતો નથી. જેમ ચીલાતિપુત્ર તથા દૃઢપ્રહારી, અર્જુનમાળી જેવા ઘોર પાપી જીવો પણ ચારિત્ર ધર્મના પ્રભાવથી દુર્ગતિમાં નહિ જતાં દેવલોક તથા મોક્ષમાં બિરાજમાન થયા છે. માટે જ ધર્મ મોક્ષ–માર્ગમાં

ગમન કરનાર જીવોને રથ સમાન કહ્યો છે. જેમ ઉત્તમ રથ માર્ગમાં સુખેથી લઈ જાય છે ને ઈચ્છિત નગરે પહોંચાડે છે, તેમ ધર્મરૂપી રથ પણ મોક્ષ–માર્ગમાં પ્રવર્તેલા પ્રાણીને મોક્ષમાં સુખશાંતિથી પહોંચાડે છે.”

આવો ધર્મરાજાનો પ્રચંડ પ્રભાવ હોવા છતાં સંસારમાં રહેલા કેટલાએ જીવો ધર્મ કરવામાં ઘણી જ બેદરકારી કરી ધર્મમાર્ગમાં પ્રવૃત્તિ કરતા નથી; તેવા જીવોએ નીચેની બીના જરૂર લક્ષમાં લેવી.

## ધર્મ કરવામાં બેદરકારી છોડી ઉદ્યમ કરો

સંસારમાં રહેલાં કેટલાયે મનુષ્યો ધર્મને ન તો શુભ કર્મના ઉદયમાં આરાધે, ન તો અશુભ કર્મના ઉદયમાં આરાધે. શુભ કર્મના ઉદયવાળા બાહ્ય વસ્તુને સાચવવામાં અને નવી નવી વધારે ભેગી કરવાના આળપંપાળમાં ચિંતામણી રત્ન જેવો અમૂલ્ય સમય ગુમાવે છે. અને અશુભ કર્મના ઉદયવાળા જીવો પણ બાહ્ય વસ્તુ મેળવવામાં સમય ગુમાવે છે; ત્યારે હવે મનુષ્ય ભવને સફળ કરવા માટે તેનો અમલ કોણ કરે, કયારે કરે ? આખી જીંદગી સુધી સાચવવું, નવું મેળવવું ઈત્યાદિક સંસારના કાર્યમાં નવરાશ તો મળે જ નહિ અને વળી ચોખ્ખું કહી દે કે અમારો શુભ કર્મનો ઉદય જાગશે ત્યારે ધર્મ કરવાની ભાવના આપોઆપ જાગશે, અત્યારે અમારો શુભ ઉદય નથી પાપનો ઉદય છે જેથી નથી બનતું; તેવું કહેનારને એટલું જ પૂછવું, કે ભાઈ! પ્રયત્ન કર્યો ? ઉદ્યમ કર્યો ? કાંઇ પણ ધર્મકાર્ય કરવાની કાળજી કરી ? આ બધું કર્યા પછી ન બને તો પછી માની શકાય કે અશુભોદય છે. આ તો કરવું

કાંઈ નહિ ને કહેવું કે અશુભોદય છે, એમ કાંઇ ચાલે નહિ. વ્યવહારમાં એકવાર પાછા પડીએ છીએ તો બીજીવાર ત્રીજીવાર પણ પ્રવૃત્તિ ચાલુ જ રખાય છે. ખાવામાં, પીવામાં, ગાડીની અંદર બેસવામાં, કમાવામાં મળવાનું હશે તો મળશે એવું કહેવાતું નથી અને ઉદ્યમ કરાય છે તેમ અહીં પણ કરવાનું છે. હંમેશાં ગુરૂ મહારાજ પાસે આવવું. એક દિવસ ભાવના ન થાય તો બીજે દિવસે આવો. રોજ ભાવના ન થાય તો સવારમાં વેળાસર ઊઠી આત્માને પૂછો, કે હે આત્મા, સંસારના કાર્યમાં ખૂબ ઉદ્યમ કરે છે તો પછી આવા શુભકાર્યમાં સામાયિક, પડીક્કમણું, જીનપૂજા શાસ્ત્રશ્રવણ, તત્ત્વચિંતન વગેરેમાં તારી પ્રવૃત્તિ કેમ થતી નથી. ઊઠ પ્રવૃત્તિ કર. આત્મશુદ્ધિ કરવાનો ઉપાય વીતરાગનું શાસન જ છે. ઇત્યાદિક ભાવના કરી ઉદ્યમ કરીશ તો જરૂર ધર્મ કરવાનું મન થશે અને ધર્મ કરી આત્મશુદ્ધિ જરૂર કરી શકીશ. પરંતુ મારો ઉદય નથી ઉદય નથી, એમ કરી બેદરકારી કરીશ તો આખી જીંદગી ખોઇ બેસીશ ને કાંઇ કરી શકીશ નહિ માટે ચેતી લે.

## આત્મશુદ્ધિ કરવાના ઉપાયો

વીતરાગનું શાસન પામીને ધાર્મિક કાર્યોમાં પ્રવૃત્તિ કરવાવાળો અને વળી નિરંતર ઉદ્યમ કરવાવાળો આત્મા ચડતાં ચડતાં ગ્રન્થિ ભેદ કરી સમ્યક્ત્વને પામે છે. જ્ઞાનીઓએ સમ્યક્ દૃષ્ટિ આત્માને દેખતો માન્યો છે, મિથ્યા દૃષ્ટિને આંધળો માન્યો છે. જેથી સમ્યક્ દૃષ્ટિ આત્મા જગતમાં રહેલા પદાર્થોને જેવા રૂપે છે તેવા રૂપે માને છે અને તેથી સચ્ચારિત્રની ભાવનાથી રંગાયેલો જ હોય છે. વળી લાગ તાકીને જ બેઠો હોય છે. કયારે આ સંસાર દાવાનળમાંથી નીકળી સર્વવિરતિ

અંગીકાર કરૂં અને મારા આત્માને આ સંસારની રખડપટ્ટીથી બચાવી શુદ્ધ કરૂં. વળી તે સમ્યક્ દૃષ્ટિના સહવાસમાં જે કોઇ આવે તેને પણ સાચો માર્ગ બતાવવા પ્રેરણા કરે છે. કૃષ્ણ મહારાજે પોતાની પુત્રીઓને સંજમ અપાવી સુખી કરી. આધુનિક સમયમાં પણ કેટલાયે ઉત્તમ જીવો પોતાનાં પુત્ર, પુત્રી વગેરેને જલદી મોક્ષ નગરમાં પહોંચાડવા માટે ત્યાગધર્મમાં જોડે છે. (દીક્ષા અપાવે છે). વળી સંજમમાં સ્થિર થવાની ભલામણ કરે છે. આનું કારણ એટલું જ કે સમકિત દૃષ્ટિ જીવ વીતરાગના વચનથી જાણે છે કે આ સંસાર દુઃખનો દાવાનળ છે અને મોક્ષ અનંતસુખનો દરિયો છે. આ પ્રમાણે વીતરાગના વચનથી જાણીને સંસારને છોડવાની જ અભિલાષા રાખે છે. કદાચ સર્વથા ન છૂટી શકે તો દેશથી પણ છોડીને દેશવિરતિ બને છે અને ચોરિત્રના પરિણામવાળો હોય છે. શ્રી હેમચંદ્રસૂરિ મહારાજ કૃત યોગશાસ્ત્રની ટીકામાં કહ્યું છે કે :

**सर्वविरति लालसः खलुदेशविरतिपरिणामः**
**यतिधर्मानुरागरहितानां तु गृहस्थानां देशविरतिरपि न सम्यक्**

દેશવિરતિનું પરિણામ પણ નિશ્ચિતપણે સર્વ વિરતિની લાલસાવાળું જ હોય છે. એટલે જે ગ્રહસ્થોને મુનિધર્મ ઉપર અનુરાગ નથી તેઓની દેશવિરતિ એટલે અણુવ્રતાદિકને ધરવા સ્વરૂપ શ્રાવકપણુ પણ સાચું નથી. પરમાત્મા મહાવીરદેવના ઉપાસક બનવાનો જે દાવો રાખે છે તેવા જીવોએ તો નીચે બતાવેલ મહાવીર પ્રભુનાં વચનો પોતાના હૃદયમાં બરાબર ઉતારવાં પડશે. જુઓ પરમાત્માનાં વચનોઃ

भो भो देवाणुपिया भिमे भवकाणणेपरिभमंता
दुहदावानलतत्ता जइवंछहसासयं ठाणं ॥ १ ॥
ता चरितनरेसर सरणंपविसेह सासय सुहदा
चिरपरिचयंपिमोत्तूण कम्मपरिणाम निवसेवं ॥ २ ॥

હે દેવાનાંપ્રિય ! ભયંકર એવા સંસારરૂપી વનની અંદર ભટકતા અને દુખરૂપી દાવાનળથી તપી ગયેલા એવા તમે જો શાશ્વત સ્થાન મુક્તિપદ, તેને ઈચ્છતા હો તો શાશ્વત સુખને માટે ઘણાં કાળથી પરિચિત એવા પણ કર્મ પરિણામરૂપ રાજાની સેવાને મૂકીને ચારિત્રરૂપી નરેસરના શરણનો સ્વીકાર કરો. આ ઉપરથી આપણે એટલું તો બુદ્ધિથી પણ વિચારી શકીએ છીએ કે જૈન શાસનમાં સર્વવિરતિ (દીક્ષા) એ જ પ્રધાનપદ ધરાવે છે. એ શાસનને પામેલા અને મહાવીરપ્રભુના વચનમાં લીન થયેલા મોટી રિદ્ધિસિદ્ધિના માલિકો પણ તેના ભોગવટામાં લીન નહિ થતાં એનો ત્યાગ કરવાની ચિંતામાં જ મગ્ન રહેતા હતા. આ ઉપર આપણે એક દૃષ્ટાંતનો વિચાર કરીએ.

શ્રી ઉદયન મહારાજા પરમાત્મા શ્રી મહાવીરદેવના સમયમાં એક વિશાલ રાજ્યના માલિક હતા તે છતાં પણ તેઓ પર્વતીથીએ, સૂર્યયશા રાજાની માફક પોષધ કરવાનું ચૂકતા ન હતા. કારણ કે તેમાં જ પોતાનું સાચું હિત સમજતા હતા. આજકાલના પંચમકાલના જીવોમાં પર્વતીથીનો પોષધ કરવાની ઘણી જ બેદરકારી દૃષ્ટિગોચર થાય છે તે ઠીક ન કહેવાય. ઉદયન રાજા રાજ્યના કાફલાને નરકની બેડી સમજતા હતા. એક દિવસે તે મહારાજા રાત્રિના સમયે

પોષધમાં ભાવનારૂઢ થતાં વીતરાગનાં વચનો વિચારે છે. તે વચનો નીચે મુજબ—

जीवाणं जलहि निवडिय रयणंव सुदुल्लहंमणुस्सत्तं
तत्थवि आरियखित्तं तओअ कुल जाइओसुद्धा ॥ १ ॥
तत्तोय दुल्लहंइह अहिण पंचिंदिय जए सव्वं
तम्मिवि निरोगत्तं तल्लामे दीह माऊंच ॥ २ ॥
अह दुल्लह धम्ममइ तो गुरु जोगंमि धम्म सवणंच
एयंमि वि सद्दहणं तओयं जिणदेसिया दिक्खा ॥ ३ ॥
ता पत्तोए समए मणुयत्ताइण दुल्लहोलाहो
इक्कं जिणंद दिक्खं दुक्खक्खय कारणं मुतुं ॥ ४ ॥
धन्ना जयम्मि जेहिं पत्ता बालत्तणे वि जिण दिक्खा
जम्हा ते जीवाणं न कारणं कम्म बंधस्स ॥ ५ ॥

**અર્થ**:—સમુદ્રમાં પડેલા રત્નની માફક જીવોને મનુષ્યપણું અતિશય દુર્લભ છે. તેમાં પણ આર્યક્ષેત્ર, તે પછી શુદ્ધકુલ અને શુદ્ધજાતિ દુર્લભ છે. ૧. અને તે પછી પંચેન્દ્રિયોએ કરીને પૂર્ણ એવું રૂપ આ જગતમાં દુર્લભ છે, તેમાં વળી નિરોગીપણું દુર્લભ છે, નિરોગીપણું મળ્યા છતાં પણ દીર્ઘાયુષની પ્રાપ્તિ દુર્લભ છે. ૨. એ તમામ મળ્યા પછી પણ ધર્મની મતિ થવી દુર્લભ છે. ધર્મની મતિ થયા છતાં ગુરૂનો યોગ થવો દુર્લભ છે. ગુરૂનો યોગ થયા છતાં ધર્મનું શ્રવણ થવું દુર્લભ છે અને ધર્મનું શ્રવણ થયા છતાં તેના ઉપર શ્રદ્ધા અને શ્રદ્ધા થયા છતાં શ્રી જીનેશ્વર દેવોએ ફરમાવેલી દીક્ષાની પ્રાપ્તિ થવી દુર્લભ છે. ૩. માટે સદ્ભાગ્ય છે જે આ સમયમાં દુઃખના

ક્ષયમાં કારણભૂત એવી એક જીનદીક્ષાને મૂકીને મનુષ્યપણા આદિનો દુર્લભ લાભ મને થયો છે, ૪. આ જગતમાં તે આત્માઓને ધન્ય છે કે જે આત્માઓ બાલપણાની અંદર જીનદીક્ષાને પામ્યા છે; કારણ કે તે આત્માઓ જીવોના પ્રત્યે કર્મબંધનના કારણરૂપ થતા નથી, ૫. આ પ્રકારની ભાવના કર્યા પછી. અને બાલ દીક્ષિતોના ગુણ ગાયા પછી પોતે પણ એ જ સંજમની ભાવનામાં રત બન્યા હતા ને વિચારવા લાગ્યા, કે ભગવાન મહાવીર પ્રભુ જો અહીં પધારે તો હું પણ જીનદીક્ષાને ગ્રહણ કરું. તે પછી પરમાત્મા મહાવીર તુરત જ પધાર્યા અને આ ભાગ્યશાળી મહારાજાએ દીક્ષા ગ્રહણ કરી અને નિરઅતિચાર ચારિત્ર પાળી આત્માનો અખંડ આનંદ ભોગવવા માટે મોક્ષમાં બિરાજમાન થયા. આ પ્રમાણે ઘણા ભાગ્યશાળી આત્માઓ દુઃખની ખાણભૂત સંસારને છોડી મોક્ષ સુખના ભાગી બન્યા છે; પરંતુ અમારો ઉદય હશે ત્યારે ધર્મ કરીશું એવું કહી બેસી રહ્યા નથી. બાર ચક્રવર્તિ પૈકીઃ—

| | |
|---|---|
| ૧ ભરત ચક્રવર્તિ | ૬ કુંથુનાથ ચક્રવર્તિ |
| ૨ સગર ચક્રવર્તિ | ૭ અરનાથ ચક્રવર્તિ |
| ૩ મઘવા ચક્રવર્તિ | ૮ મહાપદમ ચક્રવર્તિ |
| ૪ સનત્કુમાર ચક્રવર્તિ | ૯ હરિષેણ ચક્રવર્તિ |
| ૫ શાંતિનાથ ચક્રવર્તિ | ૧૦ જય ચક્રવર્તિ |

આ દશ ચક્રવર્તિઓએ પોતાની અથાગ રિદ્ધિને ઠોકરે મારી બેસઠ હજાર સ્ત્રીઓને તૃણ સમાન ગણી છ ખંડની પ્રભૂતાનો તિરસ્કાર કરી દીક્ષા ગ્રહણ કરી, તેમાં ત્રણ તીર્થંકર

ચક્રવર્તિ અને પાંચ બીજા મળી આઠ તો અનંત સુખનું ધામ જે મોક્ષ ત્યાં પહોંચ્યા અને ત્રીજા મઘવા અને ચોથા સનત્કુમાર દેવલોકમાં ગયા; તે પણ ત્યાંથી ચવી અલ્પકાળમાં મોક્ષમાં જવાના. બાકીના સુભુમ નામના આઠમા તથા બ્રહ્મદત્ત નામના બારમા–આ બે ચક્રવર્તિ રાજ્યની લોલુપતામાં લોભાંધ બની જવાથી દીક્ષા લઇ શકયા નહિ. જેથી આરંભ સમારંભનાં કાર્યો કરી સાતમી નરકમાં જ્યાં અથાગ વેદનાઓ છે ત્યાં પહોંચ્યા. જ્ઞાનીનું વચન છે કે ચક્રવર્તિ જો સંસાર ન છોડે તો નરકમાં જ જાય. ( તત્ત્વાર્થ સૂત્ર, અધ્યાય છઠ્ઠો સૂત્ર, ૧૬)

**बहवारंम्भ परिग्रहत्वंच नारकस्यायुषः ॥**

બહુ આરંભ અને પરિગ્રહપણું એ નારકીના આયુષ્યનો આશ્રવ છે. જ્ઞાનીનાં વચન વિચારતાં ઘણો આરંભ પરિગ્રહ નરકગતિની અસહ્ય વેદના ઉત્પન્ન કરે છે, જેથી જે ચક્રવર્તિઓ સમજીને સંસારમાંથી નીકળી ગયા તે જ દુઃખથી મુક્ત થયા. ચક્રવર્તિઓને આરંભ પરિગ્રહ અથાગ હોવાથી જ નરકમાં ઉત્પન્ન થાય છે અને સંજમ લેવાથી તે કરેલા આરંભ–સમારંભના પાપથી મુક્ત થઇ મુક્તિમાં અગર દેવલોકમાં જાય છે. આથી સિદ્ધ થયું કે જગતમાં ઉત્તમમાં ઉત્તમ અને સુખનું કારણ આત્માની શુદ્ધિ કરનાર સંજમ જ છે બાકી કોઇ નથી. આથી જૈનકુલમાં જન્મેલો, પ્રભુ મહાવીરનું શાસન પામેલો આત્મા પ્રભુ મહાવીરને માનવાવાળો કદાપી દીક્ષાનો વિરોધ કરી શકે જ નહીં. અને વિરોધ કરે તો પ્રભુ મહાવીરને નથી માનતો એમ જ સમજાય તે ખુલ્લે ખુલ્લું છે. ભલે બાળક હોય કે યુવાન હોય કે વૃદ્ધ હોય પરંતુ

અનંતકાળની રખડપટ્ટીનો નાશ કરનાર જે સંજમ તે લેવાને તમામને પ્રભુ મહાવીરે સિદ્ધાંતમાં અધીકારી કહ્યા છે. ભગવતી સૂત્ર પ્રમુખ સિદ્ધાંતમાં આઠ વરસે સંજમ લઇ ઓછામાં ઓછું એક વરસ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ કરોડ પૂર્વથી કંઇક ન્યૂન સંજમ પાળી કેવલજ્ઞાન પામી મોક્ષમાં ગયાની હકીકતો અનંત જ્ઞાનીઓએ બતાવી છે. કેટલાયે ઉત્તમ જીવો પરલોકથી ચવી લઘુ વયમાં જ વૈરાગી બનેલા ગીતને વિલાપ સમાન, નાટકને કાયકલેશ સમાન, ભોગોને રોગ સમાન, સ્ત્રીઓને નાગણી સમાન ગણી ઉત્તમ ચારિત્રપાત્ર બની આત્માની શુદ્ધિ કરે છે. આ બાબતની હકીકત ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં બે લઘુ બાળકોએ નાની ઉંમરમાં જ પૂર્વભવની આરાધનાના પ્રતાપે દીક્ષા લીધી, તેનું દૃષ્ટાંત મનન કરીએ. જેથી લઘુ વયવાળા અત્યારે પણ પૂર્વભવની આરાધનાથી દીક્ષા લઈ શકે છે તેવો નિશ્ચય આપણને પણ થઈ શકે.

## બે બાળકોનું દૃષ્ટાંત

કોઇ એક નગરમાં સાધુ પુરુષોની સેવા કરવાવાળા બે ગોવાળીયા હતા. તે બંને ગોવાળીયા મુનિઓની સેવાના પ્રતાપે વ્રતના આરાધક બન્યા. વ્રતની આરાધના કરીને દેવલોકમાં ગયા. કારણ કે—

**व्रतं चेन्न मोक्षाय तर्हिस्वर्गायजायते ॥**

વ્રતમાં તેવા પ્રકારના ગુણ છે. જો તેની સંપૂર્ણ આરાધના થઇ જાય તો અવશ્ય મોક્ષની જ પ્રાપ્તિ કરાવે છે પરંતુ આરાધનાની ખામીના કારણે કદાચ મોક્ષ પ્રાપ્ત ન થાય તો

દેવલોક તો જરૂર પ્રાપ્ત થાય. આ બંને દેવોએ દેવલોકમાંથી ચવી કોઈ ગૃહસ્થને ત્યાં જન્મ લીધો; ત્યાં પણ સંજમનું આરાધન કરી પહેલા દેવલોકમાં ગયા. સમકિતદૃષ્ટિ દેવતાને અવધિજ્ઞાન હોય છે. અને મિથ્યાદૃષ્ટિ દેવતાને વિભંગજ્ઞાન હોયઃ જેથી વસ્તુને બરાબર ન દેખી શકે. આ બન્ને ઉત્તમ જીવો સંજમનું આરાધન કરી દેવલોકમાં ગયેલા. સમકિતદૃષ્ટિ હોવાથી અવધિજ્ઞાનવાળાએ પોતાના જ્ઞાનથી નિશ્ચય કર્યો કે અમો પુરોહિતને ત્યાં ઉત્પન્ન થઇશું. ત્યાં પણ પોતાને ધર્મની પ્રાપ્તિ વેલાસર થાય તે હેતુથી મુનિનું રૂપ ધરી પુરોહિતને ત્યાં આવ્યા. પુરોહિત અને તેની સ્ત્રીએ પ્રણામ કર્યા. મુનિવર પાસેથી ધર્મદેશના સાંભળી પુરોહિતે શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. પુરોહિતને પુત્ર નહીં હોવાથી મુનિવરોને પૂછયુંઃ હે પૂજ્યો ! અમારે પુત્ર થશે કે નહીં થાય ? આ પ્રશ્ન સાંભળી મુનિરૂપ ધારણ કરી આવેલા દેવતાઓ કહ્યુંઃ હે પુરોહિત ! તમારે બે પુત્રો થશે. તે સારી મતિવાળા થશે અને તે બંને જગતને પૂજનિક એવી દીક્ષાને અંગીકાર કરશે. તે દીક્ષા લેવા તૈયાર થાય તે વખત તમારે તેને અંતરાય ન કરવો, કારણ કે તે ઘણા જીવોને પ્રતિબોધ કરશે.

આ પ્રમાણે કહી બંને દેવતાઓ ચાલ્યા ગયા.દેવલોકમાંથી ચવીને પુરોહિતની સ્ત્રી યશાના ગર્ભપણે ઉત્પન્ન થયા. પોતાની સ્ત્રીને ગર્ભવતી દેખી ભૃગુને મુનિનું વચન યાદ આવ્યું. ભૃગુ વિચાર કરે છે કે મારે પુત્રો તો થશે પરંતુ બાળવયમાં જ દીક્ષા લેશે માટે એવી ગોઠવણ કરું કે મારા પુત્રોને જિંદગીભર મુનિઓનું દર્શન જ ન થાય. મોહના પ્રતાપે નિશ્ચય કરી પોતાનું

ઇષુકાર નામનું નગર છોડી પોતાની ભાર્યાને લઇ કોઇ ગામડામાં જઇને રહ્યો. મોહરાજાનો કેટલો પ્રબળપ્રતાપ છે કે જે પોતાનું શ્રાવકપણું ભૂલી જઇ ન કરવાનું કાર્ય કરે છે!

ગામડામાં પુત્ર યુગલને યશાએ જન્મ આપ્યો. અનુક્રમે તેઓ વૃદ્ધિ પામ્યા. માતાપિતા વિચારે છે કે કદાચ અહીં સાધુ આવશે ને જો પુત્ર દેખશે તો દીક્ષા લઇ લેશે, માટે સંગ જ ન કરે તેવી ગોઠવણ કરીએ. પુત્રોને માતાપિતા કહે છે કે હે પુત્રો! મુંડ અને દંડને ધારણ કરનારા નીચી દૃષ્ટિથી ચાલનારા મુંડાઓ બાળકોને પકડી એકદમ મારી નાખે છે અને નિર્દય એવા તેઓ રાક્ષસની માફક મારી નાખેલા બાળકોનું માંસ ભક્ષણ કરે છે. તે કારણથી તે સાધુઓ પાસે તમારે જવું નહિ ને તેનો વિશ્વાસ પણ તમારે ન કરવો. મોહથી મૂઢ બનેલા અને જ્ઞાનચક્ષુ નષ્ટ થયેલાં માતાપિતાએ તે બાળકોના હૃદયમાં ભયંકર શલ્યનો પ્રવેશ કરાવી દીધો. આ શલ્યથી બાળકો સાધુઓના નામથી પણ ડરવા લાગ્યા. આવું અધર્મનું કાર્ય કરનાર માતાપિતા શત્રુભૂત ગણાય છે પરંતુ બંને બાળકોનું ભાગ્ય સુંદર હોવાથી તેઓ એક દિવસ ક્રિડા કરવા માટે નગર બહાર ગયા. તેજ રસ્તેથી કેટલાક મુનિઓને આવતાં જોયા. માતાપિતાએ પ્રથમ શલ્યભૂત કરેલા જેથી મુનિઓને જોઇ ભયભિત થઈ ગયા ને પાસે રહેલા વૃક્ષ ઉપર ચડી ગયા. ભાગ્યયોગે મુનિઓ પણ તેજ વૃક્ષ નીચે આવી, પોતાની શુદ્ધ ક્રિયા કરી, જમીન પૂજી, પ્રથમથી લાવેલા આહાર કરવા બેઠા. બાળકોએ મુનિવરોના આહારની વસ્તુ સ્વાભાવિક જ દીઠી તથા તેમનું વર્તન, ચારિત્ર વગેરે દેખી વિચારવા લાગ્યા કે

આપણા માતાપિતાએ જે કહ્યું તે માંહેનું તો કાંઈ પણ વિરુદ્ધ વર્તન આ મહાત્માઓમાં નથી. અને વિચારે છે કે–

**आवामीदृशान् क्वापि श्रमणान् दृष्टपूर्विणौ ॥**

આવા પ્રકારના શ્રમણોને શું અમોએ કોઇ ઠેકાણે દીઠા છે? આવા પ્રકારે સુંદર વિચારણા કરતા બંને બાળકોને જાતિ-સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પૂર્વે આરાધન કરેલું મુનિપણ સ્મરણમાં આવ્યું. શ્રમણપણાની સુંદરતા-સર્વ શ્રેષ્ઠતા સમજમાં આવ્યાથી તે બાળકોએ નિર્ણય કર્યો કે મોહના પરાધીન-પણાથી આપણા માતાપિતાએ આપણને જડું બોલી ઠગ્યા. આવો નિર્ણય કરી વૃક્ષ ઉપરથી નીચે ઊતરી મુનિરાજને નમસ્કાર કરી તેમના ચરણમાં નમી પોતાના ઘેર આવ્યા. ઘેર આવી તરતજ બાળકો પોતાના પિતા પાસે ગયા. ત્યાં ઘણી રીતે વચન-ઉક્તિઓ કહી. પોતાના પિતાએ પ્રત્યુક્તિઓ કહી. છેવટ માતાપિતાને સમજાવ્યાં ને સંજમ સ્વીકાર કર્યો. આ કુમારને વૈરાગી બનેલા જોઈ કુમારનાં માતાપિતા, નગરના રાજા રાણી વગેરેએ વૈરાગ્ય પામી સંજમનો સ્વીકાર કર્યો અને સંજમમાં વીર્ય ફોરવી નિરતિચાર ચારિત્ર પાળી કેવળજ્ઞાન પામી અનંત સુખનું ધામ જે મોક્ષ ત્યાં પહોંચ્યા. જે માતાપિતાઓ મુનિરાજ પાસે પોતાના પુત્રોને મોકલવામાં પણ કટ્ટા વિરોધી હતાં તે જ માતાપિતા પુત્રોને સંજમ લેવાની આજ્ઞા આપે છે અને પોતે પણ બંને જણ પારમેશ્વરી પ્રવ્રજ્યા અંગીકાર કરી આત્મકલ્યાણ કરે છે. તેનું કારણ ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ થાય છે ત્યારે જ જીવો પોતાના આત્માની શુદ્ધિ કરવા તૈયાર થાય છે. આ દૃષ્ટાંતની વિશેષ હકીકત

ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં ઘણી ઘણી શાસ્ત્રકારે બતાવી છે. પરંતુ અહીંયાં તો લેશમાત્ર દિગ્દર્શન માત્ર સમજવું; આ દૃષ્ટાંતથી આટલું તો સિદ્ધ થઈ ચૂકયું કે પૂર્વભવની આરાધનાએ કરીને જન્મેલા બાળકો પણ નાની ઉંમરમાં પણ સંજમના આરાધનાના બળથી આ પંચમકાળમાં પણ આત્મકલ્યાણ કરવા તૈયાર થાય; તેમાં કોઇએ આડા આવી અંતરાયભૂત બની પાપ બંધનમાં ઊતરવું તે કોઈ રીતે વ્યાજબી ન ગણાય. જિંદગી કાલ પૂરી થઇ જશે. એકલા ચાલ્યા જવાનું છે તે સાચું છે. અને આવા ઉત્તમ કાર્યમાં અંતરાયભૂત બની બાંધેલું કર્મ ભવાંતરમાં ભોગવવું પડશે. આવાં આગમનાં વચન ભૂલી જવા જેવાં નથી. વીતરાગનું શાસન પામેલાં ઉત્તમ માતાપિતાઓ પોતાના બાળકોને ઉન્નતિના શીખરે પહોંચાડવા લઘુ વયમાં જ સંજમ અપાવી સહાયભૂત બની પુણ્યાનુબંધી પુણ્યનાં ભાગી બને છે, ત્યારે કેટલાયે ભારે કર્મી જીવો અંતરાયભૂત બની કર્મબંધનમાં ઊતરી સંસાર વધારે છે. અહીં કોઈ શંકા કરે કે આ પંચમ કાળમાં લઘુ વયના બાળકો સંજમ પાળી શકે નહીં, તેવું બોલનારને કહેવું કે તમારું કથન તમારી મતિ અનુસાર ચાલે નહીં; લોકોત્તરમાર્ગમાં જ્ઞાનીનાં વચન આગળ કરવાં જોઈએ. જુઓ જ્ઞાનીનાં વચન વિચારોઃ જૈનશાસનમાં સઘળાને માન્ય અને પરમ પ્રામાણિક તરીકે ગણાતા સુવિહિત શિરોમણી શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા 'પંચવસ્તુક' નામના ગ્રંથમાં દીક્ષાને યોગ્ય આત્માઓની વય કયાં સુધી વીતરાગ પરમાત્માઓએ સ્વીકારી છે તે દર્શાવતાં લખે છે, કે—

**एएसि वय पमाणं अट्ठसमा उत्तिवीअरागेहि ।**
**भणियं जहन्नयं खलु उक्कोसं अणवगल्लोहि ॥ १ ॥**

શ્રી વીતરાગ પરમાત્માઓએ દીક્ષાને યોગ્ય આત્માનું જઘન્ય વય પ્રમાણ આઠ વરસ સુધી કહ્યું છે અને ઉત્કૃષ્ટ વય પ્રમાણ જ્યાં સુધી અતિશય વૃદ્ધાવસ્થા ન આવે ત્યાં સુધીનું કહ્યું છે અર્થાત્ આઠ વરસથી આરંભીને અતિશય વૃદ્ધાવસ્થા ન આવે ત્યાં સુધી મનુષ્ય દીક્ષાને યોગ્ય છે એમ ફરમાવે છે. આવા પ્રકારના જ્ઞાનીઓનાં જ વચનથી આઠ વરસથી બાળકો દીક્ષાને યોગ્ય જ છે એ ચોક્કસ સમજી દીક્ષાની ભાવનાવાળા બાળકોના આત્મકલ્યાણમાં અંતરાય-ભૂત બનવું નહીં. પ્રભુ મહાવીર પરમાત્માનું શાસન હજી સાડાઅઢાર હજાર વરસ ઝાઝેરું ચાલવાનું છે. તેમાં હજી ઘણા ભાગ્યવંતો યુગપ્રધાન થવાના છે. તેમાં લઘુ વયના બાળકો પણ સંજમ લઈ કેટલાએ યુગપ્રધાન પણ થશે. તો પછી બાળકોને કે મોટાઓને દીક્ષા લેતાં અટકાવવા અને પાપ-બંધનમાં ઊતરવું તે અટકાવનારના આત્માને ઘણું જ નુકસાન-કારક છે. તેમ નહીં કરતાં સંજમ લેનારને તો ઉત્સાહી બનાવવા હિતવચનો કહેવાં, કે હે પુત્ર ! સંજમ પાળવામાં પ્રમાદને લેશમાત્ર અવકાશ આપશો નહીં અને ગુર્વાદિકની આજ્ઞામાં રહી જ્ઞાનદર્શન ચારિત્રનું આરાધન બરાબર કરજો. આત્માની શુદ્ધિ આ રત્નત્રયીના આરાધન વિના ભૂતકાળમાં કોઇએ કરી નથી. વર્તમાન કાળમાં પણ કોઈ કરતા નથી. ભવિષ્ય કાળમાં પણ કરવાના નથી. માટે મહાન્ પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલ સંજમનું બરાબર રક્ષણ કરી આત્માને ઉજ્જવલ

બનાવશો. આવી રીતે હિતશિક્ષા આપવી તે જ ધર્મી માતા-પિતાદિકનું કર્તવ્ય જાણવું અને હિતશિક્ષા આપી માતા-પિતાદિકોએ પણ અચિંત્ય ચિંતામણી સરખા વીતરાગના ધર્મમાર્ગમાં જ પ્રવૃત્તિ કરવી અને સર્વ વિરતિની ભાવના હૃદયમાં રાખવી. કદાચ ન લેવાય તો દેશવિરતિ અંગીકાર કરવી, તે પણ કદાચ ન બને તો સમકિત દૃષ્ટિ તો જરૂર બનવું જેથી અનુક્રમે પણ આત્મશુદ્ધિ થઇ શકશે. આ મોહાન્ધ જીવો ધર્મનું સ્વરૂપ નહીં સમજતાં લક્ષ્મીની લાલસા વડે કરી એક બીજાનું બૂરું ચિંતવી, ઈર્ષ્યાઓ કરી, અનેક પ્રકારનાં પાપો કરી નરકાદિ દુર્ગતિના ભાજન થાય છે અને નરકાદિકમાં ઘોર વેદના સહન કરે છે.

## લક્ષ્મીની ચંચળતા

( રાગ : એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે... )

એ રિદ્ધિ અસ્થિર પ્રમાણો, હો પ્રાણી !
એ રિદ્ધિ અસ્થિર પ્રમાણો, મોહ કરો છો શાનો; હો પ્રાણી.
નંદ સોવનની ડુંગરી કરી પણ, લઇને ગયો નહિ કટકોઃ
કાયા માયા વાદળ છાંયા, છે દિન ચાર ચટકો; હો પ્રાણી.
મમ્મણ શેઠે વેઠ કરી ભલે, ભેળી લક્ષ્મી બહુ કીધી;
અન્તસમે સહુ મૂકીને ચાલ્યો, પાઈ ન સાથે લીધી; હો પ્રાણી.
માર્ગાનુસારીના ગુણ પાંત્રીશને, અંતરમાંહી ઉતારો;
ન્યાયોપાર્જિત વિત્ત વરીને, ખર્ચો ખાતે હજારો; હો પ્રાણી.
સાતે ક્ષેત્રે વાપરો પૈસો, જીવન જરૂર સુધારો;
પ્રભુ "ભક્તિ" વળી નિત્ય કરીને, સફળ કરો જન્મારો.
હો પ્રાણી ! એ રિદ્ધિ અસ્થિર પ્રમાણો.

જુઓ ! ધવળશેઠે મહાપુણ્યશાળી, અહોનિશ નવપદનું ધ્યાન કરવાવાળા શ્રીપાલરાજાની લક્ષ્મી લઇ લેવા માટે બૂરું ચિંતવ્યું, અને વળી શ્રીપાળને સમુદ્રમાં નાખવા પ્રપંચો રચ્યા, સમુદ્રમાં નાખ્યો, રાજા સિદ્ધચક્રજીના ધ્યાનથી મીન ઉપર ચઢી સમુદ્ર બહાર નીકળ્યો. અંતે પાપનો ઉદય થવાથી ધવળશેઠ જ સાતમા માળથી નીચે પડયો, મરીને સાતમે નરકે ગયો. બીજાનું બૂરું ચિંતવ્યાથી સુખી કયાંથી થવાય ? આ હકીકત શ્રીપાલચરિત્રમાં છે.

વળી એક શેઠે તેના નોકરને દુઃખી કરવા ઘણો ઉદ્યમ કર્યો, પરંતુ તે નોકરનું પુણ્ય પ્રબળ હતું, જેથી ચંડાળ પાસે મરાવવા બાનગી દાવપેચ કર્યા છતાં ચંડાળે તેને છોડી મૂકયો. બીજીવાર ઝેર આપવાનો બંદોબસ્ત કર્યો. ત્યાં ઝેર તો દૂર રહ્યું પરંતુ ઝેરને બદલે તે શેઠની પુત્રી પરણ્યો. ત્રીજી વખત મારી નાખવા દાવપેચ રચ્યો, ત્યાં તે શેઠનો જ પુત્ર મરાઇ ગયો. શેઠે જેટલું જેટલું તેનું અવળું ચિંતવ્યું તેટલું તેટલું તેના પુણ્યના પ્રભાવથી સવળું થયું. છેવટે તે શેઠ પુત્રના મરણથી બહુ દુઃખ થવાને લીધે મરણ પામી નરકે ગયો. એટલે તે નોકર શેઠનો જમાઈ હોવાથી તમામ મિલકતનો માલિક થયો.

વળી ધન આ ભવ પરભવ વગેરેમાં દુઃખદાયી છે. તેના ઉપર અધ્યાત્મ કલ્પદ્રુમનો શ્લોક વાંચી વિચાર કરજો.

**यानि द्विषामप्युपकारकाणि, सर्पेन्दुरादिष्वपि यैर्गतिश्च ।**
**शक्या च नापन्मरणामयाद्या, हन्तुं धनेष्वेषु क एव मोहः ॥**

**અર્થ**:-જે પૈસા શત્રુને પણ ઉપકાર કરનાર થઈ

પડે છે, જે પૈસાથી સર્પ, ઉંદર વગેરેમાં ગતિ થાય છે, વળી જે પૈસા મરણ, રોગ વગેરે કોઈપણ આપત્તિઓ દૂર કરવાને શક્તિમાન નથી તે પૈસા ઉપર મોહ શા કામનો ?

**વિવેચનઃ**—વ્યવહારમાં પૈસાદારને ખૂબ મોટાઈ આપી દેવામાં આવે છે. 'વસુ વિના નર પશુ' વગેરે વ્યાવહારિક વાક્યો કેટલેક અંશે આડે માર્ગે દોરનારા છે. શ્લોકના પ્રથમ પદમાં બહુ સરસ ભાવ બતાવ્યો છે. શત્રુ ધન લૂંટી જઈ તે જ ધનથી બળવાન થઇ તારી સામે વાપરે છે. પ્રતિવાસુદેવો મહામહેનત કરી ત્રણે ખંડનું રાજ્ય એકઠું કરે છે, તે વાસુદેવના ઉપયોગમાં આવે છે અને પ્રતિવાસુદેવનું ચક્ર તેનું પોતાનું જ માથું છેદે છે. આવી રીતે આપણા પૈસાથી આપણો શત્રુ બળવાન થઇ શકે છે.

વળી બહુ લોભી પ્રાણીઓ મરણ પામીને પોતાના ધન ઉપર સર્પ, નોળીઆ, ઉંદર વગેરે થાય છે તે આપણે યુગાદિ દેશના વગેરે શાસ્ત્રમાં વાંચીએ છીએ. આ ભવમાં જ નહીં પરન્તુ પરભવમાં પણ ઘણું દુઃખ દેનાર તિર્યંચ ગતિમાં ગમન કરાવનાર ધનને માટે મોહ કરવો તે વિચારવા જેવું છે. ચક્રવર્તિ જેવા છ ખંડના લોકતા ચાલ્યા ગયા. તેને પણ પૈસાએ બચાવ્યા નહીં. મોટા ધન્વંતરી વૈદ્યો-હાકતરોને પણ અસાધ્ય વ્યાધિમાંથી ધન બચાવી શકતું નથી.

આ લોકમાં કે પરલોકમાં ધન બચાવી શકતું નથી.

જીવોએ ખૂબ ખૂબ વિચાર કરી તેના ઉપરથી મોહ દૂર કરવો જોઇએ. ધનને નહિ તજવાથી ત્રણ કારણો ઊભાં થાય છે: પરભવમાં દુર્ગતિ, આ ભવમાં ભય અને ધર્મથી વિમુખપણું નજરે જોવાય છે. વળી ચોથું કારણ આખી જિંદગી અનેક પ્રકારનાં પાપો કરી ઉત્પન્ન કરેલ ધન પોતે ભોગવી શકતા નથી. તે ધન બીજાઓના ભોગમાં આવે છે તે બરાબર યાદ રાખવું. આવા અનેક પ્રકારના ઉપર બતાવેલા વિચારો લક્ષમાં લેવા તેમજ તે જ ધનના જોરે કોઈ ઉપર ઈર્ષ્યા પણ કરવી નહિ. સજ્જનો! વિચાર કરો! પારકાની ઇર્ષ્યા કરશો તો તમે કયાંથી સુખી થશો? આ અધિકાર ગૌતમપૃચ્છામાં છે.

આજકાલ કેટલાયે જીવો બીજાને સુખી દેખી મનમાં બળે છે ને ઈર્ષ્યા કરી પોતાના આત્માને પાપથી ભારે કરે છે. મનમાં વિચારે છે કે, આટલી બધી રિદ્ધિસિદ્ધિ એને થઇ ને મારે કેમ નહિ? માટે તેની રિદ્ધિનો ફેરફાર કરાવી નાખું. આવા વિચાર કરવાથી પાપના બંધન સિવાય બીજું કાંઇ હાથમાં આવતું નથી; કારણ કે જ્યાં સુધી મનુષ્યનું પુણ્ય પ્રબળ હશે ત્યાં સુધી તારાથી કાંઇ થવાનું નથી. ઈર્ષ્યા કરનાર જીવો પોતાનાં શુભ કાર્યનો લાભ ગુમાવી ભવાંતરમાં દુઃખી થાય છે. તે ઉપર કુંતલદેવી રાણીનું દૃષ્ટાંત મનનપૂર્વક વિચારી ઇર્ષ્યાથી હે ચેતન! દૂર રહી આત્મસાધન કરજે.

## કુંતલદેવી રાણીનું દૃષ્ટાંત

આ ભારતક્ષેત્રમાં ઈન્દ્રની નગરી જેવું અવનિપૂર નામનું નગર છે, તેમાં જિતશત્રુ નામે રાજા છે. તે રાજાને પાંચસો

રાણીઓ હતી. તે સર્વે ઉદ્ધાર અને પુણ્યકાર્યમાં અત્યંત આદરવાળી હતી. તે સર્વેની મધ્યે કુંતલદેવી નામની પટરાણી માત્ર મહારથી જ શોભતી હતીઃ બીજી રાણીઓ નિષ્કપટપણે ધર્મકાર્યમાં તત્પર હતી તેથી તેઓ તત્ત્વથી શોભતી હતી. સર્વે રાણીઓને રાજાની કૃપાથી ઘણી ઘણી સંપદાઓ પ્રાપ્ત થયેલી હતી, તેનાથી તેઓએ અદ્‌ભુત ચૈત્યો કરાવ્યાં. તે ચૈત્યોમાં તેઓએ સુવર્ણાદિકની સુંદર જિનપ્રતિમાઓ સ્થાપન કરાવી. ઉત્તમ જીવોના ભાવ નિરંતર પુણ્યકાર્યમાં વૃદ્ધિ પામતા જ હોય છે. તે ચૈત્યોમાં તે નિરંતર સ્નાત્રાદિક મોટા ઉત્સવો કરવા લાગી, કારણ કે ચૈત્યોમાં મોટી પૂજાઓ કરવામાં આવે તે પોતાને અને અન્યને બોધિબીજનું કારણ છે. તે સર્વે રાણીઓ ઉપર વક્ર હૃદયવાળી કુંતલદેવી ઇર્ષ્યા કરતી હતી તેથી તેણીએ સુવર્ણનું મોટું ઊંચું ચૈત્ય કરાવ્યું. તેમાં પૂજાદિક સમગ્ર કાર્ય વિશેષ કરીને કરવા લાગી. કારણ કે ઇર્ષ્યાળુ જીવો પોતાના ઉત્કર્ષ માટે અને પરના અપકર્ષ માટે પ્રયત્ન કર્યા કરે છે. બીજી સર્વે રાણીઓ સરળ હતી. તેઓ ભક્તિથી જે જે ઉત્સવો કરતી હતી, તે તે ઉત્સવો કુંતલદેવી ઇર્ષ્યાથી બમણા બમણા કરતી હતી. તો પણ બીજી રાણીઓ તો કુંતલદેવીની પ્રશંસા જ કરતી હતી કે ( અહો ! ) આ કુંતલદેવીની સંપત્તિ કોને વખાણવા લાયક નથી ? કે જે આ પ્રમાણે જિનેશ્વરની અદ્‌ભૂત ભક્તિ કરે છે !

આ પ્રમાણે કહી તમામ રાણીઓ કુંતલદેવીની પ્રશંસા કરતી હતી. પરંતુ કુંતલદેવીનો તે મત્સર (ઇર્ષા) તેણીના મોટા પુણ્યનો નાશ કરનાર થયો; કારણ કે વિષ તો

સ્વાદિષ્ટ–સારાં ભોજનને પણ દૂષિત કરે છે. સપત્નિના ચૈત્યોમાં મનોહર વાજિંત્રોનો શબ્દ થતો તે પણ તેણીના કાનમાં પડતો, તે તીવ્રજ્વર જેવી વેદના કરતો હતો. એકંદર તેઓનાં ચૈત્યોમાં સુંદર કાર્યો થતાં જોઈ કુંતલદેવી દુઃખી થતી હતી. આ પ્રમાણે દ્વેષના દુઃખથી પીડા પામતી, વ્યાધિ વડે તે અધિક પીડાવા લાગી. આ ભવમાં દુષ્ટકર્મ ઉદયમાં આવવાથી છેવટ દુષ્ટ અવસ્થાને પામી કે જેથી તેણીને જોઈ થૂ...થૂ... કરી સર્વ કોઇ નિંદા કરતું હતું. રાજાએ પણ દૂર કરી, છેવટ કાળધર્મ પામી ઇર્ષ્યાના જોરથી કૂતરી થઇ. ઇર્ષાળુ માણસ પુણ્યવાન હોય તોપણ તેની શુભ ગતિ થતી નથી. તે કૂતરી ચૈત્યની અંદર વારંવાર આવજા કરવા લાગી કારણકે પૂર્વજન્મમાં અભ્યાસ કરેલ શુભ અથવા અશુભ, તે અન્ય જન્મમાં પ્રાપ્ત થાય છે. બીજી સર્વ રાણીઓ હર્ષથી પોતાના અને કુંતલદેવીનાં ચૈત્યોને પૂજતી હતી, કારણ કે સત્પુરુષોને કોઈપણ કાર્યમાં આ મારું, આ પારકું એવી બુદ્ધિ હોતી નથી, તો પછી ધર્મકાર્યમાં તો કેમ જ હોય? કોઇ વખત તે નગરના ઉદ્યાનમાં કેવલજ્ઞાની મુનિ પધાર્યા. તે સાંભળી અંતઃપુર અને પરિવાર સહિત રાજાએ કેવલી પાસે જઇ પ્રણામ કર્યા, દેશનાને અંતે હર્ષ પામેલી રાણીઓએ ગુરુને પૂછ્યું: 'તે પુણ્યશાળી કુંતલદેવી કયાં ઉપન્ન થઇ છે?' ગુરુએ કહ્યું કે 'ઇર્ષ્યાવડે તેનો ગર્વ વૃદ્ધિ પામ્યો હતો તેથી તે કુંતલદેવીએ સર્વ પુણ્ય કર્મને મલીન કર્યું છે. ઘણા વિસ્તાર પામેલા મત્સરભાવથી બાંધેલા કુકર્મના યોગે મરીને પોતાના ચૈત્યની સામે કૂતરી થઈ છે. સર્વ કાર્યોમાં ઇર્ષ્યાનો ત્યાગ કરવો જોઈએ. નહિ

તો પુણ્યનો વિનાશ થાય છે.' આ પ્રમાણે કેવલી મહારાજની દેશના સાંભળી ચતુર રાણીઓ અત્યંત વૈરાગ્ય પામી. કારણ કે ભવ્ય પ્રાણીઓ કુકર્મનું ફળ સાંભળીને જલદી વૈરાગ્ય પામે છે. ત્યાર પછી તમામ રાણીઓ ચૈત્યમાં આવી જિનેશ્વરને નમસ્કાર કરી સ્નેહ, કરુણા અને આશ્ચર્ય સહિત તે કૂતરીને જોઇ તેની પાસે ભોજન મૂકી વૈરાગ્યનાં વચનો કહેવા લાગીઃ 'હે ભદ્રે ! તેં પૂર્વભવમાં આ ચૈત્ય કરાવ્યું છે. તે સિવાય બીજું દાનાદિક પુણ્ય ઘણું કર્યું છે. પરંતુ તે સર્વે પુણ્ય તારી ઇર્ષ્યાએ ઘોઇ નાખ્યું છે અને ઇર્ષ્યાથી આવી નિંદવા લાયક ગતિને પામી છે. તું પૂર્વભવમાં રાજાની પટરાણી કુંતલદેવી હતી.' આવાં વચન સાંભળી તે કૂતરી સંભ્રાન્ત થઈ વિચારવા લાગી કે 'મારા પર પ્રેમ રાખનારી આ સ્ત્રીઓ કોણ છે ? આ સ્ત્રીઓ શું કહે છે ? આ મંદિર શું છે ? મેં આ કયાં જોયું છે ?' ઇત્યાદિક તર્કવિતર્ક કરતાં તેણીને જાતિ-સ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું અને પોતે પૂર્વે કરેલું પુણ્ય તથા ઇર્ષ્યા એ સર્વેનું સ્મરણ થયું, તેથી તે અત્યંત વૈરાગ્ય પામી વારંવાર પૂર્વના દુષ્કર્મને નિંદવા લાગી, પછી કેવલી ભગવાન પાસે જઇ સર્વ કર્મની આલોચના કરી, અનશન ગ્રહણ કરી, સાત દિવસ અનશન પાળી સ્વર્ગે ગઇ. આ પ્રમાણે ઇર્ષ્યાનું પરીણામ અત્યંત દુષ્ટ જાણી, હે આત્મા ! કોઇ દિવસ કોઇ ઉપર ઇર્ષ્યા કરીશ નહિ અને નાહક તેવા ખોટા માર્ગમાં ગમન કરી દુઃખી થવા પ્રયત્ન કરીશ નહિ. વળી લક્ષ્મી મેળવવા માટે અનીતિ કે કુડકપટ કરી દગા-ફાસલા કરી લક્ષ્મી મેળવવા ધારે છે, પણ તે રીતે મેળવી શકીશ નહિ. તેમ

કરવાથી કદાચ પૂર્વભવના પુણ્યથી લક્ષ્મી મળશે. પરંતુ ભવાંતરમાં દુર્ગતિનાં અસહ્ય દુઃખો વેઠવાં પડશે, અને તારી મેળવેલી લક્ષ્મી પાછળ ભેગાં થઇને બીજા બહુ ભોગવશે. પાપનાં ફળ તો તારે એકલાને જ ભોગવવાં પડશે. તેમાં લેશમાત્ર કોઇ ભાગ પડાવશે નહિ.

નંદરાજા સોનાની નવ ડુંગરીઓ મૂકીને ચાલ્યો ગયો; પણ સાથે તેમાંથી થોડું પણ સોનું લઈ શકયો નહિ. પ્રથમ બતાવી ગયેલ સાગરશ્રેષ્ઠિ ચોવીસ કરોડ સોનામહોરોનો માલિક હોવા છતાં હાથ ખંખેરી પાપના ઉદયથી સાતમે નરકે ગયો. બીજા પણ ઘણા રાજાઓ, ચક્રવર્તિ વાસુદેવો અથાગ લક્ષ્મી મૂકી મૂકી પરભવમાં પાપના જોરથી નરક-તિર્યંચ ગતિમાં ચાલ્યા ગયા છે; તેના દાખલા આપણે ઘણીવાર શાસ્ત્રમાં સાંભળીએ છીએ, તોપણ લક્ષ્મી લક્ષ્મી કરીએ છીએ. લક્ષ્મી માટે જૂઠું બોલવું, લક્ષ્મી માટે સામાયિક, પડિક્કમણા, પોષહ વગેરે ન કરવાં, અનીતિના વરસાદ વરસાવવા, દગાબાજી, કૂડકપટનો આદર કરવો, પ્રામાણિકપણાને દેશવટો દેવો, જિનવાણી શ્રવણ કરવાનો અપૂર્વ સોના જેવો સમય મળ્યા છતાં પણ લક્ષ્મી માટે નિષ્ફળ કરવો, છેવટે જિંદગીને રદ કરી નાખવી અને માર્ગાનુસારીના ગુણોને પણ તીલાંજલી દેવી. આવાં અનર્થકારી કાર્યોથી, હે ચેતનરાજા ! મનુષ્ય ભવ કેવી રીતે સુધારશો ? માટે મનુષ્ય ભવને સફળ કરવા સારુ ઉપર બતાવેલા દોષોને દૂર કરી પ્રામાણિકપણું પ્રાપ્ત કરો નીતિનો આદર કરો. નીતિપૂર્વક મર્યાદા સહિત ધન ઉપાર્જન કરી શુભ માર્ગમાં ખર્ચી ભવાંતરનું ભાતું બાંધો. અનીતિથી

ભેગું કરેલું ધન આનંદ નહિ આપે. પરભવ તો બગાડી જ મૂકશે. આ ભવમાં પણ અનેક પ્રકારના દોષોથી વીંટાઈ જશો. કોઇ વિશ્વાસ પણ કરશે નહિ.

જુઓ ! ફક્ત એક રૂપિયાનું રૂ એક વણિકે બે રૂપિયાનું કહીને એક ભરવાડને આપ્યું. એક રૂપિયો અનીતિ કરી પેદા કર્યો. તે રૂપિયાના ઘેબર ખાવા માટે મંગાવ્યા. ઘેર જમાઈ આવ્યો તે ઘેબર ખાઇ ગયો. શેઠ ઘેર આવ્યા, ઘેબર દીઠા નહિ. જમાઇ જમી જવાથી શેઠને વિચાર થયો: અરે! આ મેં શું કર્યું ? ભરવાડને ઠગી રૂપિયો પેદા કર્યો, પાપ શિરપર ઓઢયું અને ઘેબર બીજો જમી ગયો ! આ પ્રમાણે શુભ વિચારો થવાથી જ્ઞાનદશા જાગી, મુનિરાજનો સમાગમ થયો, છેવટે વૈરાગ્ય પામી, લક્ષ્મી ઉપરથી મોહ ઉઠાવી, સંસારનો ત્યાગ કરી આત્મશ્રેય કર્યું. જેવી રીતે તે શેઠે અનીતિ કરીને પાછળથી શુભ વિચારો થવાથી ઉચ્ચ કોટીનું કાર્ય કર્યું, અનીતિને દેશવટો દીધો, તેવી જ રીતે હે જીવ! તું કદાચ એકવાર બે વાર અનીતિ કરી ચૂકયો હોય તોપણ હવે તેનો પશ્ચાત્તાપ કરી ફરીથી તેમ ન કરવા ઉદ્યમવંત થા; પરંતુ હંમેશાં જો તે જ પ્રમાણે કર્યા કરીશ તો પછી પાપના બોજાથી કેવી રીતે હલકો થઈશ ? વળી કદાચ અજ્ઞાનતાથી દેવદ્રવ્ય કે જ્ઞાનદ્રવ્ય જો તારા ઘરમાં રહી ગયું ને તારી જિંદગી પૂરી થઇ ગઈ, અને પાછળથી પણ કદાચ કોઇએ ચૂકવ્યું નહિ તો તે દ્રવ્ય તારા અનેક જન્મોને બગાડી મૂકશે. માટે કોઈ દિવસ એક પૈસો પણ દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય કે બીજા કોઈ પણ ધાર્મિક ખાતાનો દેવા પેટે રાખીશ નહિ. જરા

ધ્યાન આપજે કે શ્રાદ્ધવિધિમાં સાગર શેઠે એક રૂપિયાની એંસી કાંકણી થાય તેવી એક હજાર કાંકણી ઘરમાં રાખવાથી તેના કેવા હાલહવાલ થયા ? તેનું દૃષ્ટાંત જરા તપાસ કર એટલે તારાં જ્ઞાનચક્ષુ વિકસ્વર થાય.

## દેવદ્રવ્ય ભક્ષણ કરવા ઉપર સાગરશેઠનું દૃષ્ટાંત

સાંકેતન નગરમાં સાગરશેઠ નામનો પરમ દૃઢધર્મી શ્રાવક હતો. તેઓને ગામના શ્રાવકોએ મળી કેટલું ક દેવદ્રવ્ય આપ્યું અને કહ્યું, કે ' દેરાસરના સુથાર, કડીઆ ને મજૂરને આ દ્રવ્યમાંથી આપતા રહેજો અને તેનો હિસાબ લખીને અમને દેખાડજો.' પછી નગરશેઠ લોભાંધ થઇને, સુથાર, કડીઆ વગેરેને રોકડ દ્રવ્ય ન આપતાં દેવદ્રવ્યના પૈસાથી સોંઘા મૂલ્યનાં ધાન્ય, ઘી, ગોળ, તેલ, વસ્ત્ર વગેરે વેચાતાં લઇને આપે, અને વચ્ચે લાભ રહે તે પોતાના ઘરમાં રાખે. એમ કરવાથી એક હજાર કાંકણીનો લાભ તેણે પોતાના ઘરમાં રાખ્યો. ફકત એટલા જ દેવદ્રવ્યના ઉપભોગથી તેણે અત્યંત ઘોર દુષ્કર્મ ઉપાર્જન કર્યું. વળી તે દુષ્કર્મને આલોવ્યા વિના મરણ પામીને સમુદ્રમાં જળ-મનુષ્ય થયો.

હવે તે જળ-મનુષ્યના મસ્તકમાં રહેલ ગોળીરૂપ રત્ન લેવા માટે તેને ઘણા પ્રપંચ કરી પકડી, સમુદ્રને કાંઠે રહેનારા પરમાધામી જેવા નિર્દય લોકોએ મોટી વજ્રના જેવી કઠણ ઘંટીમાં ઘાલી તેને ઘાણીની પેઠે પીલ્યો. આમ અત્યંત વેદના ભોગવી, મરણ પામી ત્રીજા નરકે નારકીપણે ઉત્પન્ન થયો.

ત્યાર પછી તે સાગરશેઠનો જીવ નારકીમાંથી નીકળી મોટા સમુદ્રમાં પાંચસો ધનુષ્ય પ્રમાણ મોટા શરીરવાળો મત્સ્યપણે

ઉત્પન્ન થયો. તેને માછી લોકોએ પકડી અંગોપાંગ છેદન કરી મહાવેદના ઉપજાવી. તે મહા દુઃખથી મરી છેવટે ચોથી નરકે ગયો. તે પછી અનેકો ભવ વચમાં તિર્યંચનો કરીને પાંચમી-છઠ્ઠી-સાતમી નારકીમાં બબ્બે વાર ઉત્પન્ન થયો. ત્યાર પછી પણ દ્રવ્યનું એક હજાર કાંકણી જેટલું દ્રવ્ય ભોગવેલું હોવાથી એક હજાર ભવ ગાડરમાં ઉત્પન્ન થયો. એક હજારવાર સસલો થયો, હજારવાર મૃગલો થયો. હજારવાર શિયાળ, હજારવાર બિલાડો, હજારવાર ઉંદર, હજારવાર નોળીયો, હજારવાર ઘરનો કોળ, હજારવાર ગરોળી, હજારવાર સર્પ, હજારવાર વીંછી, હજારવાર વિષ્ઠાનો કીડો, એમ હજારહજાર ભવની સંખ્યાએ પૃથ્વીમાં, પાણીમાં, અગ્નિમાં, વાયુમાં, વનસ્પતિમાં, શંખમાં, છીપમાં, ઇયળોમાં, કીડામાં, પતંગિયામાં, માખીમાં, ભમરામાં, મત્સ્યમાં, કાચબામાં, ભેંસોમાં, બળદમાં, ઊંટમાં, બચ્ચરમાં, ઘોડામાં, હાથીમાં, વગેરેમાં લાખો ભવ કરી પ્રાયઃ સર્વ ભવમાં શસ્ત્રાઘાત વગેરેથી થતી મહાવેદના ભોગવી મરણ પામ્યો. હે ચેતન! વિચાર કર, એક હજાર કાંકણીએ આત્માનો ડાટ વાળી નાખ્યો, પાપનો પાર રહ્યો નથી. હજી આટલેથી વિરામ નહિ પામતાં બીજા મનુષ્ય ભવમાં પણ ઉત્પન્ન થયો. ત્યાં જે ઠેકાણે આ ભાઇ ઉત્પન્ન થાય ત્યાં કોઇનું ધન નાશ પામે, કોઇના ઘરમાં ચોરનો પ્રવેશ, કોઇ ઠેકાણે અગ્નિ વગેરે ઉત્પન્ન થવાથી કોઇ જગ્યાએ તેને ઊભું રહેવાને સ્થાન મળતું ન હતું. આવી અનેક વિડંબના પામવામાં સાગર શેઠે બાકી રાખી નથી. છેવટે ઘણા કાળ નવા નવા ભવો કરી, ઘણો કાળ ભ્રમણ કર્યા

પછી એક જ્ઞાની ગુરુ મહારાજ મળ્યા. તેમને નમીને પોતાના પૂર્વ ભવમાં કરેલા કર્મનું સ્વરૂપ પૂછવા લાગ્યો. મુનિ મહારાજે સાગરશેઠના ભવથી માંડી સર્વ યથાસ્થિત સ્વરૂપ કહી સંભળાવ્યું. તેણે અત્યંત પશ્ચાત્તાપપૂર્વક દેવદ્રવ્ય ભક્ષણ કરેલાનું પ્રાયશ્ચિત્ત માગ્યું. મુનિરાજે કહ્યું, કે તેં જેટલું દેવદ્રવ્ય ભક્ષણ કરેલું છે તેના કરતાં અધિક પાછું આપ અને હવે પછી દેવદ્રવ્યનું રક્ષણ કર, વૃદ્ધિ કર, તેથી તારું સર્વ કર્મ નાશ પામશે. સર્વ પ્રકારના સુખભોગની સંપદાની તને પ્રાપ્તિ થશે; એ ઉપાય છે, બીજો નથી. ત્યાર પછી તેણે મુનિ સમક્ષ નિયમ કર્યો કે જ્યાં સુધી ભક્ષણ કરેલ દેવદ્રવ્યથી હજારગણું અધિક પાછું ન આપું, ત્યાં સુધી માત્ર ભોજન અને વસ્ત્ર પહેરવા માત્રથી અધિક કાંઇ પાસે રાખીશ નહિ, એવો અભિગ્રહ કરી શ્રાવકનાં નિર્મળ વ્રત લીધાં. ત્યારપછી જ્યાં જ્યાં વ્યાપાર કરે ત્યાં ત્યાં ઘણો લાભ મળે. અનુક્રમે ધનની વૃદ્ધિ થઇ. હજાર કાંકણીનું જે દેવું હતું તેના કરતાં લાખગણું ધન આપી દેવદ્રવ્યના દેવાથી મુક્ત થયો. ત્યારપછી જેમ જેમ વ્યાપાર કર્યો તેમ તેમ અત્યંત વૃદ્ધિ થઇ. પોતાના દેશમાં ગયો, ત્યાં રાજાએ ઘણું સન્માન આપ્યું. ત્યાર પછી ગ્રામ–નગર વગેરે ઘણે ઠેકાણે પોતાના દ્રવ્યથી નવીન જિનમંદિર કરાવ્યાં, તેની સારસંભાળ કરી, દેવદ્રવ્યની ખૂબ વૃદ્ધિ કરી. નિત્ય મહોત્સવ કરી જિન શાસનની ઉન્નતિ કરવી–કરાવવી વગેરે કાર્યોમાં અગ્રેસરીપણું કરી દીન–દુઃખી જનનો ઉદ્ધાર કરી, પોતાની લક્ષ્મીનો સદુપયોગ કરી અર્હત્પદની ભક્તિમાં લીન થઇ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. ત્યારપછી ઘણાં શુભ કાર્યો કરી છેવટમાં

દીક્ષા અંગીકાર કરી, શુદ્ધ ચારિત્ર પાળી સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયો. ત્યાંથી મહાવિદેહમાં તીર્થંકરલક્ષ્મી ભોગવી ઘણા જીવો પર અનહદ ઉપકાર કરી મોક્ષમાં બિરાજમાન થયો.

હે આત્મા! વિચાર કર. દેવદ્રવ્ય ભક્ષણ કરવાની પ્રવૃત્તિ કરવામાં કેવા હાલહવાલ થાય છે. સહેજ બાબતમાં દેવદ્રવ્યના દેવાદાર થઇ જવાય છે. પછી આલોયણ લીધા વિના દેવદ્રવ્ય આપ્યા વિના આ આત્માનો ઉદ્ધાર થતો જ નથી, માટે ચેતતા રહેવું. દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી, પરંતુ દેવાદાર થઇ અનેક ભવો બગાડવા નહિ; બગાડીશ તો પછી સુધારવા મુશ્કેલ પડશે. માટે બરોબર ચેતતા રહેવું. દેવદ્રવ્યનું દેવું તો દૂર રહ્યું, પરંતુ દેરાસરજીમાં કરેલ દીપકથી પણ પોતાનું કાર્ય કરનારની બહુ બરાબી થાય છે. તે ઉપર એક ઊંટડીનું દૃષ્ટાંત છેઃ

## ઊંટડીનું દૃષ્ટાંત

ઇન્દ્રપુર નગરમાં દેવસેન નામનો એક ગૃહસ્થ રહેતો હતો. તેને ધનસેન નામે ઊંટ સંભાળનાર નોકર હતો. તે ધનસેનના ઘેરથી એક ઊંટડી દરરોજ દેવસેનના ઘેર આવી ઊભી રહેતી. ધનસેન તેને ઘણું મારે-કૂટે પણ તે ધનસેનનું ઘર છોડે નહિ. કદાપિ મારી કૂટીને ધનસેન તેને પોતાને ઘેર લઇ જઈ ગમે તેવા બંધનથી બાંધે તોપણ તેને તોડી પાછી તે દેવસેનને ઘેર આવી ઊભી રહે. કદાચિત તેમ ન બને તો ધનસેનના ઘેર કાંઈ પણ ખાય નહિ ને ઘૂમરાણ કરી મૂકે. છેવટે દેવસેનના ઘેર આવે ત્યારે જ છૂટકો થાય (નિરાંતે રહે). આવો દેખાવ જોઈ દેવસેને ઊંટડીનું મૂલ્ય આપી પોતાના ઘરનાં આંગણાં

આગળ આંધી રાખી. તે ઊંટડી દેવસેનને દેખી ઘણી ખૂશી થતી. એમ કરતાં બન્નેને અરસપરસ પ્રીત થઈ. કોઈ વખત જ્ઞાની ગુરુ મળ્યા ત્યારે દેવસેને પૂછ્યું: 'મહારાજ! આ ઊંટડીને મારી સાથે શો સંબંધ છે કે મારું ઘર છોડતી જ નથી ને મને દેખી રાજી થાય છે?' ગુરુ મહારાજે ઉત્તર આપતાં જણાવ્યું કે પૂર્વજન્મે તે ઊંટડી તારી માતા હતી. તેં દેરાસરજીમાં પ્રભુ આગળ દીપક કર્યો હતો, તે દીવાના ઉદ્યોતથી એણે પોતાના ઘરનાં કામ કર્યાં હતાં. વળી ધૂપધાણામાંથી બળતા અંગારાથી એક વખત ચૂલો સળગાવ્યો હતો; તે કર્મબંધનથી મરણ પામી ઊંટડી થઇ, જેથી તારા પર સ્નેહ રાખે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે—

**जो जिणवराण हेहुं, दीपं धुवं च करिअ निजकज्जं ।**
**मोहेण कुणइ मुढो, तिरिअत्तं सो लहइ बहुसो ॥**

જે પ્રાણી અજ્ઞાનપણાથી જિનેશ્વર ભગવંત પાસે કરેલા દીવાથી કે ધૂપધાણામાં રહેલા અગ્નિથી પોતાનાં ઘરનાં કામ કરે છે, તે ઘણું કરી તિર્યંચ થાય છે. એટલા જ માટે દેવના દીવાથી ઘરનો કાગળ વાંચવો નહિ, ઘરકામ પણ કરવું નહિ, તે દીવામાંથી બીજો દીવો પણ કરવો નહિ. નહિતર તે બાઈની માફક તિર્યંચપણું પ્રાપ્ત થાય.

વળી નકરો આપ્યા વિના છત્ર, ચામર, કળશ વગેરે દેવદ્રવ્ય પોતાના ઘરકામ માટે જે મૂર્ખ વાપરે, તે પરભવમાં ઘણો દુઃખી થાય છે, માટે બરાબર ધ્યાન રાખવું.

વળી જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્યનું નુકસાન કરવાથી પણ ભવાંતરમાં ઘણી વિડંબના ભોગવવી પડે છેઃ તે ઉપર શ્રાદ્ધવિધિમાં કહેલ—

## કર્મસાર અને પુણ્યસારનું ટૂંકું દૃષ્ટાંત

જોધપુર નગરમાં ચોવીસ કરોડ સોનૈયાનો સ્વામી ધનાવહ નામનો શેઠ અને તેને ધનવતી નામની સ્ત્રી હતી. તેને જોડલે જન્મેલા કર્મસાર અને પુણ્યસાર નામના બે પુત્રો હતા.

ધનાવહ શેઠે બન્ને ભાઇઓને બાર બાર કરોડ સોનૈયા વહેંચી આપી, પોતે ધનવતી સ્ત્રી સહિત આત્માના હિત માટે દીક્ષા લઇ, પોતાના આત્માનો ઉદ્ધાર કરી દેવલોકમાં ગયા. પાછળથી કુવ્યાપાર વગેરેથી કર્મસારનું ધન નાશ પામ્યું.

પુણ્યસારનું દ્રવ્ય ચોર લોકો ચોરી ગયા. આમ બંને ભાઇઓ એક સરખા દરિદ્ર થયા. સગાંવહાલાં-કુટુંબી લોકોમાં અણમાનીતા થયા; સ્ત્રીઓ પણ ભૂખે મરવા લાગી ને તેમનાં માતાપિતાએ તેડાવી લીધી. ત્યાર પછી બન્ને ભાઇ પરદેશ ચાલ્યા ગયા. ત્યાં ઠેકાણે ઠેકાણે વિડંબના અને દુઃખ સિવાય લેશ માત્ર સુખ પામ્યા નહિ. પુણ્યસારને કોઇ વાર દેવીના પ્રભાવથી ચિંતામણી રત્ન પ્રાપ્ત થયું. પણ તે ભાગ્યહીનપણાથી સમુદ્રમાં પડી ગયું. દુઃખની સીમા બાકી રહી નહીં. ઘણો સમય રખડી પાછા પોતાના દેશમાં આવ્યા. ત્યાં કોઈ જ્ઞાની ગુરુ મળ્યા. તેઓને પોતાનું ભાગ્ય પૂછયું. મુનિરાજ કહે છેઃ

તમે પૂર્વભવમાં ચંદ્રપુર નગરમાં જિનદત્ત અને જિનદાસ નામના બે પરમ શ્રાવક હતા. એક વખત તે ગામના શ્રાવકોએ મળી તમોને ઉત્તમ શ્રાવક જાણી જિનદત્તને જ્ઞાન દ્રવ્ય અને જિનદાસને સાધારણ દ્રવ્ય સાચવવા આપ્યું. તમે બન્ને જણ સારી રીતે સાચવણ કરતા હતા. એક વખત

જિનદત્તને પોતાના કામ માટે એક પુસ્તક લખાવવાની જરૂર પડવાથી લહિયા પાસે તે લખાવ્યું; પરંતુ તેના પૈસા આપવાનો બીજો જોગ ન બનવાથી મનમાં વિચાર્યું, કે આ પણ જ્ઞાન જ લખાવ્યું છે, તો જ્ઞાનદ્રવ્યમાંથી આપવામાં શી હરકત છે?' એમ ધારી પોતાના કાર્ય માટે લખાવેલા પુસ્તકના ફક્ત બાર રૂપિયા જ્ઞાનખાતામાંથી આપી દીધા. જિનદાસને પણ એક વખત બરેબરી અડચણ હતી ત્યારે વિચાર કીધો, કે 'આ દ્રવ્ય સાધારણ ખાતામાં વાપરવાનું હોવાથી હું પણ નિર્ધન શ્રાવક છું, તો મને લેવામાં શી અડચણ છે?' એમ ધારી સાધારણની કોથળીમાંથી ફક્ત બાર રૂપિયા લઈ પોતાના ઘરકામમાં વાપર્યા. એમ તમે બન્ને જણાએ કોઈને કહ્યા વિના જ્ઞાન દ્રવ્ય ને સાધારણ દ્રવ્ય લીધેલું, તેથી કાળધર્મ પામીને પહેલા નરકે નારકીપણે ઉત્પન્ન થયા. તે નરકમાંથી નીકળી તમે બન્ને સર્પ થયા : વળી મરણ પામી બીજા નરકે ગયા: ત્યાંથી નીકળી ગીધ પક્ષી થયા. પછી ત્રીજા નરકે ગયા. એમ એક ભવ તિર્યંચ, એક ભવ નરક એમ સાતે નરકે ભમ્યા. ત્યાર પછી એકેન્દ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરેંદ્રિય, તિર્યંચપંચેન્દ્રિય, એમ બાર હજાર ભવમાં ઘણું ઘણું દુઃખ ભોગવ્યાં, ઘણાં ઘણાં કર્મ ખપાવીને તમે બન્ને જણ મનુષ્ય થયા છો. તમે બન્ને જણાએ બાર બાર રૂપિયાનો ઉપયોગ કીધો, તેથી બાર હજાર ભવ સુધી એવાં વિકટ દુઃખ ભોગવ્યાં. આ ભવમાં પણ બાર કરોડ, સોનૈયા પામીને પાછા ખોયા. ત્યાર પછી પણ ધન પામીને ખોયું. ઘણીવાર દાસકર્મ કર્યાં. કર્મસારે પૂર્વભવમાં જ્ઞાન

દ્રવ્યનો ઉપયોગ કરેલો હોવાથી, તેને આ ભવમાં મંદમતિપણું તથા નિર્બુદ્ધિપણાની પ્રાપ્તિ થઇ.

ઉપર મુજબ મુનિનાં વચન સાંભળી બન્ને જણ બહુ ખેદ કરવા લાગ્યા. મુનિરાજે ધર્મોપદેશ દીધો, જેથી બોધ પામીને 'જ્ઞાન દ્રવ્ય અને સાધારણ દ્રવ્યમાંથી લીધેલા બાર બાર રૂપિયાને બદલે હજાર રૂપિયા જ્યાં સુધી અમો તે બન્ને ખાતામાં ન આપીએ, ત્યાં સુધી અન્ન-વસ્ત્ર વિના બીજું સર્વ કમાઇને એમાં આપીશું.' એવો મુનિરાજ પાસે નિયમ કરી શ્રાવકધર્મ અંગીકાર કરી વ્યાપાર કરવા લાગ્યા. ત્યારપછી બંને જણાએ કરેલ કર્મનો ક્ષય થઈ જવાથી વ્યાપાર વગેરેમાં ધનની પ્રાપ્તિ થઈ અને બારબાર રૂપિયાના બદલે બારબાર હજાર સોનૈયા આપી બન્ને જણ જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્યના દેવાથી મુક્ત થયા. અને ત્યારપછી બારબાર કરોડ સોનૈયાની ઋદ્ધિવાળા થયા અને સુશ્રાવકપણું પાળતાં જ્ઞાનદ્રવ્ય અને સાધારણદ્રવ્યનું રક્ષણ અને વૃદ્ધિ કરવા લાગ્યા. અનુક્રમે શુભ કાર્યો કરી છેવટે દીક્ષા અંગીકાર કરી બન્ને ભાઇ સિદ્ધિપદને પામ્યા.

આવી રીતે જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્યના ભક્ષણ ઉપર કર્મસાર અને પુણ્યસારનું દૃષ્ટાંત સાંભળી-મનન કરી જ્ઞાનદ્રવ્ય-સાધારણ દ્રવ્યનો લેશમાત્ર બગાડ થવા દેવો નહિ. નહિતર જેવી રીતે તેઓને વિડંબના અને દુઃખની ઝડીઓ સહન કરવી પડી, તેવી જ રીતે હે આત્મા! તારે સહન કરવી પડશે. આ ભવમાં તે દ્રવ્ય કદાચ ભક્ષણ કરીશ તો ઘરનાં તમામ કુટુંબ વગેરે તેનો ભોગ કરશે, પરંતુ દુઃખ તારે સહન

કરવાં પડશેઃ માટે તેવો ધંધો કરીશ નહિ અને કદાચ દેવું રહી ગયું હોય તો સુન્નપણું અંગીકાર કરી ગમે તેમ કરી તે દેવાથી વેલાસર મુક્ત થજે. વળી વ્યાપારાદિકમાં અનીતિ પણ કરીશ નહિ. અનીતિથી થયેલ પાપ ભવાંતરમાં તારે ભોગવવું પડશે. તારા પૈસા તો ખાવાવાળા ખાઈ જશે ને ભોગવવાવાળા ભોગવશે. તને ભવાંતરમાં એક પૈસો પણ કોઈ બંધાવશે નહિ. ફક્ત અનીતિથી કરેલ પાપ સિવાય સાથે બીજું શું લઈ જઈશ ? માટે કોઇ રીતે અનીતિ કરીશ નહિ. જો માર્ગાનુસારીના ૩૫ ગુણો પ્રગટ કરવામાં પણ પ્રથમ ન્યાયસંપન્નવિભવ શાસ્ત્રકાર મહારાજા બતાવે છે, તેનું મનન કર. શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં માર્ગાનુસારીના ગુણો કહેલા છે તે આ પ્રમાણે—

न्यायसंपन्नविभवः, शिष्टाचारप्रशंसकः ।
कुलशीलसमैः सार्धं, कृतोद्वाहोऽन्यगोत्रजैः ॥ १ ॥
पापभीरु प्रसिद्धं च, देशाचारं समाचरन् ।
अवर्णवादी न क्वापि, राजादिषु विशेषतः ॥ २ ॥
अनतिव्यक्तगुप्ते च, स्थाने सुप्रातिवेश्मिके ।
अनेकनिर्गमद्वार–विवर्जितनिकेतनः ॥ ३ ॥
कृतसंगः सदाचारै र्मातापित्रोश्च पूजकः ।
त्यजन्नुप्लुतं स्थान–मप्रवृत्तश्च गर्हिते ॥ ४ ॥
व्ययमायोचितं कुर्वन्, वेषं वित्तानुसारतः ।
अष्टभिर्धीगुणैर्युक्तः शृण्वानो धममन्वहं ॥ ५ ॥
अजीर्णे भोजनत्यागी, काले भोक्ता च सात्म्यतः ।

अन्योन्याप्रतिबंधेन, त्रिवर्गमपि साधयन् ॥ ६ ॥
यथावदतिथौ साधौ, दीने च प्रतिपत्तिकृत् ।
सदानभिनिविष्ठश्च, पक्षपाती गुणेषु च ॥ ७ ॥
अदेशाकालयोश्चर्यां, त्यजन् जानन् बलाबलं ।
व्रतस्थज्ञानवृद्धानां, पूजकः पोष्यपोषकः ॥ ८ ॥
दीर्घदर्शी विशेषज्ञः, कृतज्ञो लोकवल्लभः ।
सलज्जः सदयः सौम्यः, परोपकृतिकर्मठः ॥ ९ ॥
अंतरंगारिषड्वर्ग–परिहारपरायणः ।
वशीकृतेन्द्रियग्रामो, गृहिधर्माय कल्पते ॥ १० ॥

૧. પહેલો ગુણ—ન્યાયસંપન્નવિભવ–કહેતાં તમામ પ્રકારના વ્યાપારમાં ન્યાયપૂર્વક વર્તવું, અન્યાયથી ચાલવું નહિ, નોકરી કરતાં ધણીએ સોંપેલ પૈસામાંથી ખાઇ જવા નહિ. ઓછી સમજવાળા મનુષ્યને છેતરવા પ્રયત્ન કરવો નહિ. વ્યાજ વટંત કરનારે સામા ધણીને છેતરી વ્યાજના પૈસા વધારે લેવા નહિ. માલ સેળભેળ કરીને વેચવો નહિ. સરકારી નોકરી કરનાર મનુષ્યે ધણીને વહાલા થવા સારુ લોકો ઉપર કાયદાવિરુદ્ધ જુલમ ગુજારવો નહિ. ઇત્યાદિ બીજાં કાર્યોમાં પણ અનીતિ કરવી નહિ. ઉભય લોકમાં અનીતિ ઘણી હાનિ કરનાર છે.

૨. બીજો ગુણ–શિષ્ટાચાર પ્રશંસક–કહેતાં જ્ઞાન અને ક્રિયાએ કરી ઉત્તમ આચરણવાળા મનુષ્યોના આચાર, તે શિષ્ટાચાર કહેવાય છે. શિષ્ટાચારવાળાએ લોકો નિંદા કરે તેવું કાર્ય કરવું નહિ. રાજા દંડ કરે તેવું કાર્ય કરવું નહિ.

વેશ્યા તથા પરસ્ત્રીગમન તજવું, જુગટે રમવું નહિ. શિકાર કરવો નહિ. ચોરી કરવી નહિ. ઘણી જીવહિંસા થાય તેવો વ્યાપાર કરવો નહિ. કોઇનો પ્રાણ જાય તેવું જૂઠું બોલવું નહિ. બની શકે ત્યાં સુધી લેશમાત્ર પણ જૂઠું બોલવું નહિ. માંસ, મદિરા, મધ ને માખણ વગેરે અભક્ષ્ય પદાર્થો ખાવા નહિ. દીન-ગરીબનો ઉદ્ધાર કરવો. કોઇએ આપણા પર કરેલા ગુણને યાદ કરવા, ભૂલી જવા નહિ. દાક્ષિણ્યપણું રાખવું ઇત્યાદિ શિષ્ટાચાર કહેવાય. તે તે શિષ્ટાચારની પ્રશંસા કરવાવાળા થવું, એ બીજો ગુણ જાણવો.

૩. **ત્રીજો ગુણ**–સરખાં કુળ–શીલ અને ધર્માચારવાળા સાથે વિવાહ કરવો. પરંતુ એક ગોત્રી સાથે કરવો નહિ. યોગશાસ્ત્ર વગેરેમાં નિષેધ કરેલ છે. સ્ત્રી તથા પતિનો એક જ ધર્મ હોય તો ધર્મ સંબંધી તકરાર ઊઠવાનો સંભવ રહે નહિ અને ધર્મકાર્ય કરવામાં પરસ્પર સાધનભૂત થઈ પડે, જેથી પરલોક પણ સુધરી શકે.

૪. **પાપભીરુ**—કહેતાં સર્વ પ્રકારના પાપથી ડરવું, કારણકે પાપ કરવાથી આ લોકમાં નિંદા થાય અને પરલોકમાં નરકાદિ દુઃખો ભોગવવાં પડે, માટે પાપથી બહુ ડરવું.

૫. **દેશાચાર સમાચરન્**–કહેતાં દેશાચાર પ્રમાણે વર્તવું. જે દેશમાં વસતા હોઇએ તે દેશમાં જે જે કાર્ય કરવાં, તે એવાં કરવાં કે જેથી નિંદાપાત્ર ન થવાય. વસ્ત્ર-આભૂષણ, અશનપાનાદિ દેશની રીતિ પ્રમાણે કરવું. જે દેશમાં જેવાં વસ્ત્ર પહેરાતાં હોય, તે છોડી બીજા દેશની રીતનાં પહેરવાં નહિ.

૬. **અવર્ણવાદી ન કવાપિ**—કહેતાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા વગેરે કોઇના પણ અવર્ણવાદ બોલવા નહિ. પારકા અવર્ણવાદ બોલવાથી ઘણા દોષો ઉત્પન્ન થાય છે. વળી નીચ ગોત્ર બંધાય છે. કોઇના અવર્ણવાદ ન બોલવા તો પછી રાજા, પ્રધાન વગેરેના તો વિશેષ કરીને ન બોલવા, કારણ કે તેથી પૈસા તથા પ્રાણનો પણ નાશ થવા સંભવ રહે છે.

૭. **અનતિવ્યક્તગુપ્તે**—કહેતાં જે ઘરમાં પેસવા નીકળવાના અનેક રસ્તા હોય, તેવા ઘરમાં રહેવું નહિ. કેમકે તેવા ઘરમાં રહેવાથી ચોર પ્રમુખને આવવાનું તથા સ્ત્રી આદિકને ગેરવર્તણૂક ચલાવવાનું સુગમ પડે છે. બીજા પણ ઘણા દોષો ઉત્પન્ન થાય છે. તેમજ વળી ચારે બાજુથી ઢાંકેલ હોય એવા સ્થાનમાં પણ રહેવું નહિ. કારણ અગ્નિ વગેરેના ઉપદ્રવને પ્રસંગે તેવા ઘરમાંથી નીકળવું તથા પેસવું ઘણું કઠિન થઈ પડે. માટે બહુ બારી—બારણાંવાળા અથવા એકદમ ચારે બાજુથી આચ્છાદિત હોય તેવા સ્થાનમાં રહેવું નહિ. વળી સારા પાડોશમાં રહેવું. ખરાબ પાડોશીની પાસે રહેવાથી, તેના ખોટા આલાપ—સંલાપ સાંભળવાથી અને તેની ચેષ્ટા વગેરે જોવાથી આપણામાં ગુણ હોય તે ચાલ્યા જાય છે અને બીજા દોષ ઉત્પન્ન થાય છે.

૮. **કૃતસંગ સદાચારૈઃ**—કહેતાં ઇહલોક અને પરલોકમાં હિતકારી પ્રવૃત્તિવાળા જે મનુષ્યો હોય, તે સારા આચારવાળા કહેવાય, તેઓનો સંગ કરવો. સારા માણસના સંગથી અનેક પ્રકારના ગુણની પ્રાપ્તિ થાય છે, દુર્જનના સંગથી ગુણ હોય તે ચાલ્યા જાય છે. માટે નિર્ગુણીના સંગનો ત્યાગ

કરવો, ગુણવંતનો સમાગમ કરવો તેમજ મિથ્યાત્વીનો સંગ કરવો નહિ. તેનો સંગ કરવાથી આપણી ધર્મબુદ્ધિ નષ્ટ થાય છે અને સારા સંગથી સારી બુદ્ધિ પ્રાપ્ત થાય છે.

૯. **માતાપિત્રોશ્ચ પૂજકઃ**—કહેતાં માતા-પિતાની આજ્ઞામાં રહેવું. તેમને પૂજનારા થવું. નિત્ય પ્રાતઃકાળે તેમને વંદન કરવું, જો વૃદ્ધ થયાં હોય તો તેમનાં ખાવાપીવાની, પહેરવા ઓઢવાની કાળજી રાખવી. તેમના ઉપર ક્રોધ કરવો નહિ. કટુ વચન વાપરવાં નહિ. અયોગ્ય કાર્યથી થતા ગેરફાયદા વિનયપૂર્વક સમજાવવા. પરલોક સંબંધી હિતકારી અનુષ્ઠાનમાં તેમને જોડવા જેથી તેમના આત્માનું પણ કલ્યાણ થાય. દરેક રીતે તેમની ભક્તિ કરવી.

૧૦. **ત્યજન્નુપપ્લુતં સ્થાનં**—કહેતાં ગ્રામનગરાદિ-સ્થાન જે ઉપદ્રવવાળું હોય તેનો ત્યાગ કરવો. જે રાજાઓને પરસ્પર વિરોધ હોય તેવા ગ્રામનગરાદિમાં રહેનાર મનુષ્યને તે સ્થળ ભયનું સ્થાન ગણાય; તથા દુર્ભિક્ષ, મરકી વગેરે રોગોના ઉપદ્રવવાળા સ્થાનનો પણ ત્યાગ કરવો. જો તેમ ન કરે તો ધર્મ, અર્થ, કામ, અને પૂર્વે પ્રાપ્ત કરેલાનો નાશ થવાનો સંભવ રહે છે, નવા ઉત્પન્ન થતા નથી; જેથી મનુષ્યનું જીવન દુઃખમય થઇ પડે છે.

૧૧. **અપ્રવૃત્તશ્ચ ગર્હિતે**—કહેતાં દેશ-જાતિ-કુળની અપેક્ષાએ નિંદિત કાર્યમાં પ્રવૃત્તિ કરવી નહિ.

૧૨. **વ્યયમાયોચિતં કુર્વન્**—કહેતાં પૈસાનો ખર્ચ પોતાની આવકના પ્રમાણમાં કરવો અને સારો લાભ થયો હોય તો કૃપણતા છોડીને સાતક્ષેત્ર વગેરે શુભ માર્ગમાં ધન ખરચવું.

**૧૩. વેષ (વિત્તાનુસાર**–કહેતાં ધન અનુસાર વસ્ત્રાભૂષણ પહેરવાં. થોડું ધન હોય અને ધનાઢયના જેવાં વસ્ત્ર પહેરવાથી તેમજ ધનાઢય હોય અને ગરીબના જેવાં વસ્ત્ર પહેરવાથી લઘુતા થાય છે, માટે પૈસા અનુસાર વેશ રાખવો.

**૧૪. અષ્ટભિર્ધીગુણૈર્યુક્ત**—કહેતાં બુદ્ધિના આઠ ગુણોથી યુક્ત બનવું. તે આઠ ગુણનાં નામ—

૧ શાસ્ત્ર સાંભળવાની ઈચ્છા. ૫ તેમાં તર્ક કરવો તે સામાન્યજ્ઞાન.
૨ શાસ્ત્ર સાંભળવું. ૬ અપોહ કરવો તે વિશેષ જ્ઞાન.
૩ તેનો અર્થ સમજવો. ૭ અર્થવિજ્ઞાન–અર્થનું જ્ઞાન કરવું.
૪ તે અર્થને યાદ રાખવો. ૮ તત્ત્વજ્ઞાન–આ વસ્તુ આમ જ છે એવો નિશ્ચય કરવો.

**૧૫. શૃણ્વાનો ધર્મમન્વહં**–કહેતાં નિરંતર ધર્મને સાંભળવો. હમેશાં ધર્મને સાંભળનાર માણસને મનમાં ખેદ થયો હોય તો તે દૂર થાય છે, સારી ભાવના જાગે છે અને છેવટે બન્ને લોકમાં સુખી થવાય છે.

**૧૬. અજીર્ણે ભોજનત્યાગી**–કહેતાં પ્રથમનું ખાધેલું અનાજ વગેરે બરાબર પચ્યું ન હોય તો નવીન ભોજનનો ત્યાગ કરવો. સર્વ રોગનું મૂળભૂત–અજીર્ણ થયું હોય ને ભોજન કરે તો અજીર્ણની વૃદ્ધિ થાય.

કહ્યું છે કે-(અજીર્ણપ્રભવા રોગાઃ) રોગ માત્ર અજીર્ણમાંથી ઉત્પન્ન થાય છે, તેથી બનતાં સુધી અજીર્ણવાળા માણસે ઉપવાસ કરી દેવો; જેથી બે ફાયદા થાયઃ અજીર્ણ નષ્ટ થાય ને કર્મની નિર્જરા થાય.

૧૭. કાળે ભોક્તા–કહેતાં ભૂખ લાગે ત્યારે ખાવું. અકાળે ભોજન કરવું નહિ. લોલુપતાનો ત્યાગ કરી ભૂખ પ્રમાણે ખાવું. અતિ ભોજન કરે તો ઊલટી–ઝાડા–મરડાદિ દોષ થવાનો સંભવ રહે છે, માટે અતિ ભોજન કરવું નહિ. જે થોડું ખાય છે, તે ઘણું ખાઇ શકે છે. શાસ્ત્રમાં બત્રીશ કવળનો આહાર કહ્યો છે, તે ધ્યાનમાં રાખવું.

૧૮. અન્યોન્યાપ્રતિબંધેન–કહેતાં ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પરસ્પર બાધા ન પામે તેવી રીતે સાધવા. તેમાં મુખ્યતા ધર્મની સમજવી, કારણ કે ધર્મથી જ અર્થ અને કામ મળી શકે છે. ધર્મસાધન કરવાના સમયમાં દ્રવ્ય ઉપાર્જન કરવાનું સૂઝે તો ધર્મથી ચુકાય છે, અને ધર્મ ચૂક્યા તો અર્થ અને કામ પણ ચૂક્યા સમજવું. માટે ત્રણ વર્ગ સાધવાનો વખત નક્કી કરી રાખવો જેથી દ્રવ્ય ઉત્પન્ન કરવામાં અને સંસારનાં કાર્યમાં વિઘ્ન ન આવે ને ધર્મનું આરાધન રૂડી રીતે થાય.

આજકાલ કેટલાક જીવો ધર્મને છોડી પૈસા ભેળા કરવામાં જિંદગી પૂરી કરે છે. તે પોતાના આત્માને ઠગે છે, ને તે જીવો ધર્મરહિત રહેવાથી પરલોકમાં દુર્ગતિમાં અસહ્ય દુઃખો સહન કરે છે, માટે તેમ ન કરવું પણ ધર્મની મુખ્યતા રાખવી. એક દિવસ પણ ધર્મ–આરાધન વિનાનો જવો ન જોઇએ તે ખાસ યાદ રાખવું.

૧૯. યથાવદતિથૌ–કહેતાં મુનિરાજને દાન દેવારૂપ વિનયપૂર્વક આતિથ્ય કરવું. દુઃખી જનને અનુકંપા દાન દેવું. મુનિરાજની સેવાભક્તિ કરવામાં કુશળ રહેવું. અહં-

કારરહિત દાન દેવું. શાલિભદ્ર, મૂળદેવ વગેરે દાનના પ્રભાવથી અથાગ લક્ષ્મીના ભોક્તા થયા છે.

**૨૦. સદાડનભિનિવિષ્ટશ્ચ**—કહેતાં ખોટો હઠ–કદાગ્રહ કરવો નહિ. જિનમતને વિષે બહુમાનપૂર્વક રાગ કરવો. હઠ-કદાગ્રહથી જમાલીની માફક જીવ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થાય છે.

**૨૧. પક્ષપાતી ગુણેષુ**–કહેતાં ગુણીજનનો પક્ષ કરવો. તેમની સાથે સૌજન્ય તથા દાક્ષિણ્યતા વાપરવી. તેમનો સમાગમ કરવો. ગુણીજનના સમાગમથી જીવોને અનેક પ્રકારે લાભ થાય છે અને ઉભય લોકમાં તેમનું હિત થાય છે.

**૨૨. અદેશાકાલયોશ્ચર્યાં ત્યજનૂ**–કહેતાં જે દેશમાં જવાની શાસ્ત્રકાર આજ્ઞા ન આપતા હોય અથવા રાજાની મનાઇ હોય, તે દેશમાં ઉદ્ધતાઈ કરીને જવું નહિ. વળી જે કાળે જે કાર્ય કરવાની આજ્ઞા ન હોય, તે કાળે તે કાર્ય કરવું નહિ. અકાળમાં કાર્ય કરવાથી અનેક પ્રકારના ઉપદ્રવ થાય છે.

**૨૩. જાનનૂ બલાબલં**–કહેતાં પોતાનું બળ તપાસીને કાર્ય કરવું, કારણ કે શક્તિ ઉપરાંત કાર્ય કરવાથી ધનની તેમજ શરીરની હાનિ થાય છે.

**૨૪. વ્રતસ્થજ્ઞાનવૃદ્ધાનાં પૂજક**–કહેતાં વ્રતમાં રહેલાં અને જ્ઞાનમાં વૃદ્ધિ પામેલા એવા પુરુષોની સેવા કરવી. આત્મહિતના અર્થે તેમની પાસેથી જ્ઞાન સંપાદન કરવું. વ્રતમાં રહેલા જ્ઞાની પુરુષોની સેવા કલ્પવૃક્ષની માફક સારા ઉપદેશરૂપી ફળ વડે કરીને ફળે છે.

૨૫. **પોષ્ય પોષક**–કહેતાં પોષણ કરવા લાયક સ્વકુટુંબનું આહારવસ્ત્રાદિકથી પોષણ કરવું.

૨૬. **દીર્ઘદર્શી**–કહેતાં દરેક કાર્યનો આરંભ કર્યા પહેલાં શુભ-અશુભ પરિણામ વિચારવું અને પછી કાર્યની શરૂઆત કરવી. જે કાર્ય કરવાથી નુકસાન થવાનો સંભવ હોય, તે કાર્ય કરવું નહિ.

૨૭. **વિશેષજ્ઞ**–એટલે સામાન્ય અને વિશેષને ઓળખતાં શીખવું. વસ્તુ તથા અવસ્તુ, કૃત્યાકૃત્ય, લક્ષ્યાલક્ષ્ય વગેરેનું અંતર સમજવું. વિશેષ નહિ જાણવાવાળાને યોગશાસ્ત્રમાં પશુસમાન કહ્યો છે.

૨૮. **કૃતજ્ઞ**—કહેતાં કોઇએ ઉપકાર કરેલો હોય, તેને સારી રીતે જાણે–ઓળખે નહિ.

૨૯. **લોકવલ્લભ**–કહેતાં સારા માણસોનો વિનય કરવા વડે લોકોમાં પ્રિય થવું. અનીતિનાં તથા ધર્મવિરુદ્ધ કાર્ય કરીને લોકમાં પ્રિય થવાની ઇચ્છા કરવી નહિ.

૩૦. **સલજ્જ**–કહેતાં લજ્જાવાન થવું. પ્રાણના નાશ થાય તોપણ અંગીકાર કરેલ વ્રતાદિને છોડવાં નહિ તેમજ નિર્લજ્જ કાર્ય કરવું નહિ.

૩૧. **સદય**–કહેતાં દુઃખી જીવો ઉપર દયા રાખવી. જેમ બને તેમ હિંસાનું કાર્ય કરવું નહિ. જેમ આપણને આપણા પ્રાણ વહાલા છે, તેમ તમામ જીવોને પોતાના પ્રાણ વહાલા છે. માટે કોઈ જીવની હિંસા કરવી નહિ.

૩૨. **સૌમ્ય**–કહેતાં સામ્ય દૃષ્ટિ રાખવી. કષાયવાળી પ્રકૃતિ કરવી નહિ કે જેથી બીજાને આપણા ઉપર દ્વેષ જાગે.

૩૩. પરોપકૃતિકર્મઠ–કહેતાં પરોપકાર કરવામાં શૂરવીર થવું. પરોપકાર કરવાવાળો મનુષ્ય લોકોના નેત્રને અમૃતના અંજન સરખો પ્રિય લાગે છે.

૩૪. અંતરંગારિષડ્વર્ગ–પરિહારપરાયણ–કહેતાં કામ, ક્રોધ, લોભ, માન, મદ, હર્ષ–આ છને શિષ્ટ પુરુષોએ અંતરંગ શત્રુ કહ્યા છે. પર–સ્ત્રી ઉપર દુષ્ટ વિચારો કરવા તે કામ. ૧, પારકાને તથા પોતાને કષ્ટનો વિચાર કર્યા વિના કોપ કરવો તે ક્રોધ. ૨, યોગ્ય પાત્રને દાન ન દેવું અને નિષ્કારણ પરધન ગ્રહણ કરવું તે લોભ. ૩, કુળ, બળ, ઐશ્વર્ય, રૂપ, વિદ્યાદિકનો અહંકાર કરવો તે મદ. ૪, દુષ્ટ અભિનિવેસ (આગ્રહ) ઉપર ચડવું–યુક્તાયુક્તનું ન સમજવું તે માન. ૫, નિમિત્ત વિના બીજાને દુઃખ ઉત્પન્ન કરવા વડે કરીને તથા જુગાર, શિકારાદિ અનર્થ કાર્ય કરીને મનમાં ખુશી થવું તે હર્ષ. ૬, આ છને અંતરંગના કટ્ટા શત્રુ જાણવા. આ છથી ઘણું દૂર રહેવું. તેનો સમાગમ કરવો નહિ.

૩૫. વશીકૃતેન્દ્રિયગ્રામો–કહેતાં પાંચે ઇન્દ્રિયોને વશ કરવી. અત્યંત આસક્તિના પરિહાર વડે કરીને સ્પર્શાદિ પાંચે ઇન્દ્રિયોના વિકારને રોકવા. અભક્ષ્યાદિ વસ્તુ ખાવાની લાલચ કરવી નહિ. ઇન્દ્રિયોનો વિજય ઉત્કૃષ્ટ સંપદા પમાડે છે. કહ્યું છે, કે—

आपदां कथितः पंथाः, इन्द्रियाणामसंयमः ।
तज्जयः संपदां मार्गो, येनेष्टं तेन मृगम्यता ॥

'ઇન્દ્રિયોનો અનિગ્રહ કરવો તે આપદાનો માર્ગ છે અને તેને જીતવી તે સંપદાનો માર્ગ છેઃ જે માર્ગ ઇષ્ટ લાગે તે માર્ગે ગમન કરો.'

એકેક ઇન્દ્રિયના દોષથી પતંગિયાં, ભમરા, માછલા, હાથી અને હરણ દુર્દશા પામે છે–પ્રાણને નષ્ટ કરે છે, તો પાંચે ઇન્દ્રિયોને વશ પડેલા મનુષ્યની શી દશા સમજવી ? માટે બરાબર પુરુષાર્થ ફોરવી ઇન્દ્રિયોને જીતવી, ન જીતી હોય તો જીતવા પ્રયત્ન કરવો.

આ ઉપર બતાવેલા પાંત્રીસ ગુણવાળો મનુષ્ય ગૃહસ્થ-ધર્મના આરાધન માટે સમર્થ થાય છે. આ મહામૂલ્યવાળી માનવ જિંદગી પ્રાપ્ત કરી અવશ્યમેવ આ માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો પ્રાપ્ત કરવા ઉદ્યમ કરવો. કદાચ પાંત્રીસે ગુણ ન પામી શકાય તો તેમાંથી અડધા ઉપરાંત પણ પ્રાપ્ત કરવા જ જોઈએ. તેમાં ન્યાયથી પૈસા ઉપાર્જન કરવાના મુખ્ય ગુણને કદાપી છોડવો નહિ. તે ગુણ ન હોય તો બીજા ગુણ શોભા ન પામે. અનીતિથી ભેગા કરેલા પૈસા લાંબા કાળ સુધી ટકતા પણ નથી, કારણ કે અનીતિથી પાપપ્રકૃતિ બંધાય છે, ને તે પાપનો ઉદય થાય કે તરત તમામ ઋદ્ધિ–સિદ્ધિ ગુમાવી બેસવું પડે છે. ઉપાધ્યાયજી મહારાજ યશોવિજયજી જ્ઞાનસાર અષ્ટકમાં કહે છે, કે–

येषां भ्रूभंगमात्रेण, भज्यन्ते पर्वता अपि ।
तैरहो कर्मवैषम्ये, भुपैर्भिक्षाऽपि नाप्यते ॥ १ ॥

'જે રાજા–મહારાજાની ભ્રૂકુટીના ભંગ માત્રે કરી પર્વતના ભૂકા થઇ જતા હતા, તે જ રાજા–મહારાજાઓને કર્મ

વડે વિષમ દશા પ્રાપ્ત થવાથી રંકની માફક ભિક્ષા પણ મળતી નથી. કર્મરાજાનો કેટલો બધો પ્રબળ પ્રતાપ ?'

**વિવેચન**—જેઓને ઘેર હાથીઓના મદ ઝરવાથી આંગણામાં તેનો કીચડ થઇ રહેતો હતો, જેઓને ઘેર ઘોડા, રથ, પાયદળ વગેરેનો ગર્જારવ થઇ રહેતો હતો, સુવર્ણાદિ ધનની સંખ્યા કહી શકાતી નહોતી, તેવા ધનવંતોને પણ કર્મરાજાના પરાધીનપણાથી–પુણ્યનો નાશ થવાથી ભીખ માગીને પેટ ભરવું પણ કઠિન થઇ પડે છે; તો પછી સામાન્ય કોટિના જીવોનું શું ગજું ? અનીતિ કરવાથી અશુભ કર્મ બંધાય છે, તેથી લક્ષ્મીનો વિયોગ થાય તે સ્વાભાવિક છે. માટે નીતિથી જ દ્રવ્ય ઉપાર્જન કરી, લક્ષ્મીને સારા શુભ ક્ષેત્રમાં વાપરવી, જેથી પુણ્ય બંધાય અને આ ભવમાં તથા પરભવમાં પુણ્યપ્રકૃતિથી અથાગ લક્ષ્મી મળે. જુઓ ! તે જ ઉપાધ્યાયજી મહારાજ કર્મવિપાક અષ્ટકમાં કહે છે. કે—

जातिचातुर्यहीनोऽपि, कर्मण्यभ्युदयावहे ।
क्षणाद् रंकोऽपि राजा स्याद्, छत्रछन्नदिगन्तरः ॥१॥

'જાતિ તથા ચતુરાઈથી રહિત હોવા છતાં શુભ કર્મનો અભ્યુદય થવાથી એક ક્ષણવારમાં, રંક ભીખારી હોય તો પણ છત્ર વડે કરી, આચ્છાદિત કર્યા છે દિશાના ભાગ જેણે એવો, રાજા થાય છે.'

ગમે તે ગરીબ, રંક કે નિર્ધન હોય પરંતુ પુણ્યપ્રકૃતિ સાથે લાવેલો હોય તો ધનાઢય થઈ જાય અને ઇષ્ટ વસ્તુની સામગ્રી મળે. પરંતુ અનીતિ કરવાથી ઇષ્ટ વસ્તુ મળતી

નથી, તે ચોક્કસ યાદ રાખવું. કેટલાક કહે છે કે 'અનીતિ કરવાનો આ જમાનો છે, નીતિ કરવા જઈએ તો પૈસા મળતા નથી.' તેવું બોલનાર ભૂલ કરે છે. ન્યાયથી ઉપાર્જન કરેલ થોડું દ્રવ્ય પણ શુભ માર્ગમાં વાપરવાથી અથાગ પુણ્ય બંધાય છે. પુણ્યના પ્રતાપથી જ લક્ષ્મી મળે છે. અનીતિ કરનારને પણ જે કાંઈ લક્ષ્મી મળે છે તે પૂર્વનું પુણ્ય હોય તો જ મળે છે: પરંતુ અનીતિના જોરથી વિશેષ પાપ બંધાવાથી પરિણામે લક્ષ્મીનો નાશ થાય છે. કદાચ આ ભવમાં નાશ ન થયો તો પરભવમાં તો તેનાં કડવાં ફળ અવશ્ય ભોગવવાં પડે છે. માટે જેમ બને તેમ સર્વ પ્રકારે નીતિનો આદર કરો, ન્યાયથી ચાલો. આ ગુણ ઘણો મજબૂત છે. આ ગુણ પ્રાપ્ત કરશો તો બીજા ઘણા ગુણો પ્રાપ્ત થશે. આ હેતુથી જ હેમચંદ્રાચાર્યે માર્ગાનુસારીના પાંત્રીસ ગુણોમાં પ્રથમ ન્યાયસંપન્નવિભવ બતાવેલ છે. માટે ભવભીરુ જીવોએ અનીતિને દેશવટો આપી ન્યાયસંપન્નવિભવનો જ આદર કરી પ્રામાણિકપણું પ્રાપ્ત કરવું: તે જ મનુષ્યભવ પામ્યાનો સાર છે.

નીતિથી પૈસા ઉત્પન્ન કર્યા પછી પણ તેને આરંભ સમારંભના કાર્યોમાં ખરચી પાપના ભાગી બનવું નહીં; પરંતુ કુમારપાળ મહારાજા તથા વસ્તુપાલ-તેજપાલની માફક સારાં સુકૃતનાં કાર્યોમાં ધન ખરચી પુણ્યાનુબંધી પુણ્યના ભાગી બનવું. નહિતર પછી ઘણા મોહથી લક્ષ્મીની ઉપર જ ફણીધર, નોળિયા, ઉંદર વગેરે થવું પડે છે: શાસ્ત્રમાં એવા ઘણા દાખલા છે. સમરાદિત્ય કેવળીના ચરિત્રમાં

ઘણા જીવો લક્ષ્મી ઉપર મોહ રાખવાથી તિર્યંચાદિ ગતિમાં જવાનો અધિકાર છે. આદિનાથ દેશનામાં પ્રિયંગુ શેઠ લક્ષ્મી ઉપર અતીવ મોહમમત્વ કરી ઠેઠ નિગોદ સુધી પહોંચ્યો. રૂદ્રદેવની સ્ત્રી અગ્નિશિખા લક્ષ્મીના મોહથી કાળી નાગણ થઇ અને તેનો પુત્ર કુકંગ કાળો સર્પ થયો. ઇત્યાદિક ઘણાં દૃષ્ટાંતો છે. માટે મેળવેલી લક્ષ્મીથી નિશ્ચળ ધર્મની પ્રાપ્તિ કરવી તે જ સાર છે. શાસ્ત્રકાર ભલામણ કરે છે, કે—

लक्ष्मीदायदाश्चत्वारो, धर्माग्निराजतस्कराः ।
वृद्धपुत्रापमानेन, कुप्यन्ति बांधवास्त्रयः ॥ १ ॥

' લક્ષ્મીના ચાર ભાગીદાર પુત્રો છે. તેમાં પ્રથમ ધર્મ, પછી અનુક્રમે અગ્નિ, રાજ ને તસ્કર-આ ચાર હોવા છતાં મોટા પુત્ર ધર્મનું અપમાન કરવા વડે કરીને બાકીના ત્રણ પુત્રો કોપાયમાન થાય છે.'

**વિવેચન**—આ જીવે એકઠી કરેલી લક્ષ્મી ધર્મના પ્રભાવથી જ સમજવી. તેથી જ શાસ્ત્રકારો ધર્માદ્ ધનં કહેતાં ધર્મ થકી ધન પ્રાપ્ત થાય છે, તેવું કહી ગયા છે. ધર્મથી હીન જીવો ગરીબ, પામર, દુઃખી અને દીન હોય છે. આવો ધર્મનો પ્રગટ પ્રભાવ હોવા છતાં કૃપણ જીવો શુભ માર્ગમાં લક્ષ્મીને ખર્ચતા નથી અને લેગી કરે છે. પછી પાછળનાં માણસો તેનો ઉપયોગ કરે છે. લક્ષ્મી લેગી કરતાં લાગેલાં પાપો લેગી કરનારને ભવાંતરમાં ભોગવવાં પડે છે. માટે બહુ જ વિચાર કરી, કૃપણપણું દૂર કરી, લક્ષ્મીને શુભ માર્ગમાં વાપરી મનુષ્ય ભવનો લહાવો લેવા ચૂકવું નહિ.

જુઓ પૂર્વે થઈ ગયેલા કુમારપાળ રાજા, વિક્રમ રાજા તથા સંપ્રતિ રાજા વગેરે રાજા–મહારાજાઓ તથા સદ્ગૃહસ્થોએ પુણ્યક્ષેત્રમાં અઢળક લક્ષ્મી ખરચી કેવાં શુભ કાર્યો કર્યાં છે, તેનું સંક્ષેપથી વર્ણન લખીએ છીએ. તે ધ્યાનમાં લઈ દરેક સદ્ગૃહસ્થોએ દર વરસે પવિત્ર માર્ગમાં યથાશક્તિ પણ પોતાની લક્ષ્મી વાપરી કૃતાર્થ બનવું જોઈએ; પરંતુ કૃપણતા દોષ રાખી લક્ષ્મીને ભેગી કરી કર્મબંધનમાં ઊતરવું નહીં.

## કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજીના ઉપદેશથી પ્રતિબોધ પામેલા કુમારપાળ રાજાનું સંક્ષેપ વર્ણન:

૧ સમ્યક્ત્વ મૂળ બાર વ્રત અંગીકાર કર્યાં.

૨ ત્રિકાળ જિનપૂજા કરવાનો નિયમ કર્યો.

૩ અષ્ટમી તથા ચતુર્દશીના પૌષધ ઉપવાસ કરવા.

૪ પારણાને દિવસે દૃષ્ટિગોચર થયેલા સેંકડો માણસોને યથાયોગ્ય વૃત્તિ આપીને સંતોષ પમાડવો.

૫ સાથે પૌષધ ગ્રહણ કરેલા હોય તેઓને પોતાના આવાસે પારણું કરાવવું.

૬ સાધર્મિક ભાઇઓનો ઉદ્ધાર કરવા માટે એક હજાર સોનામહોર દરરોજ આપવી.

૭ એક વરસમાં એક કરોડ સોનામહોરનું દાન સાધર્મી ભાઇને દેવું. (એ પ્રકારે ચૌદ વરસ સુધી ચૌદ કરોડ સોનામહોર દીધી.)

૮ સાધર્મી ભાઇઓ પાસેનું એકાણું લાખ દ્રવ્ય છોડી દીધું.

૯ નિર્વંશ જનારનું તમામ દ્રવ્ય રાજા ગ્રહણ કરે. પરંતુ આ ધાર્મિક રાજાએ તેવું બેતેર લાખ દ્રવ્ય મૂકી દીધું.

૧૦ સાતસો લહિયાઓ રાખીને છ લાખ છત્રીસ હજાર આગમ પુસ્તકો લખાવ્યાં; તેમાં દરેક આગમની સાત-સાત પ્રતો સોનાના અક્ષરોથી લખાવી તથા શ્રી હેમચંદ્રાચાર્યકૃત વ્યાકરણ તથા ચરિત્રાદિક ગ્રંથોની એકવીસ એકવીસ પ્રતો લખાવી અને વળી લખેલાં પુસ્તકના એકવીસ જ્ઞાનભંડારો કરાવ્યા.

૧૧ હંમેશાં ત્રિભુવનપાળ દેરાસરજીમાં સ્નાત્રમહોત્સવ કરવો.

૧૨ શ્રી હેમચંદ્રસૂરિ મહારાજને દ્વાદશાવર્તવંદન કરવું. પછી અનુક્રમે તમામ મુનિરાજોને વંદન કરવું.

૧૩ પ્રથમ ગ્રહણ કરેલા પૌષધવ્રતવાળા શ્રાવકોને પ્રણામ કરી માન દેવું.

૧૪ પોતાના અઢાર દેશમાં અમારી પડહ વગડાવ્યો.

૧૫ ન્યાયની ઘંટા વગાડવી.

૧૬ બીજા ચૌદ દેશોને વિષે ધનના બળ વડે તથા મૈત્રીના બળ વડે જીવોની રક્ષા કરાવી તથા વારાણસી નગરીના રાજા જયચંદ્ર પાસે પોતાના મંત્રીને મોકલી જીવોને પકડવાની એક લાખ ને બેંશીહજાર જાળો તથા બીજાં પણ હિંસા થાય તેવાં તમામ શસ્ત્રો એકઠાં કરી મંત્રી સમક્ષ બળાવી નંખાવ્યાં અને હિંસા તદ્દન બંધ કરાવી દીધી.

૧૭ ચૌદસો ને ચુમાલીસ (૧૪૪૪) નવીન જિનમંદિરો કરાવ્યાં અને સોળસો (૧૬૦૦)નો (જીર્ણોદ્ધાર) કરાવ્યો.

તથા પાટણમાં પોતાના પિતાશ્રી ત્રિભુવનપાળના નામની યાદગીરી માટે તિહુયણ વિહાર નામનું બેંતેર દેવકુલિકા સહિત જિનમંદિર બંધાવ્યું. તેમાં ૧૨૫ અંગૂલની ઊંચી અરિષ્ટ રત્નની મૂળનાયક શ્રી નેમિનાથ પ્રભુની પ્રતિમા સ્થાપી અને બેંતેર દહેરીઓમાં ચૌદલાર પ્રમાણ ચોવીસ રત્નની, ચોવીસ સોનાની ચોવીસ રૂપાની ઇત્યાદિક જિનપ્રતિમાઓ સ્થાપી, સર્વ મળી તેમાં છન્નુ કરોડ સોનામહોર ખરચી. જીનાલયમાં ઉદયન, આમ્રભટ્ટ, કુબેરદત્ત વગેરે અઢાર હજાર શ્રાવકોની સાથે રાજા નિત્ય ગીત, નૃત્ય, વાદિત્ર સહિત સ્નાત્ર મહોત્સવ કરતા હતા.

૧૮ સાત મોટી તીર્થ જાત્રા કરી. તેમાં શ્રી સિદ્ધાચલજી, ગીરનાર આદિ તીર્થોની જાત્રામાં ૧૮૦૪ સુવર્ણ રત્નમય દેવાલયો હતાં તથા બેંતેર રાણા અને અઢાર હજાર કોટિધ્વજ શાહુકારો અને બીજા લાખો શ્રાવકોના સંઘ સહિત જાત્રા કરી. તેમાં દરેક સ્થાને સ્નાત્ર મહોત્સવ, ધ્વજારોપણ, શ્રી સંઘ વાત્સલ્ય આદિ શુભ કાર્યો કરી કરોડો રૂપિયા ખરચી જિંદગી પવિત્ર બનાવી.

૧૯ **પહેલા વ્રતમાં**—'મારી' એવો શબ્દ બોલાઇ જાય તો ઉપવાસ કરવો. એક દિવસ ગુરુ મહારાજ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજનાં દર્શન કરી વિનયપૂર્વક કુમારપાળ રાજા બેઠા હતા. ગુરુમહારાજે દેશનાનો પ્રારંભ કર્યો કે વિવેકી પુરુષોએ વર્ષાઋતુમાં પોતાના સ્થાન–

માંથી બહાર જવું નહીં, કારણ કે વર્ષાઋતુમાં બહુ પાણીને લીધે સર્વ પૃથ્વી જીવાકુલ હોય છે. તે ઉપર ઉન્મત્ત મહિષ-પાડાની માફ પરિભ્રમણ કરતો માણસ જીવોને હણે છે. શ્રી નેમિનાથ ભગવાનના ઉપદેશથી શ્રીકૃષ્ણે વર્ષાઋતુમાં બહાર ન જવાનો નિયમ કર્યો હતો; તે સાંભળી વિવેકી કુમારપાળ રાજાએ નિયમ લીધો કે આજથી હવે વર્ષાઋતુમાં મારે પણ કોઇ ઠેકાણે બહાર જવું નહીં. સર્વ ચૈત્યોનાં દર્શન અને ગુરુ મહારાજનાં દર્શન વિના વર્ષાકાલમાં પ્રાયઃ નગરમાં પણ નીકળવું નહીં. આવો અભિગ્રહ આજ કાળના ગૃહસ્થો પણ થોડા ઘણા અંશે ધ્યાનમાં લેશે તો **આત્માને** બહુ જ ફાયદો થશે

૨૦ **બીજા વ્રતમાં**—વિસ્મૃત્યાદિથી અસત્ય વચન બોલાઇ જાય તો આયંબિલ વગેરેનું તપ કરવું.

૨૧ **ત્રીજા વ્રતમાં**—મરી ગયેલા નિર્વંશીનું ધન ગ્રહણ ન કરવું.

૨૨ **ચોથા વ્રતમાં**—ધર્મની પ્રાપ્તિ થયા પછી નવી સ્ત્રી પરણવી નહિ એવો અભિગ્રહ કર્યો.

૨૩ ચોમાસામાં મન, વચન અને કાયાએ કરી શીલ પાળવું. તેમાં મનથી કદાચ ભંગ થાય તો ઉપવાસ કરવો. વચનથી ભંગ થાય તો આયંબિલ કરવું. કાયાથી સ્પર્શરૂપ ભંગ થયે એકાશન કરવું. (મનને વિશેષ મજબૂત રાખવા મનથી ભંગ થયે ઉપવાસ રાખ્યો હશે. એમ સંભવ થાય છે.)

લોપલદેવી રાણીના મરણ પછી પ્રધાનાદિ ઘણા લોકોએ પાણિગ્રહણ કરવાનું કહ્યાં છતાં પોતાનો નિયમ બરાબર સાચવ્યો–પાણિગ્રહણ ન કર્યું.

૨૪ **પાંચમા વ્રતમાં**—છ કરોડનું સોનું, આઠ કરોડનું રૂપું, એક હજાર તોલા મહામૂલ્યવાળાં મણિરત્નો વગેરે; બત્રીસ હજાર મણ ઘી, બત્રીસ હજાર મણ તેલ, ત્રણ ત્રણ લાખ મુડા શાલી, ચણા, જુવાર, મગ વગેરે; પાંચ લાખ ઘોડા, એક હજાર હાથી, પાંચસો ઘર, પાંચસો હાટ, પચાસ હજાર રથ ઇત્યાદિ રાખ્યા.

૨૫ **છઠ્ઠા વ્રતમાં**—વર્ષાકાળમાં પાટણ શહેરના સીમાડાથી બહાર જવાનો નિષેધ કર્યો.

૨૬ **સાતમા વ્રતમાં**—મદ્ય, માંસ, મધુ, માખણ–આ ચાર મહા વિગયનો સર્વથા ત્યાગ તથા બહુબીજ, પંચોદુમ્બર ફળ, અભક્ષ્ય, અનંતકાય, બેબર વગેરેનો ત્યાગ, દેરાસરજીમાં મૂકયા વિના વસ્ત્ર, ફળ, આહાર વગેરેનો ત્યાગ. સચિત્તમાં એક પત્રના પાન બીડાં આઠ (દરરોજ), રાત્રિએ ચારે પ્રકારના આહારનો ત્યાગ, વર્ષાઋતુમાં એક ઘી વિગય છૂટી, બાકી પાંચનો ત્યાગ. લીલા શાકનો નિષેધ તથા રોજ એકાસણું કરવું. પર્વ તિથિઓને દિવસે કાયમ બ્રહ્મચર્ય પાળવું.

૨૭ **આઠમા વ્રતમાં**–સાતે વ્યસનોને પોતાના દેશમાંથી કાઢયાં.

૨૮ **નવમા વ્રતમાં**-બન્ને ટંક સામાયિક કરવું. તે સામાયિકમાં શ્રી હેમચંદ્રસૂરિ મહારાજ વિના બીજા સાથે બોલવાનો નિષેધ. હંમેશાં વીતરાગ સ્તોત્રનું તથા યોગશાસ્ત્રના બાર પ્રકાશનું ગણવું.

૨૯ **દશમા વ્રતમાં**-ચોમાસામાં કટકનું નહિ કરવું, ગીજનીના સુલતાનનું આગમન થયા છતાં પણ નિયમથી ન ચળ્યા.

૩૦ **અગિયારમા વ્રતમાં**—પૌષધોપવાસમાં રાત્રિએ કાયોત્સર્ગ કરતાં મંકોડો પગે ચોંટયો, લોકોએ દૂર કરવા માંડયો છતાં દૂર થયો નહિ, જેથી તેની મરવાની શંકા વડે કરી પોતાના પગની ચામડી ઉખેડીને દૂર મૂકી મંકોડાને બચાવ્યો.

૩૧ **બારમા અતિથિ સંવિભાગ વ્રતમાં**—દુઃખી સાધર્મિક શ્રાવક પાસેનું બોંતેર લાખ દ્રવ્યનું છોડી દેવું. નિરંતર સુપાત્રને દાન દેવું.

આ પ્રમાણે આ મહાભાગ્યશાળી કુમારપાલ રાજાના પુણ્યમાર્ગો કેટલા લખી શકાય! પોતે સારી રીતે ધર્મનાં અનુષ્ઠાન વડે કરીને પોતાના આત્માનો ઉદ્ધાર કરી સંસારને તોડી નાખ્યો. ફક્ત બે ભવમાં જ મોક્ષે જાય તેવું અનુષ્ઠાન કર્યું. અને સાધર્મિક ભાઇઓને યથાયોગ્ય દાન દેવા વડે કરી, ધર્મમાં સહાય કરવા વડે કરી, તથા કરના મૂકવા વડે કરી, સીદાતાના ઉદ્ધાર વડે કરી, અઢાર દેશમાં અમારી પડહ વગડાવવા વડે કરી, પરોપકાર પણ ઘણો જ કર્યો. જેથી માનવ જિંદગી ધર્મનાં કાર્યો વડે

સફળ કરી મહાન પુણ્યાનુબંધી પુણ્ય પ્રાપ્ત કર્યું. છેવટ અંત સમયે રાજર્ષિ કુમારપાલે રામચંદ્ર મુનીશ્વરને બોલાવ્યા. તેમણે અંતિમ આરાધના કરવાનો પ્રારંભ કર્યો. તે નીચે પ્રમાણે હતો:

## કુમારપાળ રાજર્ષિની અંતિમ ક્ષમાપના

સૂર્યના બિંબ સમાન તેજસ્વી શ્રી જીનેન્દ્ર ભગવાનની મૂર્તિ પોતાની આગળ સ્થાપન કરી વિધિ પ્રમાણે પૂજન કરી વારંવાર નમસ્કાર કર્યા. શ્રી જીનેન્દ્ર ભગવાનને સાક્ષી ભૂત કરી શ્રીમાન કુમારપાલ ભૂપતિએ પાપ પ્રક્ષાલનની ઇચ્છાથી શુદ્ધ મન વડે કરીને મુનિની આગળ કહ્યું, કે જન્મથી આરંભી આજ સુધી સ્થાવર અને ત્રસ પ્રાણી ઓનો જે કાંઇ પણ મેં વધ કર્યો હોય તો તેની હું વારંવાર ક્ષમા માગું છું, સ્વાર્થ અથવા પરાર્થ વડે સ્થૂલ કે, સૂક્ષ્મ જે કંઈ અનૃત વચન બોલવામાં આવ્યું હોય તેનું હું મન-વચન-કાયાએ કરી મિથ્યાદુષ્કૃત માગું છું, નીતિ કિંવા અનીતિ વડે પારકું ધનાદિક દ્રવ્ય, જે આપ્યા વિનાનું મેં લીધું હોય તેનો, હું શુદ્ધ બુદ્ધિએ ત્યાગ કરું છું. પોતાની અથવા પરસ્ત્રી સાથે જે મેં મૈથુન સેવ્યું હોય કિંવા જે દિવ્યભોગનું ચિંતવન કર્યું હોય તેની હું વારંવાર નિંદા કરું છું. ધન, ધાન્ય, ક્ષેત્ર, ગૃહ, સુવર્ણ, દાસ અને અશ્વાદિકમાં અધિક વૃદ્ધિ પામેલી તૃષ્ણાનો હું એકાગ્ર મનથી ત્યાગ કરું છું. જન્મથી આરંભી મેં રાત્રીએ જે ભોજનાદિક કર્યું હોય તેમજ અભક્ષ્યનું ભક્ષણ કર્યું હોય તે સર્વ ગર્હિતની હું નિંદા કરું છું. તેમજ દિગ્વિરત્યાદિકમાં

અને સામાયિકાદિકમાં મેં જે અતિચાર કર્યા હોય તેમનો હું ફરીથી નહીં કરવા માટે ત્યાગ કરું છું. વળી પૃથ્વીકાયાદિના સ્વરૂપ વડે સ્થાવરોમાં વાસ કરતા મારાથી જે જીવોને અપરાધ થયો હોય તે સર્વ જીવોની હું ક્ષમા માગું છું. ત્રસપણામાં તેમજ તિર્યંચ, નરક, નર અને દેવતાઓના ભવમાં રહી મેં જે જીવોને દુઃખ આપ્યું હોય તે પ્રાણીઓ મારી ઉપર ક્ષમાવાન થાઓ. દુર્વાકયાદિક કહેવા વડે સંઘને વિષે જે કોઇ પ્રાણીઓને મેં પીડા કરી હોય તેમને હું હાથ જોડી ત્રિકરણ શુદ્ધિ–મન, વચન અને કાયા વડે ખમાવું છું. સર્વ જીવ–જાતિઓમાં ભ્રમણ કરતા મેં મન, વચન અને કાયા વડે જે કંઇ પાપ કર્યું હોય તે મને મિથ્યા દુષ્કૃત થાઓ, દાક્ષિણ્યતા વડે અથવા લોભ વડે અન્યને જે મેં મૃષા ઉપદેશ કર્યો હોય તે સર્વ મારું પાપ મિથ્યા થાઓ, પ્રમાદાદિકના યોગ વડે ધર્મકાર્યમાં મેં જે બળ છુપાવી રાખ્યું હોય તે સંબંધી મિથ્યા દુષ્કૃત થાઓ. ચરણાદિકના સ્પર્શ વડે પ્રતિમા, પુસ્તકાદિકની જે આશાતના થઇ હોય તે સર્વ આશાતના નાશ પામો.

**અનશન વ્રત**—એ પ્રમાણે ક્ષમાપના વડે કરીને, જેનો આત્મા સર્વથા વિશુદ્ધ છે એવા શ્રીકુમારપાલ રાજર્ષિએ અનશનવ્રત ગ્રહણ કર્યું. તેમણે કહ્યું કે, ન્યાયમાર્ગ વડે ધન સંપાદન કરી સાત ક્ષેત્રોમાં જે કંઈ પણ મેં વાવ્યું હોય તે પુણ્યની હું અનુમોદના કરું છું. સદ્ દેવ અને ગુરુની પૂજાઓ વડે તેમજ અમારિકરણ અને નિષ્પુત્રક વિધવાઓના ધનની મુક્તિ વડે જે પુણ્ય ઉપાર્જન

કર્યું હોય તેનું હું સ્મરણ કરું છું. પાપને દૂર કરનારી શત્રુંજયાદિક તીર્થોની યાત્રાઓ કરી જે પુણ્ય મેં મેળવ્યું હોય તેની હું ભાવના કરું છું. તીર્થંકર ભગવાન, સિદ્ધ ભગવાન, સાધુ અને ધર્મ એ ચારે મારું શરણ થાઓ; તેમજ તે જગત્પૂજ્ય થારે મારા મંગલરૂપ થાઓ. ચૈતન્યમય સ્વરૂપધારી આ આત્મા જ મારો છે, આ સર્વે દેહાદિક ભાવો **સાંયોગિક** હોવાથી પૃથક્–ભિન્ન છે. આ લોકમાં જીવોને જે દુઃખ થાય છે, તે ખરેખર દેહાદિક વડે થાય છે, માટે મન, વચન અને કાયા વડે અવશ્ય ત્યાગવાલાયક તે દેહાદિકનો હું ત્યાગ કરું છું. એમ સ્મરણ કર્યા બાદ રાજર્ષિએ ચિત્તને સાવધાન કરી શુભ ધ્યાન વડે પ્રપંચ રહિત પંચપરમેષ્ઠિ નમસ્કાર–મંત્રનું સ્મરણ કર્યું.

**રાજર્ષિનો સ્વર્ગવાસ**––પછી રાજર્ષિ શ્રી કુમારપાલ પોતે **સમાધિસ્થ** થયા. પોતાના હૃદયમાં સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રગુરુ અને પાપરૂપી મષીને પ્રક્ષાલન કરવામાં જળસમાન તેમણે કહેલા ધર્મનું સ્મરણ કરી શ્રી કુમારપાલભૂપતિ વિષની લહરીથી પ્રકટ થયેલી મૂર્છા વડે કરી વિક્રમ સંવત ૧૨૩૦માં કાળધર્મ પામી વ્યંતરેંદ્રપણે ઉત્પન્ન થયા. અને ત્યાંથી ચવી આ ભરતક્ષેત્રમાં રહેલા ભદ્દીલપુર નગરમાં શતાનંદ રાજાને ત્યાં ધારિણી રાણીની કુક્ષે ઉત્પન્ન થઈ શતબલ નામે પ્રખ્યાત પુત્ર થશે. બાળવયમાં ઉત્તમ કલાઓ ભણી સુશ્રાવકની માફક શિયળ વ્રત પાળશે; ત્યાર પછી રાજપદવીનો સ્વીકાર કરી પૂર્વજન્મની દયાળુતાને લીધે હિંસાદિક સાવદ્ય કાર્ય કરશે નહીં.

છેવટ સંસારત્યાગ કરી દીક્ષા અંગીકાર કરી આવતી ચોવિસીમાં પદ્મનાભ નામના પ્રથમ તીર્થંકરના અગિયારમા ગણધર થઇ સિદ્ધિપદ પામશે. આ પ્રમાણે કુમારપાળના સંક્ષેપ વર્ણનથી આપણને અત્યારે ઘણું ઘણું જાણવાનું મળી શકે તેમ છે. લક્ષ્મી ઉપર મોહ રાખ્યો હોત તો ઉપર બતાવેલ શુભ કાર્યો કરી શકત નહીં, જેથી સૂક્ષ્મ બુદ્ધિથી તેમનું આ સંક્ષેપ ચરિત્ર વાંચી તમામ પ્રકારે ખૂબ ધ્યાન આપવા ચૂકવું નહીં.

ઉપર બતાવેલ કુમારપાળ મહારાજાનાં વ્રતો તથા આરાધના પોતાના શરીર ઉપરથી મમત્વભાવ ઉતાર્યો તો જ થઇ શકયાં. જો શરીર ઉપર મમત્વભાવ રાખ્યો હોત તો કાર્ય ન થાત. શરીરની સ્થિતિ તો શાસ્ત્રકાર મહારાજાએ ઘણી જ વિપરિતદશાએ આત્માને પમાડે તેવી છે એમ કહ્યું છે. માટે તે શરીરને પાપથી પોષવું નહીં. શરીર ઉપર મમત્વ ભાવ કરવો નહીં.

અધ્યાત્મકલ્પદ્રુમના કર્તાની હિતશિક્ષા—

**पुष्णासि यंदेहमधान्य चिन्तयं, स्तवोपकारं कमयं विधास्यति।**
**कर्माणि कुर्वन्निति चिन्तयायतिं, जगत्ययं वञ्चयते हि धूर्तराट्॥**

અર્થ:—પાપને નહિ વિચારતો તું જે શરીરને પોષે છે તે શરીર તારા ઉપર શો ઉપકાર કરશે? તેથી શરીર માટે હિંસાદિક કર્મો કરતાં, આવતા (ભવિષ્ય) કાળનો વિચાર કર. આ શરીરરૂપી ધૂતારો જગતમાં પ્રાણીઓને છેતરે છે.

આ શરીરથી હલકાં કામો કરતાં પ્રાણીઓએ વર્તમાનકાળનો જરૂર વિચાર કરવો જોઇએ. શરીરને થોડું ક

સુખ આપવા ખાતર, જેનાં નામો ન આપી શકાય તેવી દવાઓ વગેરે ખાતાં છતાં તે તો પોતાનું ધાર્યું જ કામ કરે છે અને પરભવમાં નીચ ગતિમાં લઇ જાય છે. વળી આવાં કર્મોથી પોષેલ શરીર પણ નાશ તો પામે જ છે. આપણે તેને પોતાનું માની બેઠા હોઈએ. પણ વાસ્તવિક રીતે તેમ નથી. શરીર ઉપરનો મોહ સંસારમાં રઝળાવે છે, તે સંશય રહિત છે, માટે તેનાથી ચેતતા રહી આત્મસાધન કરી લેવું.

વળી આ શરીરને શાસ્ત્રકારોએ કેદખાના જેવું કહ્યું છે. તો તેમાંથી છૂટવું તે જ શ્રેય છે. કેદખાનામાં ક્ષુધા, તૃષા, ગંદકી વગેરે સખત દુઃખો સહન કરવાં પડે છે. જેથી તેમાં રહેલ માણસની વૃત્તિ એવી જ હોય છે કે કયારે આમાંથી છૂટું, કયારે લાગ મળે તો આ સળિયા તોડી નાસી જઉં. ત્યારે શરીરરૂપ કેદખાનામાં તો મહા અશુચિ ભરેલી છે, તો તેમાંથી નાસી જવાને બદલે આત્મા તેને સુંદર આહાર અને દોષોથી ભરેલ દવાઓ વગેરેથી પોષે છે અને તેને જરા પીડા થતાં ગાંડોઘેલો બની જઇ હાયવોય કરી મૂકે છે. વિચારવાન પ્રાણીઓએ શરીરરૂપી કારાગૃહનો સદુપયોગ કરવો જોઇએ. તેના ઉપર એવો હુકમ ચલાવવો જોઈએ કે ફરીવાર તે કેદખાનામાં આવવું પડે નહીં. શરીર ઉપરનું મમત્વ છોડવું તે વિચારશીલ જીવને જરા પણ મુશ્કેલ નથી. ઉપર બતાવી ગયા તે કુમારપાલ મહારાજા વગેરે ઉત્તમ જીવો તે શરીરથી જ સુંદર કાર્યો કરી ગયા છે. માટે તે શરીરથી પરભવમાં થતાં દુઃખોથી જો હવે તું બચવા ઇચ્છતો હોય તો શુભ કાર્યો કેમ કરતો

નથી? ઇન્દ્ર જેવાને પણ પુણ્યવિના દુઃખનો ભય નાશ પામતો નથી; માટે વધારે ઉત્તમ માર્ગ તો એ જ છે કે ખૂબ શુભ કાર્યો કરી પુણ્ય ઉત્પન્ન કરવું. જેથી આ ભવમાં પણ શરીર સારું રહેશે અને પરભવમાં ભય નહીં રહે. હાલ જેટલી હીનતા જણાય છે તે પુણ્ય ઓછું હોવાથી જ છે. તે જ કારણથી ઇન્દ્ર, ચક્રવર્તિઓ વગેરે મૃત્યુના ભયમાં રહે છે. માટે ખૂબ વિચાર કરી શરીરથી શુભ કાર્યો કરી લેવાં.

વળી શરીર સંબંધી બીજી એક ખાસ જાણવાલાયક હકીકત શાસ્ત્રકાર મહારાજા બતાવે છે:

**यतःशुचीन्यप्यशुचीभवन्ति, कृम्याकुलात्काकशुनादि भक्ष्यात् ।**
**द्रागभाविनो भस्मतया ततोंऽगात्,मांसादिपिण्डात् स्वहितं गृहाण ॥**

**અર્થ** :–જે શરીરનાં સંબંધથી પવિત્ર વસ્તુઓ પણ અપવિત્ર થઇ જાય છે, વળી કૃમિઓથી ભરેલું છે. વળી કાગડા–કૂતરાને ભક્ષણયોગ્ય છે, થોડા વખતમાં રાખ થવાનું છે અને માંસનો જ પિંડ છે તે શરીરથી તારું હિત કરી લે.

**વિવેચન**:–અતિ સુંદર વસ્તુઓ પણ શરીરના સંબંધમાં આવતાં અપવિત્ર થઇ જાય છે અને મરણ પામ્યા પછી જરા પણ ઉપયોગમાં આવતું નથી. ઢોરનાં તો ચામડાં, માંસ, પૂછડાં, શિંગડાં, ખરી અને ચરબીના પણ પૈસા ઉપજે છે ત્યારે માણસનું શરીર તો તદ્દન નકામું છે અને ચાર દિવસ કદાચ પડયું રહે તો રોગનો ઉપદ્રવ કરે છે અને મરણ પછી તેની રાખ કરી નાખવામાં આવે છે. દુર્ગંધી પદાર્થો જોઇને જેમ આપણે નાક આડો રૂમાલ

દઈએ છીએ તેવી જ રીતે આ શરીરમાં દુર્ગંધ ભરેલ છે. આ સંબંધી છઠ્ઠી અશુચિ ભાવનામાં વિશેષ હકીકત જણાવી છે ત્યાં જોવું.

આવાં શરીરથી ઉપર બતાવેલ કુમારપાલ મહારાજા વગેરેનાં દૃષ્ટાંતો હૃદયમાં ધારી સંસારને ઓછો કરવો જેથી માનવ જિંદગી પામ્યાનું બરાબર ફળ મળ્યું ગણાય.

ઈતિ કુમારપાળ સંક્ષેપ વર્ણન

## વસ્તુપાલ તેજપાલ વગેરેનાં શુભ કાર્યો

શ્રી ધવલકપુર (ધોળકા)ના વીરધવલ રાજાના મંત્રીઓ વસ્તુપાલ–તેજપાલે પણ લક્ષ્મીથી અનેક શુભ કાર્યો કર્યાં છે. શ્રીઆબુજી ઉપર બાર કરોડ ને ત્રેપન લાખ દ્રવ્ય ખરચી એવાં તો દેરાસરો કરાવ્યાં કે જે આજે આધુનિક જમાનાના કારીગરોની પણ દૃષ્ટિને ગરકાવ કરી મૂકે છે. વસ્તુપાલ–તેજપાલે શુભમાર્ગમાં લક્ષ્મી વાપરી તેનું દિગ્દર્શન સામાન્યથી કરીએ:—

ત્રણ લાખ દ્રવ્ય ખરચીને શત્રુંજયે તોરણ બંધાવ્યું.
ત્રણ હજાર બસો ને બે જીર્ણોદ્ધાર કરાવ્યા.
તેરસો જિનમંદિર શિખરબંધ કરાવ્યાં.
એક લાખ ને પાંચ હજાર નવીન જિનબિંબ ભરાવ્યાં.
નવસો ને ચોરાસી પૌષધશાળા કરાવી.
છત્રીસ લાખ દ્રવ્ય ખરચીને પુસ્તકોના જ્ઞાનભંડાર કરાવ્યા.
ત્રણ લાખ દ્રવ્ય ખરચી ખંભાતમાં જ્ઞાનભંડાર કરાવ્યા.
સાડાબાર યાત્રા શ્રી શત્રુંજય તીર્થની કરી.
અઢાર કરોડ છન્નુ લાખ દ્રવ્ય શ્રી શત્રુંજયતીર્થમાં ખરચ્યું.

અઢાર કરોડ ને ત્યાંસી લાખ દ્રવ્ય શ્રીગિરનારજી તીર્થમાં ખરચ્યું.

બાર કરોડ ને ત્રેપન લાખ દ્રવ્ય શ્રીઆબુતીર્થમાં ખરચ્યું.

પાંચસો સિંહાસન હાથીદાંતનાં કરાવ્યાં.

પાંચસો સમવસરણ કરાવ્યાં.

સાતસો ધર્મશાળાઓ કરાવી.

એક હજાર માણસો દાનશાળાએ હમેશાં આહાર લેતા હતા.

વળી *વસ્તુપાલની સ્ત્રી અનુપાદેવીએ અને તેજપાલની સ્ત્રી લલિતાદેવીએ શ્રી આબુ ઉપર નેમનાથ ભગવાનના મંદિરમાં પેસતાં બે બાજુ અઢાર લાખ રૂપિયા ખરચી બે ગોખલા કરાવ્યા. તે ગોખલા 'દેરાણી–જેઠાણી'ના નામથી પ્રસિદ્ધ છે. વળી સાત કરોડ સોનામહોરો ખરચીને સુવર્ણની શાહીથી તથા મસીની શાહીથી તાડપત્રો તથા ઉત્તમ કાગળો પર પુસ્તકો લખાવીને સાત સરસ્વતી જ્ઞાનભંડાર કરાવ્યા.

આમ તે ભાગ્યશાળીઓએ શુભમાર્ગમાં ઘણી લક્ષ્મી ખરચી મહાપુણ્ય ઉપાર્જન કર્યું.

શ્રી સિદ્ધસેન દિવાકર મહારાજે પ્રતિબોધ કરેલ શ્રી વિક્રમ રાજાએ પણ શત્રુંજયનો સંઘ ઘણા ઠાઠથી કાઢયો, જેમાં હદપાર લક્ષ્મી ખરચી તેનું સંક્ષેપ વર્ણન:

સંઘના સાથમાં ચૌદ મુકુટબંધ રાજાઓ હતા.

૧૬૯ સુવર્ણનાં જીનમંદિરો હતાં.

---

* વસ્તુપાળચરિત્રમાં વસ્તુપાળની સ્ત્રી લલિતાદેવી અને તેજપાળની સ્ત્રી અનુપાદેવી લખેલું, પરન્તુ 'પ્રશ્નોત્તર પ્રદીપ'માં ઉપરોક્ત ઉલ્લેખ થયેલો છે.

સિત્તેર લાખ શ્રાવકો હતા.

એક કરોડ દસ લાખ ને પાંચ હજાર ગાડાં હતાં.

સિદ્ધસેન દિવાકર પ્રમુખ પાંચ હજાર આચાર્યો હતા.

અઢાર લાખ ઘોડા હતા.

ત્રણ હજાર છસો હાથી હતા.

ઇત્યાદિક બીજી પણ ઘણી સામગ્રી હતી. વળી પ્રથમ એક કરોડ સોનામહોરથી શ્રી સિદ્ધસેન દિવાકર મહારાજનું ગુરુપૂજન કર્યું હતું અને તે દ્રવ્ય વડે ગુરુ મહારાજના ઉપદેશથી જીર્ણોદ્ધાર કર્યો હતો વગેરે. બીજાં પણ ઘણાં જ સુંદર કાર્યો ગુરુ મહારાજના ઉપદેશથી કર્યાં છે; તે સંબંધી વિશેષ અધિકાર વિક્રમચરિત્રથી જાણવો.

આચાર્ય શ્રી બપ્પભટ્ટી મહારાજના સદુપદેશથી ગોપગઢ (ગ્વાલિયરના) આમ નામના રાજાએ ગોપગઢમાં શ્રી મહાવીર સ્વામીનું ૧૦૧ હાથ ઊંચું ભવ્ય જીનાલય બંધાવી તેમાં અઢાર ભાર પ્રમાણ-સુવર્ણમય પ્રતિમા સ્થાપન કરી. વળી તે જીનાલયના મુખ્ય મંડપ તથા રંગમંડપ કરાવવામાં બાવીસ લાખ પચીસ હજાર સોનામહોરો ખરચી.

વળી વિક્રમ સંવત ૮૧૧માં શ્રી બપ્પભટ્ટીજી મહારાજના આચાર્યપદ મહોત્સવમાં એક કરોડ સોનામહોરનું ખરચ કર્યું.

વળી પોતાના નવલક્ષ નામના સિંહાસન ઉપર બેસાડી સવા કરોડ સોનામહોરથી ગુરુપૂજન કર્યું. તે ગુરુપૂજનના દ્રવ્યથી ગુરુ મહારાજના ઉપદેશથી એક સો જીર્ણ થયેલાં દેરાસરોનો ઉદ્ધાર કર્યો.

વળી તે આમ રાજાએ ગોપગઢ ઉપર એક મનોહર વિશાળ પોષધશાળા બંધાવી, તેમાં એક હજાર સ્થંભો હતા. તેમાં ચતુર્વિધ સંઘને સુખ આપવા માટે ત્રણ મોટાં વિશાળ બારણાં મૂકવામાં આવ્યાં હતાં. વળી તે પોષધશાળામાં એક વ્યાખ્યાન મંડપ ત્રણ લાખ સોનામહોરો ખરચીને બંધાવવામાં આવ્યો હતો અને તેમાં એવાં તો તેજસ્વી ચંદ્રકાંતાદિ રત્નો જડયાં હતાં, કે જે વડે રાત્રિએ પણ સાધુઓ ત્રસકાયાદિની વિરાધના વિના પુસ્તકો વગેરે વાંચી શકતા હતા. વળી બપ્પભટ્ટીસૂરિ મહારાજના ઉપદેશથી સિદ્ધાચળનો સંઘ કાઢી બારકરોડ સોનૈયાનો ખર્ચ કર્યો હતો. ઇત્યાદિક આ ભાગ્યશાળી રાજાએ અઢળક લક્ષ્મી પુણ્યમાર્ગમાં ખર્ચી મહાન પુણ્ય ઉપાર્જન કર્યું. પિતાનું નામ બપ્પ, માતાનું નામ ભટ્ટી, જેથી તેમનું નામ બપ્પભટ્ટી રાખવામાં આવ્યું છે. આ આચાર્ય મહારાજ આકાશગામિની વિદ્યાથી નિત્ય પંચતીર્થની જાત્રા કરતા હતા.

દશપૂર્વધર શ્રી આર્યસુહસ્તિસૂરિજીના પ્રતિબોધથી સંપ્રતિરાજાએ સવાલાખ નવીન જિનપ્રાસાદ કરાવ્યા, છત્રીસ હજાર જીર્ણોદ્ધાર કરાવ્યા, સવાકરોડ જિનબિંબ ભરાવ્યાં, પંચાણું હજાર પિત્તળમય જિન પ્રતિમા તથા અનેક સહસ્ત્ર દાનશાળા વગેરેથી ત્રિખંડ પૃથ્વી શોભાવી ઇત્યાદિક અધિકાર કલ્પસૂત્ર ટીકામાં છે.

ગુજરાતના રાજા ભીમદેવના પ્રધાન વિમલશાહે સં. ૧૦૮૮માં શ્રી આબુ ઉપર કરોડો રૂપિયા ખર્ચીને ઘણાં ભવ્ય જિનમંદિરો બંધાવ્યાં છે, કે જેને જોઈ લોકોનાં મન બહુ જ આનંદિત થઇ રહ્યાં છે.

માંડવગઢ રાજાના પ્રધાન સા૦ પૃથ્વીધરે (પેથડે) તપગચ્છનાયક શ્રી ધર્મઘોષસૂરિજીના ઉપદેશથી શ્રી સિદ્ધાચલજી તથા દેવગઢ અને મંડપાચલ વગેરે શુભ સ્થળે ચોરાસી જિનમંદિરો બંધાવ્યાં. તે સંબંધી વિશેષ હકીકત શ્રી સોમતિલકસૂરિકૃત પૃથ્વીધર સાધુકારિત ચૈત્યસ્તોત્રથી જાણવી.

શ્રી કુમારપાળ રાજાના બાહડ મંત્રીએ સં. ૧૨૧૩માં શ્રી શત્રુંજય ઉદ્ધાર કર્યો એ પ્રસંગે બે કરોડ સત્તાણું લાખ સોનામહોરો ખરચી. વળી તેમણે ગિરનાર પર પગથિયાં બંધાવી સુલભ માર્ગ કર્યો. તેમાં ત્રેસઠ લાખ સોનામહોરનું ખર્ચ કર્યું.

પાટણના આભડ નામના શ્રાવકે ચોવીસ તીર્થંકરનાં ચોવીસ જિનમંદિરો બંધાવ્યાં તથા ચોરાસી પોષધશાળાઓ બંધાવી, વગેરે સાત ક્ષેત્રોમાં નેવું લાખ સોનામહોરો ખર્ચીને લહાવો લીધો છે.

આ સિવાય ઘણા ભાગ્યશાળી જીવોએ શ્રી શત્રુંજય, ગિરનાર વગેરે મહાપવિત્ર તીર્થોમાં પોતાની પુષ્કળ લક્ષ્મી ખરચી પુણ્યાનુબંધી પુણ્ય પ્રાપ્ત કર્યું છે. સંવત અઢારના સૈકામાં મોતીશા શેઠે શ્રી સિદ્ધાચલજી ઉપર કુંતાસરનો આડો પૂરાવી નવીન ટૂંક ઊભી કરીને પોતાના યશને જગતમાં ફેલાવી દીધો છે અને મહાન પુણ્ય ઉપાર્જન કરી ગયા છે. આવા ઉત્તમ જીવો જગતમાંથી કાળધર્મ પામી ગયા છતાં નામસ્મરણરૂપે હજી જાણે જીવતા જ હોય નહિ એમ ધર્મિષ્ઠ જીવોને યાદ આવ્યા જ કરે છે. આ કાળમાં પણ ઘણા ઉત્તમ જીવો પોતાની લક્ષ્મીને

દર વરસે સારા માર્ગમાં ખરચી મહાપુણ્ય ઉપાર્જન કરી રહ્યા છે. ત્યારે કૃપણ જીવો લક્ષ્મીનો સંચય કરવામાં જ જિંદગી પૂરી કરે છે અને સંસારની લીલા કરવા માટે હજારો ને લાખોના મહેલો બંધાવી તથા મોટરગાડીઓ ચલાવવા પુદ્ગલાનંદી બની પાપના ભાગી બને છે. પરંતુ જ્ઞાનચક્ષુથી એટલું પણ તપાસતા નથી કે 'પરલોકમાં ગયા પછી તે બંગલામાં કે ચેતન ! કયા જીવો લીલા કરશે ? મોટરગાડીમાં કોણ બેસશે ? પાપના બોજા કોણ ભોગવશે ?' એટલો વિચાર જ્ઞાનચક્ષુથી જો થાય તો જરૂર સમજ પડે અને શુભમાર્ગમાં લક્ષ્મી ખરચવા તૈયાર પણ થવાય. માટે દરેક ભવ્ય જીવોએ ન્યાયસંપન્ન વૈભવ પ્રાપ્ત કર્યા પછી પણ લક્ષ્મીને શુભમાર્ગમાં ખરચી જૈન શાસનને દીપાવવું, ભવાંતરનું ભાતું મજબૂત કરવું. છેવટ મોક્ષસુખ પ્રાપ્ત થઈ શકે તેવી રીતે શુભ ક્ષેત્રમાં ધનનો વ્યય કરવો. લક્ષ્મી વડે આવાં શુભ કાર્યો તથા શુભ અનુષ્ઠાનો કરવાથી જીવોને સમ્યગ્દર્શન હોય તો બહુ નિર્મળ થાય છે અને ન હોય તો નવીન પ્રાપ્ત થાય છે.

સમ્યગ્દર્શન પામતી વખત મિથ્યાત્વનો ઉપશમ અથવા ક્ષયોપશમ અથવા ક્ષય થાય છે. ગમે તેટલી ક્રિયાઓ કરીએ, ગમે તેટલું દ્રવ્ય ખરચીએ, તીર્થની જાત્રાઓ કરીએ, પરંતુ જો સમ્યગ્દર્શન પ્રાપ્ત ન થાય તો તમામ ફોગટ સમજવું, ઉપર બતાવેલ શુભ અનુષ્ઠાન તથા શાસનની પ્રભાવના તથા શુભ માર્ગમાં દ્રવ્યનો વ્યય કરવો, તે તમામ સમ્યગ્દર્શનપ્રાપ્તિનાં કારણો છે. તેવાં કારણો મળ્યાં છતાં પણ સમ્યગ્દર્શન

રૂપી કાર્ય ન થાય તો પછી તેના જેવું બીજું દુઃખ કયું કહેવાય ? ઘરમાં ઘી, ગોળ, ખાંડ વગેરે ભોજનની સામગ્રી હોય છતાં ભૂખે મરે તો પછી તેના જેવો બીજો કોણ મૂર્ખ કહેવાય ! તેવી જ રીતે અનંત કાળ પરિભ્રમણ કરતાં મનુષ્ય-જન્મ, આર્યભૂમિ, ઉત્તમ ક્ષેત્ર, ઉત્તમ કુળ, દેવ, ગુરુ, ધર્મની ભેગવાઈ, ધર્મનું શ્રવણ વગેરે પ્રાપ્ત થયા છતાં જો વીતરાગના વચનમાં શંકા રાખી સમ્યગ્દર્શન પ્રાપ્ત ન કરે તો તે પણ મૂર્ખ જ કહેવાય તેમાં શું આશ્ચર્ય ? આવું અમૂલ્ય સમ્યક્ત્વરત્ન જીવને પ્રાપ્ત કરવાનો અપૂર્વ સમય હાથ આવ્યો છે તો તે સમય જવા દેવો નહિ. જેમ કોઈ ધનના અર્થી મનુષ્યને ધન કમાવાનો બરાબર સમય આવ્યો હોય તો પ્રમાદ તજી ધન મેળવવામાં ખામી રાખે નહિ, તેમ ચિંતામણી રત્નથી અધિક મનુષ્યભવાદિ સામગ્રી પામી ભવ્ય જીવ પણ સમ્યક્ત્વરત્નને પ્રાપ્ત કરવામાં પ્રમાદ કરે નહિ, અને જો પ્રમાદમાં પડી ગયો તો સમ્યક્ત્વરત્ન મળી શકે નહિ. કારણ કે સમ્યક્ત્વરત્ન પ્રાપ્ત કરવું તે કાંઇ સામાન્ય વાત નથી, બહુ જ કઠિન છે. તેની કઠિનતા માટે પણ દશ દૃષ્ટાંતો, જે મનુષ્યભવની કઠિનતાવાળાં કહ્યાં છે તે, સમજવાં. ચાર ગતિમાં ભ્રમણ કરતા જીવોને મનુષ્યભવમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થવી સુલભ ગણાય છે, કારણ કે દેવતા-ઓને વિષયમાં અતિ આસક્તિ હોવાથી પોતાનું આયુ તેમાં ને તેમાં પૂરું થઇ જાય છે; જેથી તેઓને પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ જલદી થતી નથી. જુઓ ! મોટી સંઘયણિમાં કહ્યું છેઃ

**तहिं देवा वंतरिया, वरतरुणीगीयवाइयरवेणं ।**
**निच्चं सुहिया पमुइया, गयंपि कालं न याणंति ॥ १ ॥**

અર્થ:–' તે ભુવનો માંહે વ્યંતરિક દેવતાઓ શ્રેષ્ઠ સૌભાગ્યવાળી દેવીઓનાં ગીત તથા વાજિંત્રના શબ્દે કરી નિરંતર સુખી તથા હર્ષવાળા થવાથી ગયેલા કાળને પણ જાણતા નથી.'

વળી નારકી જીવો અત્યંત વેદનાથી વ્યાકુળ હોવાથી તેઓને પણ જલદી સમ્યક્ત્વની પ્રાપ્તિ થવી કઠિન જ ગણાય, તિર્યંચો વિવેકથી શૂન્ય હોવાથી ધર્મશ્રવણ કરવું જ બની ન શકે તો પછી સમ્યક્ત્વની વાત તો દૂર રહી. જો કે ઉપર બતાવેલ દેવતા નારકી તિર્યંચોને પણ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે, પરંતુ મનુષ્યભવમાં મનુષ્યોને ઉત્તમ સામગ્રી મળ્યા પછી જેટલી સુલભતા છે તેટલી સુલભતા સમ્યક્ત્વ માટે તે ત્રણ ગતિવાળા જીવોને નથી. માટે મનુષ્યોએ આવી ઉત્તમ સામગ્રી પામીને વિષય, કષાય ને પ્રમાદ જે આત્માના કટ્ટા શત્રુ છે, તેને દૂર કરી મિથ્યાત્વથી દૂર રહી સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું, તે જ મનુષ્યભવ પામ્યાનું ખરું રહસ્ય સમજવું.

હવે સમ્યક્ત્વની પ્રાપ્તિ કયારે થાય? તે બતાવાય છે:

## જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ

જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મમાંથી એક આયુ કર્મને છોડીને સાતે કર્મની સ્થિતિ શુભ અધ્યવસાયથી ઘટાડી ઘટાડીને એક કોટાકોટી સાગરોપમમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન કરે તે સમયે જીવ યથાપ્રવૃત્તિકરણ કરે. તે કરણ જીવે આ સંસારમાં ભ્રમણ કરતાં અનંતીવાર કર્યું અને યથાપ્રવૃત્તિકરણ કરી ગ્રંથિદેશે આવ્યો ખરો, પરંતુ આગળ જઈ શકયો નહિ. આ પહેલું કરણ.

બીજું અપૂર્વકરણ તે જીવપરિણામ વિશેષ છે. આ જીવે સંસારપરિભ્રમણ કરતાં કોઇવાર પણ અપૂર્વકરણરૂપ પરિણામ વિશેષને પ્રાપ્ત કર્યા નથી, જેથી તેનું નામ અપૂર્વકરણ કહેવાય છે. આ અપૂર્વકરણરૂપ પરિણામ વિશેષથી ઘનનિવિડ રાગ-દ્વેષ પરિણતિમયી જે ગ્રંથિ દુઃખે કરી ભેદવાલાયક છે, તેને ભેદી નાખે છે. તે બીજું કરણ.

ત્રીજું અનિવૃત્તિકરણ તે જે અધ્યવસાય થયા તે ફળપ્રાપ્તિ વિના નિવર્તે નહિ એટલે પૂર્વે જે અપૂર્વ-કરણરૂપ પરિણામ આવેલાં તે પાછાં જાય નહિ તેને અનિ-વૃત્તિકરણ કહીએ. તે અનિવૃત્તિકરણરૂપ પરિણામે કરી જીવ સમ્યક્ત્વ પામે તે ત્રીજું કરણ.

આ ઠેકાણે ત્રણ કરણની સાક્ષી આપવા માટે કલ્પભાષ્યની ગાથા લખીએ છીએઃ

**अंतिमकोडाकोडी, सव्वकम्माणं आउवज्जाणं ।**
**पलिया असंखिज्जइ-भागे खीणे हवइ गंठीणं ॥ १ ॥**
**गंठीत्ति सुदुब्भेओ, करखडघणगूढमूढगंठीव्व ।**
**जीवस्स कम्मजणिओ, घणरागदोसपरिणामो ॥ २ ॥**
**जा गंठी ता पढमं, गंठीसमइच्छओ भवे बीयं ।**
**अनियट्टीकरण पुण, सम्मत्तपुरक्कडे जीवे ॥ ३ ॥**

'આયુ વર્જીને સાતે કર્મની અંતિમ કહેતાં છેલ્લી કોડાકોડી સ્થિતિ પલ્યોપમને અસંખ્યાતમે ભાગે ન્યૂન રહે, બાકી સર્વ ખપી જાય, એ ગંઠી સ્થાનક છે.

તે ગંઠી કેવા પ્રકારની છે? અત્યંત દુઃખે કરી ભેદવા યોગ્ય, કર્કશ, વક્ર, ગૂઢ, કોઇ ખરીરાદિ કઠિન લાકડાની ગાંઠ જેવી રીતે ભેદી શકાય નહિ તેવી કઠિન. તે ઉપમાવાળી એ અનાદિકાળની જીવને કર્મજનિત ઘન કહેતાં નિવિડ રાગદ્વેષ-પરિણતિરૂપ ગ્રંથિ છે; તે વજ્રની માફક દુર્ભેદ્ય સમજવી.

જ્યાં ગંઠી છે ત્યાં સુધી આવે તેને પ્રથમ યથાપ્રવૃત્તિ-કરણ હોય, ગ્રંથિભેદ થયા પછી બીજું અપૂર્વકરણ હોય તથા સમ્યક્ત્વ પુરુખડે કહેતાં સમ્યક્ત્વ પ્રાપ્તવ્યપણે આગળ કર્યું છે જે જીવોએ, એટલે ચોક્કસ મુખ આગળ રહ્યું છે તે જીવને ત્રીજું અનિવૃત્તિકરણ હોય.

આ કરણમાં વિશુદ્ધ અધ્યવસાય વડે કરી ઉદયમાં આવેલ મિથ્યાત્વને વેદતો, ઉદયમાં આવે નહિ તેને ઉપ-શમાવતો,ઉપશમ લક્ષણ અંતર્મુહૂર્ત કાળમાનવાળા અંતરકરણ-માં પ્રવેશ કરે; અંતરકરણના પહેલા સમયે જીવ ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે. અંતરકરણનો કાળ અંતર્મુહૂર્તનો છે; તેથી ઉપશમ સમ્યક્ત્વ અંતર્મુહૂર્ત કાળપ્રમાણ સમજવું. ઉપશમ સમ્યક્ત્વમાં રહેવા છતાં જીવ સત્તામાં રહેલ મિથ્યા-ત્વના ત્રણ પુંજ કરે. જેવી રીતે મદન કોદ્રવા ધાન્યવિશેષ છે તેને ઔષધિવિશેષ વડે કરી શોધાય છે, તે શોધતાં કેટલાક શુદ્ધ થાય, કેટલાક અર્ધા શુદ્ધ થાય, કેટલાક અશુદ્ધ જ રહે છે, એવી રીતે જીવ પણ પરિણામવિશેષથી મિથ્યાત્વને શોધે છે. તે શોધવાથી કેટલાંક દળ શુદ્ધ થાય, કેટલાંક અર્ધશુદ્ધ થાય અને કેટલાંક અશુદ્ધ રહે એમ ત્રણે પ્રકારે થાય છે. તે ઉપશમ સમ્યક્ત્વનો અંતર્મુહૂર્તનો કાળ પૂરો

થયા પછી જો શુદ્ધ પુંજનો ઉદય થાય તો અવશ્ય ક્ષયોપશમ સમ્યગદૃષ્ટિ કહેવાય. અર્ધશુદ્ધ પુંજનો ઉદય થાય તો મિશ્રદૃષ્ટિ કહેવાય અને અશુદ્ધ પુંજનો ઉદય થાય તો સાસ્વાદનમાં થઈને મિથ્યાદૃષ્ટિ થાય. આ કર્મગ્રંથનો અભિપ્રાય જાણવો.

સૈદ્ધાંતિક મત પ્રમાણે તો અનાદિ મિથ્યાદૃષ્ટિ ગ્રંથિભેદ કરીને તથાવિધ તીવ્ર પરિણામે કરી અપૂર્વકરણમાં આરૂઢ થયેલો મિથ્યાત્વને ત્રિપુંજવાળું કરે. ત્યારપછી અનિવૃત્તિકરણના સામર્થ્ય થકી શુદ્ધપુંજને વેદતો થકો ઔપશમિક સમ્યક્ત્વ પામ્યા વિના પ્રથમથી જ ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે.

વળી કેટલાક આચાર્યો કહે છે કે, યથાપ્રવૃત્તિ વગેરે ત્રણ કરણના ક્રમે કરી ઉપશમ સમ્યક્ત્વથી પડ્યો થકો મિથ્યાત્વે જાય છે.

ઉપશમ સમ્યક્ત્વ તથા ક્ષયોપશમ સમ્યક્ત્વનો ભેદ નીચે પ્રમાણે જાણવો :

ઉપશમ સમ્યક્ત્વમાં–ઉદય આવેલ મિથ્યાત્વનો ક્ષય અને નહિ ઉદયમાં આવેલા મિથ્યાત્વનો સર્વથા ઉપશમ હોય, પ્રદેશ ઉદય પણ ન હોય. અને ક્ષયોપશમ સમ્યક્ત્વમાં ઉદય આવેલનો ક્ષય અને નહિ ઉદયમાં આવેલનો ઉપશમ હોય. પરંતુ પ્રદેશ ઉદય હોય–પ્રદેશથી મિથ્યાત્વે વેદાય. ક્ષયોપશમ સમ્યક્ત્વનો જઘન્ય કાળ અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટકાળ છાસઠ સાગરોપમથી કાંઈક અધિક જાણવો.

## ક્ષાયિક સમ્યક્‌ત્વ

અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભની ચોકડી ખપાવીને મિથ્યાત્વમોહની ખપાવ્યા બાદ મિશ્રમોહની પણ ખપાવી સમ્યક્‌ત્વમોહની ખપાવતો કોઇ જીવ કાળ કરે તો પ્રથમ આયુ બાંધ્યું હોય તે ગતિમાં જાય. જેથી ચારે ગતિમાં ક્ષાયક સમ્યક્‌ત્વ પામીએ. આ કારણથી જ પ્રારંભ મનુષ્યગતિમાં કહ્યો છે અને સમાપ્તિ ચારે ગતિમાં થાય છે; જેથી ચારે ગતિમાં ક્ષાયક સમ્યક્‌ત્વ જીવ પામી શકે એમ કહ્યું છે. તિર્યંચમાં ઉત્પન્ન થતાં અસંખ્યાત વર્ષના આયુવાળા જ ક્ષાયક સમ્યક્‌ત્વ પામે, સંખ્યાતા વર્ષના આયુવાળા ઉત્પન્ન થતાં ક્ષાયક સમ્યક્‌ત્વ ન પામે કદાચ કોઇ જીવે પૂર્વે આયુ બાંધ્યું હોય અને ત્યાર પછી ક્ષાયક સમ્યક્‌ત્વ પામે તો જે ગતિનું આયુ બાંધ્યું હોય તે જ ગતિમાં ક્ષાયક સમ્યક્‌ત્વ લઈને જાય. કદાચ આયુ ન બાંધ્યું હોય ને ક્ષાયક સમ્યક્‌ત્વ પામે તો તે જ ભવમાં કેવળજ્ઞાન પામી મોક્ષે જાય. આયુ બાંધ્યું હોય તો ઉત્કૃષ્ટથી ત્રણ ભવમાં છેવટ ચાર ભવમાં મોક્ષે જાય. ક્ષાયક સમ્યક્‌ત્વ મનુષ્યભવમાં પામે ત્યારે અનંતાનુબંધીની ચોકડી મિથ્યાત્વમોહની, મિશ્રમોહની ને સમ્યક્‌ત્વમોહની આ સાત પ્રકૃતિનો સર્વથા ક્ષય કરીને જ ક્ષાયક સમ્યક્‌ત્વ પામે છે.

જીવ જ્યારે ઉપશમ સમ્યક્‌ત્વ પ્રાપ્ત કરે છે ત્યારે ગ્રીષ્મઋતુમાં તપ્ત થએલા જીવને ગોશિર્ષ ચંદનના રસ વડે છંટકાવ કરવાથી જેવી શીતળતા થાય છે–જેવો આનંદ થાય છે, તેવો આનંદ–તેવી શીતળતા ઉપશમ સમ્યક્‌ત્વ પ્રાપ્ત કરનારને થાય છે.

## સમકિતની પ્રાપ્તિ

(રાગ-સારંગઃ હે સુખકારી ! આ સંસાર થકી જો મુજને ઉદ્ધરે)

સમકિત વિના, ભવ ભવમાં અથડાતાં અંત ન આવ્યો;
એ સત્ય બીના, જિન આગમથી જાણી સમકિત પાયો.
ધનસાર ભવે મુનિદાન દઇ, સમકિત વરી ભવ તેર લહી;
પદવી તીર્થંકર પામ્યા સહી..... .....સમકિત વિના૦
તે નાભિનંદન ફરમાવે, મિથ્યાત્વ ગતિ ચઉ રખડાવે;
સમકિત વરે શિવપુર જાવે.....સમકિત વિના૦
જુઓ ! જંગલમાંહે કઠીઆરે, મુનિદાન દીધું ભવ નયસારે;
તે વીર નમો પંચમ આરે.....સમકિત વિના૦
તે સમકિત રૂપો હૈયે મેરો, શુદ્ધ દેવ ગુરુ ધર્મ જ સેવો,
એમ ભાખે દેવાધિદેવો.....સમકિત વિના૦
સમકિત લહી ભવજળ તરજો, જિન 'ભક્તિ' ભલી ભાવે ભરજો
શાશ્વત પદવી પ્રેમે વરજો..... .....સમકિત વિના૦

## સમ્યક્ત્વ પ્રાપ્તિ અનંતર આત્મઆનંદ

સમ્યક્ત્વ પામ્યા પછી જીવને વસ્તુનું યથાસ્થિત સ્વરૂપ સમજાય છે અને આત્માને વિષે સાચો બોધ થાય છે. તે આત્મબોધ પ્રાપ્ત થયા પછી જીવને પરમાનંદમાં મગ્ન થવાથી સંસારી સુખનો અભિલાષ કદાપિ થતો નથી. તે સુખ અલ્પ અને અસ્થિર હોવાથી તેને તે દુઃખરૂપ માને છે. ઈષ્ટ વસ્તુને આપનાર કલ્પવૃક્ષને પામીને શુષ્ક અશનની વાંછા કોઇ પણ કરે નહિ, તેમ મોક્ષસુખને આપનાર સમ્યગ્ આત્મજ્ઞાનને પામો અનંત દુઃખના કારણરૂપ સંસારના સુખને કદાપિ વાંછે નહિ. જે જીવો આત્મજ્ઞાનમાં

આસક્ત છે, તે જીવો કદાપિ નરક–તિર્યંચગતિને પ્રાપ્ત કરે જ નહિ, જેમ ચક્ષુવાળો માણસ કૂવામાં ન જ પડે. આત્મબોધ જે જીવને પ્રાપ્ત થયો હોય છે, તેને બાહ્ય વસ્તુની ઇચ્છા પણ થતી નથી. જેમ અમૃતનો આસ્વાદ કરનારને બારૂં પાણી પીવું ન ગમે તેવી રીતે બારા પાણી સમાન સંસારના બોટા પદાર્થો ઉપર આત્મબોધવાળા જીવને આસક્તિ થાય જ નહિ.

આત્મબોધ પ્રાપ્ત કરનાર જીવને હંમેશાં અપૂર્વ આનંદ જ પ્રાપ્ત થાય છે. શાથી ? કે તત્ત્વશ્રદ્ધાન થવાથી કર્મબંધનાદિ સ્વરૂપને તે સારી રીતે જાણે છે; જેમકે—

આ જીવ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ–આ ચાર કર્મબંધનના હેતુ વડે કરી સમયે સમયે આયુ છોડીને સાત કર્મને બાંધે છે. તે જ્યારે ઉદયમાં આવે ત્યારે આ આત્મા સ્વયમેવ ભોગવે છે, બીજું કોઇ સહાયક થતું નથી. આયુકર્મ આખા ભવમાં એક જ વાર બંધાય છે. જે ગતિનું આયુ બાંધ્યું હોય ત્યાં આ આત્મા એકલો જ ચાલ્યો જાય છે, બીજું કોઇ સાથે આવતું નથી. વળી દ્રવ્યાદિ ઈષ્ટ વસ્તુનો વિયોગ થાય છે ત્યારે તે વિચારે છે કે 'મારે પર-વસ્તુનો સંબંધ નષ્ટ થયો, મારું દ્રવ્ય તો આત્મપ્રદેશમાં રહેલા જ્ઞાનાદિ લક્ષણવાળું છે, તે કોઇ ઠેકાણે જવાનું નથી. વળી કદાચ કોઈ દ્રવ્યાદિ વસ્તુનો લાભ થાય છે ત્યારે વિચારે છે કે 'મારે આ પૌદ્ગલિક વસ્તુનો સંયોગ અમુક મુદ્દત સુધીનો થયો છે તો તેમાં મારે મોહ શા માટે કરવો ? વાસ્તવિક રીતે જોતાં તે કોઇ મારું નથી.' વળી વેદનીય

કર્મના ઉદયથી શારિરીક કષ્ટાદિની પ્રાપ્તિ થાય છે તો તે સમભાવને ધારણ કરે છે, ચિત્તમાં પરમાત્માનું ધ્યાન કરે છે, આવશ્યકાદિ ધર્મકાર્યને વિષે વિશેષે કરીને ઉદ્યમવંત થાય છે. જેથી એકંદરે આત્મબોધવાળા જીવો સદા સુખનો જ અનુભવ કરે છે.

આવું આત્મિક સુખ સમ્યક્ત્વની પ્રાપ્તિ વિના જીવને કદાપિ પ્રાપ્ત થયું નથી, થવાનું નથી અને થશે પણ નહિ. માટે જો સાચા સુખની હે ચેતન! તને ચાહના હોય, ઇચ્છા હોય, અભિરુચિ હોય તો તમામ ઉપાધિને છોડી સમ્યક્ત્વરત્નને મેળવ—મેળવવા માટે પ્રયત્ન કર. તો સાચો ધનવાન થઈશ. સમકિતી જીવ સાચા ધનપતિ છે. તેને માટે શાસ્ત્રકાર મહારાજા કહે છે, કે—

**धनेन हीनोऽपि धनी मनुष्यो, यस्यास्ति सम्यक्त्वधनं प्रधानं।**
**धनं भवेदेकभवे सुखार्थं, भवे भवेऽनंतसुखी सुदृष्टिः॥**

**અર્થ**:—બાહ્ય ધનથી હીન મનુષ્ય હોય પણ જેની પાસે સમ્યક્ત્વરૂપી ધન છે તે ધનવાન કહેવાય છે; કારણ કે બાહ્ય ધન તો એક ભવના સુખ માટે છે, અને સમ્યક્ત્વરૂપી સાચું ધન છે તે તો ભવે ભવે–જન્મ જન્મને વિષે અનંત સુખ આપનાર છે, છેવટે મોક્ષસુખ આપનાર છે; માટે બાહ્ય ધન કરતાં પણ સમ્યક્ત્વરૂપી ધન અધિક ગુણવાળું–ફાયદાવાળું જાણવું.

આવા પ્રકારનો સમ્યક્ત્વરત્નનો મહિમા હોવા છતાં અને વાસ્તવિક સુખનું કારણ હોવા છતાં પુદ્ગલાનંદી-ભવાભિનંદી જીવો સમ્યક્ત્વરત્નને મેળવવા લેશ માત્ર

પ્રયત્ન નહિ કરતાં સંસારના ઉપાધિજનક પદાર્થોમાં જ આસક્તિવાળા બને છે. અને વિષયકષાયમાં મસ્ત રહી કર્તવ્ય પરાઙ્મુખ બની રત્નચિંતામણિ સરખો મનુષ્ય-ભવાદિ ઉત્તરોત્તર શુભ સામગ્રીને હારીને અનંત દુઃખના ભાગી બને છે. તેવા જીવોને કઇ ઉપમા આપવી તે સુજ્ઞ જીવો વિચાર કરી લેશે. દરેક ભવ્યાત્માઓએ આવી અમૂલ્ય સામગ્રી પામીને સમ્યક્ત્વરત્નને પ્રાપ્ત કરવા બરાબર તન, મન અને ધનથી કટિબદ્ધ થવું જોઇએ. મનથી સારા-સુંદર વિચારો કરવા, આર્તધ્યાન-રૌદ્રધ્યાન થવા દેવું નહિ, ખોટા વિકલ્પો કરવા નહિ, ધર્મધ્યાનમાં આરૂઢ થવા પ્રયત્ન કરવો, વચનથી પણ ખોટાં વચન બોલવાં નહિ, જે વચનથી સામા ધણીને અત્યંત દુઃખ થાય તેવું વચન બોલવું નહિ, સત્ય હોય તો પણ સામા ધણીને દુઃખ થાય તે અસત્ય વચન કહેવાય; માટે સારાં, મીઠાં, મધુર, હિત ને મિત વચન બોલવાં. પ્રભુના ગુણ ગાવામાં-મહા પુરુષનાં ચારિત્રોનું કથન કરવામાં વચનનો ઉપયોગ કરવો. કાયાથી પણ શાસનનાં શુભ કાર્યો કરવાં. તીર્થયાત્રા પગે ચાલીને છરી પાળતા કરવી. દુઃખી જીવોને બચાવવા માટે-દુઃખોથી મુક્ત કરવા માટે પ્રયત્ન કરવો. આવી રીતે મન, વચન, કાયાના શુભ વ્યાપારથી પણ સમ્યક્ત્વરત્ન જલદી મળી જાય છે.

સમ્યક્ત્વરત્ન મળ્યા પછી તેને સાચવી રાખવા માટે પણ બહુ કાળજી રાખવાની જરૂર છે.

જેમ ધનવાન પુરુષ ધનને સાચવવા કોઇ રીતે ખામી રાખે નહિ, તેમ સમ્યક્ત્વવંત જીવ પોતાના અમૂલ્ય સમ્ય-

કૂત્વરૂપી ધનને સાચવવા માટે કચાસ રાખે નહિ, તો જ તે ટકી શકે.

સમ્યકૂત્વરત્નને સાચવવા માટે સારા ગુણીજનના સમાગમમાં રહેવું. અયોગ્ય અને ધર્મથી હીન મિથ્યાદૃષ્ટિનો બહુ પરિચય કરવો નહિ. તેવા પરિચયથી પતિત થયેલાનાં ઘણાં દૃષ્ટાંતો શાસ્ત્રમાં છે. વળી જેમાં હિંસાવૃત્તિ દાખલ કરી હોય-કામવિકારને વર્ણવ્યો હોય તેવાં પુસ્તકો પણ વાંચવાં નહિ; તેવાં પુસ્તકો વાંચવાથી આત્માની લેશ્યાનું જલદી પરાવર્તન થવા સંભાવના રહે છે. પ્રતિકૂળ સંયોગોથી ભદ્રિક પરિણામી જીવોનું સમ્યકૂત્વથી જલદી અધઃપતન થાય છે. મિથ્યાદૃષ્ટિના બહુ પરિચયથી સમ્યકૂત્વથી પડી જવાનો સંભવ રહે છે. તત્ત્વાર્થસૂત્રમાં શંકા, કંખા, વિતિગિચ્છા, અન્યદૃષ્ટિપ્રશંસા ને તેમનો સંસ્તવ આ પાંચ સમ્યકૂત્વના અતિચાર કહ્યા છે.

શંકા કહેતાં જિનવચનમાં શંકા કરવી. ૧, કંખા કહેતાં અન્ય દર્શનને સ્વીકારવાની વાંચ્છા કરવી. ૨, વિતિગિચ્છા કહેતાં ધર્મના ફળમાં સંદેહ કરવો, જેમકે હું આ શુભક્રિયા કરું છું, પરંતુ તેનું ફળ થશે કે નહિ? ૩, અન્યદૃષ્ટિ પ્રશંસા કહેતાં બીજા દર્શનવાળાનો મહિમા જોઇને પ્રશંસા કરવી કે જૈન દર્શન કરતાં આ દર્શનમાં બહુ મહિમા જણાય છે. ૪, સંસ્તવ કહેતાં અન્યદૃષ્ટિવાળાનો પરિચય કરવો તે. ૫, પરિચય કરવાથી લાંબા કાળે સમ્યકૂત્વથી આત્મા પતિત થાય છે. ઉપાધ્યાયજી મહારાજ યશોવિજયજી સમ્યકૂત્વની સજ્ઝાયમાં કહે છે, કે 'હીણાતણો જે સંગ ન

તજે, તેહનો ગુણ નવી રહે; જેમ જલધિજળમાં ભળ્યું ગંગાનીર લૂણપણું લહે.' હીણા માણસનો સંગ પોતાના સારા ગુણને પણ નષ્ટ કરે છે. અર્થાત્ મિથ્યાત્વીના સંગથી સમ્યકૂત્વ ગુણ હાનિ પામે છે. જેમ સમુદ્રના જળમાં ભળવાથી ગંગાનું મીઠું જળ પણ ખારું થઈ જાય છે; માટે મિથ્યાત્વીનો પરિચય સમકિતી જીવે કરવો નહિ. ઉપર બતાવેલ પાંચે અતિચારોને સમજીને જરૂર તેથી દૂર રહેવું. દૂર નહિ રહેવાય તો મિથ્યાત્વરૂપી ચોરો સમ્યકૂત્વ રત્નને લૂંટી લેશે. શ્રદ્ધાથી પતિત કરશે. આગળના ગુણઠાણે ચડવા નહિ દેતાં નીચેના ગુણઠાણે પટકશે વગેરે ઘણી હાનિ થશે. નિન્હવાદિ કેટલાએ જીવો પ્રતિકૂળ સંયોગોથી શ્રદ્ધાથી પતિત થઇ સમ્યકૂત્વ ગુમાવી બેઠા છે ને સંસારમાં રઝળ્યા છે. જો કે સમ્યકૂત્વવંત જીવનો એકડો થઇ ચૂકયો છે તેથી વહેલા કે મોડા છેવટ અર્ધ પુદ્ગલ પરાવર્તનની અંદર સકળ કર્મક્ષય કરીને તે મોક્ષે જાય; પરંતુ જ્યાં થોડા ભવમાં જ સાધ્ય સિદ્ધ થાય તેવું હતું ત્યાં સંખ્યાત, અસંખ્યાત છેવટ અનંત ભવ સુધી સમ્યકૂત્વ ગુમાવીને રખડવું અને અનંત દુઃખો સહન કરવાં તે કાંઇ થોડી શોકદશા ન કહેવાય. જેમ કરોડપતિ પાસેથી કોઈ તમામ લક્ષ્મી હરણ કરી જાય અને પછી તેને કોઇ કહે, કે આગળ ઉપર તમને કોઇવાર મળશે. તેવું કહેવા છતાં પણ લક્ષ્મી જવાથી પારાવાર દુઃખ થાય છે. શોક–સંતાપમાં મગ્ન થાય છે. છેવટે ગાંડો પણ બની જાય છે. તેવી જ રીતે સમ્યકૂત્વરૂપી સાચી લક્ષ્મી આ જીવ પાસેથી જતી રહેવાથી મિથ્યાત્વરૂપી ભૂતના સમાગમથી ભવચક્રમાં

ભટકતાં ઘણીવાર ગાંડો પણ બની જાય છે. તે ચોક્કસ હૃદયમાં ઉતારી સમ્યક્ત્વરત્નને સાચવવા પુરુષાર્થ ફોરવવો. સમ્યક્ત્વવંત જીવને સમ્યક્ત્વ સાચવવા માટે જેવી રીતે ગુણીજનનો સમાગમ શુભ ફળદાયક કહ્યો છે તેવી જ રીતે સમ્યક્ત્વ નિર્મળ કરવા માટે શુભ ભાવથી તીર્થોની યાત્રા દરવરસે કરવી તે પણ ફળદાયક છે. યાત્રા કરતાં કષાયને મંદ પાડવા, હંમેશા વેલાસર ઊઠવું, તત્ત્વની ચિંતા કરવી, આત્મિક લક્ષ્મી કેટલી કમાયો ? કેટલી ખોવાણી ? તેનો મેળ કાઢવો.

વ્યવહારમાં ખોટનો ધંધો છોડી પેઢાશનો ધંધો આદરીએ છીએ તેવી રીતે આત્માને નુકસાન થાય–ઘણી હાનિ થાય તેવો ધંધો કરવો નહિ. આત્માને લાભ મળે–આત્માનું હિત થાય–આત્મપરિણતિ સુધરે–આત્માની ઓળખાણ થાય તેવો ધંધો હંમેશાં કરવો. નિરંતર ૧–૨–૩ સામાયિક કરવાં, વિશેષ ન બને તો એક સામાયિક તો અવશ્યમેવ કરવાની ટેવ પાડવી. તે સામાયિકમાં રાજકથા, દેશકથા, ભક્તકથા, સ્ત્રીકથા–આ ચાર વિકથાને તો દેશવટો આપીને ધર્મકથા જ કરવી. અથવા સારા વૈરાગ્ય–નીતિનાં પુસ્તકો વાંચવા. પૂર્વે થઈ ગયેલા મહાપુરુષો ગજસુકુમાલ, અવંતીસુકુમાલ, ધનાકાકંદી, ધનાશાલિભદ્ર, જંબુસ્વામી, પ્રભવસ્વામી, મેતાર્યમુનિ, દશાર્ણભદ્ર વગેરે મહાપ્રાભાવિક શાસન સ્થંભોના તથા સુલસા, રેવતી, ચંદનબાળા વગેરે પ્રમુખ મહા સતીઓનાં જીવનચરિત્રો વાંચવાં. જે જીવનચરિત્રો વાંચવાથી તે તે ઉત્તમ જીવોના ગુણ તમને સ્મરણપથમાં ઉપસ્થિત

થશે. તમારા હૃદયપટ ઉપર કોઇ અપૂર્વ જાગૃતિ થશે. વૈરાગ્યની વાસના પ્રગટ થશે. તે જીવોનું આત્મબળ, તે જીવોની ધૈર્યતા અને ધર્મ ઉપર નિશ્ચળતાનો અનુભવ થશે. વળી સામાયિકમાં પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરવો.

૧ વાંચના તે પુસ્તકો મનનપૂર્વક વાંચવાં.

૨ પૃચ્છના તે શંકા પડે તો ગુર્વાદિકને પૂછી વસ્તુનો નિર્ણય કરવો.

૩ પરાવર્તના તે પોતાને જે જે પ્રકરણાદિ યાદ હોય તેની આવૃત્તિ કરવી જેથી ભૂલી ન જવાય.

૪ અનુપ્રેક્ષા કહેતાં પ્રથમ ધારી રાખેલા અર્થનું ચિંતવન કરવું. અથવા બાર ભાવનાને આત્મા સાથે વિચારવી.

૫ ધર્મકથા બીજાને કહેવી અથવા સાંભળવી. આ પાંચ પ્રકારના સ્વાધ્યાયથી મનની એકાગ્રતા થાય છે, માટે સામાયિકમાં ઉપર બતાવેલ ક્રીયો કરવાથી જીવ સમ્યકૂત્વને પ્રાપ્ત કરે છે. પ્રાપ્ત થયું હોય તો વિશેષ નિર્મળ થાય છે. જેથી ભવભીરુ જીવોએ સમ્યકૂત્વને પ્રાપ્ત કરવા અને પ્રાપ્ત થયા પછી તેને ટકાવી રાખવા સતત્ ઉદ્યમવંત થવું. આગળ ગુણઠાણે ચડવા શ્રાવકના ત્રણ મનોરથને મનોમંદિરમાં વિચારવા. મનનપૂર્વક ભાવવા. તે નીચે પ્રમાણે:—

## શ્રાવકના ત્રણ મનોરથ

૧ કયારે હું બાહ્ય તથા આભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરી મારા આત્માને સુખી કરીશ. તે બંને પ્રકારના પરિગ્રહો મહાપાપનું મૂળ છે, દુર્ગતિને પમાડનાર છે, કષાયના સ્વામી

છે, અનર્થોને ઉત્પન્ન કરવાના હેતુભૂત છે. બોધિબીજરૂપ સમ્યક્ત્વના ઘાતક છે. સત્ય, સંતોષ, બ્રહ્મચર્ય, શાંતિ, માર્દવ, આર્જવ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, ચરણસીત્તરી, કરણસીત્તરી, બાર ભાવના, પંચ મહાવ્રત ઇત્યાદિ ધર્મ-રાજાના સૈન્યને પાછું હઠાવનાર છે. છેવટ અધોગતિમાં પહોંચાડનાર છે. એવા પરિગ્રહને જ્યારે હું દૂર કરીશ તે દિવસ મારે સોનાનો સુરજ ઊગશે. મારો આત્મા આત્મિક સુખમાં લીન થશે. તે દિવસ કયારે આવશે ? એ પહેલો મનોરથ.

૨ કયારે હું પંચમહાવ્રત લઇ, પંચસમિતિ, ત્રણગુપ્તિ એ આઠ પ્રવચન માતાનો આદર કરીશ ? તથા ઘોર અભિ-ગ્રહને ધારણ કરી, બેંતાલીસ દોષરહિત શુદ્ધ આહારી બની, બાર ભેદે તપ કરી, સકળ કર્મને તોડી, મારા આત્માનો ઉદ્ધાર કરીશ ? વળી અંત આહારી, પંત આહારી, અરસ આહારી, વિરસ આહારી, સર્વ રસનો ત્યાગી થઈ ધનાકા-કંદી, ધનાશાલિભદ્રાદિક મુનિવરોની માફક ત્યાગી બની શુદ્ધ સંયમ ધારી થઈ, કર્મશત્રુઓને કયારે હઠાવીશ ? ' ધન્ય ધન્ય તે દિન મુજ કયારે હોશે ? હું લઇશ સંજમ શુદ્ધજી.' ઇત્યાદિક સંયમ ગ્રહણ કરવાની ભાવના પ્રગટ કરી સંયમ કયારે ગ્રહણ કરીશ ? જ્યારે મારો સંયમ લેવાનો દિવસ આવશે ત્યારે મારા મનના મનોરથ સફળ થશે અને તે દિવસે હું ભાગ્યશાળી કહેવાઈશ. તે બીજો મનોરથ.

૩ કયારે હું અઢાર પાપસ્થાનકને ઓળોવી, નિઃશલ્ય થઈ, ચૌદ રાજલોકના તમામ જીવોને ખમાવી સર્વ વ્રતો

સંભાળી, અઢાર પાપસ્થાનક ત્રિવિધે ત્રિવિધે વોસિરાવી, ચાર આહારના પચ્ચક્ખાણ કરી, છેલ્લે શ્વાસોચ્છ્વાસે આ શરીરને પણ વોસિરાવી, ત્રણ પ્રકારની આરાધના આરાધતો, ચાર મંગળરૂપ ચાર શરણને ઉચ્ચરતો થકો, સંસારને પૂંઠ દેતો, શરીરની મમતારહિત થવાથી, મરણને નહિ વાંછતો અંતકાળે પંડિત મરણને પામીશ ?

આ ત્રણ મનોરથને ઉત્તમ શ્રાવક–શ્રાવિકાઓ મન, વચન, કાયાએ કરી શુભ પરિણામે ભાવતા થકા ઘણા કર્મની નિર્જરા કરીને સંસારનો અંત કરનાર મોક્ષરૂપ શાશ્વત સુખને આપનાર સંયમને પણ ગ્રહણ કરવાની અભિલાષાવાળા થાય છે. અને જ્યારે સદ્‌ગુરુનો સંયોગ મળે ત્યારે કટિબદ્ધ થઇ તેમની વૈરાગ્યવાળી દેશના સાંભળી આ સંસારરૂપી બેડી તોડી નાખી સંયમને અંગીકાર કરે છે.

## ત્રણ મનોરથ

( ઓધવજી સંદેશો કહેજો શ્યામને–એ રાગ )

ત્રણ મનોરથ મનથી ચાહું સર્વદા,
ચાહું વળી ક્યારે મળશે ચારિત્ર જો;
જગ જંજાળને જુઠી જલદી જાણીને,
ક્યારે કરીશ હું સ્થિર–નિર્મળ ચિત્ત જો...
સફળ થજો મારા એ મનના મનોરથો.

મહા મુનિવર માફક સંયમ પાળીને,
ક્યારે થઇશ હું અંતરમાં ઉજમાળ જો;
ધનાકાદંકી—મેઘ ધન્ના શાળી પરે,
સંયમ પાળી ક્યારે વરીશ શિવમાળ જો...
સફળ થજો મારા એ મનના મનોરથો

પાપસ્થાનક ત્રેમે અઢાર આલોવીને,
કયારે ખમાવીશ સહુને ધરી ઉલ્લાસ જો;
અણસણ કરી આ દેહની મમતા મૂકીને,
કયારે માનીશ મૃત્યુ—મહોત્સવ ખાસ જો...
સફળ થજો મારા એ મનના મનોરથો.
ત્રણ મનોરથ મનના ફળશે જે સમે,
તે સમયે માનીશ મુજને ધન્ય ધન્ય જો;
ત્રણ મનોરથ મનથી ચાહું સર્વદા.
'ભક્તિ' ભાવે પ્રભુ પાસે યાચું ન અન્ય જો...
સફળ થજો મારા એ મનના મનોરથો.

## ભવ્ય જીવને સંયમની પ્રાપ્તિની અનંતર મોક્ષપ્રાપ્તિ

ભવ્ય જીવ જ્યારે અમૃત સરખી સંસારને નિકંદન કરનારી સદ્‌ગુરુની દેશના સાંભળે છે ત્યારે તેને સંસાર કડવો ઝેર થઇ પડે છે. અને ગુરુ મહારાજ પાસે ચારિત્ર અંગીકાર કરતાં આવા ઉદ્‌ગાર કાઢે છે.

' હે ગુરુ મહારાજ ! હે પરમ ઉપકારી ! હે કરુણાના સાગર ! અનાદિ કાળથી મોહનિદ્રાને વશ થવાથી નષ્ટ થઈ ગયું છે શુદ્ધ ચૈતન્ય જેનું એવા મને, આપ સાહેબે સારી રીતે જગાડયો, જેથી આ જગતમાં ધન્ય અને પુણ્યશાળી જીવોની કોટીમાં હું અગ્રેસરી થયો. કારણ કે અનંત કાળથી અવળે રસ્તે ચડેલા મને શુદ્ધ માર્ગ દેખાડનાર આપ મળ્યા. આ સંસારરૂપી સમુદ્રમાં ડૂબતા અને વિવિધ પ્રકારની આધિવ્યાધિરૂપ જળજંતુઓ વડે પીડા પામતા એવા મને સંસાર સમુદ્રમાંથી તારવા માટે સદ્ધર્મ

રૂપી નાવ લઈને આપ આવ્યા છો. અત્યાર સુધી ઈન્દ્રિયોરૂપી ચોરોએ સ્નેહરૂપી પાસ વડે મજબૂત બાંધીને ક્ષુધાતૃષાથી પીડિત થયેલા મને ભવરૂપી કેદખાનામાં પટકયો હતો, જેથી જન્મમરણ, આધિવ્યાધિના પરોણારૂપી ઘા લાગવાથી ઘણા જ દુઃખી થયેલા એવા મારું કોઇ શરણ થયું નહોતું, પરંતુ મારા શુભ કર્મના યોગે કરી બંધાયેલાને છોડાવવાવાળા, નહિ રક્ષણવાળાની રક્ષા કરવાવાળા પરમ કૃપાળુ આપ મળ્યા છો. આ સંસારમાંથી જીવને નરત્વની તથા દેવત્વની ઋદ્ધિઓ પ્રાપ્ત થવી સુલભ છે, પરંતુ સદ્‌ગુરુનો સંયોગ મળવો અતીવ દુર્લભ છે. આટલા કાળ સુધી મેં ઘણીવાર ષડ્‌રસ ભોજનનો લોલુપતાથી આસ્વાદ કર્યો પરંતુ જન્મમરણને દૂર કરનારી સદ્‌ગુરુની વાણીરૂપ સુધા (અમૃત)નું આસ્વાદન ન કર્યું. વિદ્વાન હોય કે પંડિત હોય પણ ગુરુ મહારાજ વિના સમ્યક્‌ત્વના સ્વરૂપને જાણતો નથી. જેમ મોટાં ચક્ષુવાળો હોય તે પણ રાત્રીએ દીપક વિના પદાર્થને દેખી શકતો નથી; તેવી જ રીતે જીવ પણ સદ્‌ગુરુ વિના ખરા તત્ત્વને જાણી શકતો નથી. સંસારી જીવોને તમામ ઠેકાણે પાપનો ઉપદેશ દેવાવાળાનો સંભવ ઘણો હોય છે. લોકો પણ અનાદિકાળના અભ્યાસથી સ્વયમેવ પાપનાં કાર્યો કરવા તત્પર થાય છે. પરંતુ સર્વ પ્રકારના હિતનો ઉપદેશ કરવાવાળા તથા જેઓના સમાગમથી અનેક જન્મના પાપો ભસ્મીભૂત થાય છે એવા પરમ ઉપકારી ગુરુ મહારાજનો સંયોગ જીવને મળવો ઘણો જ દુર્લભ છે; માટે હું મારા આત્માને ઉચ્ચ શ્રેણી ઉપર ચઢાવું.'

આ પ્રમાણે કહી સંવેગ–વૈરાગ્યના તરંગથી ભવ્ય જીવ સદ્‌ગુરુ પાસે સ્વવીર્ય ઉલ્લાસથી ચારિત્ર ગ્રહણ કરી, પંચ મહાવ્રત, આઠ પ્રવચન માતા, દશ પ્રકારના યતિ ધર્મ, ચરણસિત્તરી, કરણસિત્તરી, બાવીસ પરિસહને જીતવા ઇત્યાદિ ધર્મરાજાની ફોજને સાથમાં લઈ કર્મરાજાની ફોજને હઠાવી અપ્રમત્તપણે નીરતિચાર ચારિત્ર પાળી ગુરુમહારાજની આજ્ઞા શીર પર ચઢાવી. ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થઇ. ઉજ્જવળ ભાવના વડે શુકલધ્યાનના આદિના બે પાયાનું ધ્યાન કરી, કેવલજ્ઞાન કેવલદર્શન પામી, છેવટ શૈલેશી અવસ્થાને પ્રાપ્ત કરી ચૌદમે ગુણઠાણે તમામ પ્રકારના યોગો રુંધી, જ્યાં અનંત સિદ્ધ પરમાત્મા બિરાજમાન થયા છે તેવા શાશ્વત સિદ્ધિસ્થાનમાં જઇ આત્માના અખંડ આનંદનો અનુભવ કરવા ભાગ્યશાળી બને છે. મોક્ષ પ્રાપ્ત કરવાનાં ત્રણ અંગ મળ્યા પછી પણ જો સંજમમાં વીર્ય ફોરવે તો જ સંપૂર્ણ કાર્યસિદ્ધિ થાય. ત્રણ કારણો મળ્યા છતાં પણ સંજમ હાથ ન આવ્યો તો સંસારનું ભ્રમણ તો ઊભું જ રહેવાનું.

ચાર અંગ નીચે પ્રમાણે છેઃ

## મોક્ષનાં ચાર અંગ ઉત્તરોત્તર દુર્લભ છે

હે આત્મા ! તું બરાબર દીર્ઘ દૃષ્ટિથી ખૂબ ઊંડો વિચાર કરી લેજે. ઉપર બતાવેલ ક્રમ વિના અર્થાત્ મનુષ્યભવ, ધર્મનું સાંભળવું, ધર્મ ઉપર શ્રદ્ધા અને છેવટ સંયમમાં વીર્ય ફોરવવું–આ ચાર બાબત ભેગી થયા વિના સંસારમાંથી તરી શકાતું જ નથી. જો આ ચારે વસ્તુ બરાબર ભેગી

થઇ તેા તું પણ શીઘ્ર સિદ્ધિસુખનેા અખંડ આનંદ પ્રાપ્ત કરી શકીશ. એક એક વસ્તુ ઉત્તરેાત્તર બહુ જ દુર્લભ છે. ઉત્તરાધ્યયન સૂત્રકાર મૂળસૂત્રમાં તેની દુર્લભતા બતાવતા છતાં કહે છે :

चत्तारि परमंगाणि, दुल्लहाणि, य जंतुणो ।
माणुसत्तं सुइ सद्धा, संजममि अ वीरिअं ॥ १ ॥

જીવને મેાક્ષગમન કરવા માટે આ ચાર અંગ બહુ જ દુર્લભ છે. મનુષ્યપણું દશ દૃષ્ટાંતે કરી દુર્લભ તે પ્રથમ બતાવી ગયા છીએ. મનુષ્યપણું પ્રાપ્ત થયા પછી ધર્મશ્રવણ કરવું બહુ દુર્લભ છે, તેરકાઠિયા વગેરેનું સ્વરૂપ પ્રથમ કહી ગયા છીએ. તે તમામને હઠાવી ધર્મશ્રવણ કદાચ કર્યું તેા પણ શ્રદ્ધા થવી બહુ દુર્લભ છે. શ્રદ્ધા થયા પછી પણ સંયમમાં વીર્ય ફેારવવું તે તેા અત્યંત દુર્લભ છે. આ તમામ સામગ્રી ભેગી થાય ત્યારે સિદ્ધિપુરીમાં જઈ શકાય. તેા હે ચેતન! હે આત્મા! તારે સિદ્ધિસ્થાનના અનંત સુખની જો ચાહના હેાય અને તું સંસારના ભયંકર દુઃખેાથી કંટાળી ગયેા હેાય તેા મનુષ્યપણું પામ્યેા છે તેને સફળ કરવા હંમેશાં સદ્ગુરુનેા સમાગમ કરી ધર્મનું શ્રવણ કરજે. ધર્મના શ્રવણ વિના તારેા ઉદ્ધાર કદી નહિ થાય તે ચેાક્કસ યાદ રાખજે. ધર્મનું શ્રવણ કરી તેના ઉપર સચેાટ શ્રદ્ધા કરજે જેથી સમકિત જેવી અમૂલ્ય વસ્તુ પ્રાપ્ત થશે. સમ્યક્ત્વ પામ્યા પછી સર્વ-વિરતિ સામાયિક અથવા દેશવિરતિ સામાયિકને મેળવવા માટે દુર્ગતિને આપવાવાળી હિંસાનેા ત્યાગ કરજે. પ્રાણીમાત્રને પેાતાના સમાન ગણી જેમ બને તેમ તેને બચાવવા ઉદ્યમ

કરજે. સત્યને સ્વાધીન કરજે, અસત્યને દેશવટો આપજે. પારકી વસ્તુ પથ્થર સમાન ગણી હાથમાં ગ્રહણ કરીશ નહિ. શિયળરૂપી આભૂષણથી સ્વશરીરને અલંકૃત કરજે. પરસ્ત્રીને માતા, બહેન કે પુત્રી સમાન ગણી કોઈવાર વિકારવાળી દૃષ્ટિ કરીશ નહિ. સોના-રૂપાનાં આભૂષણો કદાચ તારી પાસે નહિ હોય તોપણ શિયળરૂપી આભૂષણથી તારું શરીર અત્યંત શોભાવાળું દેખાશે. શિયળથી રહિત લાખો રૂપિયાના ઘરેણાંથી તારું શરીર શોભશે નહિ. અને રાવણ જેવા પરસ્ત્રીમાં આસક્તિવાળાની માફક દુર્દશા ભોગવીશ. વળી સંતોષનું સેવન કરજે. ક્રોધાદિક શત્રુઓ ઉપર ક્રોધ કરીને આત્મઘરમાંથી દૂર કરજે, તેને આધીન થઈશ નહિ. બાહ્ય શત્રુઓ જે નુકસાન કરે છે તે કરતાં અંતરના કષાયાદિ શત્રુઓ અનંતગણું નુકસાન કરે છે, તે બરાબર સમજીને તેને દેશવટો આપજે. અનાદિ કાળના અભ્યાસથી આ દેહમાં આત્મભાવ મનાયો છે, દેહ તે હું છું એમ માને છે. શરીરને સુખે સુખી, શરીરના દુઃખે દુઃખી, રાત્રી-દિવસ તે શરીરનું સેવન કરવામાં-તેનું રક્ષણ કરવામાં-અત્યંત પાલનપોષણ કરવામાં તું વ્યતિત કરી રહ્યો છે, તેવા બહિરાત્મ ભાવનો ત્યાગ કરજે.

ગમે તેવો પાપાત્મા હોય તે પણ પુણ્યના ઉદયથી સદ્‌ગુરુનો યોગ પામી જો પાપભીરુ બને તો ધર્મનો અધિકારી બની શકે છે અને પાપભીરુ બન્યા પછી જો પાપનો ત્યાગ કરવા અને પ્રભુપ્રણીત ધર્મનો સ્વીકાર કરવા માટે ઉત્સાહિત થાય તો પોતાની ઘોરપાપ વૃત્તિનો પરિત્યાગ કરી ખુશીની સાથે પ્રભુપ્રણીત ધર્મનો સ્વીકાર કરવા દ્વારા

સુશ્રાવક અગર સુસાધુ બની શકે છે, જેથી ઘોર પાપાત્માઓ પણ સદ્‌ગુરુના યોગે પરમધર્માત્મા બનીને સામાન્ય જીવોને આશ્ચર્ય ઉત્પન્ન થાય તેવી રીતિએ અલ્પકાળમાં પરમપદના ભોક્તા બની ગયા છે, તે પણ બરાબર લક્ષમાં લેજે. જેથી હે આત્મા ! તને બહુ જ ફાયદો થશે.

આ ઠેકાણે નીચેનાં વાકયો ઉપર અત્યંત ધ્યાન દેવાની જરૂરિયાત છેઃ

શાસ્ત્ર ભણેલ હોય પરંતુ પ્રમાદી થયેલાને ઉપદેશ.

**यस्यागमाम्भोदरसैर्न धौतः प्रमादपंकः स कथं शिवेच्छुः ।**
**रसायनैर्यस्य गदाः क्षता नो सुदुर्लभं जीवितमस्य नूनम् ॥**

જે પ્રાણીનો પ્રમાદરૂપી કાદવ સિદ્ધાંતરૂપી જળ-પ્રવાહથી પણ ધોવાતો નથી તે કેવી રીતે મોક્ષ મેળવવાની ઇચ્છાવાળો થઇ શકે ? જેમકે રસાયણથી પણ જો કોઇ પ્રાણીઓના વ્યાધિ નાશ પામે નહિ તો પછી તેનું જીવન રહેવાનું જ નહિ.

**ભાવાર્થ** : જ્યારે શાસ્ત્રશ્રવણથી પણ પ્રમાદનો નાશ થાય નહિ તો પછી આ જીવને સંસારમાં અનંતકાળ સુધી પરિભ્રમણ કરવાનું જ છે, એમ સમજવું. શાસ્ત્રોમાં આઠ પ્રકારના પ્રમાદ કહેલા છેઃ (૧) સંશય, (૨) વિપર્યય-ઊલટો બોધ, (૩) રાગ, (૪) દ્વેષ, (૫) મતિભ્રંસ, (૬) મન-વચન-કાયાના યોગોનું દુઃપ્રણીધાન, (૭) ધર્મ ઉપર અનાદર અને (૮) અજ્ઞાન. વળી પ્રમાદના બીજા પાંચ પ્રકારો પણ છેઃ (૧) મદ્ય, (૨) વિષય, (૩) કષાય, (૪) વિકથા અને (૫) નિદ્રા. તેનું સ્વરૂપ પ્રથમ બતાવી ગયા છીએ.

અહીં આઠ પ્રકારના પ્રમાદનો ત્યાગ સમજવો. શાસ્ત્રશ્રવણ કર્યા પછી પણ તે શત્રુઓ ઊભા જ રહે તો પછી થઇ જ રહ્યું. પ્રમાદનો સામાન્ય અર્થ કરીએ તો આળસ, પુરુષાર્થનો અભાવ–આમ અર્થ થઇ શકે છે. સ્વકર્તવ્યતાર્થ ભ્રષ્ટ કરનાર આ મહા દુર્ગુણ છે. તેની હાજરી હોય ત્યારે કોઇ પણ કાર્ય થઇ શકતું નથી. પગલે પગલે સ્ખલના થાય છે. સાધુ અવસ્થામાં પ્રમત્ત અવસ્થા અધઃપાત કરાવનારી થાય છે અને સાધ્ય વસ્તુની સિદ્ધિ પ્રાપ્ત થવા દેતી નથી. અહીં એક દૃષ્ટાંત ખૂબ મનન કરવા લાયક છે :

એક વેપારીની સ્ટીમર હીરા, માણેક, સુવર્ણ આદિ ઉત્તમ પદાર્થોનો એક અબજ રૂપિયાનો માલ લઈને ચિકાગો બંદરથી ઊપડી. રસ્તામાં અનેક ઉપદ્રવોને દૂર કરતી કરતી તે બારામાં સહીસલામત આવી પહોંચી. કપ્તાને શેઠને ઘેર જઇ સ્ટીમર સહીસલામત આવી પહોંચ્યાના ખબર આપ્યા અને સામાન ઊતરાવવાની વ્યવસ્થા કરવા કહ્યું. શેઠ ખુશ થયા. શેઠ તે વખતે પોતાના મિત્રો સાથે સોગ ઠાબાજીની રમત રમતા હતા, તેથી કોઇ મુનિમને વ્યવસ્થા કરવાનો હુકમ આપી શકયા નહિ. તેણે વિચાર કર્યો કે આ બાજી પૂરી કરીને હમણાં જ ઊઠું છું. પરંતુ રમતના આનંદમાં સમય પસાર થતો હતો તેની ખબર તેને રહી નહિ. થોડી વારે સુર્યાસ્ત થયો. દીવાબત્તી થયાં. શેઠે વિચાર કર્યો કે હવે પ્રાતઃકાળે માલ ઉતારવાની સગવડ કરીશું. એમ વિચારી વાતોના ગપાટા લગાવી શેઠ શયન ગૃહમાં જઇ સૂઇ ગયા.

રાતના દશ વાગે અકસ્માત આંધી ચઢી. વીજળી થવા લાગી. મેઘરાજા મોટા શબ્દથી આકાશમાં ત્રાસદાયક ગર્જના કરવા લાગ્યો. પવન વિચિત્ર ગતિવાળો થયો. જીર્ણ મકાનો જમીનદોસ્ત થયાં. થોડા વખતમાં શેઠની સ્ટીમર તૂટી, સમુદ્રમાં કઇ દિશામાં ગઇ, કયાં ડૂબી તેનો પત્તો લાગ્યો નહિ. શેઠ સવારે સમુદ્રકાંઠે જઈ તપાસ કરે છે, પરંતુ સ્ટીમરનું કયાંય નામનિશાન મળ્યું નહિ. રડતો કકળતો શેઠ ઘેર આવ્યો.

જુઓ વિચાર કરો. અનેક સંકટો સહન કરીને સ્ટીમર સહીસલામત આવી; છતાં પ્રમાદ કરવાથી શેઠને ભારે નુકસાન થયું. લેણદારો ઘેર આવ્યા. તરત જ દીવાળું નીકળ્યું. લાખની આબરુ કોડીની થઇ. વાંચક! શેઠનું ચરિત્ર વાંચી તું શેઠને મૂર્ખ ગણીશ. પરંતુ જો તેનો તું ઉપનય વિચારીશ તો તે શેઠ કરતાં, પ્રમાદમાં પડેલા બીજા સંસારી જીવો અધિક મૂર્ખ છે.

સંસારી જીવોની સ્ટીમર નિગોદરૂપી ચિકાગોથી ચાલી છે, જ્યાં તે અનંત કાળ સુધી પડી રહી હતી, ત્યાંથી નીકળી પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, પ્રત્યેક-વનસ્પતિરૂપ મહાસાગરમાં અસંખ્યકાળ સુધી રહી ત્યાંથી બે ઇંદ્રિય, તે ઇંદ્રિય, ચતુરિન્દ્રિય રૂપ કાળા પાણીમાં બહુ સમય વિતાવ્યો. અનુક્રમે શુભ પુણ્યરૂપ પવનના જોરથી સ્ટીમર આગળ ચાલી, અને પંચેન્દ્રિયના જુદા જુદા લેદો રૂપ પહાડોમાં અથડાતી અથડાતી મનુષ્યલોકરૂપ મહા સમુદ્રમાં આવી. ત્યાં અનાર્ય દેશોરૂપ ભયંકર ખરાબાઓ

ઓળંગી આર્ય દેશરૂપ શાંત સમુદ્રમાં થઇ ઉત્તમ કુળ-રૂપ કિનારાની નજીક આવી. ત્યાં યુવાવસ્થારૂપ તોફાની ખાડીમાં અશાતા વેદનીય કર્મના પ્રબલ જોરથી ઉત્પન્ન થયેલા જુદા જુદા પ્રકારના ભયંકર રોગોને પણ પૂર્વ પુણ્યના ઉદયથી દૂર કરી સ્ટીમર અંદર ઉપર આવી. તે વખતે તે શેઠ પાંચ પ્રમાદ તથા તેર કાઠિયાના જોરથી તે સ્ટીમરમાં રહેલ પાંચ મહાવ્રત અથવા બાર વ્રતરૂપ અમૂલ્ય રત્નો તેમજ દાન, શીલ, તપ; ભાવ, ધ્યાન તથા પરોપકાર રૂપ રત્નોના સમૂહને ઉતારવાની વાત તો દૂર રહી, પરંતુ તેનાં દર્શન કરવા પણ જતો નથી. પેલા ખલાસીઓ પોકારીને કહે છે, કે 'મહારાજ! સ્ટીમર ઘણાં કષ્ટે કિનારે આવી છે. માલ ઉતારો. દારિદ્ર દૂર જશે. કદાપિ દુઃખ નહીં રહે.' પરંતુ ભારે કર્મી જીવ હોવાથી ખલાસીનાં હિતવચનો એક કાનેથી સાંભળી બીજે કાનેથી કાઢી નાખે છે. પછી ઉપર બતાવ્યા પ્રમાણે બહુ પ્રમાદથી ઘણો દુઃખી થાય છે.

અહીં મનુષ્યજન્મરૂપી સ્ટીમર સમજવી તથા ગુરુ-મહારાજનાં વચનો તે ખલાસીનાં વચનો જાણવાં. સંસાર-રૂપી બાજી, રાગદ્વેષરૂપી પાસા, સોળ સોગઠાં તે કષાય-રૂપી જાણવાં. સૂર્યાસ્ત તે અજ્ઞાનતા સમજવી. રાત્રી તે મિથ્યાત્વ જાણવું. અકસ્માત તોફાન તે મરણ સમજવું. પ્રાણી આ બધું ન સમજે અને પ્રમાદમાં પડી જાય તો પાછો રઝળતો રઝળતો નિગોદમાં ચાલ્યો જાય, ખૂબ દુઃખી થાય; માટે જ જ્ઞાની પુરુષો વારંવાર નવી નવી યુક્તિઓ

આપી સમજાવે છે, કે પ્રમાદ ન કરો. જ્ઞાનદર્શન ચારિત્ર રૂપી રત્નત્રયિની આરાધના કરો.

વળી શાસ્ત્રનો અભ્યાસ કરીને પણ સંજમ રાખવો. તે હકીકત મુનિ સુંદરસૂરિ મહારાજ જણાવે છે, કે

धिगागमै माद्यसि रञ्जयन् जनान्,
नोद्यच्छसि प्रेत्यहिताय संयमे।
दधासि कुक्षिम्भरिमात्रतां मुने,
क्व ते क्वतत् क्वैष च ते भवांन्तरे ॥

હે મુનિ! સિદ્ધાંત વડે તું લોકોને રંજન કરતો ખુશી થાય છે અને તારા પરલોકના હિત માટે યત્ન કરતો નથી; તો પછી તેં માત્ર પેટભરાપણું ધારણ કર્યું; પરંતુ હે મુનિ! પરભવમાં તે તારાં આગમો ક્યાં જશે? જનરંજનપણું ક્યાં જશે? અને તારો સંયમ ક્યાં જશે?

શાસ્ત્રાભ્યાસ કરીને પાંચ ઇંદ્રિયો ઉપર સંયમ રાખવો. સર્વસંપત્કરી ભિક્ષા ગ્રહણ કરવી, જેથી સંયમની વૃદ્ધિ થાય. અભ્યાસ વધારીને આત્મપરિણતિ સુધારવી જોઈએ. ઉપલી તમામ હકીકતો બરાબર લક્ષમાં લઈ શાસ્ત્રાભ્યાસને ખૂબ ખિલવવો જેથી આત્માનું બરાબર હિત થાય. વળી ચારે ગતિનાં જે દુઃખોનું શાસ્ત્રોમાં વર્ણન કર્યું છે તે ખૂબ ધ્યાનમાં લેવાલાયક છે. નરકની અસહ્ય વેદનાઓ, તિર્યંચમાં ક્ષુધા, તૃષા, ભારવહન કરવા; દેવગતિમાં પણ દેખાવ માત્રનું સુખ પરિણામે દુઃખ, મનુષ્યભવમાં પણ ગર્ભાવાસમાં, બાળપણામાં, યુવાવસ્થામાં, વૃદ્ધાવસ્થામાં દુઃખો

દૃષ્ટિ તળે જોઈએ છીએ. ત્યારે ફક્ત સંયમમાં પ્રમાદ-રહિતપણે, સાવધાનતાથી રહેનારને સુખનો પાર નથી. પછી કોઈવાર દુઃખનો સંભવ પણ રહેશે નહિ.

આત્મા શરીરથી ભિન્ન છે-જુદો છે-અરૂપી છે. કર્મના વશથી શરીરનો સંબંધ અનાદિનો છે; પરંતુ સારા ઉપાયોથી તે સંબંધ જુદો પડી શકશે. જેમ સુવર્ણમાં રહેલી માટી અગ્નિના સંયોગથી દૂર થાય છે તેવી જ રીતે આત્મા ઉપર રહેલ કર્મરૂપી માટી તપરૂપી અગ્નિથી દૂર થઈ શકે છે; તે ખ્યાલમાં રાખજે. બે અષ્ટમી, બે ચતુર્દશી, શુકલ પંચમી ઈત્યાદિ સિદ્ધાંતોમાં કહેલી ઉત્તમ તિથિઓના પૌષધ કરી સંસારના બોજાને તે દિવસે દૂર કરજે. ઘણું કરીને તિથિના દિવસે પરભવના આયુનો બંધ પડે છે, તો તેવા ઉત્તમ દિવસે તું પૌષધ વગેરેની ઉત્તમ ક્રિયા કરી સારા અધ્યવસાયમાં રહીશ તો શુભ ગતિના આયુનો બંધ પડવાથી ભવાંતરમાં દુઃખી થવા વખત નહિ આવે. સૂર્યયશા જેવા મહાપ્રતાપી રાજાએ ત્રણ ખંડના ભોક્તા હોવા છતાં અષ્ટમી-ચતુર્દશીનું આરાધન મૂકયું નથી. પોતાના પ્રાણથી પણ અધિક તિથિઓનું આરાધન કર્યું છે. બીજાને આરાધન કરાવવા સારુ સપ્તમી અને ત્રયોદશીના દિવસે પડહ વગડાવતા હતા જેથી બીજા જીવો પણ તેઓની સાથે પૌષધવ્રત ગ્રહણ કરવા તૈયાર થતા હતા. તે લક્ષમાં લઈ જરૂર પાંચ તિથિના, છેવટ બે ચૌદસના પૌષધ કરી આત્માને પવિત્ર કરજે.

ઈન્દ્રિયોનો ગુલામ થઈશ નહિ. ઈન્દ્રિયોને આધીન થઇ જઈશ તો ઈન્દ્રિયોરૂપી ઘોડા તને દુર્ગતિરૂપી ખાડામાં

પટકશે અને બહુ દુઃખી કરશે. માટે ઈન્દ્રિયોને કાબૂમાં રાખી તેને તારી ગુલામ બનાવજે. જેથી અભક્ષ્ય, અનંતકાય, રાત્રીભોજન, કંદમૂળ વગેરે પાપોના ભોજાવાળી ચીજોનું ભક્ષણ કરવાનો સમય તને કોઈ દિવસ પણ નહિ આવે. માટે ઇન્દ્રિયોને વશ કરવા માટે સાવચેતી રાખજે.

પૌદ્ગલિક વસ્તુઓની અનિત્યતા, સંસારમાં રહેલા જીવોની અશરણ્યતા વગેરે શુભ ભાવનાઓનો વેગ જેમ જેમ પ્રબળ બનતો જશે તેમ તેમ મમત્વરૂપી અંધકાર તો તે પ્રમાણમાં ક્ષીણ થતો જશે અને સમતાની ઝળહળતી જ્યોતિ પ્રગટ થશે. સંસારની ગતિ ગહન છે. સંસારમાં સુખી જીવો કરતાં દુઃખી જીવોનું ક્ષેત્ર વિશાળ છે. આધિવ્યાધિ, શોક સંતાપથી લોક પરિપૂર્ણ છે. સુખનાં સાધનો હજારો હોવા છતાં દુઃખની સત્તા જલદી પ્રગટ થઇ જાય છે. જ્ઞાનગર્ભિત વૈરાગ્ય વિના દુઃખ કમી થઈ શકતું નથી. જ્ઞાનગર્ભિત વૈરાગ્ય મેળવવા તેના સાધનની પૂરતી જરૂર છે. જેથી પૂર્વાચાર્યના બનાવેલાં વૈરાગ્યથી ભરપૂર પુસ્તકો વાંચી જેમ બને તેમ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત કરવો અને છેવટમાં વહેલા કે મોડા જરૂર સંયમરૂપી સામ્રાજ્યને અંગીકાર કરવું, સંયમ વિના મુક્તિએ પહોંચાશે નહિ. સંયમ દેવલોકમાં દેવતાને નથી, નારકીને નથી, તિર્યંચને નથી, ફક્ત મનુષ્યને જ તેની પ્રાપ્તિ થઇ શકે છે. તેમાં પણ આર્ય દેશ, ઉત્તમ કુળ, નિરોગી શરીર અને સંપૂર્ણ શ્રદ્ધા થયા પછી જ પ્રાપ્ત થઇ શકે છે, તો ઠેઠ સુધી પહોંચ્યા છતાં મોહના પંજામાંથી નીકળીને સંયમ ન

લેવાય તો પછી કયા ભવમાં કઇ ગતિમાં લેવાશે ? જ્યારે ત્યારે ગમે તે ભવમાં સંયમ લીધા પછી જ મુક્તિએ પહોંચવાનું છે, તો પછી આ ભવમાં સંસાર છોડી સંયમ ગ્રહણ કરવો તે જ સર્વથા હિતકર છે. આ અવસર્પિણી કાળમાં પાંચમા આરામાં આ ભવમાં મુક્તિએ નહિ પહોંચાય, પરંતુ ત્રણ ભવે કે સાત–આઠ ભવે તો જન્મમરણના કલેશોનો ઉચ્છેદ કરી જરૂર મુક્તિમંદિરમાં પહોંચી શકાશે. પરંતુ સંયમ લીધા પછી પણ બરાબર પુરુષાર્થ નહિ ફોરવે અને સંસારની ઉપાધિમાં–આર્ત્ત ધ્યાનમાં–મોજશોખમાં–જ્ઞાન–ધ્યાનને છોડી વિકથાદિમાં જો પડી ગયો તો સંયમ ગુણઠાણાથી પડીને અધોગતિમાં ચાલ્યો જઇશ, માટે સંયમ ગ્રહણ કર્યા પછી પણ જ્ઞાન, ધ્યાન, તપ, જપ, પંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, દશ યતિધર્મ ઇત્યાદિકનું સેવન કરી, નવા નવા અભિગ્રહ કરી, ચારિત્રધર્મને ઉજ્જવળ કરી મોક્ષમંદિરમાં નિવાસ થાય તેમ કરજે. એટલે ત્યાં અનંત સુખનો ભોક્તા થઇશ; કદાચ ચારિત્રધર્મને કાયરપણાથી અંગીકાર ન કરી શકે તો પછી દેશવિરતિપણાને એટલે સમ્યક્ત્વ મૂળ શ્રાવકના બાર વ્રતને તો સમજીને જરૂર અંગીકાર કરજે, તો જરા વિલંબથી પણ છેવટ મુક્તિમાં પહોંચી શકીશ.

ઉપાસક દશાંગ સૂત્રમાં આનંદ, કામદેવ વગેરે દશ શ્રાવકોએ પરમાત્મા શ્રી મહાવીરસ્વામીની દેશના સાંભળી વૈરાગ્ય પામી સમ્યક્ત્વ મૂળ બાર વ્રત અંગીકાર કર્યાં. અને છેવટ સુધી બરાબર પાળીને આયુ પૂરું કરી વ્રતના પ્રભાવથી સુધર્મા દેવલોકમાં જુદા જુદા વિમાનમાં ચાર

પલ્યોપમની સ્થિતિએ દેવપણે ઉત્પન્ન થયા. આયુ પૂર્ણ થયે ત્યાંથી ચવી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ રાજાઓ થશે. ત્યાં ચારિત્ર અંગીકાર કરી નિરતિચાર ચારિત્ર પાળી કેવળજ્ઞાન પામી મોક્ષે જશે.

આ પ્રમાણે સમ્યક્ત્વ મૂળ બાર વ્રતથી પરંપરાએ મુક્તિ મેળવી શકાય છે; તો પછી આ ઉત્તમ ભવને પામી, તમામ સામગ્રીને પામી, ગુરુ મહારાજનો સંયોગ મેળવી હે આત્મા! સમ્યક્ત્વ મૂળ બાર વ્રત સમજપૂર્વક જરૂર અંગીકાર કરી લેજે. તેની સમજ માટે ઉપાસક દશાંગસૂત્ર, યોગશાસ્ત્ર, ધર્મરત્ન પ્રકરણ, ધર્મસંગ્રહ, ધર્મબિન્દુ વગેરે ઘણાં સૂત્રો તથા ગ્રન્થો વિદ્યમાન છે, તો ગુરુ મહારાજ પાસે વિનયપૂર્વક સમજીને નાંદી મંડાવી વ્રતો ઉચ્ચરી લેજે અને બરાબર પાળજે, જેથી આવતાં કર્મો ઘણાં અટકશે, દેશવિરતિપણું પ્રાપ્ત થશે, અંત સમયમાં સર્વ વસ્તુનો ત્યાગ કરવાની અભિલાષા થશે. અંત સમયે નિઝામણા કરવાથી જીવોને બહુ કર્મની નિર્જરા થાય છે. પ્રથમ આયુ ન બંધાયું હોય તો શુભ ગતિનું આયુ બંધાય છે. માટે ઉપરની સમજુતી લક્ષમાં લઇ મુનિપણું કદાચ ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી આ ભવમાં પ્રાપ્ત ન થઇ શકે તો દેશસંયમી થવા માટે સમ્યક્ત્વ મૂળ શ્રાવકનાં બાર વ્રત તો અવશ્ય અંગીકાર કરજે અને અંગીકાર કર્યા પછી છેવટ પોતાના અંત સમયમાં તે તે વ્રતોમાં લાગેલા અતિચારોને યાદ કરી મિચ્છામિ દુક્કડં આપી, દુષ્કૃત્યોની નિંદા કરવી, સુકૃતની અનુમોદના કરવી, જેથી આત્મા ઉચ્ચ

કોટી ઉપર જરૂર આવી શકે છે. જુઓ ! ઉત્તરાધ્યયન સૂત્રના નવમા પ્રત્યેકબુદ્ધ અધ્યયને વિષયમાં અંધ બનેલા મણિરથ રાજાએ પોતાના સગા ભાઈ યુગબાહુને તરવારનો ઘા મારી નીચે પછાડયો. યુગબાહુને આર્ત્તધ્યાન–રૌદ્રધ્યાનનાં કારણો ઉપસ્થિત થયાં, પરંતુ યુગબાહુનાં ધર્મપત્નિ મદનરેખાએ પોતાના પતિની પાસે બેસી ધૈર્ય પકડી ઘણી સારી રીતે અંત સમયની નિઝામણા કરાવી; તે આ પ્રમાણે—

'હે ધીર ! અત્યારે ધીરપણું અંગીકાર કરો. કોઈના ઉપર રોષ કરશો નહિ. તમારાં કરેલાં કર્મો તમારી પાસે લેણું લેવા આવ્યાં છે, તે કર્મોને સમભાવે સહન કરો. જીવોએ પોતે કરેલાં કર્મો વેદવાનાં છે, બીજા તો નિમિત્તમાત્ર છે. ચોરાસી લાખ જીવયોનિમાં રહેલા સર્વ જીવોને ખમાવો. ચતુર્વિધ આહારનો પણ ત્યાગ કરો. શરીરને પણ વોસિરાવો.' ઇત્યાદિ ઘણા સારા શબ્દોથી નિઝામણા કરાવી કે જેથી તુરત જ યુગબાહુ કાળધર્મ પામી પાંચમા બ્રહ્મ દેવલોકમાં દશ સાગરોપમની સ્થિતિવાળા દેવ થયા. અહો ! શુભ ભાવનાથી કરેલ નિઝામણાનો કેટલો બધો પ્રતાપ ? જો કદાચ તે સમયમાં મદનરેખા વિલાપ કરવા મંડી પડી હોત અને યુગબાહુને આર્ત્તધ્યાન-રૌદ્રધ્યાનનાં કારણોમાં ઉતાર્યા હોત તો યુગબાહુ પાંચમા દેવલોકમાં જઈ શકત ખરા ? હે આત્મા ! તું વિચાર કર, આજકાલની સ્ત્રીઓ તથા કુટુંબીલોકો મરનારની સમીપે આર્ત્તધ્યાન–રૌદ્રધ્યાનનાં કારણો ઉપસ્થિત કરે છે. આગળ–પાછળનાં કાર્યો યાદ કરાવે છે. પોતાના સ્વાર્થની ખાતર રૂદન કરી મરનારનો અંતસમય બગાડે છે અને મરનારની લેશ્યા

તે વખતે બગડવાથી તેને માઠી ગતિમાં જવું પડે છે. માટે તેમ નહિ કરતાં સંબંધી અગર કુટુંબીજનોએ મરનારનો ભવ સુધારવા માટે હિંમત ધરીને નિઝામણા કરાવવી. પ્રથમ વ્રતો લીધાં હોય તો બાદ કરાવી લાગેલા દોષોની નિંદા કરાવી આત્માને શુદ્ધ કરાવવો. વ્રતો ન લીધાં હોય તો તે વખતે ગુરુમહારાજને બોલાવીને તેમની પાસે અગર ગુર્વાદિકનો યોગ ન હોય તો આત્મસાક્ષીથી પણ અમુક અમુક વ્રતો ઉચ્ચારાવવાં અને નિઝામણા કરાવવી. શુદ્ધ ભાવનાથી કરાવેલી તે વખતની આરાધના જીવોને બહુ હિતકારી થઈ પડે છે. પ્રથમ કરેલા પાપના પુંજ ઘણા ખરા વીખરાઈ જાય છે. આવતા ભવનું આયુ ન બાંધ્યું હોય તો શુભ ગતિનું બંધાય છે, માટે છેલ્લી વખતે જીવોએ જરૂર સમજીને આરાધના કરવી, જેથી વ્રતધારીને અગર કદાચ વ્રતો લઈ ન શકયા હોય તેવા જીવોને પણ આ અંતસમયની આરાધના ઘણી જ ફાયદાકારક થાય છે.

## અંતસમયની આરાધના

( રાગ—ભેખ રે ઉતારો રાજા ભરથરી )

ભાવના ભાવો એણી પરે, મૃત્યુ આવ્યે નજીકજી;
હું રે અનાદિ અલેખી છું, શી છે મારે એ બીકજી...ભાવના૦
ધામ ધરા ધન આ બધું, મેલી જવું જરૂરજી;
મારું તેમાં કાંઇ નથી, શીદને રહું મગરૂરજી...ભાવના૦
આ તો ભાડાની છે કોટડી, ખાલી કરતાં શું થાયજી;
પુદ્ગલ નાશ થતાં અરે, આત્માનું શું થાયજી...ભાવના૦
હું તો આત્મા અનાદિ છું, અનંત ગુણો ધરનારજી;
મૃત્યુ ભલે અરે આવતું, હું તો નથી ડરનારજી...ભાવના૦

મોંઘો માનવ ભવ મેળવી, કીધું કંઇ ના હિતજી;
કાગ ઉડાડવા મેં અરે, ફેંકયું રત્ન ખચિતજી...ભાવના
રાગ ને દ્વેષથી કલેશમાં, કાઢયો સઘળો કાળજી;
જિનવાણી નહિ સાંભળી, વળગી ઝાળી જંજાળજી...ભાવના૦
હવે રે પસ્તાવો એ થાય છે, મનમાં પારાવારજી;
પ્રભુજી અરજી સ્વીકારજો, તારજો કરુણાધારજી...ભાવના૦
અરિહંત સિદ્ધ ને સાધુજી, શરણું હોજો સદાયજી;
ધર્મ શરણ હોજો વળી, મુજને ભવોભવમાંહ્યજી...ભાવના૦
અંત સમયની આરાધના, આરાધો નરનારજી;
સાર નથી સંસારમાં, જિન 'ભક્તિ' છે સારજી...ભાવના૦

કેટલાએક જીવો અંત સમયે આરાધના કેમ કરવી અથવા કેવી રીતે કરાવવી તે જાણી શકતા નથી; માટે તેવા જીવોના હિત માટે સામાન્યથી અંત સમયની આરાધનાન પ્રકરણો તથા મહા ગીતાર્થ પુરુષોનાં વચન અનુસાર બતાવીએ છીએ.

**नमिऊण भणइ एवं, भयवं समउच्चियं समासंसु ।**
**तत्तो वागरइ गुरू, पज्जंताराहणा एयं ॥ १ ॥**

શ્રી ગુરુ મહારાજને નમસ્કાર કરીને આ પ્રમાણે શિષ્ય કહેઃ હે ભગવન ! મને સમયને ઉચિત આદેશ કરો. (આરાધના કરાવો.) ત્યારે ગુરુ મહારાજ છેવટની આરાધના આ પ્રમાણે કરાવે છે. ૧

**आलोइसु अइआरे, वयाइ उच्चरसु खमिसु जीवेसु ।**
**वोसिरिसु भाविअप्पा, अट्ठारसपावठाणाइं ॥ २ ॥**

૧ અતિચાર આલોવો, ૨ વ્રત ઉચ્ચારો, ૩ જીવયોનિ

ખમાવો—આત્માને શુભ ભાવનાવાળો કરીને, ૪ અઢાર પાપસ્થાનક વોસિરાવો. ૨.

**चउसरण दुक्कडगरिहणं च, सुक्कडाणुमोयणं कुणसु ।**
**सुहभावणं अणसणं पंच नमुक्कारसरणं च ॥ ३ ॥**

૫ ચાર શરણ આદરો, ૬ પાપની નિંદા કરો, ૭ સુકૃતની અનુમોદના કરો, ૮ શુભ ભાવના ભાવો, ૯ અણસણ કરો અને ૧૦ પંચપરમેષ્ઠિનું ધ્યાન ધરો. ૩.

આ દશ પ્રકારમાં પ્રથમ અતિચાર આલોવવા તે આ પ્રમાણેઃ

**नाणंमि दंसणंमि य, चरणंमि तवंमि तहय विरियंमि ।**
**पंचविहं आयारे, अइआरालोयणं कुणसु ॥ ४ ॥**

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય એ પાંચ પ્રકારના આચારને વિષે અતિચારની આલોચના કરો. ૪

આ પાંચ આચાર સંબંધી અને શ્રાવકનાં બાર વ્રતો સંબંધી અતિચાર જરા વિસ્તારથી બતાવવામાં આવે છેઃ

# અતિચાર વિસ્તાર

## ૧ જ્ઞાનાચાર

૧ કાળ, ૨ વિનય, ૩ બહુમાન, ૪ ઉપધાન, ૫ ગુરુને નહીં ઓળવવા, ૬ શુદ્ધ સૂત્ર ઉચ્ચારણ, ૭ અર્થનું ચિંતવન તથા ૮ સૂત્ર તથા અર્થ બન્નેનું ચિંતવન—આ આઠ પ્રકારના જ્ઞાનાચારમાં આચારરહિત હું કાંઇ ભણ્યો હોઉં તથા સૂત્ર પ્રકરણાદિકનો ગુરુગમથી ધાર્યા વિના કદાચ ઊલટો અર્થ કર્યો હોય, કોઇએ સમજાવ્યા છતાં આગ્રહ

પકડયો હોય, વળી છતી શક્તિએ અન્નાદિક મેં જ્ઞાની-ઓને ન આપ્યું હોય અને જ્ઞાનીઓની મેં અવજ્ઞા કરી હોય, તથા જ્ઞાનના જે પાંચ પ્રકાર મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ–આ પાંચ જ્ઞાનની અશ્રદ્ધા કરી હોય, હાંસી કરી હોય, જ્ઞાનનાં ઉપગરણ પાટી, પોથી, ઠવણી વગેરેની આશાતના કરી હોય ઇત્યાદિક જે જ્ઞાના-ચાર સંબંધી દોષ લાગ્યો હોય તે મિચ્છામિ દુક્કડં.

## ૨ દર્શનાચાર

**जं समत्तं निस्संकियाइ अट्ठविहगुणसमाउत्त ।**
**धरियं मए न सम्मं, मिच्छामिदुक्कडं तस्स ॥**

૧ નિઃશંકિત, ૨ નિકંખિત, ૩ નિવિતિગિચ્છા, ૪ અમૂઢદિટ્ઠિ, ૫ ઉપબૃંહણા, ૬ સ્થિરીકરણ, ૭ વાત્સલ્ય, ૮ પ્રભાવના–આ પ્રકારના ગુણો સહિત જે સમકિત તે મેં ધારણ કર્યું ન હોય તેનો મિચ્છામિ દુક્કડં.

શ્રી અરિહંત દેવાધિદેવની પ્રતિમાની ભાવથી ન પૂજા કરી હોય અને અભક્તિ કરી હોય તે દોષનો મારે મિચ્છામિ દુક્કડં થાઓ. વળી ચૈત્યદ્રવ્યનો વિનાશ કર્યો હોય તથા વિનાશ કરતા બીજા માણસોની ઉપેક્ષા કરી હોય, તે દોષનો મારે મિચ્છામિ દુક્કડં થાઓ. જિનમંદિરાદિકની કોઇ આશાતના કરતો હોય તેનો છતી શક્તિએ મેં નિષેધ ન કર્યો હોય, તે દોષને મિચ્છામિ દુક્કડં આપું છું. પ્રથમ કહેલા દર્શનાચારનો અર્થ—

૧ નિઃશંકિત કહેતાં જિનવચનમાં શંકારહિતપણું.

૨ નિકંખિત કહેતાં પરમતની અભિલાષારહિતપણું.

૩ નિવિતિગિચ્છા કહેતાં સાધુસાધ્વીની નિંદા ન કરવી તથા ધર્મના મૂળમાં સંદેહ નહિ કરવો.

૪ અમૂઢદિટ્ઠિ કહેતાં અન્ય મતના ચમત્કાર તથા મંત્ર દેખી મૂઢદૃષ્ટિપણું નહિ કરવું.

૫ ઉપબૃંહણા કહેતાં સમકિતદૃષ્ટિ જીવોની શુભ કરણી દેખી તેની અનુમોદના કરવી–પ્રશંસા કરવી.

૬ સ્થિરીકરણ કહેતાં સીદાતા સ્વામી ભાઇઓને હર-કોઇ રીતે ટેકો આપી ધર્મમાં સ્થિર કરવા.

૭ સાધર્મી બંધુઓનું ભાવ સહિત ભક્તિપૂર્વક વાત્સલ્ય કરવું.

૮ પવિત્ર જિનશાસનની ઉન્નતિ થાય–જાહોજલાલી વધે તેવાં કાર્યો કરવાં.

આ આઠ દર્શનના આચારમાં મેં જે કાંઇ વિપરીતપણે કર્યું હોય, છતી શક્તિએ કરવા લાયક કાર્ય ન કર્યું હોય તેને આત્મસાક્ષીએ ખમાવું છું.

## ૩ ચારિત્રાચાર

**जं पंचहिं समिईहिं तीहिं गुत्तिहिं संगयं सययं ।**
**परिपालियं न चरणं, मिच्छामिदुक्कडं तस्स ॥**

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સહિત નિર્મળ ચારિત્ર મેં ન પાળ્યું હોય તે દોષનો મારે મિચ્છામિ દુક્કડં થાઓ

## ૪ તપાચાર

છતી શક્તિએ અવશ્ય તપશ્ચર્યા કરવી જોઇએ તે તપા-ચાર કહેવાય. શક્તિ હોવા છતાં તપશ્ચર્યા ન કરી હોય તે મિચ્છામિ દુક્કડં.

## ૫ વીર્યાચાર

ધાર્મિક કાર્યમાં પોતાનું જેટલું સામર્થ્ય હોય તેટલું નહિ ગોપવવું તે વીર્યાચાર કહેવાય; તે પ્રમાણે જે ન કર્યું હોય તે મિચ્છામિ દુક્કડં.

## હવે બાર વ્રત સંબંધી આલોચના કહે છે

### પ્રાણાતિપાત આલોચન

મહા આરંભના કામ આદર્યાં હોય, જેવાં કે ઘર ચણાવ્યાં હોય ટાંકાં, ભોંયરા, વાવ, કૂવા, તળાવ વગેરે કરાવ્યાં હોય તથા મિલ, જીન, સંચા, પ્રેસ બનાવ્યાં હોય વગેરે વગેરે જેમાં જીવોની હિંસા પારાવાર થઇ હોય, તથા બેઇંદ્રિય-તેઇંદ્રિય જીવો, ચૌરેન્દ્રિય જીવો, પંચેન્દ્રિય જીવોની ત્રણે કાળમાં જે વિરાધના કરી હોય તે સર્વ પાપોને મન, વચન, કાયાએ કરી ખમાવું છું.

### મૃષાવાદ આલોચન

ક્રોધથી, લોભથી, ભયથી, હાસ્યથી–જે કાંઇ જૂઠું બોલ્યા હોઇએ તે મન, વચન, કાયાએ કરીને ખમાવું છું.

### અદત્તાદાન આલોચન

કુડકપટથી દગા–પાસલા કરી જે કાંઇ અદત્તાદાન લીધું હોય તે મન, વચન, કાયાએ કરી ખમાવું છું.

### મૈથુન આલોચન

પરસ્ત્રીગમન કર્યું હોય તથા વિશેષ કામક્રીડા કરી હોય, સ્વદારા વિષે અસંતોષ રાખ્યો હોય, કામક્રીડા કરી અતીવ ખુશી થયો હોય, દૃષ્ટિ વિપર્યાસ કર્યો હોય ઇત્યાદિ

મૈથુનવૃત્તિથી જે કાંઇ દોષો લાગ્યા હોય તેનો ત્રિવિધે, મન વચન, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં દઉં છું. તે પાપ નિષ્ફળ થાઓ.

## પરિગ્રહ આલોચન

ધનધાન્યાદિક પરિગ્રહને વિષે અતિ અભિલાષા ધરી હોય, પરિગ્રહનું પરિમાણ લઇને વધુ થયે કુટુંબીઓના નામે કરી દીધું હોય અથવા પોતે મર્યાદા ઓળંગી ગયો હોય તે સંબંધી જે દોષો લાગ્યા હોય તેનો મન, વચન, કાયાએ-કરીને મિચ્છામિ દુક્કડં આપું છું.

## રાત્રિભોજન આલોચન

રાત્રિભોજન કીધાં હોય, કરીને ખુશી થયા હોય, રસેન્દ્રિયની લાલચે અભક્ષ્યાદિક નહિ ખાવાલાયક વસ્તુઓનું ભક્ષણ કર્યું હોય; વ્રતો લઇને વિસાર્યા હોય, મુનિપણામાં સંનિદ્ધિ વસ્તુઓનું ભક્ષણ કર્યું હોય, સૂર્યાસ્ત થયા પછી વાપર્યું હોય ઇત્યાદિ રાત્રિભોજન સંબંધી દોષ લાગ્યા હોય તથા કપટ-હેતુક્રિયા કીધી હોય, પચ્ચખ્ખાણ ભાગ્યાં હોય, આપવખાણ કીધાં હોય, બીજાની ઋદ્ધિ દેખી ઇર્ષ્યાઓ કરી હોય–ઇત્યાદિ જે કોઇ દોષો લાગ્યા હોય તે દોષોને મન, વચન, કાયાએ કરી ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું. મારા આત્માને નિઃશલ્ય કરું છું.

## ઇતિ પહેલો અધિકાર આલોયણરૂપ સમાપ્ત

બીજા અધિકારે વ્રતો પ્રથમ ન લીધાં હોય તો લેવાં અને લીધેલાં હોય તો યાદ કરી ફરીથી ફેરફાર કરીને લેવાં. આ વખતે પચ્ચખ્ખાણ આપવાં તે પણ અવસર જોઇને અમુક સમય સુધીનાં આપવાં.

## વ્રતોચ્ચારણ બીજો અધિકાર

### પહેલું સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત

કોઈ ત્રસ જીવ, નિરપરાધી, નિરપેક્ષીને હણવાની બુદ્ધિથી હણવો નહિ, હણાવવો નહિ. કોઇ કાર્ય કરતાં કે શરીરાદિકના રોગોનો ઉપચાર કરતાં-કરાવતાં પ્રમાદથી હણાઇ જાય તો તેનો આગાર.

### બીજું સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત

પાંચ પ્રકારનું મોટકું જૂઠું ન બોલવું તે—

૧ કન્યા સંબંધી જૂઠું બોલવું નહિ.
૨ ભૂમિ સંબંધી જૂઠું બોલવું નહિ.
૩ ચાર પગવાળા જાનવરો સંબંધી જૂઠું બોલવું નહિ.
૪ ખોટી સાક્ષી પૂરવી નહિ કે કુડો લેખ લખવો નહિ.
૫ કોઈની થાપણ ઓળવવી નહિ.

આ પાંચે પ્રકાર બરાબર પાળવા.

### ત્રીજું સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત

રાજ્યદંડ ઉપજે તેવી ચોરી કોઇની કરવી નહિ, તાળું તોડવું નહિ, ખિસ્સાં કાતરવાં નહિ ઇત્યાદિ.

### ચોથું સ્થૂલ મૈથુન વિરમણ વ્રત

પરસ્ત્રી સંબંધી બ્રહ્મચર્ય પાળવું, અવસરે જાવજીવ બ્રહ્મચર્ય ઉચ્ચરી લેવું.

### પાંચમું સ્થૂલપરિગ્રહ પરિમાણ વ્રત

ધનધાન્ય વધારે મેળવવા માટે ઉદ્યમ ન કરવો, હોય તેટલાથી સંતોષ માનવો, પછી અવસરે તે પણ વોસિરાવવો.

## છઠ્ઠું દિશા વિરમણ વ્રત

દિશાનું પરિમાણ કરી લેવું, પ્રથમ કરેલ હોય તો તેનો સંક્ષેપ કરવો. (ઘટાડવું.)

## સાતમું ભોગોપભોગ વિરમણ વ્રત

ચૌદ નિયમ ધારવા, પંદર કર્માદાનને વર્જવાં, ચાર મહા વિગય વગેરે બાવીસ અભક્ષનો ત્યાગ કરવો ઇત્યાદિ.

## આઠમું અનર્થદંડ વિરમણ વ્રત

૧ અપધ્યાન, ૨ પાપોપદેશ, ૩ હિંસ્રપ્રદાન, ૪ પ્રમાદાચરિત એ ચાર ભેદ શાસ્ત્રમાં કહ્યા છે; તેમાંથી જેટલા દૂર થાય તેટલા કરવા. તેમાં ઘણો લાભ છે. ઉપરાંત—

૧ જુગટું રમવું નહિ. ૨ પશુ-પંખી પાંજરે ઘાલવાં નહિ. ૩ નાટકનાચ વગેરે તમાસા જોવા નહિ. ૪ ફાંસી આપે ત્યાં જોવા જવું નહિ ઇત્યાદિ પણ વર્જવું.

નવમું સામાયિક, દસમું દેશાવકાશિક, અગિયારમું પૌષધ, બારમું અતિથિ સંવિભાગ—આ ચાર વ્રતો અંત સમયે આદરી શકાય તેવાં નથી; માટે તે વ્રતોની ભાવના રાખી આત્મામાં ચિંતવન કરવું. અમુક સમયે ચિત્તની સ્વસ્થતા હોય તો સમભાવરૂપ સામાયિક કરવું. વળી વિચારવું કે ઘરમાં જે કાંઈ ચીજો અધિકરણ વગેરે મેં ભેાકળાં રાખ્યાં છે તે તમામ મારો દેહ પડી ગયે વોસિરે વોસિરે કરું છું. આ વ્રત પચ્ચખ્ખાણ એટલા માટે છે કે જેમ ખેતરને વાડ કરી હોય તો ખેતરમાં જાનવર ન પેસે ને ચોર ચોરી ન જાય. વળી ઘરની આગળ કંપાઉન્ડ બાંધવામાં આવે છે જેથી એમ પ્રતિભાસ થાય છે કે આટલી હદ આપણી છે, તેની બહાર આપણો

હક્ક નથી; તેવી રીતે વ્રત પચ્ચક્ખાણ લેવાથી લાંબી ઈચ્છા ન થાય, નવા નવા મનોરથો–તરંગોરૂપી ચોર આત્માને દુઃખી ન કરે, તેમ વળી આત્મા પણ તેવી સ્થિતિમાં સમજી શકે કે આ ઉપરાંત મારે પ્રતિજ્ઞા છે.

## ત્રીજો અધિકાર

**खामेमु सव्वसत्ते, खमेसु तेसिं तुमे वि गयकोहो ।**
**परिहरियपुव्ववेरो, सव्वे मित्तित्ति चिंतिसु ॥**

'ક્રોધ રહિતપણે સર્વ પ્રાણીમાત્રને ખમાવો અને તે જીવોના કરેલા અપરાધને ખમો. પૂર્વનું કોઈ ભવનું પણ વેર તજી દઈને સર્વ મિત્ર છે એમ ચીંતવો.'

શ્રી વાસુપૂજ્ય–ચરિત્રમાં જેવી રીતે વાસુપૂજ્યસ્વામીના જીવ પદ્મોત્તર રાજાએ અણસણ કરતાં અવ્યવહાર રાશીના જીવોથી માંડી તમામ જીવોની સાથે ખમત–ખામણાં કર્યાં છે તેમ હું પણ સર્વ જીવોની સાથે ખમત ખામણાં કરું છું.

ઘણા કાળ સુધી અવ્યવહાર રાશીમાં (નિગોદમાં) રહેલા એવા મારા આત્માએ અનંત જંતુના સમૂહને જે કાંઇ ખેદ ઉપજાવ્યો હોય તે સર્વને ખમાવું છું. વ્યવહાર રાશીમાં આવી પૃથ્વીકાયને ધારણ કરતા એવા મારા આત્માએ પાષાણ, લોઢું, માટીરૂપે થઇ જે જે પ્રાણીઓને ખેદ ઉપજાવ્યો હોય તે સર્વે ખમાવું છું. નદી, સમુદ્ર, તળાવ, કૂવા વિગેરેમાં જળરૂપે થઇ મારા આત્માએ જે કોઈ જીવોની વિરાધના કરી હોય તે સર્વે ખમાવું છું. પ્રદીપ, વીજળી, દાવાનળ વગેરેમાં અગ્નિકાયરૂપે થયેલા મારા આત્માએ જે જીવોનો વિનાશ કર્યો હોય તે સર્વે

મન, વચન, કાયાથી ખમાવું છું. મહાવૃષ્ટિ, હિમ, ગ્રીષ્મ, ધૂલિ, દુર્ગંધ વિગેરેના સહકારો એવા મારા આત્માએ વાયુકાયમાં રહી જે જીવોનો વિનાશ કર્યો હોય તે સર્વને ખમાવું છું. વનસ્પતિ થઈને દંડ, ધનુષ્ય, બાણ, રથ, ગાડાં વગેરે રૂપે થયેલા મારા શરીરે જે જીવોને પીડા કરી હોય તે સર્વને ખમાવું છું. તથા કર્મના વશ થકી ત્રસપણાને પામીને રાગ, દ્વેષ અને મદ વડે અંધ બનેલા મારા આત્માએ જે જીવોને પીડા કરી હોય અથવા હણ્યા હોય તે સર્વને ત્રિવિધે ત્રિવિધે મન, વચન, કાયાએ કરી ખમાવું છું. તે સર્વે જીવો ચોરાશી લાખ જીવાયોનિમાં રહેલા મારો અપરાધ ક્ષમા કરો. સર્વે પ્રાણીઓ વિષે મારે મૈત્રીભાવ છે; કોઈની સાથે વેરવિરોધ નથી. વળી જિનેશ્વર ભગવાનની પ્રતિમા તથા ચૈત્ય તથા મુકુટ આદિ વસ્તુઓમાં મારું શરીર પૃથ્વીકાયરૂપે આવ્યું હોય તેની અનુમોદના કરું છું. તથા જળરૂપે થયેલ મારી કાય જિનેશ્વર ભગવાનના સ્નાનાદિ ક્રિયામાં ભાગ્યયોગે આવેલ હોય તો તેનું અનુમોદન કરું છું. વળી જિનેશ્વર ભગવાનની આગળ ધૂપ ઉત્ક્ષેપમાં તથા દીપક વગેરેમાં મારી કાય અગ્નિકાયરૂપે આવેલ હોય તેની અનુમોદના કરુ છું, તથા તીર્થયાત્રામાં નીકળેલ સંઘના પરિશ્રમના નિવારણમાં વાયુકાયરૂપે મારી કાય કદાચ ઉપયોગમાં આવી હોય તો તેની અનુમોદના કરું છું. તથા વનસ્પતિકાયરૂપે મારી કાય મુનિરાજોના પાત્રમાં, દાંડામાં તથા જિનેશ્વર ભગવાનની પૂજાનાં ફૂલ વગેરેમાં ઉપયોગી થઈ હોય તેની અનુમોદના કરું છું. આ પ્રમાણે અનંત ભવમાં ઉત્પન્ન કરેલ જે દુષ્કૃતના ઓઘ તેને નિંદુ છું

અને કદાચિત કોઈ વખતે થયેલ સુકૃતની અનુમોદના કરું છું.

## ચોથો અધિકાર

ચોથા અધિકારે અઢાર પાપસ્થાનક આલોવવાં તે પ્રથમ કહેવાયેલ છે.

## પાંચમો અધિકાર

પાંચમા અધિકારે આ પ્રમાણે ચાર શરણ કરવાંઃ

### પ્રથમ અરિહંત શરણ

**रागदोसारीणं हंता, कमट्ठगाई अरिहंता।**
**विसयकसायारीणं, अरिहंता हुंतु मे सरणं ॥**

રાગ અને દ્વેષરૂપી આત્માના વેરીઓને હણનાર અને આઠ કર્માદિક શત્રુને હણનાર તથા વિષય-કષાયાદિક વેરીઓને હણનાર એવા અરિહંત ભગવાનનું મને શરણ થાઓ.

**रायसिरिमवकसित्ता, तवचरणं दुच्चरं अणुचरित्ता।**
**केवलसिरिमरहंता, अरिहंता हुंतु मे सरणं ॥**

રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરી દુષ્કર તપ અને ચારિત્ર સેવીને કેવલજ્ઞાનરૂપ લક્ષ્મીને યોગ્ય થયા એવા અરિહંતનું મને શરણ હો તથા સ્તુતિ અને વંદન કરવાને લાયક તથા ઇન્દ્ર ને ચક્રવર્તિની પૂજાને યોગ્ય, શાશ્વત સુખ પામવાને સમર્થ એવા અરિહંત પરમાત્માનું મને શરણ થાઓ. સમવસરણમાં બેસીને પાંત્રીસ વાણીના ગુણો સહિત ધર્મકથા કહેતા, ચોત્રીસ અતિશયો વડે કરી યુકત એવા અરિહંત પરમાત્મા મને શરણભૂત થાઓ. એક વચને કરી પ્રાણીઓના અનેક સંદેહોને એક કાળે છેદી નાખતા અને ત્રણ જગતના જીવોને ઉપદેશ આપતા અરિહંત પરમાત્માનું

મને શરણ થાઓ. વચનામૃત વડે જગતના જીવોને શાંતિ પમાડતા અને અનેક પ્રકારના ગુણોમાં જીવોને સ્થાપન કરતા તથા જીવલોકનો ઉદ્ધાર કરતા અરિહંત પરમાત્માનું મને શરણ થાઓ.

વળી અતિ અદ્‌ભુત ગુણવાળા અને પોતાના યશરૂપી ચંદ્ર વડે તમામ દિશાઓને પ્રકાશ કરતા અનંત અરિહંતોને શરણપણે મેં અંગીકાર કર્યા છે. વળી જેમણે જન્મ-મરણ તજ્યાં છે તથા તમામ દુઃખોથી પીડાયેલા પ્રાણીઓને જે શરણભૂત છે અને ત્રણ જગતના જીવોને અપૂર્વ સુખ આપનાર છે એવા અરિહંત પરમાત્માઓને મારા નમસ્કાર હો.

## બીજું સિદ્ધ શરણ

**कम्मट्ठखयसिद्धा, साहावियनाणदंसणसमिद्धा ।**
**सव्वट्ठलद्धिसिद्धा, ते सिद्धा हुंतु मे सरणं ॥**

આઠ કર્મનો ક્ષય કરીને સિદ્ધ થયેલા અને સ્વાભાવિક જ્ઞાનદર્શનની સમૃદ્ધિવાળા તથા સર્વ અર્થની લબ્ધિઓ સિદ્ધ થઈ છે જેમને તેવા સિદ્ધ પરમાત્માનું મને શરણ હો.

**तियलोअमत्थयत्था, परमपयत्था अचिंतसामत्था ।**
**मंगलसिद्धपयत्था, सिद्धा सरणं सुहपसत्था ॥**

ત્રણ ભુવનના અગ્રભાગ ઉપર રહેલા તથા પરમ પદ કહેતાં મોક્ષમાં રહેલા એટલે સકળ કર્મનો ક્ષય કરી સિદ્ધ થયેલા તથા અચિંત્ય સામર્થ્યવાળા અને મંગળભૂત સિદ્ધ સ્થાનમાં રહેનારા, અનંત સુખે કરી પ્રશસ્ત શોભાયમાન એવા સિદ્ધ પરમાત્માનું મને શરણ થાઓ.

તથા રાગાદિ શત્રુઓનો તિરસ્કાર કર્યો છે જેમણે, વળી ધ્યાનરૂપ અગ્નિએ કરી બાળ્યું છે ભવબીજ જેમણે એવા

અને યોગીશ્વરોને આશ્રય કરવા યોગ્ય તથા ભવ્ય પ્રાણીઓને સ્મરણ કરવા યોગ્ય સિદ્ધ પરમાત્માઓનું મને શરણ હો. વળી જગતના જીવોને આનંદ પમાડનારા અને ગુણના સમૂહથી ભરેલા, નાશ કર્યો છે ભવરૂપ કંદ જેઓએ અને કેવલજ્ઞાનના પ્રકાશ વડે ચંદ્ર તથા સૂર્યના પ્રકાશને અલ્પ કરતા,રાગ દ્વેષ આદિનો ઉચ્છેદ કરતા એવા સિદ્ધ પરમાત્માઓ મને શરણભૂત થાઓ પ્રાપ્ત કર્યું છે ઉત્કૃષ્ટ જ્ઞાન જેમણે તથા મોક્ષરૂપ દુર્લભ લાભ મેળવ્યો છે જેમણે તથા મૂકયા છે અનેક પ્રકારના સમારંભ જેમણે અને વળી ત્રણ ભુવનરૂપ ઘરને ધારણ કરવામાં સ્થંભ સમાન અને આરંભ રહિત એવા સિદ્ધ પરમાત્માઓ મને શરણભૂત થાઓ.

## ત્રીજું સાધુમુનિરાજનું શરણ

**जिअलोअबंधुणो कुगइ सिंधुणो पारगामहाभागा ।**
**नाणाइएहिं सिवसुखसाहगा साहुणो सरणं ॥**

સમગ્ર જીવલોકના બંધુ અને કુગતિરૂપ સમુદ્રના પાર પામનાર મહાભાગ્યવાળા અને જ્ઞાન, દર્શન, ચારિત્ર વડે મોક્ષસુખના સાધનાર એવા મુનિરાજો શરણભૂત હો.

**केवलिगो परमोही, विउलमइ सुयहरा जिणमयंमि ।**
**आयरिय उवज्झाया, ते सव्वे साहुणो सरणं ॥**

કેવળજ્ઞાનીઓ તથા પરમાવધિજ્ઞાનવાળા તથા વિપુલમતિ મનઃપર્યવજ્ઞાનવાળા તથા શ્રતજ્ઞાનને ધારણ કરનારા તથા જિનમતને વિષે રહેલા આચાર્યો અને ઉપાધ્યાયો–તે સર્વે સાધુઓ મને શરણભૂત થાઓ.

चउदसदसनवपुव्वी, दुवालसिक्कारसंगिणो जे अ ।
जिणकप्पाऽहालंदिअ; परिहारविसुद्धि साहू अ ॥

ચૌદ પૂર્વી, દશ પૂર્વી, નવ પૂર્વી તથા બાર અંગના ધારણ કરનાર, અગિયાર અંગના ધારનાર તથા જિનકલ્પી, યથાલંદી, પરિહાર વિશુદ્ધ ચારિત્રવાળા તથા ક્ષીરાશ્રવ, મધ્વાશ્રવ લબ્ધિવાળા, સંભિન્ન શ્રોત લબ્ધિવાળા તથા કોષ્ટબુદ્ધિવાળા તથા ચારણમુનિઓ તથા વૈક્રિયલબ્ધિવાળા તથા પદાનુસારી લબ્ધિવાળા સાધુઓ મને શરણભૂત થાઓ.

તથા તોડયું છે સ્નેહરૂપ બંધન જેમણે તથા નિર્વિકારી સ્થાનમાં રહેનાર તથા સજ્જન પુરુષોને આનંદ આપનાર અને આત્મરમણતામાં રમનાર મુનિરાજો મને શરણભૂત થાઓ. વળી દૂર કર્યા છે વિષય-કષાયો જેમણે, ત્યાગ કર્યા છે સ્ત્રીસંગના સુખનાં આસ્વાદનો જેમણે તથા હર્ષ, શોક, પ્રમાદ વગેરેને દૂર કરનારા એવા મુનિરાજો મને શરણભૂત થાઓ.

આ પ્રમાણે સાધુનું શરણ કરીને પછી હર્ષયુક્ત ચિત્તવાળો થયો થકો કેવલીભાષિત ધર્મનું શરણ સ્વીકારવા માટે નીચે પ્રમાણે કહે છેઃ

## ચોથું કેવલીભાષિત ધર્મનું શરણ

निद्दलिअकलुसकम्मो, कयसुहजम्मो खलीकयअहम्मो ।
पमुहपरिणामरम्मो, सरणं मे होउ जिणधम्मो ॥

અતિશય દળી નાખ્યા છે માઠાં કર્મ જેણે તથા કર્યો છે શુભ જન્મ જેણે તથા દૂર કર્યો છે અધર્મ જેણે ઇત્યાદિક પરિણામે સુંદર જિનધર્મ મને શરણભૂત થાઓ.

**पसमिअकामक्कमोहं, दिट्ठादिट्ठेसु न कलियविरोहं ।**
**सिवसुहफलयममोहं, धम्मं सरणं. पवन्नोहं ॥**

વિશેષે કરીને કામનો ઉન્માદ સમાવનાર તથા દેખેલા અથવા નહિ દેખેલા પદાર્થોનો નથી કર્યો વિરોધ જેમાં તથા મોક્ષસુખરૂપ ફળને આપનાર એવા સફળ ધર્મનું મને શરણ થાઓ.

વળી નરકગતિને છેદી નાખનાર તથા ગુણના સમૂહથી ભરેલ અને બીજા વાદીઓથી પણ ક્ષોભ ન કરી શકાય તેવો અને હણ્યો છે કામરૂપી સુભટ જેણે એવા ધર્મના શરણને હું અંગીકાર કરું છું.

જૈનધર્મ જગતના જીવોને અપૂર્વ કલ્પવૃક્ષ સમાન છે; સ્વર્ગ અપવર્ગના સુખરૂપી ફળો આપનાર છે. ધર્મ પરમ બંધુ સમાન, સારા મિત્ર સમાન તથા પરમ ગુરુ સમાન છે. મોક્ષ માર્ગમાં ગમન કરનાર જીવોને ધર્મ સુંદર રથ સમાન છે. આવા પ્રકારના કેવલીભાષિત ધર્મનું મને શરણ હો. આ પ્રમાણે ધર્મનું શરણ અંગીકાર કરવું.

આત્માએ વિચાર કરવો કે ભવાંતર જતાં મને કોઇ શરણભૂત-આધારભૂત થાય તેમ નથી, માટે ખરું શરણ આ ચારનું જ કરું કે જેથી મારી શુભ ગતિ થાય.

## ચાર શરણાં વગેરે ( પદ્ય )

(૧) મુજને ચાર શરણાં હોજો: અરિહંત સિદ્ધ સુસાધુજી; કેવલી ધર્મ પ્રકાશિયો, રતન અમુલખ લાધ્યુંજી ॥ ૧ ॥ ચિહું ગતિતણાં દુઃખ છેદવા, સમરથ શરણાં એહોજી; પૂર્વે મુનિવર જે હુવા, તેણે કીયાં શરણાં

તેહોજી ॥ ૨ ॥ સંસારમાંહી જીવને સમરથ શરણું ચારોજી; ગણિ સમયસુંદર ઈમ કહે, કલ્યાણ મંગલકારોજી ॥ ૩ ॥

(૨) લાખ ચોરાશી જીવ ખમાવીએ, મન ધરી પરમ વિવેકજી; મિચ્છામિ દુક્કડં દીજીએ, ગુરુ વચને પ્રત્યેકજી ॥ લાખ૦ ॥ ૧ ॥ સાત લાખ ભૂદગ તેઉ વાઉના, દસ ચૌદ વનના ભેદોજી; ષટ વિગલ સુર તિરિ નારકી, ચાર ચાર ચૌદ નરના ભેદોજી ॥ લાખ૦ ॥ ૨ ॥ મુજને વેર નહિ કોઇશું, સહુશું મિત્રીભાવોજી; ગણિ સમયસુંદર ઈમ કહે, પામીશું પુન્ય પ્રભાવોજી ॥ લાખ૦ ॥ ૩ ॥

(૩) પાપ અઢાર જીવ પરિહરો, અરિહંત સિદ્ધની સાખેજી; આલોવ્યાં પાપ છૂટીએ, ભગવંત એણીપેરે ભાખેજી ॥ પાપ૦ ॥ ૧ ॥ આશ્રવ કષાય દોય બાંધવા, વળી કલહ અભ્યાખ્યાનજી; રતિ અરતિ પૈશુન નિંદના, માયામોસ મિથ્યાત્વજી ॥ પાપ૦ ॥ ૨ ॥ મન, વચન, કાયાએ જે કીયાં, મિચ્છામિ દુક્કડં તેહોજી; ગણિ સમયસુંદર ઈમ કહે, જૈન ધર્મનો મર્મ એહોજી. ॥ પાપ૦ ॥ ૩ ॥

(૪) ધન ધન તે દિન કદી હોશે, હું પામીશ સંયમ સુદ્ધોજી, પૂર્વે ઋષિપંથે ચાલશું, ગુરુવચને પ્રતિબુદ્ધાજી ॥ ધન૦ ॥ ૧ ॥ અંત પંત ભિક્ષા ગોચરી, રણવટ કાઉસગ્ગ કરશું જી, સમતા ભાવ શત્રુ મિત્રશું, સંવેગ સુદ્ધો ધરશું જી ॥ ધન૦ ॥ ૨ ॥ સંસારના સંકટ થકી, હું છૂટીશ જિનવચને અવતારોજી, ગણિ સમયસુંદર ઈમ કહે, હું પામીશ ભવનો પારોજી ॥ ધન૦ ॥ ૩ ॥ ઇતિ ચાર શરણ સમાપ્ત.

## છઠ્ઠો અધિકાર—દુષ્કૃતની નિંદા

આખી જિંદગીમાં જે જે પાપ કર્મો કર્યાં હોય તેની આત્મસાક્ષીએ નિંદા કરવી. તે આ પ્રમાણે :

'ઉત્સૂત્ર પ્રરૂપણા કરી હોય તથા પોતાની બુદ્ધિ પ્રમાણે અર્થના અનર્થ કર્યા હોય; હળ, હથિયાર, ઘંટી વગેરે જીવોનો સંહાર થાય તેવાં અધિકરણો વસાવ્યાં હોય, પાપો કરીને કુટુંબને પોષ્યાં હોય, ઇત્યાદિ દુષ્કર્મો આ ભવ તથા પરભવમાં કે ભવોભવમાં કીધાં હોય તે તમામ દુષ્કર્મોને મન, વચન, કાયાએ કરી આત્મસાક્ષીથી નિંદુ છું.' એ પ્રમાણે પશ્ચાત્તાપ કરવો.

## સાતમો અધિકાર—સુકૃતની અનુમોદના

આખા ભવમાં જે જે સુકૃત્યો—સારાં કૃત્યો કર્યાં હોય તેની અનુમોદના કરવી. જેમકે તીર્થયાત્રા કરી હોય, સુપાત્રે દાન આપ્યું હોય, શીલવ્રત પાળ્યું હોય, માસક્ષમણ, સોળ, આઠ, છ, ચાર, ત્રણ એ વગેરે ઉપવાસો તથા આયંબિલાદિકની તપશ્ચર્યા કરી હોય, શુદ્ધ ભાવના ભાવી હોય, ગિરિરાજની નવાણું યાત્રા કરી હોય, ઉપધાન તપ, શાસન પ્રભાવના વગેરે જે જે શુભ કાર્યો તીર્થંકર ગણધરના આગમને અનુસરી શુભ ભાવનાથી આત્માના હિતને માટે કર્યાં હોય તેની અનુમોદના કરું છું. આત્માનું ઉભય લોકોમાં હિત કરનારા આગમોના નામ નીચે પ્રમાણે છે:

| ૧૧ અંગનાં નામ | | ૧૦ પયન્ના | |
|---|---|---|---|
| ૧ | શ્રી આચારાંગ સૂત્ર | ૧ | શ્રી ચઉસરણ પયન્નો |
| ૨ | ,, સુયગડાંગ ,, | ૨ | ,, આઉર પચ્ચખાણ ,, |
| ૩ | ,, ઠાણાંગ ,, | ૩ | ,, મહાપચ્ચખાણ ,, |
| ૪ | ,, સમવાયાંગ ,, | ૪ | ,, ભત્તપરિજ્ઞા ,, |
| ૫ | ,, ભગવતી ,, | ૫ | ,, તંદુલવેયાલ ,, |
| ૬ | ,, જ્ઞાતાધર્મકથાંગ,, | ૬ | ,, ગણિવિજ્જા ,, |

| | | | |
|---|---|---|---|
| ૭ | ,, ઉપાસકદશાંગ સૂત્ર | ૭ | શ્રી ચંદ્ર વિજ્ઞા પયન્નો |
| ૮ | ,, અંતગડદશાંગ ,, | ૮ | ,, દેવેન્દ્ર સ્તવ ,, |
| ૯ | ,, અનુત્તરોવવાઈય ,, | ૯ | ,, મરણ સમાધિ ,, |
| ૧૦ | ,, પ્રશ્ન વ્યાકરણ ,, | ૧૦ | ,, સંથારા ,, |
| ૧૧ | ,, વિપાક ,, | ૬ | છેદસૂત્ર |
| ૧૨ | ઉપાંગનાં નામ | ૧ | શ્રી દશાશ્રુતસ્કંધ છેદ સૂત્ર |
| ૧ | શ્રી ઉવવાઈ સૂત્ર | ૨ | ,, બૃહત્કલ્પ ,, ,, |
| ૨ | ,, રાયપસેણી ,, | ૩ | ,, વ્યવહાર ,, ,, |
| ૩ | ,, જીવાભિગમ ,, | ૪ | ,, જીતકલ્પ ,, ,, |
| ૪ | ,, પન્નવણા ,, | ૫ | ,, લઘુનિશીથ ,, ,, |
| ૫ | ,, સૂરપન્નત્તિ ,, | ૬ | ,, મહાનિશીથ ,, ,, |
| ૬ | ,, જંબૂદ્વીપપન્નત્તિ ,, | ૪ | મૂળ સૂત્ર |
| ૭ | ,, ચંદ્ર પન્નત્તિ ,, | ૧ | શ્રી આવશ્યક મૂલ સૂત્ર |
| ૮ | ,, નિરયાવલી ,, | ૨ | ,, દશવૈકાલિક ,, ,, |
| ૯ | ,, કપ્પવડિંસિયા ,, | ૩ | ,, ઉત્તરાધ્યયન ,, ,, |
| ૧૦ | ,, પુષ્ફિયા ,, | ૪ | ,, પિંડનિર્યુક્તિ ,, ,, |
| ૧૧ | ,, પુપ્ફચુલિયા ,, | | કુલ ૪૩ |
| ૧૨ | ,, વન્હિદસા ,, | ૪૪ | શ્રી નંદી સૂત્ર |
| | | ૪૫ | શ્રી અનુયોગદ્વાર સૂત્ર |

વીતરાગ પરમાત્માના વચનથી અલંકૃત થયેલા ઉપર જણાવેલ ૪૫ આગમો તેમાંથી ૧–૨–૩ અથવા સંપૂર્ણ શ્રવણ કર્યાં હોય તે મારા આત્માને શરણભૂત થાઓ.

## આઠમો અધિકાર–શુભ ભાવના

ભાવશુદ્ધિ કરવી એટલે સમતાવાળા પરિણામ કરવા. સુખ–દુઃખનું કારણ જીવને પોતાનાં કરેલાં કર્મ સિવાય

બીજું કોઇ નથી; માટે હે આત્મા ! જે જે દુઃખ આવે તે સમભાવે સહન કરજે. જેવું કરીશ તેવું ફળ પામીશ, માટે કોઇ ઉપર દ્વેષ નહિ કરતાં સમતાભાવમાં લીન થજે.

## નવમો અધિકાર અનશન–(આહારત્યાગરૂપ) કરવું

યોગ્ય અવસરે અમુક વખત સુધી ચારે આહારનાં અથવા ત્રણ આહારનાં પચ્ચક્ખાણ કરવાં. આજકાલ જીવોથી ચાર આહારના જાવજીવ સુધીનાં પચ્ચક્ખાણ થઇ શકે નહિ, કારણ કે તેવું સંઘયણ નથી તેમ તેવું જ્ઞાન નથી; માટે અમુક સમય સુધીનાં પચ્ચક્ખાણ કરાવવાં.

## દશમો અધિકાર–નમસ્કાર કરવા

દશમા અધિકારે નમસ્કારરૂપ મહામંત્રનું સ્મરણ કરવું. તેનું ધ્યાન કરવું. શુભ યોગથી એક નવકાર પણ ગણવાથી ઘણાં કર્મો તે જ વખતે ભસ્મીભૂત થઇ જાય છે. છેલ્લા સમયમાં જીવોએ અપૂર્વ ચિંતામણિ રત્નથી અધિક નવકાર મંત્રનું ધ્યાન છોડવું નહિ–તેમાં જ લયલીન થવું.

ઉપર પ્રમાણે દશ અધિકાર પ્રથમ મૂળ ગાથામાં બતાવેલ છે તે વિસ્તારથી બતાવ્યા. આ દશ અધિકાર જીવોને શુભ ગતિમાં લઇ જનારા હોવાથી દરેક ભવ્ય જીવોએ તેને મન, વચન, કાયાએ કરી આદરવા.

આ અવસરે દશ અધિકારનું (પુણ્યપ્રકાશનું) સ્તવન તથા પદ્માવતીજીની વરાશિ વગેરે સમય હોય તો સાંભળવું–સંભળાવવું.

**શ્રી વિનયવિજયોપાધ્યાય વિરચિત**

# શ્રી પુણ્યપ્રકાશનું સ્તવન

## દુહા

સકલ સિદ્ધિદાયક સદા ।। ચોવીશે જિનરાય ।। સહ-ગુરુ સામિની સરસતી ।। પ્રેમે પ્રણમું પાય ।। ૧ ।। ત્રિભુવન પતિ ત્રિશલાતણો ।। નંદન ગુણ ગંભીર ।। શાસન નાયક જગ જયો ।। વર્દ્ધમાન વડ વીર ।। ૨ ।। એક દિન વીર જિણંદને ।। ચરણે કરી પ્રણામ ।। ભવિક જીવના હિત ભણી ।। પૂછે ગૌતમ સ્વામ ।। ૩ા મુકિત માર્ગ આરાધીએ ।। કહો કિણ પેરે અરિહંત ।। સુધા સરસ તવ વચન રસ ।। ભાખે શ્રી ભગવંત ।। ૪ ।। અતિચાર આલોઇએ ।। વ્રત ધરીએ ગુરુ સાખ ।। જીવ ખમાવો સકળ જે ।। ચોનિ ચોરાશી લાખ ।। ૫ ।। વિધિશું વળી વોસરાવીએ ।। પાપસ્થાન અઢાર ।। ચાર શરણ નિત્ય અનુસરો ।। નિંદો દુરિતઆચાર ।। ૬ ।। શુભ કરણી અનુમોદીએ ।। ભાવ ભલો મન આણ ।। અણસણ અવસર આદરી ।। નવપદ જપો સુજાણ ।। ૭ ।। શુભ ગતિ આરાધનતણા ।। એ છે દશ અધિકાર ।। ચિત્ત આણીને આદરો ।। જેમ પામો ભવ પાર ।। ૮ ।।

## ।। ઢાળ ૧ લી ।।

### ( એ છિંડી કીહાં રાખી–એ દેશી )

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વીરજ ।। એ પાંચે આચાર ।। એહ તણા ઇંહ ભવ પરભવના ।। આલોઇએ અતિચાર રે ।। પ્રાણી ! જ્ઞાન ભણો ગુણ ખાણી ।। વીર વદે એમ વાણી રે ।। પ્રા૦ ૧ ।। એ આંકણી ।। ગુરુઓળવીએ નહિ ગુરુ વિનયે ।। કાળે ધરી બહુમાન ।। સૂત્ર અર્થ તદુભય કરી સુધાં ।।

ભણીએ વહી ઉપધાન રે॥ પ્રા૦ ૨ ॥ જ્ઞાનોપગરણ પાટી પોથી॥ ઠવણી નોકારવાળી ॥ તેહ તણી કીધી આશાતના॥ જ્ઞાન ભક્તિ ન સંભાળી રે॥ પ્રા૦ ૩ ॥ ઇત્યાદિક વિપરિતપણાથી ॥ જ્ઞાન વિરાધ્યું જેહ॥ આભવ પરભવ વળી રે ભવો ભવ॥ મિચ્છામિ દુક્કડં તેહ રે॥ પ્રા૦ ૪ ॥ સમકિત લ્યેા શુદ્ધ જાણી ॥ વીર વદે એમ વાણી રે॥ પ્રા૦ ॥સ૦॥ જિનવચને શંકા નવી કીજે॥ નવી પરમત અભિલાષ ॥ સાધુતણી નિંદા પરિહરજો ॥ ફળ સંદેહ મ રાખ રે॥ પ્રા૦॥ સ૦ ॥ ૫॥ મૂઢપણું છંડો પરશંસા॥ ગુણવંતને આદરીએ ॥ સામીને ધરમે કરી થિરતા ॥ ભક્તિ પ્રભાવના કરીએ રે॥ પ્રા૦ ॥ સ૦ ॥ ૬ ॥ સંઘ ચૈત્ય પ્રાસાદ તણેા જે ॥ અવર્ણવાદ મન લેખ્યેા॥ દ્રવ્ય દેવકેા જે વિણસાડયેા ॥ વિણસંતાં ઉવેખ્યેા રે॥ પ્રા૦ ॥ સ૦ ॥ ૭॥ ઇત્યાદિક વિપરીતપણાથી ॥ સમકિત ખંડયું જેહ ॥ આભવ૦ ॥ મિચ્છા૦ પ્રા૦ ॥ ૮॥ ચારિત્ર લ્યેા ચિત્ત આણી ॥ પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાધી॥ આઠે પ્રવચન માય ॥ સાધુતણે ધરમે પરમાદે॥ અશુદ્ધ વચન મન કાય રે॥ પ્રા૦ ॥ ચા૦ ॥ ૯॥ શ્રાવકને ધરમે સામાયક ॥ પોસહમાં મન વાળી ॥ જે જયણાપૂર્વક એ આઠે ॥ પ્રવચન માય ન પાળી રે॥ પ્રા૦ ॥ ચા૦ ॥ ૧૦ ॥ ઇત્યાદિક વિપરીતપણાથી ॥ ચારિત્ર ડોળ્યું જેહ ॥ આભવ૦ ॥ મિચ્છા૦ ॥ પ્રા૦ ॥ ચા૦ ॥ ૧૧ ॥ બારે ભેદે તપ નવી કીધેા ॥ છતે જોગે નિજ શકતે ॥ ધર્મે મન વચ કાયા વિરજ ॥ નવી ફોરવીઉં ભગતે રે॥ પ્રા૦ ॥ ચા૦ ॥ ૧૨ ॥ તપ વિરજ આચારે એણી પરે ॥ વિવિધ વિરાધ્યાં જેહ ॥ આભવ૦ ॥

મિ૦ ॥ પ્રા૦ ॥ ચા૦ ॥ ૧૩ ॥ વળીય વિશેષે ચારિત્ર કેરા ॥ અતિચાર આલોઇએ ॥ વીર જિનેશ્વર વયણ સુણીને ॥ પાપ મેલ સવી ધોઇએ રે ॥ પ્રા૦ ॥ ચા૦ ॥ ૧૪ ॥

## ॥ ઢાળ ૨ જી ॥

### ( પામી સુગુરુ પસાય—એ દેશી )

પૃથ્વી પાણી તેઉ ॥ વાયુ વનસ્પતિ ॥ એ પાંચે થાવર કહ્યાં એ ॥ ૧ ॥ કરી કરસણ આરંભ ॥ ખેત્ર જે ખેડીયાં । કૂવા તળાવ ખણાવિયાંએ ॥ ૨ ॥ ઘર આરંભ અનેક ॥ ટાંકા ભોંયરાં ॥ મેડી માળ ચણાવિયાએ ॥ ૩ ॥ લીંપણ ગૂંપણ કાજ ॥ એણીપરે પરેપરે ॥ પૃથ્વીકાય વિરાધીયાએ ॥૪॥ ધોયણ નાહણ પાણી ॥ ઝીલણ અપકાય ॥ છોતિ ધોતિ કરી દુહવ્યાએ ॥ ૫ ॥ ભાઠીગર કુંભાર ॥ લોહ સોવનગરા ॥ ભાડભુંજા લિહાલાગરાએ ॥ ૬ ॥ તાપણ શેકણ કાજ ॥ વસ્ત્ર નિખારણ ॥ રંગણ રાંધણ રસવતીએ ॥ ૭ ॥ એણી પરે કર્માદાન ॥ પરે પરે કેળવી ॥ તેઉ વાયુ વિરાધીયાએ ॥ ૮ ॥ વાડી વન આરામ ॥ વાવી વનસ્પતિ ॥ પાન ફૂલ ફળ ચૂંટિયાંએ ॥ ૯ ॥ પુંખ પાપડી શાક ॥ શેકયાં સૂકવ્યાં છેદ્યાં છુંદ્યાં આથીયાંએ ॥ ૧૦ ॥ અળશી નેએરંડ ॥ ઘાણી ઘાલીને ॥ ઘણા તિલાદિક પીલીયાએ ॥ ૧૧ ॥ ઘાલી કોલુ માંહે ॥ પીલી શેલડી ॥ કંદમૂળ ફળ વેચીયાંએ ॥ ૧૨ ॥ એમ એકેંદ્રીજીવ ॥ હણ્યા હણાવીયા હણતાં જે અનુમોતે મુજ મિચ્છામિ દુક્કડં એ ॥૧૪॥ કૃમી સરમિયા કીડા દ્વિયાએ ॥ ૧૩ ॥ આ ભવ પરભવ જેહ ॥ વળીય ભવોભવે ॥ ગાડર ગાંડોલા ॥ એળ પૂરા અળશિયાંએ ॥ ૧૫ ॥

વાળા જળો ચૂડેલ ।। વિચલિત રસ તણુા ।। વળી અથાણું પ્રમુખનાએ ।। ૧૬ ।। એમ બે ઇંદ્રી જીવ ।। જે મેં દુહવ્યા ।। તે મુજ મિચ્છામિ દુક્કડં એ ।। ૧૭ ।। ઉધેહી જુ લીખ ।। માંકડ મંકોડા ।। ચાંચડ કીડી કુંથુઆએ ।। ૧૮ ।। ગદ્ધીઆં ઘીમેલ કાનખજૂરીયા ।। ગીંગોડા ધનેરીયાંએ ।। ૧૯ ।। એમ તેઇંદ્રી જીવ ।। જે મેં દુહવ્યા ।। તે મુજ મિચ્છામિ દુક્કડં એ ।।૨૦।। માખી મચ્છર ડાંસ ।। મસા પતંગિયાં ।। કંસારી કોલિયાવડાએ ।।૨૧।। ઢીંકણ વિંછુ તીડ ।। ભમરા ભમરીયો ।। કોતાં બગ ખડમાંકડીએ ।।૨૨।। એમ ચૌરિંદ્રી જીવ ।। જે મેં દુહવ્યા ।। તે મુજ મિચ્છામિ દુક્કડં એ ।। ૨૩।। જળમાં નાખી જાળરે ।। જળચર દુહવ્યા ।। વનમાં મૃગ સંતાપીઆએ ।। ૨૪ ।। પીડયા પંખી જીવ ।। પાડી પાસમાં ।। પોપટ ઘાલ્યા પાંજરેએ ।। ૨૫ ।। એમ પંચેંદ્રી જીવ ।। જે મેં દુહવ્યા ।। તે મુજ મિચ્છામિ દુક્કડં એ ।। ૨૬ ।।

( ઢાળ ૩ જી )

।। વાણી વાણી હિતકારીજી—એ દેશી ।।

ક્રોધ લોભ ભય હાસ્યથીજી ।। બોલ્યા વચન અસત્ય ।। કૂડ કરી ધન પારકાંજી ।। લીધાં જેહ અદત્તરે ।। જિનજી મિચ્છામિ દુક્કડં આજ ।। તુમ સાખે મહારાજરે ।। જિનજી ।। દેઇ સારું કાજરે ।। જિનજી ।। મિચ્છામિ દુક્કડં આજ ।।૧।। એ આંકણી ।। દેવ મનુજ તિર્યંચનાંજી ।। મૈથુન સેવ્યાં જેહ ।। વિષયારસ લંપટ પણેજી ।। ઘણું વિડંબ્યો દેહરે ।। જિનજી० ।। ૨ ।। પરિગ્રહની મમતા કરીજી ।। ભવે ભવે મેળી આથ ।। જે જીહાંની તે તીહાં રહીજી ।। કોઇ ન આવી સાથરે ।।

જિનજી૦ ॥ ૩ ॥ રયણી ભોજન જે કર્યાંજી ॥ કીધાં ભક્ષ અભક્ષ॥ રસના રસની લાલચેજી॥ પાપ કર્યાં પ્રત્યક્ષ રે॥ જિનજી૦ ॥ ૪॥ વ્રત લેઇ વિસારિયાંજી॥ વળી ભાંગ્યા પચ્ચખાણુ ॥ કપટ હેતુ કીરીયા કરીજી ॥ કીધાં આપ વખાણુરે॥ જિનજી૦ ॥ ૫॥ ત્રણુ ઢાળ આઠે દુહેજી ॥ આળોયા અતિચાર ॥ શિવગતિ આરાધન તણોજી ॥ એ પહેલેા અધિકાર રે॥ જિનજી૦ ૬ ॥

## ॥ ઢાળ ૪ થી ॥
## ( સાહેલડીની દેશી )

પંચ મહાવ્રત આદરો સાહેલડીરે॥ અથવા લ્યેા વ્રત બાર તેા ॥ યથાશક્તિ વ્રત આદરી સાહેલડી રે॥ પાળેા નિરતિચાર તેા ॥૧॥ વ્રત લીધાં સંભારીએ ॥સા૦॥ હૈડે ધરીય વિચારતેા ॥ શિવગતિ આરાધન તણેા ॥ સા૦ ॥ એ બીજો અધિકારતેા ॥ ૨ ॥ જીવ સર્વે ખમાવીએ ॥ સા૦ ॥ ચેાનિ ચેારાશી લાખતેા ॥મને શુદ્ધે કરી ખામણાં ॥ સા૦ ॥ કેાઈશું રેાષ ન રાખતેા ॥ ૩ ॥ સર્વ મિત્ર કરી ચિંતવેા ॥ સા૦ ॥ કેાઇ ન જાણેા શત્રુ તેા ॥ રાગ દ્વેષ એમ પરહરી ॥ સા૦ ॥ કીજે જન્મ પવિત્રતેા ॥ ૪ ॥ સામી સંધ ખમાવીએ ॥સા૦॥ જે ઉપની અપ્રીતિતેા ॥ સજન કુટુંબ કરેા ખામણાં ॥ સા૦ ॥ એ જિનશાસન રીતિતેા ॥૫॥ ખમીએ ને ખમાવીએ ॥સા૦॥ એહ જ ધર્મનું સારતેા ॥ શિવગતિ આરાધન તણેા ॥ સા૦ ॥ એ ત્રીજો અધિકારતેા ॥ ૬॥ મૃષાવાદ હિંસા ચેારી ॥સા૦॥ ધનમૂર્ચ્છા મૈથુન તેા ॥ ક્રોધ માન માયા તૃષ્ણા ॥સા૦॥ પ્રેમ દ્વેષ પૈશૂન તેા ॥૭॥ નિંદા કલહ ન કીજીએ ॥સા૦॥ કૂડાં ન દીજે આળતેા

॥ રતિ અરતિ મિથ્યા તજે ॥ સા૦ ॥ માયા મોહ જંજાળતો ॥ ૮ ॥ ત્રિવિધ ત્રિવિધ વોસરાવીએ ॥સા૦॥ પાપસ્થાન અઢારતો ॥ શિવગતિ આરાધન તણો ॥ સા૦ ॥ એ ચોથો અધિકાર તો ॥૯॥

## ॥ ઢાળ ૫ મી ॥

### ( હવે નિસુણો ઇહાં આવીયા–એ દેશી )

જનમ જરા મરણે કરી એ ॥ એ સંસાર અસારતો ॥ કર્યાં કર્મ સહુ અનુભવે એ ॥ કોઇ ન રાખણહાર તો ॥ ૧ ॥ શરણ એક અરિહંતનું એ ॥ શરણ સિદ્ધ ભગવંત તો ॥ શરણ ધર્મ શ્રી જૈનનો એ ॥ સાધુ શરણ ગુણવંત તો ॥ ૨ ॥ અવર મોહ સવિ પરિહરીએ ॥ ચાર શરણ ચિત્ત ધાર તો ॥ શિવગતિ આરાધન તણો એ ॥ એ પાંચમો અધિકાર તો ॥ ૩ ॥ આ ભવ પરભવ જે કર્યાં એ ॥ પાપ કર્મ કેઇ લાખ તો ॥ આત્મ સાખે તે નિંદીએ એ ॥ પડિકમીએ ગુરુ સાખ તો ॥ ૪ ॥ મિથ્યા મતિ વર્તાવિયા એ ॥ જે ભાખ્યા ઉત્સૂત્ર તો ॥ કુમતિ કદાગ્રહને વસે એ ॥ જે ઉથાપ્યાં સૂત્ર તો ॥ ૫ ॥ ઘડયાં ઘડાવ્યાં જે ઘણાંએ ॥ ઘંટી હળ હથિયાર તો ॥ ભવ ભવ મેળી મૂકીયાં એ ॥ કરતાં જીવ સંહાર તો ॥ ૬ ॥ પાપ કરીને પોષિયાં એ ॥ જનમ જનમ પરિવાર તો ॥ જનમાંતર પોહોત્યા પછીએ ॥ કોઇએ ન કીધી સાર તો ॥ ૭ ॥ આ ભવ પરભવ જે કર્યાં એ ॥ એમ અધિકરણ અનેક તો ॥ ત્રિવિધે ત્રિવિધે વોસરાવીએ ॥ આણી હૃદય વિવેક તો ॥ ૮ ॥ દુષ્કૃતનિંદા એમ કરી એ ॥ પાપ કરો પરિહાર તો ॥ શિવગતિ આરાધન તણો એ છઠ્ઠો અધિકાર તો ॥ ૯ ॥

## ।। ઢાળ ૬ ઠ્ઠી ।।

### ( આદિ તું જોઈને આપણી–એ દેશી )

ધનધન તે દિન માહરો ।। જીહાં કીધો ધર્મ ।। દાન શિયળ તપ આદરી ।। ટાળ્યાં દુષ્કર્મ ।। ધન૦ ।। ૧ ।। શેત્રું-જાદિક તીર્થની ।। જે કીધી જાત્ર ।। જુગતે જિનવર પૂજિયા ।। વળી પોખ્યાં પાત્ર ।। ધન૦ ।। ૨ ।। પુસ્તક જ્ઞાન લખાવીયાં ।। જિનવર જિનચૈત્ય ।। સંઘ ચતુર્વિધ સાચવ્યા ।। એ સાતે ખેત્ર ।। ધન૦ ।। ૩ ।। પડિકમણું સુપરે કર્યાં ।। અનુકંપા દાન ।। સાધુ સૂરિ ઉવઝાયને ।। દીધાં બહુ માન ।। ધન૦ ।। ૪ ।। ધર્મકાજ અનુમોદીએ ।। એમ વારોવાર ।। શિવગતિ આરાધન તણો ।। સાતમો અધિકાર ।। ધન૦ ।। ૫ ।। ભાવ ભલો મન આણીએ ।। ચિત્ત આણી ઠામ ।। સમતા ભાવે ભાવીએ ।। એ આતમરામ ।।ધન૦।।૬।। સુખ દુઃખ કારણ જીવને ।। કોઇ અવર ન હોય ।। કર્મ આપે જે આચર્યાં ।। ભોગવીએ સોય ।। ધન૦ ।। ૭ ।। સમતા વિણ જે અનુસરે ।। પ્રાણી પુન્ય કામ ।। છાર ઉપર તે લીપણું ।। ઝાંખર ચિત્રામ ।। ધન૦ ।। ૮ ।। ભાવ ભલીપેરે ભાવીએ ।। એ ધર્મનું સાર ।। શિવગતિ આરાધન તણો ।। એ આઠમો અધિકાર ।। ધન૦ ।। ૯ ।।

## ।। ઢાળ ૭ મી ।।

### ( રૈવતગિરિ ઉપરે–એ દેશી )

હવે અવસર જાણી ।। કરી સંલેખણ સાર ।। અણસણ આદરીએ ।। પચ્ચખ્ખી ચારે આહાર ।। લહુતા સવિ મૂકી ।। છાંડી મમતા અંગ ।। એ આતમ ખેલે ।। સમતા જ્ઞાન તરંગ ।। ૧ ।। ગતિ ચારે કીધા ।। આહાર અનંત નિઃશંક

॥ પણ તૃપ્તિ ન પામ્યો ॥ જીવ લાલચીઓ રંક ॥ દુલહો એ વળી વળી ॥ અણુસણનો પરિણામ ॥ એહથી પામીજે ॥ શિવપદ સુરપદ ઠામ ॥૨॥ ધન ધના શાલિભદ્ર ખંધો મેઘકુમાર ॥ અણુસણ આરાધી ॥ પામ્યા ભવનો પાર ॥ શિવમંદિર જાશે ॥ કરી એક અવતાર ॥ આરાધન કેરો ॥ એ નવમો અધિકાર ॥૩॥ દસમે અધિકારે મહામંત્ર નવકાર ॥ મનથી નવિ મૂકો ॥ શિવ સુખ ફલ સહકાર ॥ એ જપતાં જાયે ॥ દુર્ગતિ દ્વેષવિકાર ॥ સુપરે એ સમરો ॥ ચૌદ પૂરવનો સાર ॥ ૪ ॥ જનમાંતર જાતાં જો પામે નવકાર ॥ તો પાતીક ગાળી ॥ પામે સુર અવતાર ॥ એ નવપદ સરિખો ॥ મંત્ર ન કોઇ સાર ॥ ઇહ ભવ ને પરભવે ॥ સુખ સંપત્તિ દાતાર ॥ ૫ ॥ જુઓ ભીલ ભીલડી ॥ રાજા રાણી થાય ॥ નવ પદ મહિમાથી ॥ રાજસિંહ મહારાય ॥રાણી રત્નવતી એહુ ॥ પામ્યા છે સુરભોગ ॥ એક ભવ પછી લેશે ॥ શિવ વધુ સંજોગ ॥ ૬ ॥ શ્રીમતીને એ વળી ॥ મંત્ર ફળ્યો તતકાળ ॥ ફણીધર ફીટીને ॥ પ્રગટ થઇ ફૂલમાળ ॥ શિવકુમરે જોગી ॥ સોવનપુરુષો કીધ ॥ એમ એહે મંત્રે ॥ કાજ ઘણાનાં સિદ્ધ ॥ ૭ ॥ એ દસ અધિકારે વીર જિનેશ્વર ભાખ્યો ॥ આરાધન કેરો ॥ વિધિ જેણે ચિત્તમાં રાખ્યો ॥ તેણે પાપ પખાળી ॥ ભવભય દૂરે નાખ્યો ॥ જિન વિનય કરંતાં ॥ સુમતિ અમૃતરસ ચાખ્યો ॥ ૮ ॥

## ॥ ઢાળ ૮ મી ॥

### ( નમો ભવિ ભાવશું એ-એ દેશી )

સિદ્ધારથ રાય કુળતિલો એ ॥ ત્રિશલા માત મલ્હાર તો ॥ અવનિતળે તમે અવતર્યા એ ॥ કરવા અમ ઉપકાર ॥ જયો જિનવીરજી એ ॥ ૧ ॥ મેં અપરાધ કર્યા

ઘણા એ ॥ કહેતાં ન લહું પાર તો ॥ તુમ ચરણે આવ્યા ભણીએ ॥ જો તારે તો તાર ॥ જયો૦ ॥ ૨ ॥ આશ કરીને આવીયો એ ॥ તુમ ચરણે મહારાજ તો ॥ આવ્યાને ઉવેખશો એ ॥ તો કેમ રહેશે લાજ ॥ જયો૦ ॥ ૩ ॥ કરમ અલુંજણ આકરાં એ ॥ જનમ મરણ જંજાળ તો ॥ હું છું એહથી ઉભગ્યો એ ॥ છોડાવો દેવ દયાળ ॥ જયો૦ ॥૪॥ આજ મનોરથ મુજ ફળ્યા એ ॥ નાઠાં દુઃખ દંદોળતો ॥ તૂઠ્યો જિન ચોવીશમો એ ॥ પ્રગટયા પુન્ય કલ્લોલ ॥ જયો૦ ॥૫॥ ભવભવ વિનય તુમારડો એ ॥ ભાવભક્તિ તુમ પાય તો ॥ દેવ દયા કરી દીજીએ એ ॥ બોધિબીજ સુપસાય ॥ જયો૦ ॥ ૬ ॥

## ॥ કળશ ॥

ઇહ તરણ તારણ સુગતિ કારણ ॥ દુઃખ નિવારણ જગ જયો ॥ શ્રીવીર જિનવર ચરણ થુણતાં ॥ અધિક મન ઉલ્લટ થયો ॥ ૧ ॥ શ્રી વિજયદેવસૂરીંદ પટધર ॥ તીરથ જંગમ ઇણે જગે ॥ તપગચ્છપતિ શ્રી વિજયપ્રભસૂરિ ॥ સૂરિતેજે ઝગમગે ॥૨॥ શ્રી હિરવિજયસૂરિ શિષ્ય વાચક ॥ કીર્તિ-વિજય સુરગુરુસમો ॥ તસ શિષ્ય વાચક વિનયવિજયે ॥ થુણ્યો જિન ચોવીશમો ॥ ૩ ॥ સય સત્તર સંવત ઓગણત્રીશે ॥ રહી રાંદેર ચોમાસુએ ॥ વિજય દશમી વિજય કારણ ॥ કિયો ગુણ અભ્યાસ એ ॥ ૪ ॥ નર ભવ આરાધન સિદ્ધિસાધન ॥ સુકૃત લીલવિલાસ એ ॥ નિર્જરા હેતે સ્તવન રચિયું ॥ નામે પુન્યપ્રકાશ એ ॥ ૫ ॥

ઈતિ શ્રી. પુણ્યપ્રકાશ સ્તવન સમાપ્ત.

## અથ પદ્માવતી આરાધના પ્રારંભ

હવે રાણી પદ્માવતી, જીવરાશી ખમાવે ॥ જાણપણું જુગતે ભલું, ઈણ વેળા આવે ॥ ૧ ॥ તે મુજ મિચ્છામિ દુક્કડં, અરિહંતની સાખ ॥ જે મેં જીવ વિરાધીઆ ચઉરાશી લાખ ॥ તે મુજ૦ ॥૨॥ સાત લાખ પૃથિવી તણા સાતે અપકાય ॥ સાત લાખ તેઉ કાયના, સાતે વળી વાય ॥ તે૦ ॥ ૩ ॥ દશ પ્રત્યેક વનસ્પતિ, ચઉદહ સાધારણ ॥ બી ત્રિ ચઉરિંદ્રી જીવના, બે બે લાખ વિચાર ॥ તે૦ ॥૪॥ દેવતા તિર્યંચ નારકી, ચાર ચાર પ્રકારી ॥ ચઉદહ લાખ મનુષ્યના, એ લાખ ચોરાશી ॥ તે૦ ॥૫॥ ઈણ ભવ પરભવે સેવીયા, જે પાપ અઢાર ॥ ત્રિવિધ ત્રિવિધ કરી પરિહરું દુર્ગતિના દાતાર ॥ તે૦ ॥ ૬ ॥ હિંસા કીધી જીવની, બોલ્યા મૃષાવાદ ॥ દોષ અદત્તાદાનના, મૈથુન ઉન્માદ ॥ તે૦ ॥૭॥ પરિગ્રહ મેળ્યો ઝાઝમો, કીધો ક્રોધ વિશેષ ॥ માન માયા લોભ મેં કીયા, વળી રાગ ને દ્વેષ ॥ તે૦ ॥૮॥ કલહ કરી જીવ દુહવ્યા, દીધાં કૂડાં કલંક ॥ નિંદા કીધી પારકી, રતિ અરતિ નિશંક ॥ તે૦ ॥૯॥ ચાડી કીધી ચોતરે, કીધો થાપણ મોસો ॥ કુગુરુ કુદેવ કુધર્મનો, ભલો આણ્યો ભરોસો ॥ તે૦ ॥ ૧૦ ॥ આટકીને ભવે મેં કીયા, જીવ નાનાવિધ ઘાત ॥ ચડીમાર ભવે, ચરકલાં, માર્યાં દિન રાત ॥ તે૦ ॥ ૧૧ ॥ કાજી મુલ્લાંને ભવે, પઢી મંત્ર કઠોર ॥ જીવ અનેક જબ્બે કીયા, કીધાં પાપ અઘોર ॥ તે૦ ॥ ૧૨ ॥ માછીને ભવે માછલાં, ઝાલ્યાં જળવાસ ॥ ધીવર ભીલ કોળી ભવે, મૃગ પાડયાં પાસ ॥ તે૦ ॥ ૧૩ ॥ કોટવાળને ભવે મેં કીયા, આકરા કર દંડ ॥ બંદીવાન મરાવીયા, કોરડા છડી દંડ ॥ તે૦ ॥ ૧૪ ॥ પરમાધામીને ભવે,

દીધાં નારકી દુઃખ ।। છેદન ભેદન વેદના, તાડન અતિ તિખ્ખ ।। તે૦ ।। ૧૫ ।। કુંભારને ભવે મેં કીયા, નિભાડ પચાવ્યા ।। તેલી ભવે તિલ પીલીયા, પાપે પિંડ ભરાવ્યાં ।। તે૦ ।।૧૬।। હાલી ભવે હળ ખેડીયાં, ફાડયાં પૃથ્વીનાં પેટ ।। સુડ નિદાન ઘણું કીધાં, દીધા બળદ ચપેટ ।। તે૦ ।। ૧૭ ।। માળીને ભવે રોપીયા, નાનાવિધ વૃક્ષ ।। મૂલ પત્ર ફળ ફૂલના, લાગ્યાં પાપ તે લક્ષ ।। તે૦ ।। ૧૮ ।। અધોવાઇઆને ભવે, ભર્યા અધિક ભાર ।। પોઠી પૂંઠે કીડા પડયા, દયા નાણી લગાર ।। તે૦ ।। ૧૯ ।। છીપાને ભવે છેતર્યા, કીધા રંગણપાસ ।। અગ્નિ આરંભ કીધા ઘણા, ધાતુર્વાદ અભ્યાસ ।। તે૦ ।। ૨૦ ।। શૂરપણે રણ ઝૂઝતાં, માર્યાં માણસ વૃંદ ।। મદિરા માંસ માખણ ભખ્યાં, બાધાં મૂળ ને કંદ ।। તે૦ ।। ૨૧ ।। ખાણ ખણાવી ધાતુની, પાણી ઉલેચ્યા ।। આરંભ કીધા અતિ ઘણા, પોતે પાપજ સંચ્યા ।। તે૦ ।। ૨૨ ।। કર્મ અંગાર કીયા વળી, ઘરમેં દવ દીધા ।। સમ બાધા વીતરાગના, કુડા કોસજ કીધા ।। તે૦ ।। ૨૩ ।। બિલ્લી ભવે ઉંદર લીયા, ગરોળી હત્યારી ।। મૂઢ ગમારતણે ભવે, મેં જુ લીખ મારી ।। ।। તે૦ ।। ૨૪ ।। ભાડભુંજા તણે ભવે, એકેંદ્રિય જીવ, જવારી ચણા ગહું શેકીયા, પાડતા રીવ ।। તે૦ ।। ૨૫ ।। બાંડણ પીસણ ગારના, આરંભ અનેક; રાંધણ ઈંધણ અગ્નિનાં, કીધાં પાપ ઉદ્રેક ।। તે૦ ।। ૨૬ ।। વિકથા ચાર કીધી વળી, સેવ્યા પાંચ પ્રમાદ, ઇષ્ટ વિયોગ પાડયા ઘણા, કીયા રૂદન વિષવાદ ।। તે૦ ।। ૨૭ ।। સાધુ અને શ્રાવકતણાં, વ્રત લહીને ભાંગ્યાં ।। મૂળ અને ઉત્તરતણાં, મુજ દુષણ લાગ્યાં ।। તે૦ ।। ૨૮ ।। સાપ વીંછી

સિંહ ચીતરા, શૂકરા ને સમળી ।। હિંસક જીવતણે ભવે, હિંસા કીધી સબળી ।। તે૦ ।। ૨૯ ।। સુવાવડી દુષણ ઘણું, વળી ગર્ભ ગળાવ્યા ।। જીવાણી ઢોળ્યાં ઘણા, શીળવ્રત ભાંજાવ્યાં ।। તે૦ ।। ૩૦ ।। ભવ અનંત ભમતાં થકાં કીધા દેહ સંબંધ ।। ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરું, તીણશું પ્રતિબંધ ।। તે૦ ।। ૩૧ ।। ભવ અનંત ભમતાં થકાં, કીધા પરીગ્રહ સંબંધ ।। ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરું, તીણશું પ્રતિબંધ ।। તે૦ ।। ૩૨ ।। ભવ અનંત ભમતાં થકાં, કીધાં કુટુંબ સંબંધ ।। ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરું, તીણશું પ્રતિબંધ ।। તે૦ ।। ૩૩ ।। ઈણી પરે ઇહ ભવ પર ભવે, કીધાં પાપ અખત્ર ।। ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરું, કરું જન્મ પવિત્ર ।। તે૦ ।। ૩૪ ।। એણી વિધે એ આરાધના, ભવિ કરશે જેહ ।। સમયસુંદર કહે પાપથી, વળી છૂટશે તેહ ।। તે૦ ।। ૩૫ ।। રાગ વેરાડી જે સુણે, એહ ત્રીજી ઢાળ ।। સમયસુંદર કહે પાપથી, છૂટશે તતકાળ ।। તે૦ ૩૬ ।।



## મરણ સમયે શુભ ભાવના

આ જગતમાં પૂર્વે કરેલાં પુણ્ય–પાપ એ જ સુખદુઃખનાં કારણો છે, બીજું કોઇ પણ કારણ નથી એમ જાણીને શુભ ભાવના રાખો.

પૂર્વે નહિ ભોગવાયેલા કર્મનો ભોગવવાથી જ છુટકારો છે પણ ભોગવ્યા વિના છુટકારો નથી, એમ જાણીને શુભ ભાવ રાખો.

જે ભાવ વિના ચારિત્ર, શ્રુત, તપ, દાન, શીલ વગેરે

સર્વ આકાશનાં ફૂલની માફક નિરર્થક છે, તેમ માનીને શુભ ભાવ રાખો.

મેં નરકનું નારકીપણે તીક્ષ્ણ દુઃખ અનુભવ્યું તે વખતે કોણ મિત્ર હતો ? તેમ માનીને શુભ ભાવના રાખો.

સુરશૈલ (મેરૂ પર્વત)ના સમૂહ જેટલો આહાર ખાઇને પણ તને સંતોષ ન વળ્યો, માટે ચતુર્વિધ આહારનો ત્યાગ કર.

દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક, આ ચાર ગતિમાં મનુષ્યને આહાર સુલભ છે, પણ વિરતિ દુર્લભ છે, એમ માનીને ચતુર્વિધ આહારનો ત્યાગ કર.

કોઇ પ્રકારના જીવ સમુદાયનો વધ કર્યા વગર આહાર થઇ શકે નહિ, તેથી ભવમાં ભ્રમણા કરવારૂપ દુઃખના આધારભૂત ચારે પ્રકારના આહારનો ત્યાગ કર.

જે આહારનો ત્યાગ કરવાથી દેવોનું ઇંદ્રપણું પણ હથેળીમાં હોય તેવું થાય છે અને મોક્ષસુખ પણ સુલભ થાય છે તે ચારે પ્રકારના આહારનો ત્યાગ કર.

જુદા જુદા પ્રકારના પાપ કરવામાં પરાયણ એવા જીવ પણ નમસ્કાર મંત્રને અન્ત સમયે પણ પામીને દેવપણું પામે છે તે નમસ્કાર મંત્રનું મનની અંદર સ્મરણ કર.

સ્ત્રીઓ મળવી સુલભ છે, રાજ્ય મળવું સુલભ છે, દેવપણું પામવું સુલભ છે, પણ દુર્લભમાં દુર્લભ નવકાર મંત્ર પામવો અતિ દુર્લભ છે. તેથી મનની અંદર નવકાર મંત્રનું સ્મરણ કર.

એક ભવમાંથી બીજા ભવમાં જતાં જતાં ભવિકોને જે નવકાર મંત્રની સહાયથી પરભવને વિષે મનોવાંછિત સુખ

સંભવે છે, તે નવકાર મંત્રનું મનની અંદર સ્મરણ કર.

જે નવકાર મંત્રને પામવાથી ભવરૂપ સમુદ્ર ગાયની ખરી જેટલો થાય છે, અને જે મોક્ષના સુખને સત્ય કરી આપે છે, તે નમસ્કાર મંત્રને મનની અંદર તું સ્મર.

આ પ્રકારની ગુરુએ ઉપદેશેલી પર્યંતારાધના સાંભળીને સકળ પાપ વોસરાવીને આ નમસ્કાર મંત્રનું સેવન કર.

પંચપરમેષ્ટીનું સ્મરણ કરવામાં તત્પર એવો રાજસિંહ કુમાર મરણ પામીને પાંચમા દેવલોકમાં ઇંદ્રપણું પામ્યો.

તેની સ્ત્રી રત્નવતી પણ તે જ પ્રકારે આરાધીને જ પાંચમા કલ્પને વિષે સામાનિક દેવપણું પામી, ત્યાંથી ચવીને બન્ને મોક્ષે જશે. ઈતિ મરણ સમયની શુભ ભાવના સમાપ્ત.

*

## શુભ ચિંતવન કરવાની છેલ્લી ભલામણ

'મારો દેહ પડી જાય તે સમયે મારી પછવાડે કોઇ રૂદન કરે, અગર શોક પાળે–પળાવે, પાણી ઢોળે, છ કાયની વિરાધના કરે, તેમાં મારે લેવાદેવા નથી, મારા શરીરનો સંસ્કાર કરે તેમાં પણ મારે લેવાદેવા નથી. વ્યવહારથી જે કોઇ કરે તે તેઓ જાણે.'

કુટુંબીઓને રડવા-કૂટવાની ના પાડવી. શોક પાળવાની ના પાડવી. મરણ પછવાડે જે જે આરંભાદિક કાર્યો મોહના પ્રભાવથી કરે તેનો નિષેધ કરવો. તે છતાં કદાચ પાછલા કુટુંબીઓ કરે તો પછી મરનારને દોષ કે પાપબંધન થાય નહિ; અને તેમ ન કહેવામાં આવે તો તેની ક્રિયા મરનારને લાગે. શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે કે અવિરતિપણાને લીધે એકેન્દ્રિય જીવોને પણ અઢાર પાપસ્થાનક લાગે છે. માટે તમામ

વસ્તુ વોસિરાવીને પાછળ પણ પોતાના નિમિત્તે કર્મ-બંધનની જે જે ક્રિયાઓ કરવામાં આવે તેમ હોય તેની ના પાડવી.

જે જીવોનું ચિત્ત સંસારના પદાર્થોમાં આસક્તિવાળું છે અને પોતાના સ્વરૂપને જે જાણતા નથી, તેવા જીવોને મૃત્યુ ભયમય છે, પરંતુ જે જીવો પોતાના સ્વરૂપમાં રમણતા કરનારા છે અને સાંસારિક પદાર્થોમાં વૈરાગ્યવાળા છે, તેવા જીવોને તો મૃત્યુ એ એક હર્ષનું નિમિત્ત છે. તેઓ તો એમ જ વિચારે છે કે આયુકર્મના નિમિત્તથી જ આ દેહનું ધારણ કરવાપણું છે અને તેની સ્થિતિ પૂર્ણ થયે તે કર્મના પુદ્‌ગલો નાશ પામશે ત્યારે મારે બીજી ગતિમાં ઉત્પન્ન થવું પડશે. મારો આત્મા તો અનાદિ કાળથી મરણ પામ્યો નથી અને મરશે પણ નહિ; પરંતુ પુણ્યશાળી આત્માને તો આ સાત ધાતુમય મહા અશુચિના કોથળા જેવા અને વિનશ્વર સ્વભાવવાળા દેહનો ત્યાગ કરવો અને શુભ કર્મોના પ્રભાવથી–સમાધિના પ્રભાવથી બીજી ગતિમાં નવીન સુંદર શરીર ધારણ કરવું તેને મરણ કહેવાય છે, તેમાં શોક શાનો ? તેમાં તો આનંદ જ માનવાનો છે.

જેમ કોઈ માણસને એક સડી ગયેલી ઝૂંપડીને છોડી દઇ બીજા નવીન મહેલમાં જઇને વસવું હોય તો તે માણસને શોક નહિ થતાં આનંદના ઉભરા હોય છે, તેવી જ રીતે આ આત્માને આ બંડેર જેવા સડી ગયેલ દેહરૂપ ઝૂંપડીનો ત્યાગ કરી નવા દેહરૂપ મહેલને પ્રાપ્ત કરવો, એ મહાઉત્સવના અવસર છે, તેમાં કોઇ પ્રકારની હાનિ છે જ નહિ. કારણ કે જો આવા પ્રકારની ઉત્તમ સમાધિથી મરણ

થાય તો હે ચેતન! તે મરણ ઉત્તમ ગતિ આપનાર છે. બાકી વિચાર કર, અત્યાર સુધી સમાધિ વિના પરવશપણે અનંત વાર નરકતિર્યંચાદિ ગતિમાં મરણો કર્યાં છે, અસહ્ય દુઃખો સહન કર્યાં છે, માટે આવા ઉત્તમ પ્રકારના સમાધિમરણથી આનંદમાની તમામ વસ્તુ વોસિરાવી પાછળના સંબંધી જીવો રાગના જોરથી કર્મબંધન ન કરે તે માટે પાકી ભલામણ કરજે; પછી કદાચ મોહના જોરથી તેઓ જે કાંઈ કરશે તેમાં તને તે પાપની ક્રિયાઓ આવશે નહિ, તે ચોકકસ લક્ષમાં રાખજે.

## સમકિતદષ્ટિઆત્માને સ્વરૂપનું ધ્યાન કરવાના વિચારો

૧ હું એક છું, મારું કોઇ નથી. ૨ મારો આત્મા શાસ્વતો છે. ૩ હું જ્ઞાનદર્શને કરી સહિત છું. ૪ ધન, કુટુંબાદિક મારા સ્વરૂપ થકી બાહ્ય વસ્તુ–અલગી વસ્તુ છે, તે સર્વ સંયોગે મળી છે અને વિયોગે જાશે તેમાં મારો શો બગાડ થવાનો છે? ૫ તન, ધન, કુટુંબાદિકનો સંયોગ એટલે મિલાપ, તેને વિષે જીવ મુંઝાયો થકો દુઃખની પરંપરા પ્રત્યે પામે છે. ૬ એ શરીરાદિ પુત્ર, કલત્ર, પરિવાર પ્રમુખ તે સંયોગી વસ્તુ મારા સ્વરૂપ થકી જુદી છે. ૭ તે સર્વને હું મનવચનકાયાએ કરી, વોસિરાવું છું. ૮ હું ચેતન છું, અને એ પુદ્ગલનો સ્વભાવ તે અચેતન છે. ૯ હું અરૂપી છું, એ પુદ્ગલરૂપી છે. મારો જ્ઞાનાદિ ચેતનાલક્ષણ સ્વભાવ છે. એ પુદ્ગલનો જડ સ્વભાવ છે. ૧૦ હું અમૂર્ત છું, આ પુદ્ગલ મૂર્ત છે. ૧૧ હું સ્વાભાવિક છું, આ પુદ્ગલ વિભાવિક છે. ૧૨ હું પવિત્ર છું, એ પુદ્ગલ અપવિત્ર છે.

૧૩ મારો સ્વભાવ શાશ્વત છે અને આ પૌદ્ગલિક વસ્તુ જે મને મળી છે તે સર્વ અશાશ્વતી છે. ૧૪ મારું જ્ઞાનાદિ રૂપ છે. આ પુદ્ગલનું પૂર્ણગલન રૂપ છે. ૧૫ મારું કયારે પણ સ્વરૂપ થકી ન ચળવું એવો અચલિત સ્વભાવ છે. ૧૬ મારું જ્ઞાન, દર્શન, ચારિત્રમય સ્વરૂપ છે, અને પુદ્ગલ વર્ણ, ગંધાદિ રૂપ છે. હું વર્ણગંધાદિથી રહિત છું. ૧૭ હું શુદ્ધ નિર્મળ છું. ૧૮ હું બુદ્ધ છું. જ્ઞાનાનંદી છું. ૧૯ હું નિર્વિકલ્પ એટલે સર્વ વિકલ્પથી રહિત છું. મારું સ્વરૂપ પુદ્ગલથી ન્યારું છે. ૨૦ હું દેહાતીત એટલે આ દેહરૂપ જે શરીર તેથકી રહિત છું. ૨૧ અજ્ઞાન રાગ, દ્વેષરૂપ જે આશ્રવ, તે મારું સ્વરૂપ નથી. હું એ થકી ન્યારો છું. ૨૨ અનંત જ્ઞાનમય, અનંત દર્શનમય, અનંત ચારિત્રમય, અનંત વીર્યમય એવું મારું સ્વરૂપ છે. ૨૩ હું શુદ્ધ છું, કર્મમળથી રહિત છું. ૨૪ હું બુદ્ધ એટલે જ્ઞાનસ્વરૂપી છું. ૨૫ હું અવિનાશી છું, એટલે મારો કોઇ કાળે નાશ નથી. ૨૬ હું જરા થકી રહિત–અજર છું. ૨૭ હું અનાદિ એટલે મારો આદિ નથી. ૨૮ હું અનંત એટલે મારો અંત કે છેડો કોઇ કાળે નથી. ૨૯ હું અક્ષય છું, એટલે મારો કોઇ કાળે ક્ષય નથી. ૩૦ હું કોઇ કાળે ખરું નહિ એવો અક્ષર છું. ૩૧ હું કોઈ કાળે સ્વરૂપથી ચળું નહિ એવો અચળ છું. ૩૨ મારું સ્વરૂપ કોઇથી કળ્યું જાય નહિ, માટે અકળ છું. ૩૩ કર્મરૂપ મળથી રહિતે અમલ છું. કર્મમળથી ન્યારો છું. ૩૪ મારી કોઇને ગમ નથી માટે અગમ્ય છું. ૩૫ હું નામરહિત અનામી છું. ૩૬ હું વિભાવદશાનાં રૂપથી રહિત સ્વભાવિ

છું. ૩૭ હું કર્મરૂપ ઉપાધિથી રહિત અકર્મિ છું. ૩૮ હું કર્મરૂપ બંધન થકી રહિત અબંધક છું. મારો ખેલ ન્યારો છે. ૩૯ હું ઉદયભાવથી રહિત અનુદય છું. ૪૦ હું મન, વચન, કાયાના યોગથી રહિત અયોગી છું. ૪૧ હું શુભાશુભ વિભાવદશાના ભોગથી રહિત અભોગી છું. ૪૨ કર્મરૂપ રોગથી રહિત અરોગી છું. ૪૩ હું કોઇનો ભેદ્યો ભેદાઉં નહિ માટે અભેદી છું. ૪૪ હું પુરુષ, સ્ત્રી, નપુંસક લક્ષણ ત્રણ વેદથી રહિત અવેદી છું. ૪૫ હું કોઇનો છેદ્યો છેદાઉં નહિ, માટે અછેદ્ય છું. ૪૬ હું આત્મસ્વરૂપ રમણમાં ખેદ પામું નહિ, માટે અખેદી છું. ૪૭ મારો કોઇ સહાયભૂત નથી માટે અસહાઇ છુ. ૪૮ હું મારે પોતાને પરાક્રમે સહિત છું, પણ મારા વિપરિત પરિણમન થકી બંધાણો છું, તે જ્યારે સવળો પરિણમાવીશ ત્યારે છૂટીશ પરંતુ મને બીજો કોઈ બાંધવા-છોડવા સમર્થ નથી.

## ઇતિ સ્વરૂપધ્યાન વિચાર

*

## જીવને વૈરાગ્ય ઉત્પન્ન કરવા માટે સુંદર વચનો

૧ આ જીવને તમામ પૌદ્ગલિક વસ્તુનો સંબંધ મરણ વખતે એક સમયમાં છોડીને પરલોકમાં ગમન કરવાનું ચોક્કસ હોવા છતાં ખોટું મમત્વ રાખી ઠેઠ સુધી સમજતો નથી.

૨ આ જીવ વીતરાગના વચન અનસાર શુભ અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરે તો અંતર્મુહૂર્તમાં સમ્યગ્દર્શન પામે, છતાં મોહમાં મગ્ન બની આખી જિંદગીમાં એક વાર સમ્યક્ત્વ પામે તેવો દિવસ પણ કાઢતો નથી ને પોતાના

ભવને ફોગટ ગુમાવે છે.

૩ ધર્મમાર્ગમાં પ્રવૃત્તિ કરનાર જ ભવાન્તરમાં હંમેશાં સુખી થાય છે તેવું ચોક્કસ હોવા છતાં અધર્મમાં પ્રવૃત્તિ કરી દુઃખી થાય છે. તેમ થવા દેવું નહીં.

૪ જે બાહ્ય વસ્તુઓ પોતાની નથી તેને પોતાની માનીને બેઠો છે ને પોતાની વસ્તુ જ્ઞાનાદિ સમીપ હોવા છતાં જ્ઞાનદૃષ્ટિથી દેખતો નથી.

૫ બાહ્ય વસ્તુ ઉપર જેટલો પ્રેમ હંમેશાં છે, તેવા પ્રકારનો પ્રેમ આત્મિક વસ્તુ ઉપર થાય તો એક કલાકમાં ભવની ભાવઠ ટળી જાય.

૬ અઢાર પાપસ્થાનક સેવી સેવી ભેગી કરેલી લક્ષ્મીને ચાર ગતિમાંથી આવેલ જીવો પુત્રાદિકપણે અવતરી તેનો ભોગવટો કરે છે અને ભેગી કરનાર પોતાના પરલોક માટે તેમાંથી અડધી મિલકત પણ સ્વહસ્તે શુભ ક્ષેત્રમાં વાપરી પુણ્યાનુબંધી પુણ્ય મેળવતો નથી અને મજૂર તરીકે જિંદગી પૂરી કરી પરલોકમાં દરિદ્રી અવસ્થામાં ઉત્પન્ન થાય છે તે મહાન આશ્ચર્ય.

૭ આવી ટૂંકી જિંદગીમાં કાલની ખબર નથી. શું થશે, છતાં જલદી ધર્મ નહીં કરતાં લાંબા વાયદા કરી સમય ગુમાવે છે.

૮ રાત્રીભોજન, પરસ્ત્રીગમન, બોળ અથાણું અને કંદમૂળ આ ચાર નરકના દરવાજા હોવા છતાં મોહનીય કર્મથી વિંટાયેલા જીવો તેમાં પ્રવૃત્તિ કરી નરકનું ઘણા લાંબા કાળનું આયુ બાંધે છે પણ તે ચારેનો ત્યાગ કરતા નથી તે ખેદજનક છે.

૯ આ જગતમાં જીવને એકાદ–બે વરસની કેદની સજા

થતી હોય તો હજારો રૂપિયા ખરચી રાત દિવસ પરિશ્રમ કરી કેદને દૂર કરાવવા માટે ખૂબ પ્રયત્ન કરે છે, પરંતુ નરકરૂપી અસંખ્ય વરસોની કેદમાં ન જવું પડે તેના એકેય ઉપાય લેતો નથી.

૧૦ એકવાર બાંધેલ કર્મ દસવાર તો વિપાકથી જ ભોગવવું પડે છે. પરંતુ તીવ્ર અધ્યવસાયથી તો તે જ કર્મ સોવાર, હજારવાર, લાખવાર, કરોડવાર સંખ્યાતા–અસંખ્યાતા છેવટ અનંત ભવ સુધી ભોગવવું પડે છે એવું અનંત જ્ઞાનીઓનું વચન હોવા છતાં કર્મ બાંધતાં વિચાર પણ કરતો નથી તે બહુ શોચનીય છે.

૧૧ પોતાની ભૂલો વારાવાર હોય છતાં તેને ઢાંકીને બારકી ભૂલોને મેરૂ જેવડી બનાવી પરનિંદામાં ઊતરી મનુષ્યભવ ખોઈ નાંખે છે.

૧૨ સંસારનો મજૂર આખો દિવસ મજૂરી કરતાં થોડો–ઘણો પણ વિસામો લે છે તેવી રીતે જીવને આખો દિવસ આશ્રવ રૂપી બોજાથી થોડો પણ વિસામો લેવો જોઈએ. અર્થાત્ ૧–૨ કલાક સંસારી બોજાને દૂર મૂકી સામાયિક જિનપૂજા પડિક્કમણું કરવું જોઈએ છતાં કરતો નથી અને દુઃખી થાય છે. તેમ થવું ન જોઈએ તે ધ્યાનમાં લેવું.

૧૩ શરીરથી આત્મા જુદો છે, શરીર વીખરાઈ જવાનું છે, ભસ્મીભૂત થવાનું છે, છતાં તેના ઉપર તનતોડ મહેનત અને આત્મા અવિનાશી હોવા છતાં તેના માટે કાંઈપણ પ્રયત્ન કરવો નહીં તે કેટલી મૂર્ખાઈ સમજવી !

૧૪ જે જીવો સંસારમાં રાચીમાચીને જ પડયા છે તે કદાચ

દુનિયાની દૃષ્ટિએ વિદ્વાન હોય તો પણ શાસ્ત્રકાર તો તેને મૂઢ, ગમાર અને મૂર્ખો જ કહે છે.

૧૫ ગમે તેટલો બાહ્ય ધનવાળો હોય છતાં સમકિતથી રહિતને નિર્ધન સમજવો, પણ બે આનાની મૂડીવાળો પુણીયા શ્રાવક જેવો સમકિત દૃષ્ટિ આત્મા સાચો ધનવાન છે.

૧૬ જિનેશ્વર ભગવાનની આજ્ઞાનું આરાધન મુક્તિને માટે છે ત્યારે વિરાધકપણું સંસારમાં ભટકવા માટે છે, જેથી કદાપી વિરાધક બનવું નહીં; વિરાધક બન્યા તો ભટકયા સમજવું.

૧૭ પૈસાવાળાને જૈનશાસનમાં સાચા શ્રીમાન કહ્યા નથી પરંતુ પૈસાનો જે સદુપયોગ કરે તેને સાચા શ્રીમાન કહ્યા છે.

૧૮ નરકાદિ ગતિમાં ઉત્પન્ન થવું તે ગમે તેવું ભયંકર છે પરંતુ તે પાપ કરનારાઓ માટે છે; એથી પુણ્યાત્માઓને તેનો ભય હોતો નથી.

૧૯ સંયમ એ સુખનું સ્થાન છે એવું અનંત જ્ઞાનીનું વચન છે, જેથી વહેલા કે મોડા સંયમ લેવાની ભાવના જરૂર રાખવી ને અવસર મળ્યે સંયમ ગ્રહણ કરી લેવો, જેથી સંસારની રખડપટ્ટી નષ્ટ થશે ને અનંત સુખના સ્થાનમાં જલદી પહોંચાશે.

૨૦ સાચા ગુણીનું કદાચ સન્માન ન થાય પરંતુ અપમાન તો કદાપી થવા દેવું જ નહીં.

૨૧ જિનેશ્વર ભગવાનની આજ્ઞા માનવી, મિથ્યાત્વને છોડવું અને સમ્યક્ત્વને આદરવું, આ ત્રણ વસ્તુ હાથ આવે તો મન્હજીણાણંની સજ્ઝાયમાં જે ૩૬ કૃત્યો શ્રાવકનાં

કહ્યાં છે તે બરાબર સફલ સમજવાં પરંતુ ઉપર લખેલ ત્રણ કૃત્યોને ન સ્વીકારે તો પછી બાકીનાં ૩૩ કૃત્યો કરે તો પણ નિષ્ફળ સમજવાં. મોક્ષરૂપી ફળ તો કદાપી મળે જ નહીં.

ઉપર લખેલ સુંદર એકવીસ વચનોને મનનપૂર્વક વાંચવાથી ભવ્યાત્માઓને ઘણો ફાયદો થશે.

*

## હિતશિક્ષા તથા નીતિમય જીવન ગુજરવા માટે બે બોલ

નીચે બતાવેલ બોલ ધ્યાનમાં લઈ મનન કરો અને તેને યથાશક્તિ અમલમાં મૂકો.

૧ તું કોણ છે.
૨ શા માટે આવ્યો છે.
૩ આવીને તેં માનવ જિંદગીમાં શું કર્યું.
૪ શા માટે ભમી રહ્યો છે.
૫ સંતસમાગમ કરી આત્મહિત કર.
૬ આત્મસ્વરૂપને તપાસ.
૭ સંયોગના અંતે વિયોગ તે ચોક્કસ યાદ રાખ.
૮ હરખને અંતે શોક.
૯ સુખને અંતે દુઃખ.
૧૦ ઉદય પછી અસ્ત.
૧૧ જન્મે તે મરવા માટે.
૧૨ સુખ-દુઃખનો મનની સાથે સંબંધ છે.
૧૩ પોતાના દોષ જોવાથી દોષ દૂર થશે.
૧૪ તીર્થંકરનાં વચનો જ સંસારને કાપે છે.

૧૫ મનને હંમેશાં શુદ્ધ કરવા વીતરાગની વાણી શ્રવણ કરવી.
૧૬ ઇચ્છાઓનો ત્યાગ તે વૈરાગ્ય.
૧૭ મનમાં અશુભ વિચારો કરવા તેના સમાન બીજો વ્યાધિ નથી.
૧૮ પુદ્ગલમાં આનંદ માને તે પુદ્ગલાનંદી, ભવમાં આનંદ માને તે ભવાભિનંદી. એવા જીવો સંસારમાં પરિભ્રમણ કરનારા છે.
૧૯ આત્મામાં આનંદ માનનારા જીવો વેલાસર મુક્તિ મેળવી શકે છે.
૨૦ આત્માનંદી બનવું બહુ દુષ્કર છે માટે બહુ પ્રયત્ન કરીને પણ તેવા બનવું જેથી દુઃખથી મુક્ત થવાય.
૨૧ જાગૃત થા અને ઊંઘને છોડ.
૨૨ નીતિમય અને ઉપકારક જીવન ગુજારવા પ્રયત્ન કર.
૨૩ ગતકાળની ભૂલો સુધારી લેવા પ્રયત્ન કર અને હવે પછી તેમ ન થાય તે માટે કમર કસ.
૨૪ ભવિષ્યનો વિચાર કરી પછી પ્રવૃત્તિ કરવી તેનું નામ વિવેક; તેની બાસ જરૂર છે.
૨૫ આવતી જિંદગીને યાદ કરીને કાર્ય કરજે.
૨૬ ધર્મથી નિરપેક્ષ થનાર મનુષ્ય જેવો બીજો મૂર્ખ કોણ ગણાય ?
૨૭ ભાગ્યનો ઉદય પણ ઉદ્યમથી જ થાય છે.
૨૮ પરસ્ત્રીગમન કરનાર ચંદનને મૂકી બાવળને વળગી બહુ દુઃખી થાય છે.
૨૯ આ શરીર અશુચિનું યંત્ર છે, માટે તેની ઉપર મોહ

નહિ કરતાં તેમાંથી જે કાઢવાનું હોય તે જલદી કાઢી લે, ઢીલ કરીશ નહિ.

૩૦ મનુષ્યભવ બહુ જ દુર્લભ છે માટે તેને સફળ કર.

૩૧ વિચારનો સુધારો થાય તો જ વચન અને કાયાનો સુધારો થઇ શકે.

૩૨ સદ્‌ગુરુની સેવા દુર્વ્યસનોનો નાશ કરે છે અને ગુણને પ્રગટ કરે છે.

૩૩ અભક્ષ્ય અને અપેયનો ત્યાગ કરીને ભોજન થાય તે જ ખરું ભોજન કહેવાય.

૩૪ પાણી પીવાનું ભાજન જુદું રાખવું, મુખે માંડેલ ભાજન પાણીના ગોળામાં નાખી તમામ પાણી બગાડવું નહિ. તેમ કરવાથી ઘણા જીવોનો વિનાશ થાય છે તથા ચેપી રોગ વળગે છે વગેરે ઘણી હાનિ થાય છે.

૩૫ વિચારોમાં અન્યને દુઃખ થાય તેવું ન ચિંતવવું.

૩૬ સર્વની સાથે મૈત્રીભાવના કર, વૈરની ભાવના ભૂલી જા.

૩૭ પોતાના હૃદયને શાંતિનું સ્થાન ધર્મ વિના બીજું કોઇ નથી.

૩૮ જે દિવસે અશુભ પ્રવૃત્તિ કરવા તૈયાર થા તે પહેલાં મૃત્યુના દિવસને યાદ કર.

૩૯ શુભમાર્ગમાં વિવેકથી લક્ષ્મી ખરચવી તે જ લક્ષ્મી પામ્યાનું ફળ છે.

૪૦ ખરો મિત્ર કોણ? પાપમાર્ગથી બચાવી સન્માર્ગમાં જોડે તે.

૪૧ દીન, દુઃખી અને અનાથ ઉપર અનુકંપા રાખી તેનો ઉદ્ધાર કરો.

૪૨ પરદ્રવ્યને પથ્થર તુલ્ય ગણો, સ્વદ્રવ્યમાં સંતોષ રાખો.

૪૩ પરસ્ત્રીને માતા, બહેન કે પુત્રી તુલ્ય ગણો.

૪૪ પરનિંદા, ચૂગલી ને મિથ્યા આરોપ વગેરે પાપોના બોજાથી બહુ ડરો.

૪૫ વિષયતૃષ્ણાથી વેગળા રહો, ઇન્દ્રિયોના ગુલામ ન બનો; પરંતુ ઇન્દ્રિયોને ગુલામ બનાવો.

૪૬ ચારિત્ર લેવાની હંમેશાં શુભ ભાવના રાખો.

૪૭ શરીર સારું હોય તો સંસારના મોહને છોડી ચારિત્ર ગ્રહણ કરવું.

૪૮ સંસારને કેદખાનું સમજવું, તેમાં મુંઝાવું નહિ.

૪૯ બીજાને દુઃખી દેખી દ્રવ્યભાવથી તેનું દુઃખ દૂર કરવાની ભાવના રાખવી.

૫૦ ધર્મરાગ કરવો, પરંતુ કામરાગ કે સ્નેહરાગ ન કરવો; કારણ કે તે સંસારમાં ભમાવનાર છે.

૫૧ યથાશક્તિ દશતિથિ અથવા પાંચતિથિ તપશ્ચર્યા કરવી.

૫૨ લક્ષ્મી ઉપર અત્યંત મોહ ન રાખવો, છેવટે તેને છોડવી પડશે અથવા તે આપણને છોડશે એ યાદ રાખવું.

૫૩ ઉપકારીનો ઉપકાર કદાપી ભૂલવો નહિ.

૫૪ ખાવાપીવામાં બહુ લોલુપતા રાખવી નહિ.

૫૫ પ્રથમનું ભોજન પાચન થયા વગર જમવું નહિ. નિરંતર બેચાર કવળ ઓછો આહાર કરવો.

૫૬ ઉપદ્રવવાળા સ્થાનકનો ત્યાગ કરવો.

૫૭ રાજાએ નિષેધ કરેલા દેશમાં જવું નહિ.

૫૮ એક બે કલાક ધાર્મિક પુસ્તકો વાંચવાની ટેવ પાડવી.

૫૯ નીતિમય જીવન ગુજારવું. અનીતિ કરી બંને લોક બગાડવા નહિ.

૬૦ લોકપ્રિય થવું. ૬૧ લજ્જાળુ થવું. ૬૨ દયાળુ થવું.
ઉપર લખેલા બોલનું મનન કરવાથી વૈરાગ્યભાવના જાગૃત થશે.

## વૈરાગ્ય સંબંધી દુહા

પરલોકે સુખ પામવા, કર સારો સંકેત;
હજી બાજી છે હાથમાં, ચેત ચેત નર ચેત. ૧
જોર કરીને જીતવું, ખરેખરું રણખેત;
દુશ્મન છે તુજ દેહમાં, ચેત ચેત નર ચેત. ૨
ગાફલ રહી ગમાર તું, ફોગટ થઈશ ફજેત;
હવે જરૂર હોશિયાર થઇ, ચેત ચેત નર ચેત. ૩
તન ધન તો તારાં નથી, નથી પ્રિયા પરણેત;
પાછળ સહુ રહેશે પડયાં, ચેત ચેત નર ચેત. ૪
પ્રાણ જશે જ્યાં પિંડથી, પિંડ ગણાશે પ્રેત;
માટીમાં માટી થશે, ચેત ચેત નર ચેત. ૫
રહ્યા ન રાણા રાજિયા, સુર નર મુનિ સમેત;
તું તો તરણા તુલ્ય છે, ચેત ચેત નર ચેત. ૬
રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત;
પછી નર તનુ પામીશ કયાં, ચેત ચેત નર ચેત. ૭
માટે મનમાં સમજીને, વિચારીને કર વેત;
કયાંથી આવ્યો કયાં જવું, ચેત ચેત નર ચેત. ૮
શુભ શિખામણ સમજ તો, પ્રભુ સાથે કર હેત;
અંતે અવિચળ એ જ છે, ચેત ચેત નર ચેત. ૯
કાળા કેશ મટી ગયા, સર્વે બનિયા શ્વેત;
જોબન જોર જતું રહ્યું, ચેત ચેત નર ચેત. ૧૦
જો નહિ ચેતે પ્રથમ તો, પશુ પક્ષીથી હિણ;
ઘર પહેલાં માળા રચે, પક્ષી જુઓ પ્રવીણ. ૧૧

## હિતશિક્ષા સંબંધી દુહા

મેરી મેરી કર મતિ, ઈહાં નહિ તેરી કોઈ;
કાયાએ તેરી નથી, તો માયા કહાંસે હોય. ૧
થૂળ જશ્યો સંસાર સુખ, ધૂળ જશ્યો હે ધન;
ભૂલે અણુના ભરમમેં, મત ફૂલ તું મન. ૨
સબ કાગજ કાલે કીયે, મન કાલે કે કાજ;
વો સબ ફટ ધોલે ભયે, હીયે ધૂર દિન હે આજ. ૩
રે જીવ સુણ તું બાપડા, હીયે વિમાસી જોય;
આપ સ્વાર્થી સહુ મળ્યું, તારું જગ નહિ કોઈ. ૪
ધર્મ વિના સુણ જીવડા, તું ભવ ભમ્યો અનંત;
મૂઢપણે ભવ તેં કીયા, ઈમ બોલે ભગવંત. ૫
લાખ ચોરાસી યોનિમાં, ફરી લીયો અવતાર;
એકેકી યોનિમાં વળી, અનંત અનંતી વાર. ૬
એમ ભમતાં ભમતાં લીયો, મનુષ જનમ અવતાર;
મિથ્યાત્વપણે ભવ નિર્ગમ્યા, કાજ ન સિદ્ધ લગાર. ૭
જગમાં જીવ અછે બહુ, એકેકશું અનંતી વાર;
વિવિધ પ્રકાર સગપણ કીયાં, હૈયા સાથ વિચાર. ૮
તો કુણ આપણું પારકું, કુણ વૈરી કુણ મિત્ત;
રાગ દ્વેષ ટાળી કરી, કર સમતા એક ચિત્ત. ૯
પૂર્વ કોડીને આઉખે, જ્ઞાની ગુરુ અપાર;
ઉત્પત્તિ કહી તાહરી, કહેતાં નાવે પાર. ૧૦
પુત્ર પિતાપણે અવતરે, પિતા પુત્રપણે જોય;
માતા મરી નારી થઇ, નારી માતા હોય. ૧૧
સુતો સુપન જંજાળમાં, પામ્યો જાણે રાજ;
જબ જાગ્યો તબ એકલો, રાજ ન સીજે કાજ. ૧૨

નવ નવ નાટક તું વળી, નાચ્યેા કરી બહુ રૂપ;
નાટક એક શું નાચિયેા, જો છૂટે ભવકૂપ. ૧૩
ઉત્તમ કુળ નર ભવ લહી, પામી ધર્મ જિનરાય;
પ્રમાદ મૂકી કીજીએ, ખિણ લાખીણેા જાય. ૧૪
દોષ દીજે નિજ કર્મને, જીણે નહિ કીધેા ધર્મ;
ધર્મ વિના સુખ નહિ મીલે, એ જિન શાસન મર્મ. ૧૫
ઘડપણે ધર્મ થાયે નહિ, જોબન એળે જાય;
તરુણપણે ધસમસ કરી, પછી ફરી પસ્તાય. ૧૬
જરા આવી જોબન ગયું, શિર પળિયા તે કેશ;
લલુતા તેા છેાડી નહિ, ન કર્યો ધર્મ લવલેશ. ૧૭
છતે હાથે નહિ વાવર્યા, સંબલ ન કીયેા સાથ;
આયુ ગયું નહિ ચેતિયેા, પછી ઘસે નિજ હાથ. ૧૮
ધન યૌવન નર રૂપનેા, ગર્વ કરે તું ગમાર;
કૃષ્ણ બલભદ્ર ક્યારિકા, જાતાં ન લાગી વાર. ૧૯
નયન ફરકે જ્યાં લગે, તિહાં (લગે) તારું સહુ કેાય;
નયન ફરુકત જબ નહિ, તબ તારું નહિ હેાય. ૨૦
પાપ કીયા જીવ તેં સહુ, ધર્મ ન કીયેા લગાર;
નરક પડયેા યમ કર ચડયેા, તિહાં જઇ કરે પેાકાર. ૨૧
પાપ ઘડેા પૂરણ ભરી, તેં લીયેા શિર પર ભાર;
તે કિમ છૂટીશ જીવડા, ન કર્યો ધર્મ લગાર. ૨૨
ઇશ્યુ જાણી કૂડકપટ, છણે છિદ્ર તું છાંડ;
તે છાંડીને જીવડા, જિનધર્મ ચિત માંડ. ૨૩
ખટ માસીને પારણે, ઇક સિથ લહે આહાર;
કરતેા નિંદા નહિ ટળે, તસ દુર્ગતિ અવતાર. ૨૪

નર ભવ ચિંતામણિ લહી, એળે તું મત હાર;
ધર્મ કરીને જીવડા, સફળ કરો અવતાર. ૨૫
સકળ સામગ્રી તેં લહી, જીણે તરીએ સંસાર;
પ્રમાદ વશે ભવ કાં ગમે, કર નિજ હૈયે વિચાર. ૨૬
ધન કારણ તું ઝળહળે, ધર્મ કરી થાયે સૂર;
અનંત ભવનાં પાપ સવિ, ક્ષણુમાં જાયે દૂર. ૨૭
આશા અંબર જેવડી, મરવું પગલાં હેઠ;
ધર્મ વિના જે દિન ગયા, તિણ દિન કીધી વેઠ. ૨૮
કર્મે કો નવી છૂટીએ, ઇન્દ્ર ચન્દ્ર નર દેવ;
રાય રાણા મંડલિક બળી, અવર નરજ કુણ હેવ. ૨૯
વરસ દિવસ ઘરઘર ભમ્યા, આદિનાથ ભગવંત;
કર્મવશે દુઃખ તેણે લહ્યાં, જે જગતમાં બળવંત. ૩૦
કાને ખીલા ઘાલીયા, ચરણે રાંધી ખીર;
તેહુને કર્મે નડયેા, ચેાવીસમા શ્રી વીર. ૩૧
કીધાં કર્મ ન છૂટીએ, જેહનેા વિષમેા બંધ;
બ્રહ્મદત્ત નર ચક્રવઇ, સેાળ વરસ લગે અંધ. ૩૨
આઠમેા સુભૂમ ચક્રવઇ, ઋદ્ધિ તણેા નહિ પાર;
કર્મવશે પરિવારશું, બૂડયેા સમુદ્ર મઝાર. ૩૩
સહસ પુરુષશું સંજમ લાયેા, શ્રી નેમીશ્વર હાથ;
તે થાવચ્ચા વંદિયે, મહેાત્સવ કયેા યદુનાથ. ૩૪
કેાશ્યામંદિર ચેામાસુ રહ્યા, નામ ચેારાશી ચેાવીશ;
તે સ્થૂળિભદ્ર મુનિ વંદિયે, ભદ્રબાહુ ગુરુ શિષ્ય. ૩૫
અભયા સંગે નહિ ચળ્યેા, શેઠ સુદર્શન ચંગ;
શૂળી સિંહાસન થઇ, સુર કરે મન રંગ. ૩૬

ગજસુકુમાલ શિર સોમિલે, દેખી ધર્યા અંગાર;
સમતા પસાયે તે વળી, પામ્યા ભવનો પાર. ૩૭
પંચ શત શિષ્ય ખંધક તણા, ઘાણી પીલ્યા સોય;
શિવ નગરી સુખ પામીયા, એ સમતા ફળ જોય. ૩૮
ગૌ બ્રાહ્મણ સ્ત્રી બાળની, દૃઢપ્રહારે હત્યા કીધ;
ચાર પહોર કાઉસગ્ગ રહી, ષટ માસે કેવળ લીધ. ૩૯
કીધાં કરમ તો છૂટીએ, જો કીજે જિન ધર્મ;
મન વચન કાયાએ કરી, એ જિનશાસન મર્મ. ૪૦
દાન સુપાત્રે દીજીએ, તસ પુણ્યનો નહિ પાર;
સુખસંપત્તિ લહીએ ઘણી, મણિ મોતી ભંડાર. ૪૧
ધન્ના સારથપતિ જુવો, ઘૃત વહોરાવ્યું મુનિહાથ;
દાન પ્રભાવે જીવડો, પ્રથમ હુવો આદિનાથ. ૪૨
દાન દીયું ધન સારથી, આનંદ હર્ષ અપાર;
નેમિનાથ જિનવર હુઆ, યાદવકુળ શણગાર. ૪૩
કળથી કેરા રોટલા, દીધું મુનિવર દાન;
વાસુપૂજ્ય ભવ પાછલે, જિનપદ લહ્યું નિદાન. ૪૪
સુલસા રેવતિ રંગશું, દાન દીયેા મહાવીર;
તીર્થંકર પદ પામશે, લહેશે તે ભવતીર. ૪૫
દાને ભોગ જ પામીએ, શિયળે હોય સોભાગ;
તપ કરી કર્મ જ ટાળીએ, ભાવના શિવસુખ માગ. ૪૬
ભાવના છે ભવનાશિની, જે આપે ભવપાર;
ભાવના વડી સંસારમાં, જસ ગુણનો નહિ પાર. ૪૭
અરિહંત દેવ સુસાધુ ગુરુ, કેવળી ભાષિત ધર્મ;
ઈસ્યું સમકિત આરાધતાં, છૂટીજે સવિ કર્મ. ૪૮

## આધ્યાત્મિક દુહા

સુર નર તિર્યંચ યોનિમેં, નરક નિગોદ ભમંત;
મહા મોહકી નિંદમેં, સોએ કાળ અનંત. ૧
જેસેં જ્વરકે જોરસેં, ભોજનકી રુચિ જાય;
તેસેં કુકર્મકે ઉદયસેં, ધર્મ વચન ન સુહાય. ૨
લગે ભૂખ જ્વરકે ગયે, રુચિશું લેત આહાર;
અશુભદિન શુભમતિ જગે, જાને ધર્મ વિચાર. ૩
તન ધન જોબન કારિમા, સંધ્યા રાગ સમાન;
સકળ પદારથ જગતમેં, સુપન રૂપ ચિત્ત જાન. ૪
મેરા મેરા મત કરે, તેરા હે નહિ કોય;
ચિદ્દાનંદ પરિવારકા, મેળા હે દિન દોય. ૫
એસા ભાવ નિહારી નિત, કીજે જ્ઞાન વિચાર;
મિટે ન જ્ઞાન વિચાર બિન, અંતર ભાવ વિકાર. ૬
એ સંસાર અસારમેં, ભમતાં વાર અનંત;
નવ નવ ભવ ધારણ કીયા, શરીર અનંતાનંત. ૭
જનમ મરણ દોય સાથ છે, ખીણુખીણુ મરણ તે હોય;
મોહ વિકળ એ જીવને, માલૂમ ન પડે કોય. ૮
મેં તો ચેતન દ્રવ્ય હું, ચિદ્દાનંદ મુજ રૂપ;
એ તો પુદ્ગલ પિંડ હે, ભરમજાળ અંધકૂપ. ૯
સડન પડન વિધ્વંસન, એ પુદ્ગલનો ધર્મ;
સ્થિતિ પાકે ખીણુ નહિ રહે, જાણો એહિજ મર્મ. ૧૦
અનંત પરમાણુ મળી કરી, ભયા શરીર પરજાય;
વર્ણાદિ બહુ વિધ મિલ્યા, કાળે વિખરી જાય. ૧૧
પુદ્ગલમાં હિત જીવકું, અનુપમ ભાસે એહ;
પણ જે તત્ત્વવેદ્દી હોવે, તિણકું નહિ કુછ નેહ. ૧૨

ઉપની વસ્તુ કારમી, ન રહે તે સ્થિર વાસ;
એમ જાણી ઉત્તમ જનો, ધરે ન પુદ્ગલ આશ. ૧૩
મોહ તજી સમતા ભજી, જાણે વસ્તુ સ્વરૂપ;
પુદ્ગલ રાગ ન કીજીએ, નહિ પડીએ ભવકૂપ. ૧૪
વસ્તુ સ્વભાવે નીપજે, કાળે વિણસી જાય;
કર્તા ભોક્તા કો નહિ, ઉપચારે કહેવાય. ૧૫
તીણ કારણ એ શરીરશું, સંબંધ ન માહરે કોય;
મેં ન્યારા એહથી સદા, એ પણ ન્યારા જોય. ૧૬
એહ જગતમાં પ્રાણિયા, ભરમે ભૂલ્યા જેહ;
જાણી કાયા આપણી, મમત ધરે અતિ નેહ. ૧૭
જબ સ્થિતિ એહ શરીરકી, કાળ પહોંચે હોય ખીણ;
તવ ઝૂરે અતિ દુઃખભરે, કરે વિલાપ એમ દીન. ૧૮
હાહા પુત્ર ! તું કીહાં ગયો, મૂકી એ સહુ સાથ;
હાહા પતિ ! તું કીહાં ગયો, મુજને મૂકી અનાથ. ૧૯
હા ! પિતા તમે કીહાં ગયા, અમ કુણ કરશે સાર;
હા બંધવ ! તમે કીહાં ગયા, શૂન્ય તુમ વિણ સંસાર. ૨૦
હા માતા ! તું કીહાં ગઈ, અમ ઘરની રખવાળ;
હા બહેની ! તું કીહાં ગઈ, રોવત મૂકી બાળ. ૨૧
મોહવિકળ એમ જીવડા, અજ્ઞાને કરી અંધ;
મમતા વશ ગણી માહરા, કરે કલેશના ધંધ. ૨૨
એણીવિધ શોક સંતાપકરી, અતિ સંકલેશ પરિણામ.
કર્મબંધ બહુવિધ કરે, ન લહે ખીણ વિશ્રામ. ૨૩
જ્ઞાનવંત ઉત્તમ જના, ઉનકા એહ વિચાર;
જગમાં કોઇ કીસકા નહિ, સંજોગિક સહુ ધાર. ૨૪

ભવમાં ભમતાં પ્રાણીયા, કરે અનેક સંબંધ;
રાગદ્વેષ પરિણતિ થકી, બહુવિધ બાંધે બંધ. ૨૫
કીસકા બેટા બાપ હે, કીસકી માત ને ભ્રાત;
કીસકા પતિ કીસકી પ્રિયા, કીસકી જ્ઞાત ને જાત. ૨૬
કીસકા મંદિર માળિયા, રાજ્ય રિદ્ધિ પરિવાર;
ક્ષીણ વિલાસી એ સહુ, એ નિશ્ચે ચિત્ત ધાર. ૨૭
ઇન્દ્રજાળ સમ એ સહુ, જેસો સુપનકો રાજ;
જેસી માયા ભૂતકી, તેસો સકળ એ રાજ. ૨૮
મોહ મદિરાના પાનથી, વિકળ ભયા જે જીવ;
તીનકું અતિ રમણીય લગે, મગન રહે તે સદૈવ. ૨૯
મિથ્યામતિના જોરથી, નહિ સમજે ચિત્તમાંહી;
કરોડ જતન કરે બાપડો, એ રહેવેકો નાંહી. ૩૦
એમ જાણી ત્રણ લોકમાં, જે પુદ્ગલ પરજાય;
તીનકી હું મમતા તજું, ધરું સમતા ચિત્ત લાય. ૩૧
એહ શરીર નહિ માહરું, એ તો પુદ્ગલ બંધ;
હું તો ચેતન દ્રવ્ય છું, ચિદાનંદ સુખકંદ. ૩૨
એહ શરીરના નાશથી, મુજકું નહિ કોઈ ખેદ;
હું તો અવિનાશી સદા, અવિચળ અકળ અભેદ. ૩૩
પરમેં નિજપણું માનકે, નિવિડ ભમત ચિત્ત ધાર;
વિકળ દશા વરતે સદા, વિકલ્પનો નહિ પાર. ૩૪
મેં મેરા એ ભાવથી, ફ્રીયો અનંતો કાળ;
જિન વાણી ચિત્ત પરિણમે, છૂટે મોહ જંજાળ. ૩૫
મોહ વિકળ એ જીવકું, પુદ્ગલ મોહ અપાર;
પણ ઈતની સમજે નહિ, ઈણમેં કછુ નહિ સાર. ૩૬

પુદ્‌ગલ રચના કારમી, વીણસતાં નહિ વાર;
એમ જાણી મમતા તજી, સમતાશું મુજ પ્યાર. ૩૭
જનની મોહ અંધારકી, માયા રજની પૂર;
ભવદુઃખકી એ ખાણ હે, ઇણશું રહીએ દૂર. ૩૮
એમ જાણી નિજ રૂપમેં, રહું સદા સુખવાસ;
ઓ સવિ ભવજાળ હે, ઇણશું ભયા ઉદાસ. ૩૯

ભુજંગી છંદ

તજી મંદિર માળિયા ગોખ મેડી, તજી બાગ ને બંગલા પ્રૌઢ પેઢી;
સ્મશાને સુકાં કાષ્ટમાં વાસ લેવો, અરે આવશે એક તો દિન એવો.
ઘણી ઘેર સેના ઘણા હાથી ઘોડા, ઘણી યુકિતવાળા અન્યા બેલજોડા;
ઘડીમાં થશે સ્વપ્નને સાજ જેવો, અરે આવશે એક તો દિન એવો.
હશો ગામમાં સીમમાં કે કૃષિમાં, હશો ખેદમાં કે હશો જો ખુશીમાં;
કહો કોણ જાણે હશે કાળ કેવો, અરે આવશે એક તો દિન એવો.
નહિ આગળે કાગળેથી જણાવે, નહિ કોઈ સાથે સંદેશો કહાવે;
અજાણ્યો અકસ્માત આશ્ચર્ય જેવો, અરે આવશે એક તો દિન એવો.
પૂરા થઈ શકયાં તે થશે કામ પૂરાં, અધૂરાં રહ્યાં તે રહેશે અધૂરાં;
તડાકો તમે તોપનો જેમ હેવો, અરે આવશે એક તો દિન એવો.

વૈરાગ્ય પદ

આ તન રંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગેજી,
અસંખ્ય ગયા ધન ધામને મેલી તારી નજરો આગેજી. ૧
અંગે તેલ ફૂલેલ લગાવે, માથે છોગાં ઘાલેજી;
યૌવન ધનનું જોર જણાવે, છાતી કાઢી ચાલેજી. ૨
જેમ ઉંદરડે દારૂ પીધો, મસ્તાનો થઈ ડોલેજી;
મગરૂરીમાં અંગ મરોડે, જેમ તેમ મુખથી બોલેજી. ૩

મનમાં જાણે મુજ સરિખો, રસિયો નહિ કોઈ રાગીજી;
બહારે તાકો રહી બિલાડી, લેતાં વાર ન લાગીજી. ૪
આજ કાલમાં હું તું કરતાં, જમડા પકડી જાશેજી;
બ્રહ્માનંદ કહે ચેત અજ્ઞાની, અંતે ફજેતી થાશેજી. ૫

દુહા

સુખનું સાધન સજ્જન સાણા સાંભળી,
એ શુભ પંથે કરજો નિત્ય પ્રયાણજો;
શ્રી વીતરાગની વાણી મનન કરી સદ્દા,
દેજો દેજો એ ઉપર બહુ ધ્યાનજો; સુખનું૦ ૧
સુખનું સાધન ધર્મ સદ્દા સમજી જઈ,
ધર્મની કરણી કરજો થઇ ઉજમાળજો;
આ સાંસારિક માયા સ્વપ્ના જેવી છે,
આખર એ છે સાવ જૂઠી જંજાળજો. સુખનું૦ ૨
પુદ્ગલના આ સુખમાં મહાલીને ભલે,
સુખ મળે પણ એ તજતાં છે દુઃખજો;
જે સુખની પછવાડે દુઃખ રહ્યું અરે,
એ નથી સાચું સમજો આત્મિક સુખજો. સુખનું૦ ૩
સુખનું સાધન સંતજનોએ જે કર્યું,
તે તો સાચું આત્મિક સુખ ગણાયજો,
ધર્મ સેવનથીએ સુખ સાચું સાંપડે,
ધર્મ વગરનું જીવન એળે જાયજો; સુખનું૦ ૪
ધર્મનું ફળ છે સુખ એ ઇચ્છે સહુ સદ્દા,
પણ ન સેવે ધર્મને જો કોઈ કાળજો;
તો સુખ સાચું સાંપડશે કયાંથી અરે,
માટે બાંધો પાણી પહેલાં પાળજો. સુખનું૦ ૫

## દુહા

ચેતન તેં એસી કરી, જેસી ન કરે કોય;
વિષયા રસને કારણે, સ્વરસ એઠો ખોય. ૧
જરા આવી જોબન ગયું, શીર પળિયા તે કેશ;
લલુતા તો છોડી નહીં, ન કર્યો ધર્મ લવલેશ. ૨
રાત ગમાઈ સોવતે, દિવસ ગમાયા ખાય;
હીરા જેસા મનુષ્ય ભવ, કવડી બદલે જાય. ૩
માખી ચંદન પરિહરે, કરમલ ઉપર જાય;
મુરખ ધર્મ ન સાંભળે, ઊંઘે કે ઊઠ જાય. ૪
સંગત બિચારી કયા કરે, હૃદય ભયે કઠોર;
નવ નેજા પાણી ચઢે, પથ્થર ન ભીજે કોર. ૫
લક્ષ્મી કોની થઈ નથી, થાશે નહીં કો દીન;
ધર્મ મારગે વાપર્યું, તે થાશે તુજ ધન. ૬
કરોડપતિ મૂકી ગયા, કોડી ન ગઈ તે સાથ;
હાથે તે સાથે થશે, મિથ્યા બીજું ભ્રાંત. ૭
ચાર ઘડી રાત્રી પાછલી, સૂર્ય ઉદય પર્યંત;
બ્રહ્મ મુહૂર્ત તે જાણવું, ભજન ધ્યાન બલવંત ૮
નીજ સ્વભાવમાં રહે સદા, તજી રાગ ને દ્વેષ;
પૂર્વ કર્મને ખેરવે, એ સિદ્ધાંતનો રેષ, ૯
રાગદ્વેષ દોય દોષ હે, અષ્ટકર્મ જડ એહ;
હેતુ એહ સંસારકા, તીનકુ કરવો છેહ. ૧૦
તેણ કારણ અરિહંતના, દ્રવ્ય ગુણ પર્યાય;
ધ્યાન ધરંતા એહનું, આતમ નિર્મળ થાય. ૧૧
જ્યું દારૂ કે ગંજકું, નર નહીં શકે ઉઠાય;
તનક આગ સંજોગસેં, છિન્ન એકમેં ઊડ જાય. ૧૨

# છંદો, થોયો, સ્તવનો–સજ્ઝાયો તથા ગહુંલીયો

## છંદો

### શ્રી ગૌતમ સ્વામીનો છંદ

પેલો ગણધર વીરનો રે, શાસનનો શણગાર;
ગૌતમ ગોત્ર તણો ધણી રે, ગુણમણિ રયણ ભંડાર.
જયંકર જીવો ગૌતમ સ્વામ, એ તો નવનિધિ હોય જસ નામ;
એ તો પૂરે વાંછિત કામ, એ તો ગુણમણિ કેરો ધામ.
જયંકર જીવો ગૌતમ સ્વામ. ૧
જેષ્ઠા નક્ષત્ર જનમિયા રે, ગોબર ગામ મોઝાર;
વસુભૂતિસુત પૃથ્વી તણો રે, માનવ મોહનગાર. જયં૦ ૨
સમવસરણ ઇંદ્રે રચ્યું રે, બેઠા શ્રી વર્ધમાન;
બેઠી તે બારે પરખદા રે, સુણવા શ્રી જિનવાણ. જયં૦ ૩
વીર કન્હે સંજમ લહ્યું રે, પંચસયાં પરિવાર;
છઠ છઠ તપને પારણે રે, કરતા ઉગ્ર વિહાર. જયં૦ ૪
અષ્ટાપદ લબ્ધે ચડયા રે, વાંદ્યા નિજ ચોવીશ;
જગ ચિંતામણિ તિહાં કર્યું રે, સ્તવિયા શ્રી જગદીશ. જયં૦ ૫
પનરશેં તાપસ પારણે રે, ખીર ખાંડ ઘૃત પૂર;
અમિય જાસ અંગૂઠડો રે, ઊગ્યો તે કેવલસૂર. જયં૦ ૬
દિવાળી દિન ઉપન્યું રે, પ્રભાતે કેવલ નાણ;
અક્ષિણલબ્ધિ તણો ધણી રે, નામે તે સકળ વિહાણ. જયં૦ ૭
પચાસ વરસ ઘરવાસમાં રે, છદ્મસ્થાએ ત્રીશ;
બાર વરસ લગે કેવળી રે, બાણું તે આયુ જગીશ. જયં૦ ૮
ગૌતમ ગણધર સારિખા રે, શ્રી વિજયસેન સૂરીશ;
એ ગુરુચરણ પસાઉલે રે, ધીર નમે નિશદિશ. જયં૦ ૯

થોયો

## શ્રી સીમંધરજિનસ્તુતિ

वंदे पुव्वविदेहभूमिमहिलालंकारहारोवमं ।
देवं भत्तिपुरस्सरं जिणवरं सीमंधर सामियं ॥
पाया जस्स जिणेसरस्स भवभीसंदेहसंतासणा ।
पोआभा भवसायरंम्मि निवडन्ताणं जणाणं सया ॥१॥
तीआणागयवट्टमाण अरिहा सव्वेवि सुक्खावहा ।
पाणीणं भवियाण सन्तु सययं तित्थंकरा ते चिरं ॥
जेसिं मेरूगिरिम्मि वासवगणा देवंगणा संगया ।
भत्तीए पकुणंति जम्मणमहं सोवण्णकुम्भाइहिं ॥२॥
निस्सीमामलनाणकाणणघणो सम्मोहनिन्नासणो ।
जोनीसेसपयत्थसत्थकलणे आइच्चकप्पो फुडो ॥
सिद्धन्तं भविया सरन्त हिअए तं बारसङ्गीगयं ।
नाणाभेयनयावलीहि कलियं सव्वण्णुणा भासियं ॥३॥
जे तित्थंकरपायपंकजवणा सेविक्करोलंबया ।
भव्वाणं जिणभत्तयाण अणिसं सोहिज्जकज्जेरया ॥
सम्मद्दिट्ठिसुरा वराभरणभादिप्पन्तदेहप्पहा ।
ते सङ्घस्स हवन्तु विग्धहरणा कल्लाणसंपायणा ॥४॥

### શ્રી સિદ્ધચક્રની સ્તુતિ

સિદ્ધચક્ર સેવો સુવિચાર, આણી હૈડે હર્ષ અપાર, જેમ લહો સુખ શ્રીકાર; મનસુદ્ધે નવ ઓળી કીજે, અહોનિશ નવપદ ધ્યાન ધરિજે, જિનવર પૂજા કીજે; પડિક્કમણું દોય

ટંકના કીજે, આઠે થોયે દેવ વાંદીજે, ભૂમિ સંથારો કીજે; મૃષાતણો કીજે પરિહાર, અંગે શીલ ધારીજે સાર, દીજે દાન અપાર ।। ૧ ।। અરિહંત સિદ્ધ આચાર્ય નમીજે, વાચક સર્વ સાધુ વંદીજે, દર્શન જ્ઞાન થુણીજે; ચારિત્ર તપનું ધ્યાન ધરીજે, અહોનિશ નવપદ ગુણણું ગણીજે, નવ આયંબિલ પણ કીજે; નિશ્ચય રાખીને મન ઈશ, જપો પદ એક એકને ઈશ, નવકારવાળી વીશ; છેલ્લે આયંબિલે પણ કીજે, સત્તર-ભેદી જિનપૂજા રચીજે, માનવ ભવ ફળ લીજે ।।૨।। સાતસેં કુષ્ઠીના એ રોગ, નાઠા ન્હવણ લઇ સંયોગ, દૂર હુઆ કર્મના ભોગ; કુષ્ઠ અઢારે દૂર જાય, દુઃખ દારિદ્ર સવિ દૂર પલાય, મનવાંછિત ફળ થાય; નિર્ધનીયાને દ્વિયે બહુ ધન, અપુત્રીયાને પુત્ર રતન, જો સેવે શુદ્ધ મન; નવકાર સમો નહિ કોઇ મંત્ર, સિદ્ધચક્ર સમો નહિ કોઇ યંત્ર, સેવો ભવિયણ એકાંત ।।૩।। જે સેવ્યો મયણા શ્રીપાળ, ઉંબર રોગ ગયો તત્કાળ, પામ્યા મંગળ માળ; શ્રીપાળ પેરે જે આરાધે, તસ ઘેર દિન દિન દોલત વાધે, અંતે શિવસુખ સાધે; વિમલેશ્વર જક્ષ સેવા સારે, આપદા કષ્ટ સવિ દૂર નિવારે, દોલત લક્ષ્મી વધારે; મેઘવિજય કવિરાયનો શિષ્ય, હઈડે ભાવ ધરી સુજગીશ, વિનયવિજય નિશદિશ. ।। ૪ ।।

## સ્તવનો

### ૧. સિદ્ધાચળની તળેટીનું સ્તવન

( સેવો ભવિયાં વિમલ જિનેશ્વર—એ રાગ )

ત્રિભુવન તારક તીર્થ તલાટી, ચૈત્યવંદન પરિપાટીજી;
મિથ્યા મોહ ઉલંઘી ઘાટી, આપદા અલગી નાઠીજી.
ત્રિભુવન તારક તીર્થ તલાટી. ( એ આંકણી ) ૧

જિનવર ગણધર નરવર, સુરવર કોડાકોડીજી;
ઇહાં ઊભા ગિરિવરને વાંદે, પૂજે હોડાહોડીજી. ત્રિભુવન૦ ૨
ગુણઠાણાની શ્રેણી જેહવો, ઊર્ધ્વગામી પંથ ઇહાંથીજી;
ચઢતે ભાવ ભવી આરાધો, પુણ્ય વિના મળે કીહાંથીજી.
ત્રિભુવન૦ ૩
મેરૂ સરસવ તુજ મુજ અંતર, ઊંચો જોઇ નિહાળુંજી;
તો પણ ચરણ સમિપે બેઠો, મનનો અંતર ટાળુંજી.
ત્રિભુવન૦ ૪
સેવન કારણ પહેલી ભૂમિ, અભય અદ્વેષ અખેદજી;
ધર્મરત્ન પદ તે નર પામે, ભૂગર્ભરહસ્યનો ભેદજી.
ત્રિભુવન૦ ૫

## ૨. રાયણનું સ્તવન

( જિનજી ત્રેવીશમા જિન પાસ, આશ મુજ પૂરવે રે લોલ–એ રાગ. )

જિનજી આદીશ્વર અરિહંતકે, પગલાં ઇહાં ધર્યાં રે લોલ;
મારા નાથજી રે લોલ.
જિનજી પૂરવ નવાણું વારકે, આપ સમોસર્યા રે લોલ. મારા૦
જિનજી સુરતરૂસમ સુખકારકે, રાયણ રૂયડી રે લોલ;
જિનજી નિરખી હરખે ચિત્ત કે, ભાંગે ભૂખડી રે લોલ. મારા૦
જિનજી નિર્મળ શીતળ છાંય કે, સુગંધી વિસ્તરે રે લોલ;
જિનજી પાન ફૂલ ફળ ખંધકે, પુન્ય નિધિ ભરે રે લોલ. મારા૦
જિનજી સાધિષ્ઠાયક દેવ, સદા હિત સાધતા રે લોલ;
જિનજી હળુકરમી હરખાયકે, અમરફળ બાંધતા રે લોલ. મારા૦
જિનજી મધુરી મોહન વેલ કે, કળિયુગમાં ખડી રે લોલ;
જિનજી સેવે સંતમહંત કે, ત્રિભુવનમાં વડી રે લોલ. મારા૦

જિનજી પુણ્યવંત જે માણસ, તે આવી ચડી રે લોલ;
જિનજી શુભ ગતિ બાંધે આયુષ, નરકે નહિ પડે રે લોલ. મારા૦
જિનજી પ્રભુ પગલાં સુપસાય કે, સુપૂજિત સર્વદા રે લોલ;
જિનજી મોટાનો અનુયોગ કે, આપે સંપદા રે લોલ. મારા૦
જિનજી સૂર્યકાંત મણિ જેમ કે, સૂર્યપ્રભા ભરે રે લોલ;
જિનજી પામી સ્વામી સંગ કે, રંગ પ્રભા ધરે રે લોલ. મારા૦
જિનજી સફળ સદા ફળદાય કે, મોક્ષફળ આપજો રે લોલ;
જિનજી સફળ ક્રિયાવિધિ છાપ કે, નિર્મળ છાપજો રે લોલ. મારા૦
જિનજી ધર્મરત્ન ફળ યોગ્ય કે, અમર થાઉં સદા રે લોલ;
જિનજી આશીર્વાદ આબાદ કે, દેજો સર્વદા રે લોલ. મારા૦

## ૩. શ્રી પુંડરિકસ્વામીનું સ્તવન

( ગિરૂઆ રે ગુણ તુમતણા—એ રાગ )

ધનધન પુંડરિક સ્વામીજી, ભરત ચક્રી નૃપ નંદ રે;
દીક્ષા ગ્રહી પ્રભુ હાથથી, પૂજિત ગણધર વૃંદ રે. ધનધન૦
આદિ જિન વદનકમળ થકી, નિસુણી સિદ્ધાચલ મહિમા રે;
આવ્યા ગિરિવર ભેટવા, વિસ્તાર્યો તીર્થનો મહિમા રે. ધનધન૦
પાવન પુરુષ પસાયથી, પૃથ્વી પવિત્ર થઇ જાય રે;
તેથી પુંડરિક નામથી, આજ લગે પૂજાય રે. ધનધન૦
પદ્માસન પ્રતિમા બની, પ્રભુ સન્મુખ સોહાય રે;
પૂજા વિવિધ પ્રકારની, કરતા ભવિ સમુદાય રે. ધનધન૦
અવિતહ વાગરણા કહ્યા, અજિણ જિણ સંકાસા રે;
ધર્મરત્ન પદ આપજો, મુજ મન મોટી આશા રે. ધનધન૦

## ૪. શ્રી શાંતિજિન સ્તવન

શાંતિ જિનેશ્વર સાહેબ વંદો, અનુભવ રસનો કંદો રે;
મુખ મટકે લોચનને લટકે, મોહ્યા સુર નર વૃન્દો રે. શાં૦

આંબે મંજરી કોયલ ટહુકે, જલદ ઘટા જેમ મોરા રે;
તેમ જિનવરને નિરખી હું હરખું, વળી જેમ ચંદ ચકોરા રે. શાં૦
જિન પડિમા શ્રી જિનવર સરખી, સૂત્ર ઘણાં છે સાખી રે;
સુરનર મુનિવર વંદન પૂજા, કરતા શિવ અભિલાષી રે. શાં૦
રાયપસેણીમાં પડિમા પૂજી, સૂર્યાભ સમકિતધારી રે;
જીવાભિગમે પડિમા પૂજી, વિજયદેવ અધિકારી રે. શાં૦
જિનવર બિંબ વિના નહિ વંદુ, આણંદજી એમ બોલે રે;
સાતમે અંગે સમકિત મૂળે, અવર કહ્યા તસ તોલે રે. શાં૦
જ્ઞાતાસૂત્રમાં દ્રૌપદી પૂજા, કરી શિવ સુખ માગે રે;
રાય સિધારથ પડિમા પૂજી, કલ્પસૂત્રમાં રાગે રે. શાં૦
વિદ્યાચારણ મુનિવર વંદી, પડિમા પંચમે અંગે રે;
જંઘાચારણ વીશમે શતકે, જિનપડિમા મન રંગે રે. શાં૦
આર્ય સુહસ્તિસૂરિ ઉપદેશે, સાચો સંપ્રતિ રાય રે;
સવા કરોડ જિનબિંબ ભરાવ્યાં, ધન ધન તેહની માય રે. શાં૦
મોકલી પ્રતિમા અભયકુમારે, દેખી આર્દ્રકુમાર રે;
જાતિ સ્મરણે સમકિત પામી, વરિયા શિવ વધૂ સાર રે. શાં૦
ઇત્યાદિક બહુ પાઠ કહ્યા છે, સૂત્ર માંહી સુખકારી રે;
સૂત્ર તણો એક વરણ ઉત્થાપે, તે કહ્યા બહુલ સંસારી રે. શાં૦
તે માટે જિન આણા ધારી, કુમતિ કદાગ્રહ વારી રે;
ભક્તિ તણું ફળ ઉત્તરાધ્યયને, બોધિબીજ સુખકારી રે. શાં૦
એક ભવે દોય પદવી પામ્યા, સોળમા શ્રી જિનરાય રે;
મુજ મન મંદિરીએ પધરાવું, ધવળમંગળ વર્તાવું રે. શાં૦
જિન ઉત્તમ પદ રૂપ અનુપમ, કીર્તિ કમળાની શાળા રે;
જીવ વિજય કહે પ્રભુજીની ભક્તિ, કરતાં મંગળ માળા રે. શાં૦

## ૫. શ્રી અજિતજિન સ્તવન

અજિત જીણુંદ દયા કરો રે, આણી અધિક પ્રમોદ;
જાણી સેવક આપણો રે, સુણીએ વચન વિનોદ રે.
જિનજી! સેવના, ભવોભવ માહરી હોજો રે; એહી મનકામના.
કર્મશત્રુ તમે જીતિયા રે, તીમ મુજને જીતાડ;
અજિત થાઉં દુશ્મન થકી રે, એ મુજ પૂરો ઉત્સાહ રે. જિ૦
જિતશત્રુ નૃપનંદનો રે, જીતે વયરી જેહ;
ઇહાં કને અચરીજ કો નહિ રે, પરિણામે ગુણગેહરે. જિ૦
સકળ પદારથ પામીએ રે, દીઠે તુમ દેદાર;
સોભાગી મહિમાનીલો રે, વિજયામાત મલ્હાર રે. જિ૦
જ્ઞાનવિમળ સુપ્રકાશથી રે, ભાસિત લોકાલોક;
શિવસુંદરીના વાલહા રે, પ્રણમે ભવિજન થોક રે. જિનજી! સે૦
ભવોભવ માહરી હોજો રે, એહી મનકામના.

## ૬. શ્રી પાર્શ્વજિન સ્તવન

શ્રી પાસજી પ્રગટ પ્રભાવી, તુજ મૂરતિ મુજ મન ભાવી રે;
મનમોહના જિનરાયા સુરનરકિન્નર ગુણ ગાયા રે. મન૦
જે દિનથી મૂરતિ દીઠી, તે દિનથી આપદા નિઠી રે; મન૦ ૧
મુખ મટકાળું સુપ્રસન્ન, દેખત રીઝે ભવિ મન રે; મન૦
સમતારસકેરાં કચોળાં નયણાં દીઠે રંગરોળા રે. મન૦ ૨
હાથે ન ધરે હથિયાર, નહિ જપમાળાનો પ્રચાર રે. મન૦
ઉત્સંગે ન ધરે રામા, જેહથી ઉપજે સવી કામા રે. મન૦ ૩
નકરે ગીત નૃત્ય ચાળા, એતો પ્રત્યક્ષ નટના ખ્યાલા રે. મન૦
ન બજાવે આપે વાજાં, ન ધરે વસ્ત્ર જીરણ સાજાં રે. મન૦ ૪
એમ મૂરતિ તુજ નિરૂપાધિ, વીતરાગપણે કરી સાધી રે. મન૦
કહે માનવિજય ઉવજઝાય, મેં અવલંબ્યા તુજ પાય રે. મન૦ ૫

## ૭. શ્રી પાર્શ્વજિન સ્તવન

જિનપતિ અવિનાશી કાશી ધણી રે, મનની આશા પુરણ-હાર હો જિનપતિ ચિંતામણી રે, જિનપતિ અશ્વસેન કુલ-ચંદલો રે વાલોમારો વામા માત મલ્હાર હો. જિનપતિ૦ ચિં૦ ૧. જિનપતિ ત્રણ ભુવન સીર સેહરો રે, સેવે ચોસઠ સુર-પતિ પાય હો. જિનપતિ ચિંતામણી રે, જિનપતિ નાચે નવનવા છંદથી રે, સુર વધૂ મધુર સ્વરે ગુણ ગાય હો, જિનપતિ૦ ૨. જિનપતિ તુજ રૂપે રતિપતિ ધસ્યો રે, અંગથી લાજી થયો છે અનંગ હો. જિન૦ જિનપતિ તુજ ઉપમા કોઈ જગ નહિ રે, તું છે ગુણરાશી નિસંગ હો. જિનપતિ૦ ૩. જિનપતિ સોલ સહસ અણગારને રે, સાહુણી અડતીસ સહસ નિસ્તાર હો. જિનપતિ ચિંતામણી રે, જિન-પતિ નાગપતિ કર્યો નાગને રે, કરૂણા કરી દીધો નવકાર હો. જિનપતિ૦ ૪. જિનપતિ ધરણરાય પદ્મમાવતી રે, સેવે પાર્શ્વજક્ષ વળી પાય હો. જિનપતિ૦ જિનપતિ જાદવની નાસી જરા રે, તો હવે અમને કરો સુપસાય હો જિનપતિ ચિંતામણી રે. ૫. જિનપતિ પાસ તે આશ મુજ પુરવે રે, સાચો શંખેશ્વર મહારાજ હો, જિનપતિ ચિંતામણી રે, જિનપતિ શ્રી ગુરુ પદ્મવિજય તણો રે, માગે રૂપવિજય શીવરાજ હો. જિનપતિ૦ ૫.

## ૮. શ્રી કુંથુજિન સ્તવન

રસીયા કુંથુજિનેશ્વર કેશર ભીની દેહડી રે લોલ,
રસીયા મનવાંછિત વર પૂરણ સુરતરૂ વેલડી રે લોલ,
રસીયા અંજન રહિત નિરંજન નામ હૈયે ધરો રે લોલ;

રસીયા જુગતે કરી મન ભગતે પ્રભુ પૂજા કરો રે લોલ.
મારા નાથજી રે લોલ૦ ૧
રસીયા શ્રી નંદન આનંદન ચંદનથી શિરે રે લોલ,
રસીયા તાપ નિવારણ તારણ તરણ તરીપરે રે લોલ,
રસીયા મનમોહન જગમોહન કોહ નહિ કીસ્યો રે લોલ,
રસીયા કુડા કળયુગમાંહી અવર ન કો ઇસ્યો રે લોલ. મારા૦ ૨
રસીયા ગુણ સંભારી જાઉં બલિહારી નાથને રે લોલ,
રસીયા કોણ પ્રમાદે છાંડે શિવપુર સાથને રે લોલ,
રસીયા કાચ તણે કારણ કોણ નાખે સુરમણિ રે લોલ,
રસીયા કોણ ચાખે વિષફળને મેવા અવગણી રે લોલ. મારા૦ ૩
રસીયા સુર નરપતિ સુત ઠાવો ચાવો ચિહું દિશે રે લોલ,
રસીયા વરસ સહસ પંચાણું જિન પૃથ્વી વસે રે લોલ,
રસીયા ત્રીસ ધનુષ્ય પણ ઉપર ઊંચપણે પ્રભુ રે લોલ,
રસીયા ત્રણ ભુવનનો નાથ કે થઈ બેઠો વિભુ રે લોલ. મારા૦ ૪
રસીયા અજ લંછન ગત લંછન કંચન વાન છે રે લોલ,
રસીયા રિદ્ધિ પૂરે દુઃખ ચૂરે જેહને ધ્યાન છે રે લોલ,
રસીયા બુદ્ધ શ્રી સુમતિવિજય કવિ સેવક વીનવે રે લોલ,
રસીયા રામ કહે જિન શાસન નહિ મૂકું હવે રે લોલ. મારા૦ ૫

## ૬. શ્રી કુંથુજિન સ્તવન

( યોગીશર ચેલા—એ દેશી )

કુંથુજિનેશ્વર જાણજો રે લાલ, મુજ મનનો અભિપ્રાય રે
જિનેશ્વર મોરા;
તું આતમ અલવેસરૂ રે લાલ, રખે તુજ વિરહો થાય રે. જિ૦
તુજ વિરહો કેમ વેઠીએ રે ! લાલ, તુજ વિરહો
દુઃખદાય રે. જિ૦

વિરહ તે કેમ વેઠાય રે? જિ૦ ક્ષણ વરસાં સો થાયરે જિ૦
વિરહ તે મોટી બલાય રે. જિ૦ તુજ૦ ૧
તુજ પાસે જે આયવું રે લાલ, પહેલાં ન આવે તું દાય રે. જિ૦
આવ્યા પછી તો જાયવું રે લાલ,તુજ ગુણવશે ન સોહાય રે. જિ૦ ૨
ન મિલ્યાનો ધોખો નહીં રે લાલ, જસ ગુણનું નહીં નાણ રે. જિ૦
મળિયા ગુણ કળિયા પછીરે લાલ, વિછુરત જાયે પ્રાણ રે. જિ૦ ૩
જાતિઅંધને દુઃખ નહીં રે લાલ, ન લહે નયનનો સ્વાદ રે. જિ૦
નયનસ્વાદ લહી કરી રે લાલ, હાર્યો ને વિખવાદ રે. જિ૦ તુ૦ ૪
બીજે પણ કિહાં નહિ ગમે રે લાલ, જિણે તુજ વિરહે બચાયરે. જિ૦
માલતી-કુસુમે મોહિયો રે લાલ, મધુપ કરીરે ન જાય રે. જિ૦ ૫
વનદવદાધાં રૂંખડાં રે લાલ, પાલ્હવે વળી વરસાત રે. જિ૦
તુજ વિરહાનળના બળ્યા રે લાલ,કાળ અનંત ગમાતરે.જિ૦તુ૦ ૬
ટાઢક રહે તુજ સંગમાં રે લાલ, આકુળતા મિટિ જાય રે. જિ૦
તુજ સંગે સુખિયો સદા રે લાલ,**માનવિજય** ઉવઝાયરે.જિ૦તુ૦૭

## ૧૦. શ્રી સિદ્ધચક્રનું સ્તવન

ઓ ભવિ પ્રાણી રે સેવો, સિદ્ધચક્ર ધ્યાન સમો નહિ મેવો. ઓ૦
જે સિદ્ધચક્રને આરાધે, તેની કીર્તિ જગમાં વાધે. ૧
પહેલે પદે રે અરિહંત, બીજે સિદ્ધ બુદ્ધ ધ્યાન મહંત;
ત્રીજે પદે રે સૂરીશ્વર, ચોથે ઉવજ્ઝાય ને પાંચમે મુનીશ્વર. ૨
છઠ્ઠે દર્શન કીજે; સાતમે જ્ઞાનથી શિવ સુખ લીજે;
આઠમે ચારિત્ર પાળો, નવમે તપથી મુક્તે જાઓ. ૩
ઓળી આયંબિલની કીજે, નોકારવાલી વીસ ગણી જે;
ત્રણ ટંકના રે દેવ વાંદીને, પડિલેહણ પડિક્કમણાં કીજે. ૪
ગુરુમુખ ક્રિયા રે કીજે, દેવ ગુરુ ભક્તિ ચિત્તમાં ધરી જે;
એમ કહે **રામનો શિષ્ય**, ઓળી ઉજવળે જગદિશ. ૫

## ૧૧. શ્રી સિદ્ધચક્રનું સ્તવન

સિદ્ધચક્ર વર સેવા કીજે, નરભવ લાહો લીજે જી,
વિધિપૂર્વક આરાધન કરતાં, ભવ ભવ પાતક છીજે;
ભવિજન ભજીએજી.
અવર અનાદિની ચાલ નિત્ય નિત્ય તજીએજી. ( એ આંકણી ) ૧
દેવના દેવ દયાકર ઠાકર, ચાકર સુર નર ઇન્દ્રાજી;
ત્રિગડે ત્રિભુવન નાયક બેઠા, પ્રણમો શ્રી જિનચંદા. ભવિ૦ ૨
અજ અવિનાશી અકળ અજરામર, કેવળ દંશણ નાણીજી;
અવ્યાબાધ અનંતું વીર્ય જ, સિદ્ધ પ્રણમો ગુણ ખાણી. ભવિ૦ ૩
વિદ્યા સૌભાગ્ય લક્ષ્મી પીઠ, મંત્રરાજ યોગ પીઠજી,
સુમેરૂ પીઠ એ પંચ પ્રસ્થાને, નમો આચારજ ઇઠું. ભવિ૦ ૪
અંગ ઉપાંગ નંદિ અનુયોગ, છ છેદ ને મૂળ ચારજી;
દશ પયન્ના એમ પણયાલીસ, પાઠક તેહના ધાર. ભવિ૦ ૫
વેદ ત્રણ ને હાસ્યાદિક ષટ, મિથ્યાત્વ ચાર કષાયજી;
ચૌદ અભ્યંતર નવ વિધ બાહ્યની, ગ્રંથિ તજે મુનિરાય. ભવિ૦ ૬
ઉપશમ ક્ષયઉપશમ ને ક્ષાયક, દર્શન ત્રણ પ્રકારજી;
શ્રદ્ધા પરિણતિ આતમ કેરી, નમીએ વારંવાર. ભવિ૦ ૭
અઠ્ઠાવીશ ચૌદ ને ષટ દુગ એક, મત્યાદિકના જાણુજી;
એમ એકાવન ભેદે પ્રણમો, સાતમે પદ વરનાણુ. ભવિ૦ ૮
નિવૃત્તિ ને પ્રવૃત્તિ ભેદે, ચારિત્ર છે વ્યવહારેજી;
નિજગુણ સ્થિરતા ચરણ તે પ્રણમો, નિશ્ચય શુદ્ધ પ્રકારે. ભવિ૦ ૯
બાહ્ય અભ્યંતર તપ તે સંવર, સમતા નિર્જરા હેતુજી;
તે તપ નમીએ ભાવ ધરીને, ભવસાગરમાં સેતુ. ભવિ૦ ૧૦
એ નવપદમાં પણ છે ધર્મી, ધર્મ તે વરતે ચારજી;

દેવગુરુ ને ધર્મ તે એહમાં, દો તીન ચાર પ્રકાર. ભવિ૦ ૧૧
મારગદેશક અવિનાશીપણું, આચાર વિનય સંકેતજી;
સહાયપણું ધરતા સાધુજી, પ્રણમો એહીજ હેતે. ભવિ૦ ૧૨
વિમળેશ્વર સાનિધ્ય કરે તેહની, ઉત્તમ જે આરાધેજી;
પદ્મવિજય કહે તે ભવિ પ્રાણી, નિજ આતમ હિત સાધે. ભવિ૦ ૧૩

## ૧૨. શ્રી વીશ સ્થાનકનું સ્તવન

હાંરે મારે પ્રણમું સરસ્વતી માગું વચન વિલાસજો,
વીશે રે તપ સ્થાનક મહિમા ગાઇશું રે લોલ;
હાંરે મારે પ્રથમ અરિહંત પદ લોગસ્સ ચોવીશ જો,
બીજે રે સિદ્ધ સ્થાનક પન્નર ભાવશું રે લોલ. ૧
હાંરે મારે ત્રીજે પવયણુશું ગણુશો લોગસ્સ સાત જો,
ચઉથે રે આયરિયાણું છત્રીસનો સહી રે લોલ;
હાંરે મારે થેરાણું પદ પાંચમે દશ ઉદાર જો,
છઠ્ઠે રે ઉવજ્ઝાયાણું પંચવીશનો સહી રે લોલ. ૨
હાંરે મારે સાતમે લોએ સવ્વ સાહુ સત્તાવીશ જો,
આઠમે નમો નાણસ્સ પંથે ભાવશું રે લોલ;
હાંરે મારે નવમેં દરિશણ સડસઠ મનને ઉદ્ધાર જો,
દશમે નમો વિણયસ્સ દશ વખાણીએ રે લોલ. ૩
હાંરે મારે અગીઆરમે નમો ચારિતસ્સ લોગસ્સ સત્તર જો;
બારમે નમો બંભસ્સ નવગુણે સહી રે લોલ,
હાંરે મારે કીરિયાણું પદ તેરમે વળી પચવીસ જો,
ચઉદમે નમો તવસ્સ બાર ગુણે સહી રે લોલ. ૪
હાંરે મારે પંદરમે નમો ગોયમસ્સ અઠ્ઠાવીસ જો,
નમો જિણાણું ચઉવ્વીશ ગણુશું સોળમે રે લોલ;

હાંરે મારે સત્તરમે ચારિત્ત લેાગસ્સ સિત્તેર જો,
નાણસ્સનેા પદ ગણુશું એકાવન અઢારમે રે લેાલ. ૫
હાંરે મારે એાગણીસમે નમેા સુઅસ્સ વીશ પીસ્તાલીશજો,
વીશમે નમેા તિત્થસ્સ વિશ ભાવશું રે લેાલ;
હાંરે મારે તપનેા મહિમા ચારશેં ઉપર વીશ જો,
ષટ માસે એક એાળી પૂરી કીજીએ રે લેાલ. ૬
હાંરે મારે તપ કરતા વળી ગણીએ દેાય હજાર જો,
નવકારવાળી વીશે સ્થાનક ભાવશું રે લેાલ,
હાંરે મારે પ્રભાવના સંઘ સ્વામી વત્સલ સારજો,
ઉજમણા વિધિ કીજીએ વિનય લીજીએ રે લેાલ, ૭
હાંરે મારે તપનેા મહિમા કહે શ્રી વીર જિનરાય જો,
વિસ્તારે ઈમ સંબંધ ગેાયમ સ્વામીને રે લેાલ,
હાંરે મારે તપ કરતાં વળી તીર્થંકર પદ હેાય જો,
દેવ ગુરુ ઈમ કાન્તિ સ્તવન સેાહામણેા રે લેાલ. ૮

## ૧૩. શ્રી સિદ્ધ ભગવાનનું સ્તવન

સિદ્ધની શેાભારે શી કહું, સિદ્ધ જગત શીર શેાભતા,
રમતા આતમરામ, લક્ષ્મી લીલાની લહેરમાં;
સુખીયા છે શીવઠામ, સિદ્ધની શેાભારે શી કહું ૧
મહાનંદ અમૃતપદ નમેા, સિદ્ધિ કૈવલ્ય નામ;
અપુનર્ભવ બ્રહ્મપદ વળી, અક્ષય સુખ વિશ્રામ. સિદ્ધ૦ ૨
સંશ્રેય નિશ્રેય અક્ષરા, દુઃખ સમસ્ત નિહાણુ;
નિર્વૃતિ અપવર્ગતા, મેાક્ષ મુક્તિનિર્વાણ. સિદ્ધ૦ ૩
અચલ મહેાદયપદ, લહ્યું જોતાં જગતના ઠાઠ;
નિજ નિજ રૂપે રે જુજુઆ, વિત્યાં કર્મ તે આઠ. સિદ્ધ૦ ૪

અગુરુ લઘુ અવગાહના નામે વિકસે વદન,
**શ્રી શુભવીરને** વંદતાં રહીએ સુખમાં મગન. સિદ્ધ૦ ૫

## ૧૪. સિદ્ધાચળજીનું સ્તવન

કર જોડી કહે કામની, લલના ।। લલહો પ્રીતમજી અવધાર.
।। એ ગિરિવારૂ રે ।। લલના ।। સફળ કરો લઈ આપણો ।। લ૦ ।। લલહો માનવનો અવતાર ।। એ ગિરિ૦ ૧ ।। નવલખ ટીકો શું કરો ।। લ૦ ।। લલહો સજવાડા જોડાવ ।। એ ગિરિ૦ ।। સુનંદાનો નાહલો ।। લ૦ ।। લલહો ત્રિભુવન તિલક ભેટાવ ।। એ ગિરિ૦ ૨ ।। અજિતસેનાદિક જીનવરા લ૦ ।। લલહો મુક્તિ ગયા ઇણ ઠામ ।। એ ગિરિ૦ જીન તનું ફરસી ભૂમિકા ।। લ૦ ।। લલહો સિદ્ધ અનંતનું ઠામ ।। એ ગિરિ૦ ૩ ।। ઇણ ચોવીશી સિદ્ધાચળે ।। લ૦ ।। લલહો નેમ વિના ત્રેવીશ ।। એ ગિરિ૦ ।। ભાવિ ચોવીશી આવશે ।। લ૦ ।। લલહો પદ્મનાભાદિ જગીશ ।। એ ગિરિ૦ ૪ ।। આદિ જીણુંદ સમોસર્યા ।। લ૦ ।। લલહો પૂર્વ નવાણું વાર ।। એ ગિરિ૦ ।। ચોમાસું અજીતજિનેશ્વરૂ ।। લ૦ ।। લલહો શાંતિ ચોમાસું સાર ।। એ ગિરિ૦ ૫ ।। પંચ કરોડ પરિવારસું ।। લ૦ ।। લલહો રિષભસેન પુંડરિક ।। એ ગિરી૦ ।। ચૈત્ર પૂનમ શિવ સંપદા ।। લ૦ ।। લલહો પામી થયા નિરભિક ।। એ ગિરિ૦ ૬ ।। કાર્તિક પૂનમે કામિત વર્યા ।। લ૦।। લલહો દ્રાવિડ વારખીલ્લ દોય ।। એ ગિરિ૦ ।। દશકરોડ મુનિ મહંતસુ ।। લ૦ ।। લલહો પ્રણમી પાતિક ધોય ।। એ ગિરિ૦ ૭ ।। નમી વિનમી વિદ્યાધરા ।। લ૦ ।। લલહો બે કોડી મુનિ સંઘાત ।।

એ ગિરિ૦ ।। ફાગણ શુદ્ધ દશમી દીને ।। લ૦ ।। લલહો કીધો એ કર્મનો ઘાત ।। એ ગિરિ૦ ૮ ।। રિષભ વંશી નૃપતિ ઘણા ।। લ૦ ।। લલહો ભરત અંજજ કેઇ પાટ ।। એ ગિરિ૦ ।। સિદ્ધાચળ શ્રેણે ચડયા ।। લ૦ ।। લલહો રોપ્યા ધર્મના ઘાટ ।। એ ગિરિ૦ ૯ ।। નારદ એકાણું લાખશું ।। લ૦ ।। લલહો રામ ભરત ત્રણ કરોડ ।। એ ગિરિ૦ ।। વીશ કરોડ શું પાંડવા ।। લ૦ ।। લલહો દેવકી સુત ખટ જોડ ।। એ ગિરિ૦ ૧૦ ।। હરિનંદન દોય વંદીએ ।। લ૦ ।। લલહો સાંબ પ્રદ્યુમ્ન કુમાર ।। એ ગિરિ૦ ।। કરોડ સાડીઆઠ સાથે થયા ।। લ૦ ।। લલહો શિવ સુંદરી ભરથાર ।। એ ગિરિ૦ ૧૧ ।। થાવચા સુત સંજમી ।। લ૦ ।। લલહો સહસ શું અણસણ કીધ ।। એ ગિરી૦ ।। નેમિ શિષ્ય નંદિષેણજી ।। લ૦ ।। લલહો અજિતશાંતિ સ્તવન કીધ ।। એ ગિરિ૦ ૧૨ ।। સુવ્રતશેઠ મુણીંદશું ।। લ૦ ।। લલહો શુક પરિવ્રાજક સીધ ।। એ ગિરિ૦ ।। પંચસયા સેલિંગ સૂરિ ।। લ૦ ।। લલહો મંડકમુનિ સુપ્રસિદ્ધ ।। એ ગિરિ૦ ૧૩ ।। સિદ્ધાચળ વિમળગિરી ।। લ૦ ।। લલહો મુક્તિ-નિલય શિવ ઠામ ।। એ ગિરિ૦ ।। શત્રુંજય આદ્રિ જેહનાં ।। લ૦ ।। લલહો ઉત્તમ એકવીશ નામ ।। એ ગિરિ૦ ૧૪ ।। ભવસાગર તરીએ જેણે ।। લ૦ ।। લલહો તીરથ તેહ કહે-વાય એ ગિરિ૦ ।। કારણ સકળ સફળ હોવે ।। લ૦ ।। લલહો આતમવિરજ સોહાય ।। એ ગિરિ૦ ૧૫ ।। તીરથ સ્થંભ એ જૈનનો લ૦ ।। લલહો શિવમંદિર સોપાન ।। એ ગિરિ૦ ।। ખીમાવિજય ગુરુથી લહો ।। લ૦ ।। લલહો સેવક જીનઘરે ધ્યાન ।। એ ગિરિ૦ ૧૬ ।। ઈતિ.

## ૧૫. પરમાત્માનું સ્તવન

વિનતડી મનમોહન મારી સાંભળો,
હું છું પામર પ્રાણી નીપટ અબૂઝ જો;
લાંબુ ટૂંકુ હું કાંઇ જાણું નહિ,
ત્રિભુવન નાયક તહારા ઘરનું ગુજજો.
વિનતડી૦ ૧

પેલા છેલા ગુણઠાણાનો આંતરો,
તુજ મુજ માંહે આભેહુબ દેખાય જો;
અંતર મેરૂ સરસવ બીંદુ સિંધુનો,
શી રીતે હવે ઉભય સંગ સધાયજો.
વિનતડી૦ ૨

દોષ અઢારે પાપ અઢારે તેં તજ્યાં,
ભાવ દીશા પણ દૂરે કીધ અઢારજો;
સઘળા દુગુંણ પ્રભુજી મેં અંગીકર્યા,
શી રીતે હવે થાઉં એકાકાર જો.
વિનતડી૦ ૩

ત્રાસ વિના પણ આણા માને તાહરી,
જડ ચેતન જે લોકાલોક મંડાણ જો;
હું અપરાધી તુજ આણા માનું નહિ,
કહો સ્વામી કીમ પાંમુ નિર્વાણ જો.
વિનતડી૦ ૪

અંતરમુખની વાતો વિસ્તારી કરું,
પણ ભીતરમાં કોરો આપોઆપ જો;
ભાવ વિનાની ભક્તિ લૂખી નાથજી,
આશિષ આપો કાપો સઘળાં પાપ જો.
વિનતડી૦ ૫

યાદશ આણા સુક્ષ્મતર પ્રભુ તાહરી,
તાદશ રૂપે મુજથી કદીયે ન પળાય જો;
વાત વિચારી મનમાં ચિંતા મોટકી,
કોઈ બતાવો સ્વામી સરળ ઉપાય જો.
વિનતડી૦ ૬

અતિશય ધારી ઉપકારી પ્રભુ તું મલ્યો,
મુજ મન માંહે પૂરો છે વિશ્વાસ જો;
ધર્મરત્ન ત્રણ નિર્મળ રત્ન આપજો,
કરજો આતમ પરમાતમ પ્રકાશ જો.
વિનતડી૦ ૭

## ૧૬. શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન

પૃથ્વીસુત પરમેસરુ સાહેલડિયાં;
સાતમો દેવ સુપાસ ગુણવેલડિયાં;
ભવ ભવ ભાવઠ ભંજણો સાહેલડિયાં,
પૂરતો વિશ્વની આશ ગુણવેલડિયાં. ૧

સુરમણિ સુરતરૂ સારીખો સાહેલડિયાં,
કામકુંભ સમ જેહ ગુણવેલડિયાં;
તેહથી અધિકતર તું પ્રભુ સાહેલડિયાં,
તેહમાં નહિ સંદેહ ગુણવેલડિયાં. ૨

નામગોત્ર જસ સાંભળે સાહેલડિયાં,
મહાનિર્જરા થાય ગુણવેલડિયાં;
રસના પાવન સ્તવનથી સાહેલડિયાં,
ભવભવનાં દુઃખ જાય ગુણવેલડિયાં. ૩

વિષય કષાયે જે રતા સાહેલડિયાં,
હરિહરાદિક દેવ ગુણવેલડિયાં;

તેહ ચિત્તમાં નહિ ધરું સાહેલડિયાં,
ન કરું તેહની સેવ ગુણવેલડિયાં. ૪
પરમ પુરુષ પરમાતમા સાહેલડિયાં,
પરમાનંદ સ્વરૂપ ગુણવેલડિયાં;
ધ્યાન ભુવનમાં ધારતાં સાહેલડિયાં,
પ્રગટે સહજ સ્વરૂપ ગુણવેલડિયાં. ૫
તૃષ્ણા તાપ સમાવતો સાહેલડિયાં,
શીતળતાયે ચંદ ગુણવેલડિયાં;
તેજે દિનમણિ દીપતો સાહેલડિયાં,
ઉપસમ રસનો કંદ ગુણવેલડિયાં. ૬
કંચન કાંતિ સુંદરુ સાહેલડિયાં,
કાંતિ રહિત કૃપાળ ગુણવેલડિયાં;
જિન ઉત્તમપદ સેવતાં સાહેલડિયાં,
રતન લહે ગુણમાળ ગુણવેલડિયાં. ૭

## ૧૭. શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન

( તુંમે બહુ મૈત્રી રે સાહેબા–એ રાગ )

ચંદ્રપ્રભુ જિન સાહેબા, શરણાગત પ્રતિપાળ;
દર્શન દુર્લભ તમ તણું, મોહન ગુણ મણિમાળ. ચંદ્ર૦ ૧
સાચો દેવ દયાળ તું, સહજાનંદનું ધામ;
નામે નવ નિધિ સંપજે, સીઝે વંછિત કામ. ચંદ્ર૦ ૨
ધ્યેયપણે રે ધ્યાવતાં, ધ્યાતા ધ્યાન પ્રમાણ;
કારણ કારજ નિપજે, એહવી આગમ વાણ. ચંદ્ર૦ ૩
પરમાતમ પરમેસરુ, પુરુષોત્તમ પરધાન;
સેવકની સૂણી વિનતિ, કીજે આપ સમાન. ચંદ્ર૦ ૪
શ્રદ્ધા ભાસન રમણતા, આણી અનુભવ અંગ;
નિરાગીશું રે નેહલો, હોયે અચળ અભંગ. ચંદ્ર૦ ૫

ચંદ્રપ્રભજિન ચિત્તથી, ચૂકું નહિ જિનરાજ;
મુજ તનું ઘરમાં રે ખેંચીયો, ભકતે મેં સાતરાજ. ચંદ્ર૦ ૬
ગુણનિધિ ગરીબનિવાજ છો, કરુણાનિધિ કરપાળ;
ઉત્તમ વિજય કવિરાજનો, રતન લહે ગુણમાળ. ચંદ્ર૦ ૭

## ૧૮. શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન

( નાણ નમો પદ સાતમે—એ રાગ )

શ્રી શ્રેયાંસજિન અગિયારમા,
સુણો સાહિબ જગદાધાર મોરાલાલ;
ભવ ભવ ભમતાં જે કર્યાં,
મેં પાપ સ્થાન અઢાર મોરાલાલ. શ્રી૦ ૧
જીવ હિંસા કીધી ઘણી,
બોલ્યા મૃષાવાદ મોરાલાલ;
અદત્ત પરાયાં આદર્યાં,
મૈથુન સેવ્યાં ઉન્માદ મોરાલાલ. શ્રી૦ ૨
પાપે પરિગ્રહ મેલિયો,
કર્યો ક્રોધ અગનની ઝાળ મોરાલાલ;
માન ગજેન્દે હું ચડ્યો,
પડીઓ માયા વશ જાળ મોરાલાલ. શ્રી૦ ૩
લોભે થોભ ન આવિયો,
રાગે ત્યાગ ન કોધ મોરાલાલ;
દ્વેષે દોષ વાધ્યો ઘણો,
કલહ કર્યો પરસિદ્ધ મોરાલાલ. શ્રી૦ ૪
કુડાં આળ દીધાં ઘણાં,
પરચાડી પાપનું મૂલ મોરાલાલ;
ઈષ્ટ મલે રતિ ઉપની,
અનિષ્ટ અરતિ પ્રતિકુલ મોરાલાલ. શ્રી૦ ૫

પરનિંદાએ પરિવર્યો,
ઓલ્યાં માયા મોસ મોરાલાલ;
મિથ્યાત્વ શલ્યે હું ભારીયો,
નાણ્યો ધર્મનો સોસ મોરાલાલ. શ્રી૦ ૬
એ પાપ થકો પ્રભુ ઉદ્ધરો,
હું આલોઉં તુંમ સાખ મોરાલાલ;
શ્રી ખિમાવિજય પદ સેવનાં,
જસને અનુભવ દાખ મોરાલાલ. શ્રી૦ ૭

## ૧૯. શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

મુનિ સુવ્રત હો પ્રભુ, મુનિ સુવ્રત મહારાજ,
સુણજો હો પ્રભુ, સુણજો સેવકની કથાજી;
ભવમાં હો પ્રભુ, ભવમાં ભમીયો જેહ,
તમને હો પ્રભુ, તમને તે કહું છું કથાજી. ૧
નરકે હો પ્રભુ, નરકે નોધારો દીન;
વસિયો હો પ્રભુ, વસિયો સુખ આણાં વિનાજી;
દીઠાં હો પ્રભુ, દીઠાં દુઃખ અનંત,
વેઠી હો પ્રભુ, વેઠી નાનાવિધ વેદનાજી. ૨
તિમ વલી હો પ્રભુ, તિમ વલી તિર્યંચ માંહી,
જાલીમ હો પ્રભુ, જાલીમ પીડા જે સહીજી;
તુંહી જ હો પ્રભુ, તુંહી જ જાણે તેહ,
કહેતાં હો પ્રભુ, કહેતાં પાર પામું નહિજી. ૩
નરની હો પ્રભુ, નરની જાતિમાં જેહ,
આપદા હો પ્રભુ, આપદા કેમ જાયે કથીજી;
તુજ વિણ હો પ્રભુ, તુજ વિણ જાણણહાર,
તેહનો હો પ્રભુ, તેહનો ત્રિભુવન કો નથીજી. ૪

દેવની હો પ્રભુ, દેવની ગતિ દુઃખ દીઠ,
તે પણ હો પ્રભુ, તે પણ સમ્યક તું લહેજી;
હોજો હો પ્રભુ, હોજો તુમસું નેહ,
ભવોભવ હો પ્રભુ, ભવોભવ ઉદયરતન કહેજી. ૫

## ૨૦. શ્રી નેમિનાથ જિન સ્તવન

(કુંથુજિનેસર જાણજો રે લોલ—દેશી)

સૌરીપુર સોહામણું રે લોલ,
સમુદ્રવિજય નૃપ નંદ રે સોભાગીલાલ;
શિવાદેવી માતા જનમિયો રે લાલ,
દરિસણ પરમાનંદ રે સોભાગીલાલ;
નેમિજિનેશ્વર વંદિયે રે લાલ. ૧

જોબન વય જબ જિન હુંઆ રે લાલ,
આયુધશાલા આય રે સોભાગીલાલ;
સંખ શબ્દ પુરયો જદા રે લાલ,
ભય ભ્રાંત સહુ તિહાં થાય રે. સો૦ નેમી૦ ૨

હરિ હઇડે ઇમ ચિંતવે રે લાલ,
એ બળિયો નિરધાર રે સોભાગીલાલ;
દેવ વાણી તણ ઇમ હુઈ રે લાલ,
બ્રહ્મચારી વ્રતધાર રે. સો૦ નેમી૦ ૩

અંતેઉરી સહુ ભેળી થઇ રે લાલ,
જલશૂંગી કર લીધ રે સોભાગીલાલ;
મૌનપણે જબ જિન રહ્યા રે લાલ,
માન્યું માન્યું એમ કીધ રે. સો૦ નેમી૦ ૪

ઉગ્રસેન રાય તણી સુતા રે લાલ,
જેહનું રાજુલ નામ રે સોભાગીલાલ;

જાન લેઈ જિનવર ગયા રે લાલ,
ફલ્યો મનોરથ તામ રે. સો૦ નેમી૦ ૫
પશુય પોકાર સુણી કરી રે લાલ,
ચિત ચિંતે જિનરાય રે સોભાગીલાલ;
ધિગ વિષયાસુખ કારણે રે લાલ,
બહુ જીવનો વધ થાય રે. સો૦ નેમી૦ ૬
તોરણથી રથ ફેરીયો રે લાલ,
દેઇ વરસી દાન રે સોભાગીલાલ;
સંજમ મારગ આદર્યો રે લાલ,
પામ્યા કેવલજ્ઞાન રે. સો૦ નેમી૦ ૭
અવર ન ઇચ્છું ઇણ ભવે રે લાલ,
રાજુલે અભિગ્રહ લીધ રે સોભાગીલાલ;
પ્રભુ પાસે વ્રત આદરી રે લાલ,
પામી અવિચળ રિધ રે. સો૦ નેમી૦ ૮
ગિરનાર ગિરિવર ઉપરે રે લાલ,
ત્રણ કલ્યાણુક જોય રે સોભાગીલાલ;
શ્રી ગુરુ ખિમાવિજય તણો રે લાલ,
જશ જગ અધિકો હોય રે. સો૦ નેમી૦ ૯

## ૨૧. શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

(શ્રી અરજિન ભવજલનો તારૂ–એ રાગ)

પાસ જિનેસર પુન્યે મલીયો, સહેજે સુરતરૂ ફલીયો રે,
પ્રભુ પુરીસાદાણી, ધન્ય દિવસ મુજ આજથી વલીયો,
જિનશાસનમાં ભલીયો રે. પ્રભુ પુરીસાદાણી. ૧
સમર્યો સંકટ સહુનાં ચુરે, સાચો વાંછિત પુરે રે; પ્રભુ૦
પ્રભુપદ પામી જે રહે દૂરે, તે તો પરભવ ઝુરે રે. પ્રભુ૦ ૨

કષ્ટ કરંતા કમઠને વારી, નાગને થયાઉ પગારી રે; પ્રભુ૦
અંત સમય પંચ પદ ઢાતારી, તિણે હુઓ સુર અવતારી રે. પ્રભુ૦ ૩
છાંડી ભોગ સંજોગ અસાર, આદરે મહાવ્રત ભાર રે; પ્રભુ૦
કમઠ કોપે મૂકે જલધાર, ધ્યાનથી ન ચલ્યા લગાર રે. પ્રભુ૦ ૪
ઘાતી કરમ તણેા કરી નાશ, કેવળ લહી ઉલ્લાસ રે; પ્રભુ૦
અણુહુંતે કોડી એક પાસે, દેવ કરે અરદાસ રે. પ્રભુ૦ ૫
આઠ મહા પ્રાતિહાર્ય બિરાજે, ઉપમા અવર ન છાજેરે; પ્રભુ૦
પાંત્રીસ ગુણુ વાણીએ ગાજે, ભવિના સંસય ભાંજે રે. પ્રભુ૦ ૬
અનેક જીવને પાર ઉતારી, આપ વર્યા શિવનારી રે; પ્રભુ૦
શ્રી ખિમાવિજય પય સેવા સારી, જસ લેવા દિલ ધારી રે.
પ્રભુ૦ ૭

## ૨૨. શ્રી મહાવીર જિન સ્તવન

( કડખાની દેશી—એ રાગ)

વીર વડ ધીર મહાવીર મેાટેા પ્રભુ,
પેખતાં પાપ સંતાપ નાશે;
જેહના નામ ગુણ ધામ બહુ માનથી,
અવિચળ લીલ હૈયે ઉલ્લાસે. વીર૦ ૧
કર્મ અરિ જીપતેા દીપતેા વીર તું,
ધીર પરિષહ સહે મેરૂ તેાલે;
સુરે બલ પરખીચેા રમત કરી નીરખીચેા,
હરખીઓ નામ મહાવીર બેાલે. વીર૦ ૨
સાપ ચંડકેાશીચેા જે મહા રેાષીચેા,
પેાષીચેા તે સુધા નયન પુરે;
એવડા અવગુણ શા પ્રભુ મેં કર્યા,
તાહરા ચરણથી રાખે — દૂરે. વીર૦ ૩

સુલપાણિ સુરને પ્રતિબોધીઓ,
ચંદના ચિત્ત ચિંતા નિવારી;
મહેર ધરી ઘેર પહોતા પ્રભુ જેહ ને,
તેહ પામ્યા ભવ દુઃખપારી. વીર૦ ૪
ગૌતમાદિકને જઇ પ્રભુ તારવા,
વારવા યજ્ઞ મિથ્યાત્વ ખોટો;
તેહ અગીઆર પરિવાર શું બુઝવી,
રૂઝવી રોગ અજ્ઞાન મોટો. વીર૦ ૫
હવે પ્રભુ મુજ ભણી તું ત્રિભુવન ધણી,
દાસ અરદાસ સુણી સામુ જોવે;
આપ પદ આપતાં આપદા કાપતાં,
તાહરે અંશ ઓછું ન હોવે. વીર૦ ૬
ગુરુ ગુણે રાજતા અધિક દિવાજતા,
છાજતા જેહ કલિકાલ માંહે;
શ્રી ખિમાવિજય પય સેવ નિત્યમેવલહો,
પામીયે સમરસ સુજસ ત્યાંહે. વીર૦ ૭

## ૨૩. શ્રી મહાવીર જિન સ્તવન

( રાગ–ધનાશ્રી )

આજ જિનરાજ મુજ કાજ સિધ્યાં સવે,
તું કૃપાકુંભ જો મુજ તૂઠો;
કલ્પતરુ કામઘટ કામધેનુ મિલ્યો,
આંગણે અમીયરસ મેહ વૂઠો. આ૦ ૧
વીર તું કુંડપુરનયર ભૂષણ હુઓ,
રાય સિદ્ધાર્થ ત્રિશલા તનુજો;
સિંહ લંછન કનક વર્ણ કર સપ્ત તનુ,
તુજ સમો જગતમાં કો ન દુજો. આ૦ ૨

સિંહ પરે એકલો ધીર સંયમ ગ્રહી,
આયુ બહોતેર વરસ પૂર્ણ પાળી;
પુરી અપાપાયે નિષ્પાપ શિવવહુ વર્યો,
તિહાં થકી પર્વ પ્રગટી દીવાળી. આ૦ ૩
સહસ તુજ ચઉદ મુનિવર મહાસંયમી,
સાહુણી સહસ છત્રીસ રાજે;
યક્ષ માતંગ સિદ્ધાયિકા વર સુરી,
સકળ તુજ ભવિકની ભીતિ ભાંજે. આ૦ ૪
તુજ વચન રાગ સુખસાગરે ઝીલતો,
પીલતો મોહ મિથ્યાત્વ વેલી;
આવીઓ ભાવીઓ ધર્મપથ હું હવે,
દીજીએ પરમપદ હોય બેલી આ૦ ૫
સિંહ નિશીવિહ જો હૃદયગિરિ મુજ રમે,
ગુણુલીહ અવિચલ નિરીહો;
તો કુમત રંગ માતંગના જૂથથી,
મુજ નહિ કોઈ લવલેશ બીહો. આ૦ ૬
ચરણ તુજ શરણમેં ચરણગુણનિધિ ગ્રહ્યા,
ભવતરણ કરણ દમ શર્મ દાખો;
હાથ જોડી કહે જસવિજય બુધ ઈશું,
દેવ નિજ ભુવનમાં દાસ રાખો. આ૦ ૭

## ૨૪. શ્રી મુનિસુવ્રતસ્વામી સ્તવન

(વીરજિણંદ જગત ઉપકારી–એ રાગ)

મુનિસુવ્રત જિન અધિક દિવાજે મહિમા મહિયળ છાજેજી;
ત્રિજગ વંદિત ત્રિભુવન સ્વામી ગિરૂઓ ગુણનિધિ ગાજેજી.

જન્મ વખત વર અતિશય ધારી કલ્પાતીત આચારીજી;
ચરણકરણભુત મહાવ્રત ધારી તુમથી જાઉં બલિહારીજી.
જગ જન રંજન ભવ દુઃખ ભંજન નિરૂપાધિક ગુણ ભોગીજી;
અલખ નિરંજન દેવ દયાળુ આતમ અનુભવ જોગીજી. મુ૦ ૩
જ્ઞાનાવરણીય ક્ષયથી પ્રગટયું અનુપમ કેવળ નાણજી;
લોકાલોક પ્રકાશક ભાસક ઉદયો અભિનવ ભાણજી. મુ૦ ૪
વરસી વસુધા પાવન કીધી દેશના સુધારસ સારજી;
ભવિક કમળ પ્રતિબોધ કરીને કીધા બહુ ઉપકારજી. મુ૦ ૫
સંપુરણ તેં સિદ્ધતા સાધી વિરમી સકળ ઉપાધીજી;
નિરૂપાધિક નિજ ગુણને વરીયા અક્ષય અવ્યાબાધજી. મુ૦ ૬
હરિવંશે વિભુષણ દીપે રિષ્ટ રતન તનું કાંતિજી,
સુખસાગર પ્રભુ નિર્મળ જ્યોતિ જોતાં હોય ભવશાંતિજી. મુ૦ ૭
સમેતશિખર ગિરિ સિદ્ધિ વરીયા સહસ પુરુષને સાથજી;
જિન ઉત્તમ પદને અવલંબી રતન થાયે સનાથજી. મુ૦ ૮

## ૨૫. પ્રતિમા-સ્થાપન-સિદ્ધાચળનો ઉદ્ધાર સ્તવન

ભરતાદિ ઉદ્ધાર જ કીધો, શત્રુંજય મોઝાર,
સોનાતણા જેણે દે'રાં કરાવ્યાં, રત્નતણાં બિંબ થાપ્યાં;
હો કુમતિ ! કાં પ્રતિમા ઉથાપી ? એ જિનવચને થાપી. હો૦૧
વીર પછે બસે નેવું વરસે, સંપ્રતિ રાય સુજાણ;
સવા લાખ પ્રાસાદ કરાવ્યા, સવા કરોડ બિંબ થાપ્યાં. હો૦૨
દ્રૌપદીએ જિનપ્રતિમા પૂજી, સૂત્રમાં સાખ ઠરાણી;
છઠ્ઠે અંગે તે વીરે ભાખ્યું, ગણધર પૂરે સાખી. હો૦૩
સંવત નવસે તાણું વરસે, વિમલ મંત્રીશ્વર જેહ;
આબુ તણાં જેણે દહેરાં કરાવ્યાં, બે હજાર બિંબ થાપ્યાં. હો૦૪
સંવત અગિયાર નવાણું વરસે, રાજા કુમારપાલ;
પાંચ હજાર પ્રાસાદ કરાવ્યા, સાત હજાર બિંબ થાપ્યાં. હો૦૫

સંવત બાર પંચાણુ વરસે, વસ્તુપાલ તેજપાલ;
પાંચ હજાર પ્રાસાદ કરાવ્યા, અગિયાર હજાર બિંબ થાપ્યાં.હો૦૬
સંવત બાર બહોંતેર વરસે, સંઘવી ધન્નો જેહ;
રાણકપુર જેણે દહેરાં કરાવ્યાં, કરોડ નવાણું દ્રવ્ય ખરચ્યાં.હો૦૭
સંવત તેર એકોતરે વરસે, સમરોશા રંગ શેઠ;
ઉદ્ધાર પંદરમો શેત્રુંજે કીધો, અગિયાર લાખ દ્રવ્ય ખરચ્યાં.હો૦૮
સંવત સોળ છોંતેર (બોંતેર) વરસે, બાદશાહને વાર;
ઉદ્ધાર સોળમો શેત્રુંજે કીધો, કરમાશાહ જશ લીધો. હો૦૯
એ જિનપ્રતિમા જિનવર સરખી, પૂજે ત્રિવિધ તમે પ્રાણી;
જિનપ્રતિમામાં સંદેહ ન રાખો, વાચક જશની વાણી. હો૦૧૦

## સજ્ઝાયો

### ૧. અનંતકાયની સજ્ઝાય

અનંતકાયના દોષ અનંતા, જાણો ભવિયણ પ્રાણી રે;
ગુરુ ઉપદેશે તે પરિહરજો, એવી જિનવર વાણીરે. અનંત૦ ૧
પુઢવી પાણી અગ્નિ વાયુ, વનસ્પતિ પ્રત્યેકા રે;
એ પાંચે થાવર ગુરુમુખથી, સંભાળજો સુવિવેકારે. અનંત૦ ૨
બેઇન્દ્રિ તેઇન્દ્રિ ચોરેંદ્રિ, પંચેન્દ્રિય પ્રમુખા રે;
અકેકી કાયાએ જિનરાજે, ભાખ્યા જીવ અસંખ્યારે. અનંત૦ ૩
એ છકાયતણા જે જીવા, તે સહુ એકણ પાસે રે;
કંદમૂળ સોયસોયની અગ્રે, જીવ અનંતા પ્રકાશ્યારે. અનંત૦ ૪
બહુ હિંસાનું કારણ જાણી, સંભાળજો સુવિચારા રે;
કંદમૂળ ભક્ષણ પરિહરજો, કરજો સફળ જન્મારોરે. અનંત૦ ૫
અનંતકાયના બહુ ભેદ ભાખ્યા, પન્નવણા ઉવંગે રે;
શ્રીગૌતમ ગણધરની આગે, શ્રીવીરજિણંદ મનરંગેરે. અનંત૦ ૬

નરક તણા છે ચાર દુવારા, રાત્રિભોજન પહેલું રે;
પરસ્ત્રી બીજું, અથાણું ત્રીજું, અનંતકાય છે છેલ્લું રે. અનંત૦ ૭
એ ચારેને જે પરિહરશે, દયાધરમ આદરશેરે;
કીરતિકમળા તસ વિસ્તરશે, શિવમંદિર સંચરશે રે.
અનંત૦ ૮
પાંચે પર્વી પોષહ કીજે, ભાવે જિન પૂજીજે રે;
સંપત અનુસારે દાન દીજે, એમ ભવ લાહો લીજે રે. અનંત૦ ૯
ચૌદ નિયમ સંભારો સંક્ષેપો, પડિક્કમણું દોય વારો રે;
ગુરુ ઉપદેશ સુણી મનરંગે, એ શ્રાવક આચારો રે. અનંત૦ ૧૦
પર ઉપકાર કરો નિજ શકતે, કુમતિ કદાગ્રહ મૂકો રે;
નવાનવા ઉપદેશ સુણીને, મૂળ ધર્મ મત ચૂકો રે. અનંત૦ ૧૧
તપગચ્છનાયક શિવસુખદાયક, શ્રીવિજયધર્મસૂરીંદારે;
તાસ પસાયે દિન દિન વાધે, ભવસાગર મુણીંદા રે. અનંત૦ ૧૨

## ૨. કઠિયારાની સજ્ઝાય

વીર જિનવર રે, ગૌતમ ગણધરને કહે,
ગુરુવાણી રે, પુણ્યવંત પ્રાણી સદહે;
કઠિયારા રે, પરદેશી દુર્બોધિ હે,
તે તો નિશ્ચય રે, નહિ પામે પ્રતિબોધ એ;
પ્રતિબોધ નિશ્ચય તે ન પામે, જીવ જે દુર્બોધિ એ,
ધન કર્મ મર્મ જોગે જડને, ધર્મ સાથે વિરોધ એ;
તવ કહે ગૌતમસ્વામી કર, સંપુટ કરી મનોહર એ,
દ્રષ્ટાંત કઠિયારાતણું મુજ કહો જગદાધાર એ. ૧
તવ જંપે રે, ચરમ જિનેશ્વર તેહ ભણી,
સુણ ઉત્તમ રે, ગૌતમ ગોત્ર તણા ધણી;
કઠિયારો રે, કોઈ એક પુરે વહે,

તે તો અનુદિન રે, મૂળી લેવાને વન રહે;
એક દિન તે ઇંધણ કાજે, ગિરિ ગહુવરમાં ગયો,
અતિ સરલ સુંદર તરુ નિહાળી, હૈયામાં હર્ષિત થયો,
તે તરુવર છેદ્યો મૂળ ખણતાં, નીકળી એક માટલી:
વર પંચ રતને જડિત અદ્‌ભુત, જાતરૂપ તણી ભલી. ૨

શિરે મૂળી રે, વાંસે તે પીઠરી ધરી,
ઘેર આવતાં રે વૃષ્ટિ હુઇ અતિ આકરી;
મૂળી વેચી રે, નહિ શકયો ઘરમાં ઠવી,
ખોળ ખાવા રે, આણ્યો દીનપણું ચવી;
ચત્રી દીનપણું મૂરખ વિપણથી, ઉછોનો ખોળ આણીયો,
તે કનક પીઠરી માંહી ઘાલી, રાંધે મૂરખ પ્રાણીયો;
મૂળિકાકેરા ખંડ કાપી, ક્ષણ ક્ષણ અગ્નિમાં ધરે,
તેહ તણો પરિમલ અતિ નિર્ગળ, સબળ સઘળે વિસ્તરે. ૩

એહવે એક રે, ધનદ્ધ ધણો અવતારીયો,
જોતાં થકાં રે, ગંધ ઘણો તસ આવીયો;
મન ભીતર રે, વિસ્મય ભારે પાવીયો.
પાવીયો વિસ્મય ગંધ કયાંથી, ભાવનાચંદ્રન તણો;
એહવો કવ : ઉદાર ભોગી, દ્રવ્ય એમ કેહને ઘણો,
ગંધને અનુસારે આવે, ગેહ કઠિયારા તણે;
અતિ અસમંજસ નિહાળી, શેઠ શિખામણ ભણે. ૪

રે રે મૂરખ રે, મમ કર એહ અકાજ રે,
કાંઇ બાળે રે, ભાવનાચંદ્રન આજ રે,
તુજ આપું રે, તોળી કનક બરોબરે,
સુખ ભોગવ રે, ભામિની સુંદર મંદિરે.
મંદિર સુંદર જેમ પુરંદર, કરે વિનોદ વિલાસ એ;
એ રયણ રૂડાં કાંઈ બાળે, પૂરવું તુજ આશ એ,

મૂરખ સમજે નહિ, અકિંચન, રયણ વિણસાડે જડો;
મન ખેદ ધરતો ઘેર સિધાવે, શેઠ એ ઉપનય વડો. ૬

ભવ પટ્ટણ રે, વિસ્તર ભૂમિ વખાણીએ,
મતિ જાડી રે, જીવ કબાડી જાણીએ,
રૂડી કાયા રે, કનકતણી એ છમકલી,
પાંચ ઇન્દ્રિય રે, જ્યોતિ રત્ન ઉપર વળી,
ઉપર વળી રુચિ રત્ન કેરી, વિષય ખોળ અસાર રે;
તેહ તણે કાજે આયુ ચંદન, દહે મૂઢ ગમાર એ;
નિજ કાય ઇન્દ્રિય કનક રયણ, કાંતિ સકળ કરે વૃથા,
એ વાત જગ વિસ્તાર પામી, તેલ જળમાંહી યથા. ૬

શેઠ સદ્‌ગુરુ રે, પ્રીતિ ધરી પ્રતિબોધવા,
ઉપકારી રે, દિયે ઉપદેશ નવા નવા;
નહિ સમજે રે, ભારે કર્મી જીવડો;
જાત્યંધા રે, કીશું કરે તસ દીવડો;
દીવડો શું કરે સદ્‌ગુરુ, વિષયઅંધા જે જના,
એ કળા સારી ગુરુ કેરી, વૃથા નિર્મળ ફળ વિના,
એહ સુણી ઉપનય વિષય વિષસમ, વિષયખોળ સવી વામીએ,
**ગુણવિજય** અધિપતિ વીર જંપે, પરમ પદવી પામીએ. ૭

## ૩. માયાની સજ્ઝાય

માયા કારમી રે, માયા મ કરો ચતુર સુજાણ;
માયાવાહ્યો જગત વિલુદ્ધો. દુખિયેા થાય અજાણ—એ આંકણી.
જે નર માયાને મોહી રહ્યો, તેને સ્વપ્ને નહિ સુખઠાણ. માયા૦ ૧
નાના મોટા નરને માયા, નારીને અધિકેરી,
વળી વિશેષે અધિકી માયા, ઘરડાને ઝાઝેરી. માયા૦ ૨
માયા કામણ માયા મોહન, માયા જગ ધુતારી,
માયાથી મન સહુનું ચળિયું, લોભીને બહુ પ્યારી. માયા૦ ૩

માયા કારણ દેશ દેશાંતર, અટવી વનમાં જાય,
ગાઢ બેસીને દ્વીપ દ્વીપાંતર, જઈ સાયર ઝંપલાય. માયા૦ ૪
માયા મેળી બહુ કરી ભેળી, લોભે લક્ષણ જાય,
ભયથી ધન ધરતીમાં ઘાલે, ઉપર વિષધર થાય. માયા૦ ૫
જોગી જતિ તપસી સંન્યાસી, નગન થઈ પરિવરીયા,
ઊંધે મસ્તકે અગ્નિ તાપે, માયાથી નહિ ઊગરીયા. માયા૦ ૬
શિવભૂતિ સરીખો સત્યવાદી, સત્યઘોષ કહેવાય,
રત્ન દેખી તેહનું મન ચળિયું, મરીને દુર્ગતિ જાય. માયા૦ ૭
લબ્ધિહત માયાએ નડીયો, પડીયો સમુદ્ર મોઝાર,
મચ્છ માખણીયો થઈને મરીયો, પહોતો નરક મોઝાર. માયા૦ ૮
મન વચન કાયાએ માયા, મૂકી વનમાં જાય,
ધન ધન તે મુનીશ્વર રાયા, દેવ ગંધર્વ જસ ગાય. માયા૦ ૯

## ૪. શ્રી નંદિષેણમુનિની સજ્ઝાય

ઢાળ–પહેલી

રાજગ્રહી નગરીનો વાસી, શ્રેણિકનો સુત વિલાસી,
હો મુનિવર વૈરાગી;
નંદિષેણ દેશના સુણી ભીનો, નાના કરતા વ્રત લીનો. હો૦
ચારિત્ર નિત્ય ચોખ્ખું પાળે, સંજમ રમણીશું મહાલે; હો૦
એક દીન જિન પાયે લાગી, ગોચરીની અનુમતિ માગી. હો૦
પાંગરીયો મુનિ વોહરેવા, ક્ષુધા વેદની કર્મ હરેવા; હો૦
ઊંચ નીચ મધ્યમ કુલ મોટા, અટતો સંજમ રસ લોટા. હો૦
એક ઊંચો ધવલ ઘર દેખી, મુનિવર પેઠો શુદ્ધ ગવેષિ; હો૦
તીહાં જઈ દીધો ધર્મલાભ, વેશ્યા કહે ઇહાં અર્થલાભ. હો૦
મુનિ મન અભિમાન આણી, ખંડ કરી નાખ્યું તરણું તાણી; હો૦
સોવન વૃષ્ટિ હુઇ બાર કોડી, વેશ્યા વનિતા કહે કર જોડી. હો૦

ઢાળ–બીજી

( થારે માથે પંચરંગી પાઘ સોનાનો છોગલો મારૂજી–એ દેશી. )

થેંતો ઊભા રહીને, અરજ અમારો સાંભળો સાધુજી;
થેંતો મોટા કુલના જાણી, મૂકો દયો આંબલો સાધુજી. ૧
થેંતો લઈ જાઓ સોવન કોડી, ગાડા ઊંટે ભરી સાધુજી;
નહિ આવે અમારે કામ, ગ્રહો પાછા ફરી સાધુજી. ૨
થારે કેસરીયે કસણીને, કપડે મોહી રહી સાધુજી;
થારી મૂર્તિ મોહનગારી, જગતમાં સોહી રહી સાધુજી. ૩
થારી આંખડીયા રોનીકો, પાણી લાગણો સાધુજી;
થારો નવલો જોબન વેષ, વિરહ દુઃખ ભાંગણો સાધુજી. ૪
એ તો જંત્ર જડિત, કપાટ કૂંચિ મે કર ગ્રહી સાધુજી;
મુનિ વળવા લાગ્યો જામ કે, આડી ઊભી રહી સાધુજી. ૫
મેં તો ઓછી સ્ત્રીની જાત, મતિ કરી પાછલી સાધુજી;
થેંતો સગુણ ચતુર સુજાણ, વિચારો આગલે સાધુજી. ૬
થેંતો ભોગ પુરંદર, હું પણ સુંદરી સારી સાધુજી;
થેંતો પહેરો નવલો વેષ, ઘરેણા જરતરી સાધુજી. ૭
મણી મુકતાફલ મુગટ, બિરાજે હેમના સાધુજી;
અમે સજીએ સોળ શણગાર કે, પીઉ રસ અંગના સાધુજી. ૮
જે હોય ચતુર સુજાણ કે, કહીયે ન ચૂકશે સાધુજી;
એહવો અવસર સાહેબ, કહીયે ન આવશે સાધુજી. ૯
એમ ચિંતે ચિત્ત મોઝાર કે, નંદિષેણ વાહલો સાધુજી;
રહેવા ગણિકાને ધામ કે, થઈ ને નાહલો સાધુજી. ૧૦

ઢાળ–ત્રીજી

(રાગ પ્રથમ ઢાળ પ્રમાણે)

ભોગ કરમ ઉદયે તસ આવ્યો, શાસન દેવીએ સંભળાવ્યો;
હો મુનિવર વૈરાગી.

રહ્યો બાર વરસ તસ આવાસે, વેષ મેલ્યો એકણ પાસે. હો૦ ૧
હસ નર દીન પ્રતિ બૂઝે, દીન એક મૂરખ નવી બૂઝે; હો૦
બૂઝવતાં હુઈ બહુ વેળા, ભોજનની થઈ વેળા. હો૦ ૨
કહે વેશ્યા ઊઠો સ્વામી, એહ હસમો ન બૂઝે કામી; હો૦
વેશ્યા વનિતા કહે ધસમસતી, આજે હસમા તુમે એમ હસતી. ૩
એહ વચણ સુણીને ચાલ્યો, ફરી સંજમશું મન વાળ્યો; હો૦
વેષ લઈ ગયો જિન પાસે, ફરી સંજમ લીયો ઉલ્લાસે. હો૦ ૪
ચારિત્ર નિત્ય ચોખું પાળી, દેવલોકે ગયો દેઇ તાલો; હો૦
તપ જપ સંજમ કીયા સાધી, ઘણા જીવને પ્રતિબોધી. હો૦ ૫
જયવિજય ગુરુનો શીસ, તસ હરખ નમે નીશદીશ; હો૦
મેરુવિજય એમ બોલે, એહવા ગુરુને કોણ આવે તોલે. હો૦ ૬

## ૫. વૈરાગ્યની સજ્ઝાય

બલિહારી જાઉં એ વૈરાગ્યની, જેહના મનમાં એ ગુણ આવ્યો રે,
મોક્ષના મોતી તે જીવડા, નર ભવ ફળ તેણે પાયોરે. બલિ૦ ૧
જેમાં ભીખારીને ભાંગ્યો ઠીકરો, તે તો તજવો દોહિલો હોય રે;
ખટ ખંડ તજવા સોહિલા, જો વૈરાગ્ય મનમાં હોયરે. બલિ૦ ૨
નથી સંસારમાં કોઈ કોઈનું, સૌ સ્વારથીયાં સગાંવહાલાં રે;
કર્મ સંયોગે સહુ સાંપડ્યાં, અંતે જાશે સઘળાં ઠાલાંરે. બલિ૦ ૩
મારું મારું મમ કરો પ્રાણિયા, તારું નથી કોઈ એણીવેળા રે;
ખાલી પાપના પોટલા બાંધવા, થાશે નરકમાં ઠેલમઠેલારે. બલિ૦૪
ગરજ સરે જો એહથી, તો સંસાર મુનિ કેમ છોડે રે;
પણ જૂઠી બાજી છે સંસારની, ઇંદ્રજાળની બાજી માંડી રે. બલિ૦ ૫
નગારાં વાગે માથે મોતનાં, કેમ નિશ્ચિત થઈને સૂતો રે;
મધુબિંદુ સુખની લાલચે, ખાલી કીચડમાં કેમ ખૂતોરે. બલિ૦ ૬
લાખ ચોરાશી જીવાયોનિમાં, નહિ કોઈ છૂટવાનો આરો રે;
એક જ મહા વૈરાગ્ય છે, તુમે ધર્મરત્ન સંભારો રે.બલિહારી૦ ૭

## ૬. વૈરાગ્યની સજ્ઝાય

મરણ ન છૂટે રે પ્રાણિયા, કરતાં કોટી ઉપાય રે;
સુરનર અસુર વિદ્યાધરા, સહુ એક મારગ જાય રે.
મરણ ન છૂટે રે૦ ૧
ઇન્દ્ર ચન્દ્ર રવિ હરિ હળી, ગણપતિ કામકુમાર રે;
સુરગુરૂ સુરવૈદ્ય સારિખા, પોત્યા જમ દરબાર રે. મરણ૦ ૨
મંત્ર જંત્ર મણિ ઔષધિ, વિદ્યા હુન્નર હજાર રે;
ચતુરાઈ કેરા રે ચોકમાં, જમડો લૂટે બજાર રે. મરણ૦ ૩
ગર્વ કરી નર ગાજતા, કરતા વિવિધ તોફાન રે;
માથે મેરુ ઉપાડતા, પોત્યા તે સમશાન રે. મરણ૦ ૪
કપડાં ઘરેણાં ઉતારશે, બાંધશે ઠાંઠડી માંય રે;
ઓખલી હાંડલી આગ રે, રોતા રોતા સહુ જાય રે. મરણ૦ ૫
કાયા માયા સહુ કારમી, કારમો સહુ ઘરબાર રે;
રંક ને રાય છે કારમો, કારમો સકળ સંસાર રે. મરણ૦ ૬
ભીડી મુઠ્ઠી લઈ અવતર્યો, મરતાં ખાલી છે હાથ રે;
જીવડા જોને તું જગતમાં, કોઈ ન આવે છે સાથ રે. મરણ૦ ૭
નાના મોટા સહુ સંચર્યા, કોઈ નહિ સ્થિર વાસ રે;
નામ રૂપ સહુ નાશ છે, ધર્મરત્ન અવિનાશ રે. મરણ૦ ૮

## ૭. વૈરાગ્યની સજ્ઝાય

પુણ્ય સંયોગે પામીયો જીરે, નરભવ આરજ ખેત;
શ્રાવક કુળ ચિંતામણી જીરે, ચેતી શકે તો ચેત રે.
જીવડા ! એ સંસાર અસાર.
સાર માત્ર જિનધર્મ છે જીરે, આપણું ઘર સંભાળ રે. જીવડા૦ ૧
માતપિતા સુત બાંધવા જીરે, દાસ દાસી પરિવાર;

સ્વાર્થ સાધે સહુ આપણો જીરે, સહુ મતલબના યાર રે. જીવડા૦ ૨
સરોવર જળનો મિંડકો જીરે, તાકે આપણો ભક્ષ;
સાપ તાકે છે મિંડકો જીરે, સહુને આપણો લક્ષ રે. જીવડા૦ ૩
મયૂર તાકે છે સાપને જીરે, આહેડી તાકે છે મોર;
મચ્છ ગળાગળ ન્યાય છે જીરે, નિર્ભય નહિ કોઈ ઠોર રે. જી૦ ૪
કર્મે નાટક માંડયો જીરે, જીવડો નાચણહાર;
નવા નવા લે બાથમાં જીરે, ખેલે વિવિધ પ્રકાર રે. જી૦ ૫
ચોરાશી ચોગાનમાં જીરે, રૂપ રંગના રે ઠાઠ;
તમાસા ત્રણ લોકના જીરે, બાજીગરના પાઠ રે. જીવડા૦ ૬
બોત ગઇ થોડી રહી જીરે, પરભવ ભાતું રે બાંધ;
સમતા સુખની વેલડી જીરે, ધર્મરત્ન પદ સાંધ રે. જીવડા૦ ૭

## ૮. વૈરાગ્યની સજ્ઝાય

આ સંસાર અસાર છે ચિત્ત ચેતો રે, જૂઠો સકલ સંસાર;
ચતુર ચિત્ત ચેતો રે.

સાંધ્યા રાગ સમાન છે ચિત્ત૦ ચેતો રે, ખાલી આ ઇન્દ્રજાળ. ચ૦
એકલો આવ્યો જીવડો ચિત્ત૦ જાશે એકલો આપ; ચતુર૦
સઘળું અહીં મૂકી જશે ચિત્ત૦ સાથે પુણ્ય ને પાપ. ચ૦
કરણી પાર ઉતારશે ચિત્ત૦ કોણ બેટો કોણ બાપ; ચ૦
રાજ નહિ પોપાંબાઈનું ચિત્ત૦ જમડો લેશે જવાબ. ચ૦
સુખમાં સજ્જન સહુ મળ્યા ચિત્ત૦ દુઃખમાં દૂર પલાય; ચ૦
અવસર સાધો આપણો ચિત્ત૦ છંડો દૂર બલાય. ચ૦
ફરી અવસર મળવો નથી ચિત્ત૦ હીરો સાંપડયો હાથ; ચ૦
રંકને રત્ન ચિંતામણિ ચિત્ત૦ રણમાં સજ્જન સાથ. ચ૦
સમતાનાં ફળ મીઠડાં ચિત્ત૦ સંતોષ શિવતરૂમૂળ; ચ૦
એ ઘડી સાધો આપણી ચિત્ત૦ ધર્મરત્ન અનુકૂળ. ચ૦

## ૯. વૈરાગ્યની સજ્ઝાય

તન ધન જોબન કારમું જી, કોના માત ને તાત;
કોના મંદિર માળીયા જી, જેસી સ્વપ્નની વાત.
સોભાગી શ્રાવક! સાંભળો ધર્મ સજ્ઝાય. ૧
ફોગટ ફાંફાં મારવા જી, અંતે સગું નહિ કોય;
વેપર જમાઈ ખાઈ ગયો જી, વણિક કુટાયો જોય. સો૦ ૨
પાપ અઢારને સેવીને જી, લાવે પૈસો એક;
પાપના ભાગી કો નહિ જી, ખાવાવાળા છે અનેક. સો૦ ૩
જીવતાં જશ લીધો નહિ જી, મૂઆ પછી શી વાત;
ચાર ઘડીનું ચાંદણું જી, પછી અંધારી રાત. સો૦ ૪
ધન તે મોટા શ્રાવકો જી, આણંદ ને કામદેવ;
ઘરનો બોજો છોડીને જી, વીર પ્રભુની કરે સેવ. સો૦ ૫
બાપદાદા ચાલ્યા ગયા જી, પૂરાં થયાં નહિ કામ;
કરવી દેવની વેઠડી જી રે, શેખસલી પરિણામ. સો૦ ૬
જો સમજે તો સાનમાં જી, સદ્‌ગુરુ આપે છે જ્ઞાન;
જો મુખ ચાહો મોક્ષનાં જી, ધર્મરત્ન ધરો ધ્યાન. સો૦ ૭

## ૧૦. બીડી પીવાની સજ્ઝાય

દેખાદેખીએ ચાલતા જી રે, પામર પામે સંતાપ;
વ્યસન વિલુદ્ધા બાપડા જી રે, બાંધે બહુલાં પાપ રે; પ્રાણી!
બીડી વ્યસન નિવાર, ફોગટ ભવ કેમ હાર રે. પ્રાણી! ૦ ૧
ધન ધર્મ ધાતુ હણે જી રે, છકાય જીવ વિનાશ;
કર્મજોરે જહર વ્યથા જી રે, પ્રગટે શ્વાસ ને ખાંસ રે. પ્રાણી! ૦ ૨
પ્રતિદિન પચવીશ પીવતાં જી રે, સો વર્ષે નવ લાખ;
ગતિ મતિ વિણસે સહા જી રે, છાતી હોવે ખાખરે. પ્રાણી! બીડી૦ ૩

ચિત્ત બંધાણું ચોરટીજી રે, હારે જન્મ નિટોલ;
ધુમાડે બાચક ભરેજી રે, અંદર પોલમપોલ રે. પ્રાણી ! બીડી૦૪
નોકારશી પોરસી નહિજી રે, નહિ પૌષધ ઉપવાસ;
રાત્રિ ચોવિહાર નહિ બનેજી રે, બાંધ્યો બીડીએ પાસ રે. પ્રાણી!૦૫
મુખગંધા માનવતણીજી રે, નાત વધાર્યા રે જાય;
વાર્યા ન વળે બાપડાજી રે, પછી ઘણા પસ્તાય રે. પ્રાણી ! બીડી૦૬
દાંત પડે આંખ્યું ગળેજી રે, અતિશય થાય હેરાન;
ધર્મરત્ન ચેતો હવેજી રે,લ્યો બીડી પચ્ચખાણ રે. પ્રાણી! બીડી૦૭

## ૧૧. શિખામણની સજ્ઝાય

શ્રી ગુરુચરણ પસાઉલે, કહીશું શિખામણ સાર;
મન સમજાવો આપણું, જીમ પામો ભવપાર. ૧
કહે ભાઈ રૂડું તેં શું કર્યું ? આતમને હિતકાર;
ઈહભવ પરભવ સુખ ઘણા, લહિએ જયજયકાર. કહે૦ ૨
લાખ ચોરાસી યોનિ ભમી, પામ્યો નર અવતાર;
દેવ ગુરુ ધર્મ ન ઓળખ્યા, ન જપ્યો મન નવકાર. કહે૦ ૩
નવ મસવાડા ઉદર ધર્યો, પાળી પોઢો રે ક્રોધ;
માય તાય સેવા કીધી નહીં, ન્યાયે મન નહિ દીધ. કહે૦ ૪
ચાડી કીધી રે ચોતરે, દંડાવ્યા ભલા લોક;
સાધુજનને સંતાપિયા, આળ ચઢાવ્યાં તેં ફોક. કહે૦ ૫
લોભે લાગ્યો રે પ્રાણીઓ, ન ગણે રાત ને દિશ;
હાહો કરતાં રે એ એકલો, જઈને હાથ ઘસીશ. કહે૦ ૬
કપટ છળ ભેદ તેં કર્યાં, ભાગ્યા પરના રે મર્મ;
સાતે વ્યસનને સેવિયાં, નવી કીધો જિનધર્મ. કહે૦ ૭
ક્ષમા ન કીધી તેં ખાંતશું, દયા ન કીધી રેખ;
પરવેદન તેં જાણી નહિ, તો શું લીધો લેખ. કહે૦ ૮

સંધ્યારંગ સમ આઉખું, જળ પરપોટો રે જેમ;
દાભ અણી જળબિંદુઓ, અથિર સંસાર છે એમ. કહે૦ ૯
અભક્ષ અનંતકાય વાવર્યાં, પીધાં અણગળ નીર;
રાત્રિભોજન તેં કર્યાં, કીમ પામીશ ભવતીર. કહે૦ ૧૦
દાન શિયળ તપ ભાવના, ધર્મના ચાર પ્રકાર;
તે તેં ભાવે ન આદર્યા, રઝળીશ અનંતો સંસાર. કહે૦ ૧૧
પાંચે ઈન્દ્રિ રે પાપિણી, દુર્ગતિ ઘાલે છે જેહ;
તે તો તેં મેલી મોકળી, કિમ પામીશ શિવગેહ. કહે૦ ૧૨
ક્રોધે વીંટયો રે પ્રાણીઓ, માન ન મૂકે રે કેડ;
માયા સાપણીને સંગ્રહી, લોભને લીધો તેં તેડ. કહે૦ ૧૩
પર રમણીરસ મોહીયો, પરનિંદાનો રે ઢાળ;
પરદ્રવ્ય તેં પરિહર્યું, પરને દીધી રે ગાળ. કહે૦ ૧૪
ધર્મની વેળા તું આળસુ, પાપ વેળા ઉજમાળ;
સંચ્યું ધન કોઈ ખાઇ જશે, જીમ મધમાખી મહુઆળ. કહે૦૧૫
મેલી મેલી મૂકી ગયા, જે ઉપાજ્યું રે આથ;
સંચય કીજે રે પુણ્યનો, જે આવે તુજ સાથ. કહે૦ ૧૬
શુદ્ધ દેવ ગુરુ ઓળખી, કીજે સમકિત શુદ્ધ;
મિથ્યા મતિ દૂર કરી, રાખી નિર્મળ બુદ્ધ. કહે૦ ૧૭
જોડીદાસ સંઘવી તણે, આગ્રહે કીધ સજ્ઝાય;
કાંતિવિજય ઉવજ્ઝાયનો, રૂપવિજય ગુણ ગાય. કહે૦ ૧૮

## ૧૨. શ્રી ગજસુકુમાલની સજ્ઝાય

ગજસુકુમાલ મહામુનિજી રે, સ્મશાને કાઉસગ્ગ;
સોમિલ સસરે દેખીનેજી રે, કીધો મહા ઉવસગ્ગ રે.
પ્રાણી! ધન ધન એહ અણગાર, વંદો વારંવાર રે. પ્રાણી૦ ૧
પાળ બાંધી શિર ઉપરેજી રે, અગ્નિ ધરી તેહ માંહ;
જળજળ જવાળા સળગતીજી રે, ઋષિ ચડિયા ઉત્સાહ રે. પ્રાણી૦

એ સસરો સાચો સગોજી રે, આપે મુક્તિની પાધ;
ધણ અવસર ચૂકું નહિજી રે, ટાળું કર્મ વિપાક રે. પ્રાણી૦ ૩
મારું કાંઈ બળતું નથીજી રે, બળે બીજાનું એહ;
પાડોશીની આગમાંજી રે, આપણો બળગો ગેહરે. પ્રાણી૦ ૪
જન્માંતરમાં જે કર્યાજી રે, આ જીવે અપરાધ;
ભોગવતાં ભલી ભાતશું જીરે, શુકલ ધ્યાન આસ્વાદ રે. પ્રાણી૦ ૫
દ્રવ્યાનળ ધ્યાનાનળેજી રે, કાયા કર્મ દહંત;
અંતગડ હુવા કેવળીજી રે, ધર્મરત્ન પ્રણમંત રે. પ્રાણી૦ ૭

## ૧૩. સમકિતની સજ્ઝાય

સમકિત નવી લહ્યું રે, એ તો રૂળ્યો ચતુર્ગતિ માંહે; એ આંકણી.
ત્રસ સ્થાવરકી કરુણા કીની, જીવ ન એક વિરાધ્યો;
તિન કાળ સામાયિક કરતાં, શુદ્ધ ઉપયોગ ન સાધ્યો. સમ૦ ૧
જૂઠા બોલનકો વ્રત લીનો, ચોરીકો પણ ત્યાગી;
વ્યવહારાદિમાં નિપુણ ભયો, પણ અંતર દ્રષ્ટિ ન જાગી. સમ૦ ૨
ઉર્ધ્વ ભૂજા કરી ઊંધો લટકે, ભસ્મ લગા ધુમ વટકે;
જટા જૂટ શિર મૂંડે જૂઠો, વિણ શ્રદ્ધા ભવ ભટકે. સમ૦ ૩
નિજ પર નારી ત્યાગ કરકે, બ્રહ્મચારી વ્રત લીધો;
સ્વર્ગાદિક ચાકો ફળ પાકે, નિજ કારજ નહીં સિધ્યો. સમ૦ ૪
બાહ્ય ક્રિયા સબ ત્યાગ પરિગ્રહ, દ્રવ્યલિંગ ધર લીનો;
દેવચંદ્ર કહે યા વિધ તો હમ, બહુત વાર કર લીનો સમ૦ ૫

## ૧૪. વૈરાગ્યની સજ્ઝાય

જોઈ જતન કર જીવડા, આયુ અજાણ્યું જાય રે;
લે લાહો લક્ષ્મીતણો, પછી તિહાં કાંઈ નહિ થાય રે. જોઈ૦ ૧
દુલ્લહો ભવ માનુસ તણો, દુલ્લહો રે દેહ નિરોગો રે;
દુલ્લહો દયા ધર્મ વાસના, દુલ્લહો રે સુગુરુ સંજોગો રે. જોઈ૦ ૨

દિન ઊગે દિન આથમે, ન વળે કોઈ દિન પાછો રે;
અવસર કાજ ન કીધલું, તો મનમાં પસ્તાશો રે. જોઈ૦ ૩
લોભ લગે લખ વંચીયા, તેં પરધન હરી લીધાં રે;
કેડે ન આવે કોઈને, કેડે રહ્યાં કર્મ કીધાં રે. જોઈ૦ ૪
માતા ઉદર ઊંધો રહી, કોડી ગમે દુઃખ દીઠાં રે;
યોનિ જન્મ દુઃખ જેહવા, તે તુજ લાગે છે મીઠાં રે. જોઈ૦ ૫
હા ! હૈ ! ભવ એળે ગયો, એકે અર્થ ન સાધ્યો રે;
સદ્‌ગુરુ શીખ સુણી ઘણી, તો પણ સંવેગ ન વાધ્યો રે. જોઈ૦ ૬
માન મને કોઈ મત કરો, યમ જીત્યો નહીં કોણે રે;
સુકૃત કાજ ન કીધલું, એ ભવ હાર્યો છે તેણે રે. જોઈ૦ ૭
જપ જગદીશના નામને, કાંઈ નિશ્ચિંતો તું સૂવે રે;
કાજ કરે અવસર લહી, સવી દિન સરિખા ન હોવે રે. જોઈ૦ ૮
જગ જાતો જાણી કરી, તિમ એક દિન તુજ જાવો રે;
કર કરવો જે તુજ હોવે, પછી હોશે પસ્તાવો રે. જોઈ૦ ૯
તિથિ પર્વ તપ નહિ કર્યો, કેવળ કાયા તેં પોષી રે;
પરભવ જાતાં જીવને, સંબળ વિણ કિમ હોશે રે. જોઈ૦ ૧૦
સુણ પ્રાણી પ્રેમે કરી, લબ્ધિ લઇ જિનવાણી રે;
સંબળ સાથે સંગ્રહો, એમ કહે કેવળ નાણી રે. જોઈ૦ ૧૧

## ૧૫. શ્રાવકને હિતશિક્ષાની સજ્ઝાય

ચેત ચેત ચેત પ્રાણી, શ્રાવક કુળ પાયો;
ચિંતામણિસેં દુર્લભ, મનુષ્ય ભવ પાયો.
ચેત ચેત ચેત પ્રાણી૦ (ટેક) ૧
માયામેં મગન થઈ, સારો જન્મ ખોયો;
સુગુરુ વચન નિર્મળ નીરે, પાપ મેલ ન ધોયો. ચેત૦ ૨
છિન્ન છિન્ન છિન્ન ઘટત આયુ, જ્યું અંજલિ જળમાંહી;
યૌવન ધન માલ મુલક, સ્થિર ન રહેશે કયાંઈ. ચેત૦ ૩

પર રમણીકે પ્રસંગમેં રાત દિવસ રાચ્યો;
અજ્ઞાની જીવ જાણે નહિ, શીલ રત્ન સાચો. ચેત૦ ૪
અબ તો ગુરુ દેવ ધર્મ, ભાવ ભક્તિ કીજે;
ઉદયરત્ન કહે તીન રત્ન, યત્ન કરી લીજે. ચેત૦ ૫

## ૧૬. વણઝારાની સજ્ઝાય

નરભવ નગર સોહામણું વણઝારા રે, પામીને કરજે વેપાર,
અહો મેારા નાયક રે. ૧
સત્તાવન સંવર તણી વણઝારા રે, પેાઠી ભરજે ઉદાર,
અહો મેારા નાયક રે. ૨
શુભ પરીણામ વિચિત્રતા વણઝારા રે, કરિયાણાં બહુ મૂલ,
અહો મેારા નાયક રે. ૩
મેાક્ષનગર જાવા ભણી વણઝારા રે, કરજે ચિત્ત અનુકૂલ,
અહો મેારા નાયક રે. ૪
ક્રોધ દાવાનલ ઓલવે વણઝારા રે, માન વિષમ ગિરિરાજ,
અહો મેારા નાયક રે ૫
ઓલંધજે હળવે કરી વણઝારા રે, સાવધાન કરે કાજ,
અહો મેારા નાયક રે. ૬
વંશજાલ માયા તણી વણઝારા રે, તીહાં ન કરજે વિસરામ,
અહો મેારા નાયક રે. ૭
આડી મનેારથ ભટ તણી વણઝારા રે, પૂરણનું નહિ કામ,
અહો મેારા નાયક રે. ૮
રાગ દ્વેષ દેાય ચેારટા વણઝારા રે, વાટમાં કરશે હેરાન,
અહો મેારા નાયક રે. ૯
વિવિધ વીર્ય ઉલ્લાસથી વણઝારા રે, તે હણજે શીરઠાણ,
અહો મેારા નાયક રે. ૧૦

એમ સવી વિઘ્ન વિદારીને વણઝારા રે, પહોંચજે શિવપુર વાસ,
અહો મોરા નાયક રે. ૧૧

ક્ષય ઉપશમ જે ભાવના વણઝારા રે, પોઠે ભર્યા ગુણ રાશ,
અહો મોરા નાયક રે. ૧૨

ક્ષાયિક ભાવે તે થશે વણઝારા રે, લાભ હોશે અપાર,
અહો મોરા નાયક રે. ૧૩

ઉત્તમ વણજ જે એમ કરે, પદ્મ નમે વારંવાર,
અહો મોરા નાયક રે. ૧૪

## ૧૭. આત્મહિત સજ્ઝાય

મારું મારું મમ કર જીવ તું, જગતમાં નહિ તાહરું કોય રે;
આપ સ્વાર્થે સહુ મલ્યા, હૃદય વિચારીને જોય રે. ૧
દિન દિન આયુ ઘટે તાહરું, જીમ જળ અંજલિ હોય રે;
ધર્મવેળા નાવે ઢુંકડો, કવણગતિ તાહરી હોય રે. મારું૦ ૨
રમણી શું રંગે રાચે રમે, કાંઈ દીયે બાવળ બાથ રે;
તન ધન જોબન સ્થિર નહિ, પરભવ નાવે તુજ સાથ રે. મારું૦ ૩
એક ઘરે ધવલ મંગલ હુવે, એક ઘેર રૂવે બહુ નાર રે;
એક ઘરે રામા રમે કંથસુ, એક સજે સકલ શણગાર રે. મારું૦ ૪
એક ઘરે સહુ મળી બેસતાં, નિત નિત કરતા વિલાસ રે;
તેરે સાજનિયો ઊઠી ગયો, થિર ન રહ્યો એક વાસ રે. મારું૦ ૫
એહવું સ્વરૂપ સંસારનું, ચેત ચેત જીવ ગમાર રે;
દશ દૃષ્ટાંતે રે દોહીલો, પામવો મનુજ અવતાર રે. મારું૦ ૬
હરખવિજય કહે એહવું, જે ભજે જિનપદ રંગ રે;
તે નરનારી વેગે વરે, મુક્તિ વધુ કેરો સંગ રે. મારું૦ ૭

## ૧૮. શ્રી આત્મબોધની સજ્ઝાય

( લક્ષણ પાંચ કહ્યાં સમકિત તણાં—એ રાગ. )

સુમતિ સદ્ધા સુકુલિણી વિનવે, સુણ ચેતન મહાશય ચતુર નર;
કુમતિ કુનારી દૂરે પરિહરો, જીમ લહો સુખ સમુદાય સોભાગી. ૧
આવો રંગે વિવેક ઘરે પ્રભુ, કરીએ કેલિ અભંગ પનોતા;
જ્ઞાન પલંગ બિછાયો અતિ ભલો, બેસીજે તસ સંગ રંગીલા. ૨
નિષ્ઠા રુચિ બેઉ ચામરધારિકા, વીંઝે પૂણ્યસુ વાય સદાય;
ઉપસમ રસ ખૂશબો ઈહાં મહમહે, કેમ નહિ આવે તે હાય. ૩
હૃદય-બરુખે બેસી હોંશસુ, મુજરો લીજીએ સાર સનેહા;
કાયાપુર પાટણનો તું ધણી, કીજે નિજપુર સાર મહારાજા. ૪
જે તે ચોકી કરવા નગરની, થાપ્યા પંચ સુભટ્ટ મહારાજા;
તે તો કુમતિ નારીસું જઈ મળ્યા, તીણે લોપી કુલવટ. ૫
પંચપ્રમાદ મદિરા છાકથી, ન કરે નગર સંભાળ મહારાજા;
મનમંત્રીશ્વર જે થાપીઓ, ગૂંથે તેહ જંજાળ સોભાગી. ૬
ચોટે ચાર ફિરે નિત્ય ચોરટા, મુખે અતિઘણું પુણ્ય ધન્ય;
વાહર ખૂંબ ખબર નહિ કેહની, મુજ પરે ન કરો નંદ. ૭
કપટી કાળ અને બહુ આપદા, ફરતા નગર સમીપ તપીને;
જોર જરા જોબન ધન અપહરે, ડાકણની પરે નિત્ય છપીને. ૮
એણી પેરે વચન સુણી સુમતિ તણાં, જાગ્યો ચેતનરાય રસીલો;
તેજ સંવેગ ગ્રહી નિજ હાથમાં, તેડયો શુદ્ધ સમવાય વસીલો. ૯
મનમંત્રીશ્વર કબજે થયો ઘણું, તબ વશ આયા રે પંચમહાભડ;
ચારે ચોર ચિહું દિસિ નાસિયા, ઝાલ્યો મોહ પ્રપંચ મહાજડ. ૧૦
સુમતિ નારી સાથે પ્રીતડી, જોર જહી જિમ ક્ષીર ને નીર સોભાગી;
રંગવિલાસ કરે નિતુ નવનવા, ભેલી હિયડાનું હીર હિલમિલ. ૧૧

ઈણી પરે ચતુર સનેહી આતમા, ઝીલે સમરસ પુર સદાય;
અનુપમ આતમ અનુભવસુખ લહે,દિનદિન અધિક સુનુ ભલાઈ. ૧૨
પંડિત વિનયવિમલ કવિ રાયના, ધીર વિમલ કવિરાય જયકર;
સેવક તસ વિનયી ઉપદિસે, સુમતિ થકી સુખ થાય સુહંકર. ૧૩

## ૧૯. આનંધન કૃત પદ

કયા તન માંજતા રે, એક દિન મિટ્ટીમેં મિલ જાના;
મિટ્ટીમેં મિલ જાના બંદે ખાખમેં ખપ જાના. કયા૦
મિટ્ટી ચૂનચૂન મંડેલ બંધાયે બંદા કહે ઘર મેરા;
એક દિન બંદે ઊઠ ચલેંગે યહ ઘર તેરા ન મેરા. કયા૦ ૧

મિટ્ટી ઓઢાવન મિટ્ટી બિછાવન, મિટ્ટીકા શીરાણા;
ઈસ મિટિયાકું એક ભૂત બનાયે અમર જાલ લોભાના. કયા૦ ૨

મિટિયા કહે કુંભારકું રે તૂ કયા ખૂંદે મોય;
એક દિન વોહી આવેગા પ્યારે, મેં ખૂંદુંગી તોય. કયા૦ ૩

લકડી કહે સુથારને રે તૂ કયા જાને મોય;
એક દિન ઐસા આવેગા રે, મેં ભુંજુંગી તોય. કયા૦ ૪

જ્ઞાન શિયળ તપભાવના રે, શિવપુર મારગ ચાર;
આનંધન ભાઈ ચેતલો પ્યારે, આખર જાના ગિંવાર. કયા૦ ૫

# શાસ્ત્રાનુસાર

## પરચુરણ જાણવા લાયક બાબતો

૧ સાતમી નારકીના જીવ મરીને તિર્યંચ થાય છે પરંતુ મનુષ્ય થતા નથી.

૨ લોકાવધિવાળા ચૌદ રાજલોકના જીવના ભાવ જાણી શકે.

૩ પરમાવધિ જ્ઞાન ઉત્પન્ન થયા પછી અંતર્મુહૂર્ત પછી અવશ્ય કેવલજ્ઞાન થાય.

૪ સ્ત્રી મરીને વધારેમાં વધારે છઠ્ઠી નરક સુધી જાય.

૫ અષ્ટાપદ ઉપર જે પોતાની લબ્ધિથી જાય તે ચરમશરીરી હોય.

૬ ઋષભદેવસ્વામી નિર્વાણ પામ્યા પછી પચાસ લાખ કોટી સાગરોપમે અજીતનાથ સ્વામી થયા, તેટલા આંતરામાં પચીસ લાખ કોટી ઈન્દ્ર થઈ ગયા; કારણ કે ઇન્દ્રનું આયુ બે સાગરોપમનું જ હોય છે.

૭ ચક્રવર્તીને છ ખંડ સાધતાં અઠમનું તપ કરવું પડે છે; પરંતુ તીર્થંકર ચક્રવર્તી થાય તો તે તપ કરવું પડતું નથી.

૮ યુગલીયાં તિર્યંચો યુગલધર્મનું પાલન કરી દેવગતિમાં જાય છે.

૯ સંપૂર્ણ ચૌદ પૂર્વિ અસંખ્યાત ભવ જાણી શકે છે.

૧૦ કયો જીવ કઈ નરક સુધી છેવટ ઉપજે:
૧ સમૂર્છિમ તિર્યંચ પંચેન્દ્રિય પહેલી નારકી સુધી જાય. ૨ ભૂજપરિસર્પ બીજી. ૩ ખેચર ત્રીજી. ૪. સિંહપ્રમુખ ચોથી. ૫ ઉરપરિસર્પ પાંચમી. ૬ સ્ત્રી. છઠ્ઠી. ૭ મનુષ્ય તથા મચ્છ સાતમી.

ઉપર પ્રમાણે ઉત્કૃષ્ટથી સમજવું; પરંતુ કદાચ તેથી કોઈ ઓછીમાં જાય તો બાધ નહીં, પરંતુ વધારેમાં ન જાય.

૧૧ કઇ નારકીનો જીવ ક્યાં ઉપજે:

સાતમી નારકીનો જીવ ગર્ભજ તિર્યંચમાં આવે અને સમકિતપણું પામે, પરંતુ મનુષ્ય ન થાય. તેમ દેશવિરત્યાદિક પણ ન પામે.

છઠ્ઠી નારકીનો જીવ નીકળી ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્યમાં આવે અને દેશવિરતિપણું પામે પણ સર્વવિરતિ ન પામે

પાંચમીનો નીકળેલ ગર્ભજ મનુષ્ય થાય અને સર્વવિરતિપણું પામે પણ કેવલજ્ઞાન ન પામે.

ચોથીનો નીકળેલ કેવલજ્ઞાન પામે પરંતુ તીર્થંકર ન થાય.

ત્રીજીનો નીકળેલ તીર્થંકર થાય.

બીજીનો નીકળેલ વાસુદેવ બળદેવ થાય પરંતુ ચક્રવર્તી ન થાય.

પહેલીનો નીકળેલ ચક્રવર્તી આદિ સમસ્ત પદવી પામે.

૧૨ એક જીવ સિદ્ધમાં જાય ત્યારે એક જીવ સૂક્ષ્મ નિગોદમાંથી નીકળે.

૧૩ વાસુદેવ પ્રતિવાસુદેવને તેના જ ચક્રથી મારી નાખે એવો અનાદિ કાળનો નિયમ છે.

૧૪ હરિણગમેષીદેવ જ ભગવાન મહાવીર દેવને ગર્ભમાંથી સંહરનાર દેવતા હતો, તેનો જીવ મરીને દેવર્ધિગણી ક્ષમા શ્રમણ થયા.

૧૫ જાતિસ્મરણ જ્ઞાનવાળા મનુષ્ય ઘણું કરી પાછલા નવ ભવ દેખી શકે; કોઈ ઠેકાણે સંખ્યાતા પણ કહ્યા છે.

૧૬ કેવલજ્ઞાન પામ્યા પછી તીર્થંકર મહારાજાઓ ગોચરી જાય નહીં.

૧૭ શ્રી કેવલજ્ઞાની ભગવાનને આવશ્યકાદિ ક્રિયાઓ કરવાની હોય નહીં.

૧૮ તીર્થંકરનો જીવ તીર્થંકરપણે ઉત્પન્ન થાય તેના પહેલાં ત્રીજે ભવે વીસસ્થાનકપદનું આરાધન કરી તીર્થંકર નામકર્મનો બંધ નિકાચિત કરે છે.

૧૯ નારકીના જીવોને ક્રોધ વધારે, તિર્યંચોને માયા વધારે, મનુષ્યોને માન વધારે અને દેવતાઓને લોભ વધારે હોય છે.

૨૦ હાલના સમયમાં ધર્મારાધન કરનાર મનુષ્ય છેવટ ચોથા દેવલોક સુધી જાય અને પાપી જીવ છેવટ બીજી નરક સુધી જાય.

૨૧ નારકીના જીવોને અવધિજ્ઞાન ઓછું હોવાથી પોતાના પૂર્વજન્મને અવધિજ્ઞાનથી જાણી શકતા નથી પરંતુ જાતિસ્મરણ જ્ઞાન વડે પૂર્વજન્મ જાણી શકે છે.

૨૨ શ્રાવકો પડિક્કમણું કરતી વખતે વાંદણા અવસરે મુહપત્તિ શુદ્ધ ભૂમિ ઉપર અથવા રજોહરણ ઉપર મૂકે. (સેનપ્રશ્ન)

૨૩ સમ્યક્ત્વથી પતિત થયા પછી અનંતકાલ સંસારમાં ગયા હોય તેવા જીવો જ એક સમયમાં ૧૦૮ સિદ્ધિપદ વરે, સંખ્યાતકાળ જેનો ગયો હોય તેવા જીવો એક સમયમાં દસ સિદ્ધિપદ પામે અને જે સમ્યક્ત્વથી ન જ પડ્યા હોય તે એક સમયમાં ચાર સિદ્ધિપદ વરે.

(નંદી ટીકામાં)

૨૪ કેટલાક આચાર્યો સીતાને રાવણની પુત્રી કહે છે. વસુદેવ હિંડિમાં (તત્ત્વ કેવલીગમ્ય).

૨૫ એક આંગળની પ્રતિમાથી માંડીને અગિયાર આંગળની પ્રતિમા સુધી ઘર દેરાસરજીમાં પુજાય. તેથી વધારે આંગળનો જિનગ્રહે પુજાય. (સેનપ્રશ્ન ઉ. બીજો.)

૨૬ સવારે ચોવિહાર ઉપવાસ અગર છઠ ચોવિહાર કર્યો હોય તેણે સાંજે પ્રતિક્રમણ સમયમાં પચ્ચખ્ખાણ મનમાં સ્મરણ કરવું, લેવાની જરૂર નહીં.

૨૭ માળા સંબંધી સૂવર્ણ, રૂપું, સૂત્ર વગેરે તમામ દેવદ્રવ્ય સમજવું. (સેનપ્રશ્ન)

૨૮ લોકાન્તિક દેવતા એકાવતારી છે એવું એકાંત ન સમજવું.

૨૯ વસતિનો સ્વામી કાળધર્મ પામી ગયો હોય તો તેની ચિંતા કરનારનું ઘર શય્યાતર કરવું.

૩૦ ચક્રવર્તીઓને મહાપરિગ્રહ હોવાથી દેશવિરતિની પ્રાપ્તી ન થાય પરંતુ સંજમ લઈ શકે.

૩૧ ભવી જીવો જે વ્યવહારી થયા, ત્યાર પછી ભવ ભાવનાની વૃત્તિ અનુસાર ઉત્કૃષ્ટથી અનંત પુદ્ગલ પરાવર્તન ભ્રમણ કર્યા પછી સિદ્ધિપદ વરે.

૩૨ ચક્ષુવિકલને પણ કેવલજ્ઞાન ઉત્પન્ન થાય.

૩૩ તીર્થંકર મહારાજનું દાન અભવી જીવો ન પામી શકે.

૩૪ એક જીવ સંસારમાં ઉત્કૃષ્ટથી બેવાર ઈન્દ્ર તથા ચક્રવર્તીપણું પામે એમ ભગવતી પ્રમુખમાં કહ્યું છે.

૩૫ જિન કલ્પિકો તે ભવમાં મોક્ષે ન જાય.

૩૬ અભવી જીવો શત્રુંજય ગિરિરાજને ન જુએ.

૩૭ કોઈ જીવ વિચાર કરે કે હું ભવ્ય કે અભવ્ય એવો જે

વિચાર કરે તે નિયમથી ભવ્ય સમજવો. અભવીને તેવો વિચાર થાય નહીં.

૩૮ મરી ગયેલાં યુગલીયાનાં શરીરને મોટાં પક્ષીઓ માળાના લાકડાની માફક ઉપાડીને જલદી સમુદ્રમાં ફેંકી દે છે.

૩૯ ચતુર્નિકાયના દેવતામાં વિમાનાધિપતિ દેવતાઓ સમકિતદૃષ્ટિ સમજવા મિથ્યાદૃષ્ટિ ન હોય.

૪૦ પહેલા છેલ્લા તીર્થંકરના શ્રાવકોને મુહપત્તિ શ્વેત જોઈએ, બાવીશ તીર્થંકરના શ્રાવકને પંચવર્ણી ગમે તે.

૪૧ વિકલેન્દ્રિય જીવો સ્વભાવથી જ મનુષ્યપણું પામી મોક્ષે ન જાય, સર્વવિરતિ પામે.

૪૨ પાંચ નિર્ગ્રંથ મધ્યે કષાયકુશીલ નિર્ગ્રન્થો આહારક શરીર કરે, બીજા ન કરે.

૪૩ શરીર અને દીવાના પ્રકાશ વચ્ચે ચંદ્રમાનો ઉદ્યોત હોય તો ઉદ્યોતિકા લાગે પરંતુ ચંદ્રમાનો પ્રકાશ શરીર પર લાગે તો તે પછી દીવાનો પ્રકાશ કદાચ શરીર ઉપર પડે તો પણ ઉજાઈ ન લાગે.

૪૪ પડાવશ્યક સૂત્રો ગણધરનાં કરેલાં સમજવાં. (સેનપ્રશ્ન)

૪૫ ચૌદપૂર્વધરો ચૌદપૂર્વને બેઘડીમાં ગણી શકે છે–તાલુ–ઓષ્ટપુટ સંયોગથી ઉત્પન્ન થયેલી વાણી વડે કરીને.

૪૬ સમુર્છિમ મનુષ્ય જઘન્યથી ૧-૨-૩ ઉત્કૃષ્ટા અસંખ્યાત ઉપજે પરંતુ કદાચ વિરહ પડે તો જઘન્ય–૧ સમય ઉત્કૃષ્ટથી ૨૪ મુહૂર્ત સુધી કોઈ ઉત્પન્ન ન થાય.

૪૭ શ્રાવકોએ નવકારવાલીની સ્થાપના ત્રણ નવકાર ગણીને સ્થાપવી એવી પરંપરા છેઃ ઉત્થાપનમાં ૧ નવકાર, મુનિને સ્થાપન કરવામાં ૨ નવકાર.

૪૮ તપ કરવાની શક્તિનો અભાવ હોય તો આલોચનના પ્રાયશ્ચિત્તમાં શક્તિ અનુસાર જિનમંદિર, જીવદયા, જ્ઞાનભંડાર વગેરેમાં યથાશક્તિ ગુરુમહારાજ કહે તે પ્રમાણે ખરચવું. (સેનપ્રશ્ન, ઉલ્લાસ બીજો.)

૪૯ તામલી તાપસે અંત સમયમાં મુનિવર દીઠા ત્યાં સમકિત પામ્યા; આ હકિકત જિનેશ્વરસૂરિકૃત કથા-કોશમાં છે.

૫૦ સર્વેપિઇન્દ્રા સર્વદા સમકિતદૃષ્ટિ જ સંભાવના કરાય છે. નતુ મિથ્યાદૃષ્ટિ. (સેનપ્રશ્ન)

૫૧ રાવણને રાવણના ભવથી ચૌદમા ભવે તીર્થંકરપણું ત્રિષષ્ટિય ચરિત્રમાં કહ્યું છે, કોષ્ઠિકને કહ્યું નથી.

૫૨ શ્રી મલ્લિજિનેશ્વરને બાર પર્ષદાની અવસ્થિતિ સર્વ જિને-શ્વરની માફક હોય પરંતુ વૈયાવચ્ચ સાધ્વીઓ કરે.

૫૩ ચૈત્ર માસનો કાયોત્સર્ગ મુનિવરો ભૂલી જાય તો યોગ સંબંધી ક્રિયાઓ પોતે કરવાને તથા બીજાને કરાવવાને સમર્થ ન થાય. (સેનપ્રશ્ન)

૫૪ કલ્પસૂત્ર વાંચવા માટે પડખે અસજ્ઝાય હોય તો પણ તથા-વિધ અવશ્યકરણીયપણું હોવાથી બંધ ન રહે. (સેનપ્રશ્ન)

૫૫ નવકારસીનું પચ્ચખાણ સૂર્યોદયથી બેઘડી પહેલાં ન થાય. (યોગશાસ્ત્રવૃત્તિ પંચાસક વગેરેમાં.)

૫૬ હાલ ભરતક્ષેત્રમાં મનુષ્ય તથા તિર્યંચોને અવધિજ્ઞાન તથા જાતિસ્મરણ જ્ઞાનનો વિચ્છેદ શાસ્ત્રમાં કહ્યો નથી.

૫૭ સાધુ કોઈપણ કારણે વસ્ત્રને ત્રણ થીગડાં ઉપર ચોથું આપે તો પ્રાયશ્ચિત્ત આવે એવું નિશિથ સૂત્રના પહેલા ઉદ્દેશામાં કહ્યું છે.

૫૮ દિવાળીની રાત્રે, 'મહાવીર સ્વામી સર્વજ્ઞાયનમઃ'ની નવકારવાલી જે ગણાય છે તે, મહાવીર સ્વામીએ સર્વજ્ઞપણાએ દેશના દીધી તેથી.

૫૯ જેને ઉપવાસ કરવો હોય તે અડધી રાત્રી પછી ખાય તો ભંગ થાય.

૬૦ સંકટમાં પડેલી સતીનું શિયળ ખંડન થાય તો તેનું દ્રવ્યથી સતીપણું જાય પરંતુ ભાવથી ન જાય.

૬૧ સાધ્વીને શ્રાવકો વાંદે ત્યારે ફક્ત 'અણુંજાણહ ભગવતી પસાઉ કરી' એટલું બોલે બાકી નહીં.

૬૨ કેવલજ્ઞાન પામેલી સાધ્વી છદ્મસ્થ સાધુને ન વાંદે, સાધુ કેવલી સાધ્વીને ન વાંદે; પુરુષ પ્રધાન કહેવાય.

૬૩ તપસ્યા વડે નિકાચિત કર્મનો પણ ક્ષય થાય. ( ઉત્તરાધ્યયન સૂત્રવૃત્તિ.)

૬૪ પહેલે દિવસે ચોવીહાર ઉપવાસ કરેલ હોય અને બીજે દિવસે પાછો ઉપવાસ કરવો હોય તો પણ પચ્ચખાણ તો એક ઉપવાસનું જ થાય.

૬૫ સ્થાપનાચાર્ય મસ્તકની ઉપર, પગથી નીચે અને તિર્યંગ્ દેખી ન શકાય એવી રીતે હોય તો ક્રિયાશુદ્ધિ ન થાય.

૬૬ પરમાધામિંક ભવી પણ હોય અભવી પણ હોય. (હીરપ્રશ્ન)

૬૭ શત્રુંજય ઉપર પાંચ પાંડવ વીસ કોટિ મુનિ સાથે સિદ્ધિ વર્યા તે કોટી સો લાખની જાણવી. (હીરપ્રશ્ન પા. ૬૩)

૬૮ પાક્ષિકા દીને જે ચતુર્થાદિ તપ કારણ વિના ન કરે તેને પ્રાયશ્ચિત્ત આવે.

૬૯ જેઓએ શુકલ પંચમી ઉચ્ચરી હોય તેને પર્યુષણનો અઠમ કદાચ કરવો હોય તો મુખ્ય વૃત્તિએ ત્રીજથી કરવો પછી કદાચ બીજથી કરે તો પણ ચાલે.

૭૦ દિવાળીનું ગુણણું ગણવામાં સ્વદેશી લોકો જે દિવસે દિવાળી કરે તે દિવસે ગણવું.

૭૧ નંદી (નાણ) માંડવા સંબંધી અક્ષરપાઠ અનુયોગ દ્વાર-વૃત્તિ તથા સમાચારી પ્રમુખમાં છે તથા પરંપરાથી પણ નાણ મંડાય છે.

૭૨ સાંજે જે રાત્રી પોષહ લે તે ચારે આહારના ત્યાગ કરીને.

૭૩ પોસહમાં શ્રાવકોએ એકાસણામાં લીલું શાક વાપરવું કલ્પે નહીં.

૭૪ સાધુની માફક સાધ્વી ચારણશ્રમણ લબ્ધિવાળી ન થાય, સ્ત્રીઓને લબ્ધિનો નિષેધ લબ્ધિસ્તોત્રમાં તથા દશાશ્રુત સ્કંધમાં કહ્યો છે.

૭૫ પર્યુષણમાં પાંચમ કરતો હોય તેને છઠ્ઠ કરવાની શક્તિ ન હોય તો ચોથનો ઉપવાસ કરવાથી પણ ચાલી શકે.

ઉપર લખેલ ૭૫ વાકયો શાસ્ત્રાનુસાર, જાણવાલાયક હોવાથી દાખલ કર્યાં છે. પછી ૭૬ મા વાક્યથી વિશેષે કરીને જાણવાલાયક હોવાથી અને વળી સેનપ્રશ્ન, ઉપદેશ-તરંગિણી, ભગવતી સૂત્ર વગેરે શાસ્ત્રોમાં આપેલા સાક્ષીના પાઠો હોવાથી થોડાં વાકયો વિજયદાનસૂરિ વિરચિત વિવિધ પ્રશ્નોત્તર ભા. ૧,૨ માંથી લીધાં છે.

૭૬ સ્થૂલિભદ્રજીનું નામ ચોરાસી ચોવિસી સુધી રહેશે. આ હકીકત 'ઉપદેશ-તરંગિણી'માં છે.

૭૭ ચતુર્ભક્તને એક ઉપવાસ કરવાની સંજ્ઞા, 'ભગવતી સૂત્ર' ના બીજા શતકના પહેલા ઉદ્દેશની ટીકામાં કહેલી છે.

૭૮ કલ્પવૃક્ષ, ચિંતામણિ રત્ન વગેરે ઉત્તમ વસ્તુઓના અર્થીજનોના મનોરથો, અધિષ્ઠાયક દેવતાઓ પૂર્ણ કરે છે, એમ 'વીતરાગ સ્તવ'ની ટીકામાં છે.

૭૯ ખજૂરી તથા મુંજની પૂંજણીથી ઉપાશ્રયમાં પ્રમાર્જન ન કરવું એમ 'ગચ્છાચાર પયન્ના'માં કહ્યું છે.

૮૦ કૃષ્ણ મહારાજ તથા દુઃપ્પસહસૂરીના પાંચ ભવ 'કામપયડી'ની ટીકામાં કહ્યા છે.

**विगत क्षीण सप्तकस्य कृष्णस्य पंचमेभवे**
**विमोक्षगमने श्रुयते।**
**नरयाओ नर भवंमि, देवो होउण पंचमे भवे।**
**तत्रोचुओ समाणो, बारसमोअममतित्थकरो ॥**

દર્શન મોહનીયની સાત પ્રકૃતિનો ક્ષય કરી, ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર કૃષ્ણ મહારાજના આગમમાં પાંચ ભવોનું વર્ણન કરેલ છે. (૧) કૃષ્ણ મહારાજનો, (૨) નારકીનો, (૩) મનુષ્યનો, (૪) પાંચમા દેવલોકમાં દેવ, (૫) અમમ તીર્થંકર મહારાજ.

તેવી જ રીતે ક્ષાયિક સમ્યક્ત્વી શ્રી દુઃપ્પસહસૂરી મહારાજના પાંચ ભવ આગમમાં કહેલ છે. અને યુગપ્રધાન દુઃપ્પસહસૂરી મહારાજા એકાવતારી હોવાથી ત્રણ જ ભવ કરવાના હોવાથી પાછલા મનુષ્યભવમાં ક્ષાયિક સમ્યક્ત્વ ઉપાર્જન કરેલું સિદ્ધ થાય છે. પાછલા ભવમાં ક્ષાયિક સમ્યક્ત્વ ઉપાર્જન કરેલ ત્યાંથી ભવ ગણીએ તો પ્રથમ મનુષ્યભવ, બીજો દેવભવ, ત્રીજો દુઃપ્પસહસૂરીનો ભવ, ચોથો દેવભવ અને પાંચમો મનુષ્યભવ પાળી ચારિત્રનું આરાધન

કરી કેવલજ્ઞાન ઉપાર્જન કરી મોક્ષે જશે. આ પ્રમાણે માનવાથી જ સર્વ શાસ્ત્રીય પાઠોનું સમાધાન થાય; બીજી રીતે ઘટી શકતું નથી. માટે ઉપર પ્રમાણે ઠીક જણાય છે.

૮૧ અતિમુક્ત કુમારે છ વર્ષની વયમાં દીક્ષા અંગિકાર કરી હતી, એમ ભગવતી સૂત્રના પાંચમા શતકના ચોથા ઉદ્દેશાની ટીકામાં કહેલ છે, એ આશ્ચર્ય ગણાય; કારણ કે આઠ વર્ષ પહેલાં દીક્ષા ન લેવાય તેવું ટીકામાં છે.

૮૨ રાત્રે સંથારો કરતી વખત સાધુ–સાધ્વીઓએ રૂનું પૂમડું અવશ્ય રાખવું જોઈએ તેમ મહાનિશિથ સૂત્રના સાતમા અધ્યયનમાં કહ્યું છે; ( ન રાખે તો દંડ ભાવે. )

૮૩ સિદ્ધશિલા અને આલોકની વચ્ચે ઉત્સેધ આગળથી એક યોજનનું આંતરું જાણવું એમ ભગવતી સૂત્રના ચૌદમા શતકના આઠમા અધ્યયનની ટીકામાં કહેલું છે.

૮૪ બ્રહ્મવ્રત ધારણ કરનાર મહાત્મા પુરુષે સ્ત્રીનું આસન તથા શીલવ્રતધારી સ્ત્રીએ પુરુષનું આસન કેટલા સમય સુધી તજવું જોઈએ, તે બાબતમાં સંબોધ પ્રકરણમાં હરિભદ્રસૂરિજી મહારાજે કહેલું છે, કે પુરુષોએ જે આસન પર સ્ત્રી બેઠેલ હોય તે આસન પર, સ્ત્રી ઊઠ્યા પછી, બે ઘડી ( અંતમુહૂર્ત સુધી ) બેસવું નહીં. સ્ત્રીઓએ જે આસન પર પુરુષ બેઠેલ હોય તે આસન પર, પુરુષ ઊઠ્યા પછી, ત્રણ પહોર સુધી બેસવું નહીં.

૮૫ કાચી કેરી, કાચાં ચીભડાં આદિના કકડા કરેલ હોય તે પ્રબળ અગ્નિ અથવા પ્રબળ લૂણના સંસ્કાર વિના બે ઘડી પછી પ્રાસુક ન થાય; એમ સેનપ્રશ્નમાં કહ્યું છે.

૮૬ સાધુ–સાધ્વી અને શ્રાવક–શ્રાવિકાઓએ રજોહરણ અને મુખવસ્ત્રિકા અવશ્ય રાખવાં જોઈએ, એવું અનુયોગદ્વાર સૂત્રમાં લોકોત્તર ભાવ આવશ્યકના અધિકારમાં છે.

૮૭ દેરાસરજીમાં પરમાત્માના દર્શન કરતાં શ્રાવકોએ માથેથી પાઘડી ઉતારવી નહીં, એમ વિચાર શતક નામના ગ્રંથમાં સમયસુંદરસૂરી મહારાજે કહ્યું છે.

૮૮ ધના, શાલિભદ્ર બંને મહાપુરુષો ચારિત્રધર્મનું આરાધન કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં તેત્રીસ સાગરોપમની સ્થિતિવાળા દેવો થયા છે, એવો યોગશાસ્ત્રના ત્રીજા પ્રકાશમાં સ્પષ્ટ ઉલ્લેખ છે.

૮૯ શેરડીના રસનો તથા કાંજીના પાણીનો કાળ બે પહોરનો લઘુપ્રવચન સારોદ્ધારમાં કહ્યો છે.

૯૦ ગોળ, ખાંડ, સાકર વગેરેનો કાચું પાણી પડવાથી વર્ણ, ગંધ, રસ બદલાવાથી પાણીનો કાળ જે ઋતુમાં હોય તેટલો સમજવો; એમ લઘુપ્રવચન સારોદ્ધારમાં કહ્યું છે.

૯૧ વર્ધમાન તપની ઓળીની આરાધના કરનારા ઉત્તમ શ્રાવક–શ્રાવિકાઓને સાઠ, સિત્તેર કે તેથી પણ વધારે ઓળી થઈ હોય, તેમણે છાસની બનેલી વસ્તુઓનો ઉપયોગ કરવો નહિ.

૯૨ ચક્ષુરહિતને પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે, એમ સેનપ્રશ્નમાં લખ્યું છે.

૯૩ અસાડ સુદ ૧૪ થી આસો સુદ ૧૦ સુધી ખાંડ અભક્ષ્ય છે, એમ સેનપ્રશ્નના ત્રીજા ઉલ્લાસમાં છે.

૯૪ નરક ગતિમાં રહેલ સઘળા મિથ્યાદૃષ્ટિ જીવો અશુભ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા પુદ્ગલોનો આહાર કરે છે; પરંતુ નરકમાં રહેલ ભાવિ તીર્થંકર મહારાજના જીવો શુભ પુદ્ગલોનો જ આહાર કરે છે; આમ ભગવંતીસૂત્રના પ્રથમ શતકના પ્રથમ ઉદ્દેશની ટીકામાં છે.

૯૫ આચાર્ય મહારાજ જિનેશ્વર ભગવાનનાં દર્શન કરવા આવે ત્યારે શ્રાવકોએ જરૂર ઊભા થવું, ન થાય તો અવિનયનો દોષ લાગે. શ્રાદ્ધવિધિમાં રત્નશેખરસૂરી મહારાજે કહેલ છે.

૯૬ પોષધ તથા સામાયિકમાં શ્રાવકોએ આભૂષણ ન પહેરવા; કુંડકૌકિલ શ્રાવકે સામાયિકમાં મુદ્રિકા ઉતારીને અન્ય સ્થાનકે મૂકી છે; એમ ઉપાસક દશાંગ-સૂત્રના છઠ્ઠા અધ્યયનમાં છે.

૯૭ તરપણી આદિમાં દોરો નાખવાનું વિધાન જીતવ્યવહાર છે, આ ધર્મરત્ન પ્રકરણમાં કહ્યું છે.

૯૮ પાનની જડ અણાહારી નથી. શ્રાદ્ધવિધિમાં જે વસ્તુઓ આહારી ગણાવી છે, તેમાં પાનની જડ પણ આહારી છે.

૯૯ લીંબુના રસવાળી સૂંઠ દુવિહારના પચ્ચખાણમાં કલ્પે નહીં, એમ હીરપ્રશ્નના ત્રીજા પ્રકાશમાં છે.

૧૦૦ સાધુઓએ સૂતી અથવા બેસતી વખતે ઓઘો જમણી બાજુએ દશીયું તથા દાંડોનો ભાગ મસ્તક તરફ રહે તેમ મૂકવો.

૧૦૧ ઉવસગ્ગહરની પાંચ ગાથાઓ જ ભદ્રબાહુ સ્વામીની રચેલી છે, એમ ભરતેશ્વર બાહુબલી વૃત્તિમાં કહ્યું છે.

૧૦૨ જયવીયરાયની પાંચ ગાથાઓ કહેવી તે બરાબર છે.

૧૦૩ દિગ્ કુમારીઓ ભુવનપતિ નિકાયની દેવીઓ છે, આવશ્યક સૂત્રના વિવરણમાં મલયગિરિ મહારાજે લખ્યું છે.

૧૦૪ કોઈ પણ તપમાં જ્ઞાનપંચમી કે મૌન એકાદશી કે બીજાં કોઈ તપ કરનાર તે દિવસ ભૂલી જાય તો તપ પૂર્ણ થયા પછી એક ઉપવાસ વધારે કરવો. દાખલા તરીકે પાંચમનો ઉપવાસ પાંચ વરસ પાંચ માસે પૂરો થયા પછી એક ઉપવાસ લીગડલાગડ કરવો. અને અત્યારે ભૂલ્યા તેનો એક ઉપવાસ દંડનો કરવો.

૧૦૫ સાચા કે ખોટા ધર્મના કે જિનેશ્વર દેવની મૂર્તિના સોગન ખાવા નહીં, ખાય તો અનંત સંસારી બોધિબીજનો નાશ થાય તેમ શ્રાદ્ધવિધિમાં કહ્યું છે.

૧૦૬ છ વિકથામાં દેશકથા, ભક્તકથા, રાજ્યકથા, સ્ત્રીકથા, ચોરકથા અને પરિભ્રષ્ટ થયેલ સાધુની કથા કે ગૃહસ્થની કથા છે.

૧૦૭ રાત્રે પહોર રાત્રી ગયા પછીથી પ્રાતઃકાળ સુધી ઊંચે સ્વરે બોલવું નહીં, નહિતર દોષ લાગે.

# ગહુંલીયો

## ૧. બાર ભાવનાની ગહુંલી

( જીરે કામની કહે સુણો કંથજી—એ રાગ )

જીરે ભાવના બારે ભાવજો, જીરે ભાવથી સહુ નરનાર રે;
જંજાલી જીવડા! જાગો રે, તમને ચેતવું.
જીરે મોંઘેરો આ ભવ મેળવી, જીરે પામો ભવનો પાર રે. જં૦
જીરે નાશ છે સર્વે આખરે, જીરે સ્વપ્ના સમો રે સંસાર રે. જં૦
જીરે અનિત્ય ભાવના ભાવીને, જીરે ચેતો ચિત્તમાં લગાર રે. જં૦
જીરે અશરણ ભાવના એમ કહે,જીરે જૂઠી છે જગની સગાઈ રે.જં૦
જીરે મૃત્યુ આવેરે શરણું કો નહિ,જીરે કોના છોરુ કોના ભાઇરે.જં૦
જીરે ચાર ગતિના ચોકમાં, જીરે ચેતન રઝળ્યો અપાર રે. જં૦
જીરે સંસાર ભાવના સમજતાં, જીરે ધર્મ કરી પામો પાર રે. જં૦
જીરે એકત્વ ભાવના ચિંતવો, જીરે એકલો આવે ને જાય રે. જં૦
જીરે એકલો કર્મને ભોગવે, જીરે ભાગ ન કોઇથી લેવાય રે. જં૦
જીરે જીવ ને કાયા જુદાં ગણો, જીરે જાણો જુદો પરિવાર રે. જં૦
જીરે અન્યત્વ ભાવના ભાવતાં, જીરે આતમતત્ત્વ વિચાર રે. જં૦
જીરે અશુચિ ભાવના ઓળખો,જીરે અશુચિ ભરી આ કાય રે. જં૦
જીરે અશુચિ પદાર્થથી ભરી, જીરે મોહ શું એમાં થાય રે. જં૦
જીરે આશ્રવ ભાવના ભાવતાં, જીરે પાપથી અટકો સદાય રે. જં૦
જીરે કર્મબંધન નવાં નહિ કરો, જીરે તો શિવસુખ પમાયરે. જં૦
જીરે સંવર ભાવના સમજજો, જીરે આશ્રવનો કરો રોધ રે. જં૦
જીરે મન વચ કાય શુદ્ધિ કરી, જીરે મેળવો સદ્‌ગુરુ બોધ રે. જં૦
જીરે ચઉગતિ રૂપ સંસારનું, જીરે બીજાને હરવા ખાસ રે. જં૦
જીરે નિર્જરા ભાવના ભાવતાં, જીરે કર્મનો કરજો નાશ રે. જં૦

જીરે ધર્મની ભાવના રાખજો, જીરે ધર્મ છે સકળ આધાર રે. જં૦
જીરે ધર્મ વિના શિવપદ નહીં, જીરે ધર્મ કરો નરનાર રે. જં૦
જીરે ચૌદ રાજના લોકમાં, જીરે રઝળ્યો આ જીવ અપાર રે. જં૦
જીરે એક પ્રદેશ ન મેલીયો, જીરે લોકસ્વરૂપ વિચાર રે. જં૦
જીરે બોધીબીજપણું પામવા, જીરે સમાવતરો શ્રીકાર રે. જં૦
જીરે ભાવના બોધિબીજ ભાવતાં, જીરે પામો સમકિત સાર રે. જં૦
જીરે ભાવના બાર વિચારીને, જીરે ટાળો ભવોભવ દુઃખ રે. જં૦
જીરે સદ્‌ગુરુવાણી સાંભળી, જીરે પામો મનને સુખ રે. જં૦

## ૨. સામાયિક કરવા વિષે ગહુંલી

( જાત્રા નવાણું કરીએ વિમળગિરિ–એ રાગ )

સામાયિક નિત્ય કરીએ, હો પ્રાણી ! સામાયિક નિત્ય કરીએ;
કરીએ તો શિવ સુખ વરીએ.... હો પ્રાણી૦
દુર્ધ્યાન દોને દૂર કરીને, ધર્મનું ધ્યાન જ ધરીએ;
સમતાનો શુભ લહાવ લેવાને, સાવદ્ય કર્મ પરિહરીએ. હો પ્રાણી૦
દુર્લભ નરભવ દુર્લભ આવો, ધર્મ મળે ન ફરી ફરીએ;
દોય ઘડીની એક સામાયિક, કરવાનું કેમ વિસરીએ. હો૦ પ્રાણી૦
શ્રાવક નામ ધરાવી સાચું, વીર વચન અનુસરીએ;
સામાયિક દરરોજ કરીને, પુન્યની પોઠી ભરીએ. હો પ્રાણી૦
સામાયિક કરી વિકથા કરતાં, લાભ સકળને હરીએ;
તે માટે મન વશ રાખીને, દોષ ન વરીએ જરીએ. હો પ્રાણી૦
સામાયિક છે સાચું સદ્‌ગાનું, નાવ ભલું ભવદરિયે;
જો સમતાથી તે પર ચઢીએ, તો ભવસાગર તરિયે. હો પ્રાણી૦
બત્રીશ દોષને દૂર કરીને, વ્રત વિધિથી ઉચ્ચરીએ.
સદ્‌ગુરુવાણી સાંભળી મનસુખ, પાપ થકી ઓસરીએ.હો પ્રાણી૦

## ૩. ગુરુગુણ ગહુંલી

(દેશી–ઓધવજી સંદેશો કહેજો શ્યામને.)

ચેતનજી ચિત્ત ચેતી ચાલો ચોંપથી,
રંગે ઉમંગે જઈએ ગુરુની હજુર જો;
ગુરુ ગુણવન્તા જયવન્તા અહીં વિચર્યા,
વન્દન કરતાં પ્રગટે પુન્ય અંકુર જો. ચેતનજી૦ ૧

ક્ષમાના સાગર દયાના આગર સદ્‌ગુણી,
શાન્ત દાન્ત ગુણવંતા મહન્ત ને સન્ત જો;
મુનિ મહારાજ પુન્ય પ્રતાપી પેખતાં;
નયણ હમારા હરઘડીએ હરખંત જો. ચેતનજી૦ ૨

વીરની વાણી ઉત્તમ જાણી જગતમાં,
તપ જપ કરજો હરજો કર્મ આ વાર જો;
તપનો મહિમા મોટો આગમમાં કહ્યો,
તપથી તરીયા ભવીયા આ સંસાર જો. ચેતનજી૦ ૩

આજ અમારા મનોરથો સર્વે ફલ્યા,
આજ અમોને મલ્યા મુનિ સુખકાર જો;
આજ અમારે મોતીના મે વરસિયા,
આજ અમારા નાઠા દોષ અપાર જો. ચેતનજી૦ ૪

આજ અમારે સોવન સુરજ ઊગિયો,
આજ અમોને હૈડે હરખ ન માય જો;
આજ અમારો ધન્ય દહાડો ને ધન્ય ઘડી,
આજ અમારું જીવન સફળ ગણાય જો. ચેતનજી૦ ૫

ધન્ય ધન્ય આવા ગુણવન્તા ગુરુરાજને,
જે આપે ઉત્તમ રૂડો ઉપદેશ જો;
એ ગુણ ગુરુનો કદી અરે ન વિસરે,
માટે મનસુખ ગાય ગુરુગુણ હમેશ જો. ચેતનજી૦ ૬

## ૪. મિથ્યાત્વીપર્વ નિષેધક ગહુંલી

(દેશી–ઓધવજી સંદેશો કહેજો.)

પર્વ મિથ્યાત્વી પરહરજો સહુ બેનીઓ,
મિથ્યા મતિ મળવાનો માર્ગ મનાય જો;
સમકિતવંતી નારને એ શોભે નહિ,
શાસન આણાનું ઉલ્લંઘન થાય જો. પર્વ૦ ૧
બોળ ચોથના બોળ વાડે બૂડી જઈ,
કાકડી પર કોઈ કરતાં કાળો કેર જો;
દયા ધર્મ આ અરે તમારો ક્યાં ગયો,
કરી વિચાર ને દૂર કરો અંધેર જો. પર્વ૦ ૨
રાંધણ છઠ્ઠની રસનામાં રાજી કરી,
વાસી ભોજન કરતાં અગણીત વાર જો;
સાતમ પાળી શીતળાની પૂજા કરો,
પોઢાડો વળી ચૂલામાં ધરી પ્યાર જો. પર્વ૦ ૩
રાંધણ છઠ્ઠની રસના તો વસમી થશે,
વાસી ભોજન વોરાવશો બહુ પાપ જો;
ધર્મ અને વૈદક વિરુદ્ધ વરતીઆ,
તો રોગાદિક વધશે એથી અપાર જો. પર્વ૦ ૪
કુદેવ કેરી સેવા કરવા શાસ્ત્રમાં,
સરસ રીતથી નિષેધ છે નિરધાર જો;
તો શીતળાને છાંડીને બહુ ભાવથી,
વીતરાગની સેવા કરો સુખકાર જો. પર્વ૦ ૫
ધન્ય ભાગ્ય શીતળાનો બહેની સમજશું;
કે હશે પ્રગટયા કંચન સૂર્ય પ્રકાશ જો;

તળાઈને તરછોડી મિછાના બહુતજી,
ચૂલામાં વસવાની ધરી જેણે આશ જો. પર્વ૦ ૬
ગાડરીયો પ્રવાહ ચાલ્યો આ અવનીમાં,
ઘતિંગ ચાલ્યાં ધરણી માંહે અનેક જો;
દીર્ઘ દૃષ્ટિ વિચારને વહેલો વેળાવીને;
જૈન ધર્મ આણા ઉલ્લંધી છેક જો. પર્વ૦ ૭
આ અવસર વહવાની વાત તો રહી ગઈ,
પર્વ મિથ્યાત્વી આવશે આજ કે કાલ જો;
સહુ નરનારી અરજ સારી ઉરમાં ધરી,
દૂર કરો બહુ વર્ષનું પેઠેલ સાલ જો. પર્વ૦ ૮
એક મિથ્યાત્વી પર્વ જતાં નાસી જશે,
દીર્ઘ સમયનું ભરાય શું આ ભૂત જો;
મનાનંદ સુખ મળશે, નિશ્ચે એહથી,
મિથ્યા પર્વનો ગર્વ ન રહે એક મુહૂર્ત જો. પર્વ૦ ૯

## ૫. સાતવારની ગહુંલી

( દેશી–હાંરે મારે આસો માસે શરદપૂનમની રાત જો. )

હાંરે સખી સોમે સુણીએ ગુરુની વાણી રસાળ જો,
વાણી રે ગુણ ખાણી જાણી ચિત્ત ધરો રે હોલ;
હાંરે સખી સોમપણું તજજો થાજો ઉદારજો,
દેજો દેજો દાનને જેથી સુખ વરો રે હોલ. ૧
હાંરે સખી મંગલ કરવા હરવા જગ જંજાળ જો,
મંગળવારે તપ જપ કરજો પ્રેમથી રે હોલ,
હાંરે સખી મંગળમાળા ધરશો અતિ ઉજમાળ જો,
કરશો જો જિન સેવા સાચા દીલથી રે હોલ. ૨
હાંરે સખી બુધે બુદ્ધિ શુદ્ધિ કરી શ્રીકારજો,
પરનિંદા ચાડી ને ચૂગલી પરહરો રે હોલ;

હાંરે સખી નિંદ્યા કરતાં થાય પાપ અપારજો,
નિન્દ્યા ન કરવાનો નિયમ સદ્યા કરો રે લોલ. ૩
હાંરે સખી ગુરુવારે ગુરુ વારે દુઃખ અપારજો,
કહેણી તેવી રહેણી જો કરશું ખરી રે લોલ;
હાંરે સખી દેવગુરુનો વિનય કરો ધરી પ્યારજો,
વિદ્યા ભણજો દીન દીન ખાસ વિનય કરી રે લોલ. ૪
હાંરે સખી શુક્રવારે શું કરવા અવતારજો,
પામ્યા પામ્યા એવું ખાસ વિચારીએ રે લોલ;
હાંરે સખી જન્મ મરણના દુઃખ હરવા નિરધાર જો,
દુર્લભ નરભવ મળીઓ એવું ધારીએ રે લોલ. ૫
હાંરે સખી શનિવારે નિવારો ચાર કષાયજો,
ભવજલ કૂપે પડવાનું ન બને કદા રે લોલ;
હાંરે સખી વીર વચન અનુસારે જો વર્તાય જો,
પામો પૂરણ શાન્તિ સુખદાયક સદ્યા રે લોલ. ૬
હાંરે સખી રવિ ઊગ્યો સોનાનો મારે આજજો,
ગુરુ દર્શનથી ઉમંગ અંગ બહુ લહું રે લોલ;
હાંરે સખી રવિવારે સુર સારે સઘળાં કાજજો,
સાતે વારને ગાતાં મનને સુખ લહું રે લોલ. ૭

## ૬. વૈરાગ્યની ગહુંલી

(માતા મરૂદેવાના નંદ—એ રાહ)

જ્ઞાની ગુરુ વિના ભવિજન
તરવાનું ઠેકાણું તુજને નહિ મળેજી,
તુજને નહિ મળેજી
સંત સેવ્યાનાં ફળથી દુઃખડાં સહુ ટળેજી.
દુઃખડાં સહુ ટળેજી
સંત સેવ્યાનાં ફળથી સુખડાં સહુ મળેજી. જ્ઞાની૦ ૧

સદ્‌ગુરુનો મહિમા મોટો, કહેતાં ન આવે પાર,
એક પલકમાં પાર પહોંચાડે, શું કરીએ વિસ્તાર. જ્ઞાની૦ ૨
પંચ મહાવ્રત છે પાળક, ટાળક રાગ ને દ્વેષ,
શાંત હૃદય શીતળ વાણીથી, આપે ઘણો ઉપદેશ. જ્ઞાની૦ ૩
સિદ્ધિ સડક કેરો રસ્તો બતલાવે ગુરુરાય,
સમજે નહિ ને અવળો ચાલે, પછી તું ગોથાં ખાય. જ્ઞાની૦ ૪
દુર્લભ છે સદ્‌ગુરુજી મળવા, દુર્લભ ધર્મ ને ધ્યાન,
પૂર્વ પુન્ય ઉદય જો જાગે, તો તું સુલભ માન. જ્ઞાની૦ ૫
એવો જોગ મળ્યો છે તુજને, ઘણે જ વરસે આજ,
કર સેવા ભક્તિ પ્રીતિથી, સરસે તારાં કાજ. જ્ઞાની૦ ૬
ગુરુ ઉપકાર તણો બદલો એ વળવો બહુ મુશ્કેલ,
કોટી જન્મના ભવને કાપે, આપે અમર પદ વેલ જ્ઞાની૦ ૭
વિજયધર્મસૂરિના પસાયે, પામ્યા છે પ્રતિબોધ,
ક્ષણે ક્ષણે સંભાળી ચિત્તમાં, સઘળી સઘળી નોંધ. જ્ઞાની૦ ૮
ઓગણીસ પંચોતેરની સાલે, રૂડો મહા માસ,
વંકપુર મંડળી સંત સેવાથી, મળે સદા સુખવાસ. જ્ઞાની૦ ૯

## ૯. સ્ત્રીધર્મ વિષે હિતશિક્ષા ગહુંલી

( ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ )

શાણી સ્ત્રીને શિખામણ છે સહેજમાં,
શીયળ પાળો મનમાં ધારી ટેક જો;
શ્રદ્ધા ભક્તિ વિનય વિચારે ચાલવું,
સત્યાસત્યનો મનમાં કરી વિવેક જો. શાણી૦ ૧
દયા દાન આભૂષણને કંઠે ધરો,
ક્રોધાવેશે કદી ન દેવી ગાળજો;
દેરાણી જેઠાણી સાથે સંપીને,
વર્તે કરતી કુટુંબની સંભાળજો. શાણી૦ ૨

કુળ લક્ષ્મીથી કૂલી થાય ન ફાળકો,
પ્રાતઃકાળે પડતી સાસુ પાય જો,
અભક્ષ્ય ભક્ષણ પ્રાણાંતે પણ નહિ કરે,
દેવ ગુરુનાં દર્શન કરીને ખાય જો. શાણી૦ ૩
રડવું રોવું નિર્લજ વાણી ભાખવી,
કરતી તેનો સત્ય ટેકથી ત્યાગ જો;
સારી સ્ત્રી સોબત કરતો પ્રેમથી,
વીતરાગ ધર્મે વર્તે મને રાગ જો. શાણી૦ ૪
પાડોશીની સાથે વર્તે પ્રેમથી,
પર પુરુષની સાથે હાસ્ય નિવાર જો;
મિષ્ટ વચન મમતાથી હરખે બોલતી;
ધન ધન એવી સ્ત્રીનો જગ અવતાર જો. શાણી૦ ૫
નિંદા ઝગડા વેર ઝેરથી વેગળી,
સહુના સારામાં મનડું હરખાય જો;
બુદ્ધિસાગર બાળક ગુરુણી માત છે,
સારી સ્ત્રીથી કુટુંબ સુખીયું થાય જો. શાણી૦ ૬

## ૮. અપૂર્વ અવસર ગહુંલી

ઓધવજી સંદેશો–એ રાગ)

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે,
શત્રુમિત્ર પર વરતે ભાવ સમાન જો;
માયા મમતા બંધન સર્વ વિનાશીને,
ક્યારે કરશું અનેકાન્ત નય ધ્યાન જો. અપૂર્વ૦ ૧
શુદ્ધ ભાવમાં રમણ કરીશું ટેકથી,
ષડ દ્રવ્યોનું કરીશું ઉત્તમ જ્ઞાન જો,

અનુભવામૃત આસ્વાદીશું પ્રેમથી,
સરખા ગણશું માન અને અપમાન જો. અપૂર્વ૦ ૨
પિંડસ્થાદિક ચાર ધ્યાને ધારશું,
બાર ભાવના ભાવીશું નિશદિન જો;
સ્થિરોપયોગ શુદ્ધ રમણતા આદરી,
ધ્યાન દશામાં થાશું બહુ લયલીન જો. અપૂર્વ૦ ૩
સર્વસંગનો ત્યાગ કરીશું જ્ઞાનથી,
બાહ્યોપાધી જરા નહિ સંબંધ જો;
શરીર વર્તે તોપણ તેથી ભિન્નતા,
કદિ ન થઈશું મોહ ભાવમાં અંધ જો. અપૂર્વ૦ ૪
શુદ્ધ સનાતન નિર્મળ ચેતન દ્રવ્ય જે,
ક્ષાયિક ભાવે કરશું આવિર્ભાવ જો;
ઐકયપણું લીનતાને આદરશું કદિ,
ગ્રહણ કરીને ઔદાસીન્ય સ્વભાવ જો. અપૂર્વ૦ ૫
પ્રતિ પ્રદેશે અનંત શાશ્વત સુખ છે,
આવિર્ભાવે તેનો કરશું ભોગ જો;
બુદ્ધિસાગર પરમ પ્રભુતા સંપજે,
ક્ષાયિકભાવિ સાધો નિજગુણ યોગ જો. અપૂર્વ૦ ૬

## ૯. ગુરુગુણ ગહુંલી

(ઓધવજી સંદેશો–એ રાગ)

વંદુ વંદુ સમકિત દાતા સદ્‌ગુરુ,
પંચમહાવ્રત ધારક શ્રી મુનિરાય જો;
ઉપશમ ગંગાજળમાં નિશદિન ઝીલતા,
મનમાં વર્તે આનંદ અપરંપાર જો. વંદુ૦ ૧

અનેક ગુણના દરિયા ભરિયા જ્ઞાનથી,
પડે ન પરની ખટપટમાં તલભાર જો;
સદુપદેશે સાચું તત્ત્વ જણાવીને,
સંયમ અર્પી કરતા જન ઉદ્ધાર જો. વંદુ૦ ૨

અન્તરના ઉપયોગે વિચારે આત્મના,
યોગ્ય જીવને દેતા યોગ્ય જ બોધ જો;
અસંખ્ય પ્રદેશે સ્થિરતા ધ્યાને લાવતા,
સંયમ સેવી કરતા આશ્રવ રોધ જો. વંદુ૦ ૩

ત્રસ સ્થાવરના પ્રતિપાલક કરુણામયી,
ભાવદયાની મૂર્તિ સાધુ ખાસ જો;
જ્ઞાતા ભ્રાતા ત્રાતા માતા સદ્‌ગુરુ,
સદ્‌ગુરુના બનીએ સાચા દાસ જો. વંદુ૦ ૪

ત્રણ ભુવનમાં સેવ્ય સદાશ્રી સદ્‌ગુરુ,
દ્રવ્ય ભાવથી સંયમના ધારનાર જો;
ભવજલધિમાં ઉત્તમ નૌકા સદ્‌ગુરુ,
સદ્‌ગુરુ નૌકાથી ઊતરો ભવપાર જો. વંદુ૦ ૫

ગુરુભક્તિથી ગુરુવાણી ઘરે,
ગુરુભક્તિથી ઉત્તમ ફળ નિરધાર જો;
સદ્‌ગુરુ દ્રોહી કેવી દુર્જન ત્યાગશે,
પરબ્રહ્મની પ્રાપ્તિ શીઘ્ર થનાર જો. વંદુ૦ ૬

કલિકાલમાં ગુરુની ભક્તિ દોહીલી,
ગુરુભક્તો પણ વિરલા જણ દેખાય જો;

દૃષ્ટિ રાગમાં ભૂલી દુનિયા આવરી,
કસ્તૂરી મૃગ પેઠે બહુ ભટકાય જો. વંદુ૦ ૭

સદ્‌ગુરુ દાસ બન્યા પણ જ્ઞાન ન સંપજે,
સમજી સાચો સાર ગ્રહો નરનાર જો;
બુદ્ધિસાગર સદ્‌ગુરુ શ્રદ્ધા ભક્તિથી,
ઊતરો પ્રાણી ભવસાગરની પાર જો. વંદુ૦ ૮

## ૧૦. ગુરુમહારાજ વિહાર કરે ત્યારે ગાવાની ગહુંલી

ગુરુરાજ વિહાર કરશો નહિ, જાણી સેવક સોચ કરે ઘણો,
કોણ સુણાવશે સિદ્ધાંત ગુરુરાજ વિહાર કરશો નહિ;
મીઠી વાણી ને નિર્મળ વાકયથી, બોધ આપશે આવો હવે કોણ.
પૂરા પુણ્યે મળ્યો જોગ આપનો, તજ્યો તેહ કેમ તજાય. ગુરુ૦
બોધ આપી પાષાણો પલાળીઆ, પાયું ધર્મરૂપી શુભ નીર. ગુરુ૦
કોઈ દિન ઉપાશ્રયે નહીં આવતા, એહવા કયાં જઈ પામશે બોધ.
અનાચારીએ આડો મારગ મૂકીયો, સુણી આપ તણો ઉપદેશ. ગુરુ૦
અતિ છઠ્ઠ અઠ્ઠમ થતાં હોંશથી, થશે એકાસણું કદિ એક. ગુરુ૦
હીરો હાથમાં આવ્યો પાછો જાય છે, દીવો જ્ઞાનનો ગોતીશું કયાંઈ.
સિંહ સમુ સિંહાસન શોભતું, તે ખાલી જોયું કેમ જાય. ગુરુ૦
નરનારી ભરે છે નીર નેત્રમાં, ઘર કામ સૂઝે નહીં કાંઈ. ગુરુ૦
કહે કેશવ બેઉ કર જોડીને, કરો ફાગણ ચોમાસું અહીં. ગુરુ૦

## ૧૧. પર્યુષણની ગહુંલી

(હાંરે મારે ધર્મના—એ રાગ)

હાંરે મારે દિવસ ધર્મનાં શ્રાવણ ભાદ્રવ માસ જો,
તે માંહે શ્રી પર્વ પજોસણ જાણીએ રે લોલ;

હાંરે મારે ત્રણસે સાઠ દિવસમાં કીધાં પાપ જો,
આઠ દિવસમાં ધોવા ધર્મનાં પાણીએ રે લોલ. ૧
હાંરે મારે ભાવિક લોકો સર્વ મળી મનરંગ જો,
દેરે અપાસરે દેવ ગુરુ આરાધતા રે લોલ;
હાંરે મારે તપ જપ પૂજા ભક્તિ ભાવના જાણજો,
અજર અમર પદ શિવતરુ સુર તરુ સાધતા રે લોલ. ૨
હાંરે મારે છઠ્ઠું અઠ્ઠમ તપ આઠ કરો ઉપવાસ જો,
માસખમણ ને પાસખમણ તપશ્ચર્યા કરો રે લોલ;
હાંરે મારે જીવદયા ને જ્ઞાન દાન વિસ્તાર જો,
સ્વામી ભક્તિ નિર્મળ હૃદયે આદરો રે લોલ. ૩
હાંરે મારે સામાયિક પડિક્કમણાં પોસહ વ્રત જો,
જીવાયોનિ લાખ ચોરાશી ખમાવીએ રે લોલ;
હાંરે મારે ખમતખામણાં કરવાં સંઘ સમક્ષ જો,
જો રૂઠકા સાજન માજનને મનાવીએ રે લોલ. ૪
હાંરે મારે સાતે ક્ષેત્રે મદદ કરો ભલી ભાત જો,
ચંચળ લક્ષ્મી ખરચી લહાવો લીજીએ રે લોલ;
હાંરે મારે કાયા માયા સફળ કરો ભવ્ય જીવ જો,
જન્મ મરણનાં દુઃખડાં ફેર ન લીજીએ રે લોલ. ૫
હાંરે મારે ચઉગતિ ચૂરણ ચોથ સંવત્સરી પર્વ જો,
ચોખ્ખે ચિત્તે ચતુર થઈ ચૂકો નહિ રે લોલ;
હાંરે મારે ચારે શરણાં ચાર પ્રકારે ધર્મ જો,
ચોથા આરાનાં સુખડાં તે મિલસે સહી રે લોલ. ૬
હાંરે મારે પર્યુષણની કથા સુણો ધરી પ્રેમ જો,
ત્રિવિધે ત્રિવિધે પાપકર્મ વોસરાવીએ રે લોલ;
હાંરે મારે કર્મ નિકાચિત ક્ષણ કારણ શ્રી પર્વ જો,
આરાધન કરી ધર્મરત્ન પદ પ્યાવજો રે લોલ.

## ૧૨. પર્યુષણની ગહુંલી

( આદિતે અરિહંતને રે–એ રાગ )

પર્વ પર્યુષણ આવીઆં, ધર્મ કરો ભવી દોક સલુણા;
બારે માસમાં મોટકારે, આઠ દિવસ શુભ જોગ સલુણા. ૧

ધર્મ ધ્યાન કરો ભાવશું રે, અઠ્ઠાઈનાં વ્યાખ્યાન સલુણા;
ચોથ છઠ્ઠ અઠ્ઠમ કરો રે, પડિક્કમણાં પચ્ચખાણ સલુણા. ૨

કલ્પ સૂત્ર સુણો ભાવશું રે, એકવીશ વર્ષ પર્યંત સલુણા;
વીર કહે ગૌતમ પ્રત્યે રે, તે જીવ મોક્ષ લહંત સલુણા. ૩

મંદ કષાયી આતમા રે, પર્યુષણે તરી જાય સલુણા;
કુમતિ કદાગ્રહી બાપડા રે, પર્યુષણે ડૂબી જાય સલુણા. ૪

બાર માસના પાપને રે, ધોઈ નિર્મળ થાય સલુણા;
પર્વાધિરાજ પસાયથી રે, તીર્થાધિરાજ થવાય સલુણા. ૫

ત્રણ પાંચ દોય આદરો રે, સાત આઠ કરો દૂર સલુણા;
ચાર પાંચ દશ બારથી રે, ધર્મરત્ન સુખ પૂર સલુણા. ૬

# શ્રી મહાવીર પ્રભુનાં ગુણગાન

(રાગ–સાંભળજો મુનિ સંયમ રાગે...)

ત્રિશલાનંદન વંદન કરીએ, સ્મરીએ શ્રી વર્ધમાન રે;
ભવદુઃખ હરવા શિવસુખ વરવા, કરીએ નિત્ય ગુણગાન રે. ત્રિ૦

જગ ઉપકારી સહુ સુખકારી, શાસનના સુલતાન રે;
જન્મ થતાં જેણે સહુને આપ્યું, પૂરણ શાન્તિ સ્થાન રે. ત્રિ૦

બાલપણામાં ચરણ અંગૂઠે, મેરૂ હગાવ્યો જાણ રે;
આપણ નમીએ નેહે નિશદિન, તે શ્રી વીર ભગવાન રે. ત્રિ૦

આમલકી ક્રિડામાં નક્કી, આવ્યો સુર અજ્ઞાન રે;
અતૂલ બળ શ્રી જિનનું જાણી, નાઠો તજી નિજ માન રે. ત્રિ૦

સંગમ સુરના ઉપસર્ગોથી, અડગ રહ્યા ધૈર્યવાન રે;
કર્મ બિચારે બાંધ્યાનાં આંસુ, પાડે પ્રભુ ગુણવાન રે. ત્રિ૦

ચંદનબાળા સતી સુકુમાળા, બાકુળાનું દાન રે;
લોહનો બેડી તોડી, ઉદ્ધરી, ઉરમાં ધરીને ધ્યાન રે. ત્રિ૦

ગુણ અનંતા એ વીર કેરા, ગાઓ થઇ મસ્તાન રે;
"ભક્તિ" ભાવે વીર ચરણમાં, આવી કરો ગુલતાન રે. ત્રિ૦

# નવકાર મંત્રનો સાર

સમરો મંત્ર વડો નવકાર, એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર, એનો અર્થ અનંત અપાર.
સમરો૦ ૧

સુખમાં સમરો દુઃખમાં સમરો, સમરો દિવસ ને રાત;
જીવતાં સમરો મરતાં સમરો, સમરો સહુ સંગાત.
સમરો૦ ૨

જોગી સમરે ભોગી સમરે, સમરે રાજા રંક;
દેવો સમરે દાનવ સમરે, સમરે સૌ નિઃશંક.
સમરો૦ ૩

અડસઠ અક્ષર એના જાણો, અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો, અડ સિદ્ધિ દાતાર.
સમરો૦ ૪

નવપદ એના નવનિધ આપે, ભવોભવનાં દુઃખ કાપે;
વીર વચનથી હૃદયે વ્યાપે, પરમાતમ પદ આપે.
સમરો૦ ૫

---

ઉત્તમ જીવોનો વૈરાગ્યમાં દૃઢ ભાવ થાય એ હેતુથી, આ પુસ્તકમાં શાસ્ત્ર સંબંધી કેટલાક પ્રશ્નોત્તરો સેનપ્રશ્ન તથા બીજા ગ્રંથોમાંથી ચૂંટીને મૂક્યા છે. આ પુસ્તકની છ આવૃત્તિઓથી કેટલાયે ઉત્તમ જીવોએ સર્વવિરતિ, કેટલાયે દેશવિરતિ અને કેટલાયે સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ કરી છે; તે જ આ પુસ્તકનું સાચું ફળ છે.

